# મનેખ માટીનાં

## લેખક : જયંતીભાઈ પટેલ




### આ નવલકથાના લેખક શ્રી જયંતીભાઈ પટેલઃ એક પરિચય

શ્રી જયંતીભાઈ પટેલ આણંદ તાલુકાના બાકરોલ ગામના વતની છે. એમને નાનપણથી જ સાહિત્ય પ્રત્યે લગાવ.

એમની બે નવલકથાઓ પ્રસિધ્ધ થયેલી છે. એમાંની 'વસમા ઓરતા'ની બે આવૃતિઓ થયેલી છતાં અત્યારે અપ્રાપ્ય છે, જ્યારે 'મેલા મનનું માણસ એક' પણ અત્યારે અપ્રાપ્ય છે.

આ સિવાય એમની પચાસ જેટલી ટૂંકી વાર્તાઓ પણ ગુજરાતનાં વિવિધ સામયિકોમાં પ્રસિધ્ધ થયેલી છે.

આજે એમની નવી જ ચાર નવલકથાઓથી એ આ સાર્વજનિક ગુજરાતી પુસ્તકાલયની શરૂઆત કરે છે એ આનંદની વાત છે.

એમની આ પ્રવૃત્તિ વિકસે અને એનાથી દેશ પરદેશમાં વસેલા સાહિત્યપ્રેમીઓને સારું સાહિત્ય વાંચવા મળે એ આનંદનો વિષય છે.

એમની આ પ્રવૃત્તિ વધુ ને વધુ વિકસે એવી આશા સહ-

જે. એમ. પટેલ.
(સાન હોઝે, કેલીફોર્નિયા.)

### મારા મનની બે વાતો

બદલાતા સમય સાથે સાહિત્ય સર્જનમાં અને તેની પ્રસિધ્ધિમાં જે પરિવર્તન આવી રહ્યું છે તેની સાથે કદમ મિલાવીને ચાલવાનો મારો પ્રયાસ છે. મારી બે નવલકથાઓ પુસ્તકાકારે પ્રસિધ્ધ થયેલી અને વાચકોએ દિલથી આવકારેલી. 'વસમા ઓરતા'ની બે આવૃત્તિયો થયેલી અને 'મેલા મનનું માણસ એક'ની બીજી આવૃત્તિ પ્રેસમાં હતી ને વિચાર આવ્યો કે 'વેબ સાઈટ' પર ગુજરાતી પ્રકિર્ણ સાહિત્ય મૂકવાનું સાહસ કેટલાક મિત્રોએ કર્યું છે, તેવી જ રીતે એક નાનું સરખું પુસ્તકાલય જ જો વેબ પર મૂક્યું હોય તો!

પુસ્તકાકારે પ્રસિધ્ધ થયેલું ગુજરાતી સાહિત્ય જૂજ માત્રામાં પરદેશની ધરતી પર પહોંચે છે અને તે જ્યારે થોડી નવરાશ મળે ત્યારે બે પાનાં ફેરવી લેવાય એવું હાથવગું હોતું નથી કે સચવાતું નથી. બદલાતાં જતાં જીવનધોરણનાં મૂલ્યો સાથે સ્ટડી રૂમને નામે ઓળખાતા ખંડની જ્યા હવે કોમ્પ્યુટર રૂમે લઈ લીધી છે અને પુસ્તકોનાં છાજલી અને કબાટોનું સ્થાન હવે સીડી, સીડીરોમ અને ડીવીડી તથા અન્ય ઈલેક્ટ્રોનિક ચીજોએ લઈ લીધું છે. આ સંજોગોમાં જો ગુજરાતી સાહિત્યના પ્રસાર, પ્રચારનું કામ કરવું હોય તો એ સાહિત્યને આ નવલા સ્વરૂપે રજૂ કરીને જ કરી શકાય એમ લાગે છે. મુખ્યત્વે પરદેશ વસેલાં છતાં ગુજરાતી સાહિત્ય માટે ચાહના ધરાવતાં સાહિત્યરસિકોને ધ્યાનમાં રાખી આ સાહસ કર્યુ છે.

પરદેશમાં હવે તો ઘેર ઘેર કોમ્પ્યુટર થઈ ગયાં છે. અને ઈન્ટરનેટ પણ મોટા ભાગનાં ઘરોમાં હાથવગું થઈ ગયું છે ત્યારે એક બસો પાંચસો પુસ્તકોનું પુસ્તકાલય જો વેબ સાઈટ પર સાવ મફત મૂકવામાં આવે તો ગુજરાતી વાચકો અને ગુજરાતી સાહિત્યની મોટી સેવા કરી ગણાય એમ માની આ સાહસ કર્યું છે. આશા છે કે વાચકો અને અન્ય લેખકોનો પણ આ શુભ કાર્યમાં સહયોગ સાંપડશે.

મારી આ નવલકથા મનેખ માટીનાંમાં માનવજીવનની સાથે સંકળાયેલી ઘટનાઓનો સાહજિક સમન્વય સાધવાનો પ્રયત્ન કર્યો છે. એમાં કોઈ એક જ પ્રશ્ન લઈ વાર્તાતંતુને એની આસપાસ બાંધી ન રાખતાં વાર્તાને સ્વતંત્ર રીતે જીવનાં બધાં પાસાંને સ્પર્શતી મુક્ત વહેવા દીધી છે. આશા છે કે સુજ્ઞ વાંચકોને આ અભિગમ ગમશે.

આ નવલકથા અંગે આપનો અભિપ્રાય જરૂર જણાવશો. મારું ઈમેઈલનું સરનામું અન્યત્ર આપેલું છે.

આપનો
જયંતીભાઈ પટેલ

## લેખકનાં અન્ય પુસ્તકો

વસમા ઓરતા :- પુસ્તકાકારે તથા વેબ સાઈટ પર

મેલા મનનું માણસ એક :- પુસ્તકાકારે તથા વેબ સાઈટ પર

ગોમતીગઢનો ખજાનો :- વેબ સાઈટ પર

મનેખ માટીનાં :- વેબ સાઈટ પર

જો થઈ છે! :- વેબ સાઈટ પર

બેગમ :- વેબ સાઈટ પર

શેઠ વરણાગીલાલ :- વેબ સાઈટ પર

ધરતીનો બીજો છેડો :- વેબ સાઈટ પર

થોડી નવલિકાઓ :- વેબ સાઈટ પર

## અનુક્રમ


૧.  રેવા અને અવિનાશ

૨.  મનોર મોટા

૩.  કિરણ ઠેકાણે પડ્યો

૪.  ભગવાને સામું જોયું

૫.  કિરણ અને છાયા

૬.  કિરણ કાકો બન્યો

૭.  સાત વીઘાંની પાટ

૮.  ભાંડો ફૂટ્યો

૯.  પટલાઈના પેચ

૧૦.  શના ઠાકોર ને ઉજમ

૧૧.  નોકરી ને છોકરી બેય મળ્યાં

૧૨.  કેસ ચાલ્યો

૧૩.  ન પરણ્યાં ન કુંવારાં

૧૪.  સાત વીઘાંની પાટ ગઈ

૧૫.  મોટાય મ્હોંમાં આંગળાં નાખી ગયા

૧૬.  પશુમાં પડી એક તકરાર

૧૭.  કિરણ પરણ્યો

૧૮.  ચકમક ઝરી

૧૯.  ધારિયાવાળી કરી

૨૦.  કિરણ ઝળક્યો

૨૧.  ફતેસંગની શી વલે થઈ?

૨૨.  સૌ સારું જેનું છેવટ સારું

અનુક્રમ Þ

## ૧ : રેવા અને અવિનાશ

મનોર મોટાને ઓળખવા હોય તો એમને પરમેસરિયે ના જવું પડે. ફરતાં પંદરેય ગામમાં કોઈનેય પૂછો તો જવાબ મળી જાય. પરમેસરિયા ગામ આજુબાજુનાં ગામોમાં મોભાવાળું અને એના આ મનોર મોટા એનાથીય વધુ મોભાવાળા. પંદરેય ગામનું કદી પંચ ભેગું કરવું પડે તોય એના મોભી તો મનોર મોટા જ. એમને બોલાવ્યા વગર પંચ પૂરું ન થાય અને કદાચ થાય તો એ પંચ ન ગણાય. ઘણી વખત તો પંચ ભેગું કરતી વખતે એમના નામનો ઉલ્લેખ પણ કરવામાં ન આવ્યો હોય. પંચના વડા તરીકે એમના નામની દરખાસ્ત જાણે કોઈએ મૂકવાની જરૂર જ ન હોય. એમની જગ્યા જાણે મુકરર જ હોય એમ એ સિવાયના પંચના માણસોનાં નામોની જ દરખાસ્ત મુકાય.

પરમેસરિયું ગામ ખાધેપીધે સુખી. એની મૂળ વસતિમાં મુખ્ય પાટીદારો. બાકીનામાં દરબારો, મુસલમાનો અને બીજી પરચૂરણ કોમના માણસો આવી જાય. પણ છેલ્લે પાટીદારોનાં ઘણાં કુટુંબો બાળકોની કેળવણી માટે ને ધંધા રોજગાર અંગે શહેરમાં જઈ વસ્યાં હતાં એટલે પાટીદારો હવે લઘુમતીમાં આવી ગયા હતા. જો કે એમનાં વહેવાર અને સખાવતને કારણે હજુ પાટીદારોનું મહત્ત્વ પરમેસરિયામાં સચવાઈ રહ્યું હતું. મનોર મોટા ગામના મુખી, સરપંચ અને સર્વમાન્ય આગેવાન. એમ કહેવાય કે ગામમાં કોઈને પાણી પીવું હોય તોય મનોર મોટાને પૂછ્યા સિવાય પીવે નહીં.

ગામની ખેતીની જમીન બીજાં ગામોને મુકાબલે વધુ અને લોકોનો સુધરેલી ખેતી માટેનો અભિગમ પણ ખરો એટલે ગામની ખેતીની પેદાશ પણ સારી. જેનો ખેડૂત સુખી એની જમીન પણ સુખી, એટલે કે કસવાળી. ગામની આ જમીનમાં તંબાકુ, કેળાં, બટાકા જેવા રોકડિયા પાક થાય એટલે ગામમાં બીજાં ગામોને હસાબે પૈસાની છૂટ પણ ખરી. પૈસાની આ છૂટ ગામના વહેવારમાં અને ગામનાં ઘરો ને બજારમાં સ્પષ્ટ જણાઈ આવતી હતી. આજુ બાજુનાં ગામો કરતાં આ ગામનું ઓજસ કોઈ અજાણ્યાને પણ વરતાયા સિવાય રહે એવું ન હતું.

ગામમાં દરબારોનાં બસો ઘર, મુસલમાનોનાં પણ લગભગ અઢીસો ઘર થવા જાય. બીજી કોમોનાં બધાં મળીને સો જેટલાં ઘર ખરાં. પાટીદારોનાં ઘર પણ ચારસોમાંથી ઘટીને હવે તો ત્રણસોની અંદર આવી ગયાં હતાં. મુસલમાનોમાં રમઝાન મલેક અને દરબારોમાં માનસિંહ આગેવાન ગણાતા હતા. આ આગેવાનો પોતાની એ આગેવાની સચવાઈ રહે એ માટે જ જાણે રોજ એકાદ વખત તો મનોર મોટાને ત્યાં અચૂક હાજરી પુરાવતા.

મનોર મોટાનો દીકરો ગોવિંદ ભણીને શહેરની મ્યુનિસિપાલિટીની ઓફિસમાં નોકરી લઈ શહેરમાં રહેવા ચાલ્યો ગયો હતો. એ ભણ્યો હતો એટલે પોતાનાં છોકરાં પણ ભણે અને આગળ જતાં સુખી થાય એમ તે માનતો હતો. ને છોકરાંને જો સારી રીતે ભણાવવાં હોય તો શહેરના વાતાવરણમાં જ તે થઈ શકે તેમ પણ તે માનતો હતો. મનોર મોટાએ પણ તેના સૂરમાં પોતાનો સૂર પૂરાવ્યો હતો. આજે બે વર્ષથી ગોવિંદ શહેરમાં રહેતો હતો. શહેર બહુ દૂર ન હતું એટલે મહિનામાં બેત્રણ વાર તે મોટાની ખબર કાઢવા માટે ગામમાં આવતો હતો. કદીક મોટા અને તેમનાં પત્ની જમનાંમા શહેરમાં છોકરાં સાથે રહેવા પણ જઈ આવતાં હતાં.

ગોવિંદ ગામનો સારું ભણેલો એકમાત્ર માણસ હતો અને શહેરમાં રહેતો અને સારી નોકરી કરતો હતો એટલે એને ગામનાં ઘણાં કામો કરવાનાં થતાં. મનોર મોટાની છાયામાં ઘડાયેલો હતો એટલે તેને આવાં કામો ભારરૂપ લાગતાં ન હતાં. એ તો એમ માનતો હતો કે પોતે એ કામ કરી શકશે એવો વિશ્વાસ છે તો લોકો તેની પાસે દોડ્યા આવે છે. પોતાનાથી થઈ શકે એવા કોઈ કામ માટે તે કોઈને ના પાડતો ન હતો. ને લોકોને પણ એવો વિશ્વાસ બેસી ગયો હતો કે ગોવિંદની પાસે કામ લઈને ગયા નથી કે કામનો નિકાલ થયો નથી!

મનોર મોટાને એક દીકરી પણ હતી, રેવા. રેવાને ચારેક વર્ષ પહેલાં જ પડોશના ગામ ધનેરાના કુબેર પટેલના દીકરા અવિનાશ સાથે પરણાવી હતી. મોટાએ પોતાના નામ પ્રમાણે ખર્ચો પણ સારો કર્યો હતો એના લગ્ન વખતે. એમણે ગામને ધૂમાડાબંધ જમાડેલું. વેવાઈ કુબેર પટેલ પણ એમના ગામમાં આગળ પડતા હતા એટલે એમણે જાન લાવવામાં પણ કશી કચાશ રાખેલી નહીં. આખું પરમેસરિયું ગામ એ વખતે અવસરની ઉજવણીમાં ઊમટી પડેલું. સામા ગામના જાનૈયાઓની મહેમાનગતીમાં એમણે કશી કચાશ રહેવા દીધેલી નહીં. રેવાનાં લગનના એ ચાર દિવસ હજુ બેય ગામના લોકો અહોભાવથી યાદ કરે છે.

મનોર મોટાનો જમાઈ અવિનાશ ભણેલો અને બાલાસિનોર શહેરમાં સરકારી નોકરીમાં સ્થિર થયેલો હતો. એ અને રેવા શહેરમાં રહેતાં હતાં. સાથે અવિનાશના ભાઈને પણ ચાર વરસથી ભણાવવા માટે એ શહેરમાં લઈ આવેલાં હતાં. ભાઈનું નામ હતું કિરણ, તે વીશ વર્ષનો હતો ને અત્યારે કૉલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતો હતો.

જમનાંમાને એક જ વાતની ચિંતા હતી. રેવાને પરણ્યે ચાર વર્ષ વીતી ગયાં હતાં છતાં તેને પેટ કોઈ વસ્તાર ન હતો. ભણેલાંની વાત ન્યારી એમ માની એમણે રેવાને પૂછી પણ જોયું હતું કે એ બે જણાં છોકરાંને ટાળતાં તો ન હતાં ને. રેવાએ એવું કાંઈ ન હોવાનું જણાવ્યું હતું, પણ જમનાંમાને હજુ એની વાત પર વિશ્વાસ બેસતો ન હતો. એમની જાણકારી એવી હતી કે પહેલાં બેચાર વર્ષ બાળકને અકુદરતી રીતે ટાળવા જતાં, આખી જિંદગી બાળક ન જન્મે એવી પરિસ્થિતિ ઘણીવાર પેદા થઈ જતી હોય છે. જમાઈને તો એ બાપડાં કેવી રીતે કહી શકે! પણ વેવાણ કેસરબાને કાને તો એમણે બાંધ્યેભારે વાત નાખી હતી. વેવાણ પણ દીકરાને કેવી રીતે કહી શકે! એમણેય છેવટે કહ્યું તો રેવાને જ.

ગામની અન્ય સ્ત્રીઓ પણ રેવાની ખબર પૂછવાને બહાને તેને સારા દા'ડા છે કે કેમ એમ પૂછી અજાણ્યેય જમનાંમાની દુખતી રગ પર હાથ મૂકી દેતી ને જમનાંમાથી મણનો નિસાસો નંખાઈ જતો. બે મહિનાથી તો એમણે દેવ દેવીની માનતાઓ પણ માનવા માંડી હતી ને. આ માનતાઓની અવળી જ અસર પરમેસરિયાના સ્ત્રીસમાજમાં પડવા માંડી હતી. કેટલીક તો આ વાતને મોટું સ્વરૂપ આપતાં કહેવાય માંડી હતી કે રેવાનો ખોળો ખાલી જ રહેવાનો હતો. દાકતરો છૂટી પડ્યા હતા એટલે જમનાંમા હવે ભૂતભૂવા કરવા માંડ્યાં હતાં. વાત સાચી હોત તો જમનાંમાને બહુ ન લાગત પણ આ વાતનો તો પાયો જ ન હતો.

હવે જમનાંમાથી ન રહેવાયું. તેમણે એક વખત લાગ મળતાં જમાઈ  અવિનાશને જ સીધી ટકોર કરી લીધી : 'હવે તો એક બે ભાણેજાં હોય તો પાછલી ઉંમરે જીવને સંતોષ મળે. રેવાનેય મેં કહી દીધું છે કે જરૂર જણાય તો દાકતરને બતાવે. મેંય બાધા તો રાખી જ છે. ભગવાન સહુ સારાં વાનાં કરશે. મને આ ગામલોકોનાં મહેણાંની બીક લાગે છે. વાતમાં કાંઈ હોય નહીં ને ભાતભાતની વાતો જોડી કાઢે મૂવાં.'

'એવું કશું નથી, બા. એમ હોય તો અમારે શહેરમાં દાકતરનો કયાં તોટો પડ્યો છે! અમે અમારી જાતે જ ના બતાવી જોયું હોત! તમે ભગવાન પર ભરોસો રાખજો, એ બધું સારું જ કરશે.' અવિનાશે બાંધેભારે કહ્યું. જો કે એનેય હવે તો લાગવા માંડ્યું હતું કે કયાંક કશો વાંધો હતો. એણે શહેરમાં જઈને તરત જ ડૉક્ટરને બતાવી જોવાનું મનથી જ નક્કી કરી નાખ્યું. તેનાં મા કેસરે તેને તો સીધું નહીં પણ રેવાને કાને તો વાત નાખી જ હતી ને રેવાએ એને પણ બધી વાત કરી જ હતી. અવિનાશ કરતાં રેવાને આ વાતની ચિંતા ઘણી હતી. મુખ્ય તો સ્ત્રીઓને જ આ વાત ફેરવી ફેરવીને કરવાની આદત અને રેવાને આ બધાંનું સાંભળી લેવાની ટેવ એટલે તેને તો બીજાં બૈરાંની આવી વાતો મહેણાં જેવી જ લાગતી હતી.

વેવાણે કુબેર પટેલને કાને વાત નાખી હતી. તેમણે તો પોતાની પુરુષની બેફિકરાઈથી જવાબ આપ્યો હતો : 'હજુ કયાં બેય ઘરડાં થઈ ગયાં છે કે તું ચિંતા કરવા માંડી છે. અને વખત છે ને એવું થાય કે એમને વસ્તી ના થાય તોય શું?

પાછળ નાનો છે જ ને. તમને બૈરાંને તો ના હોય એની ચિંતા કરવાની ટેવ જ પડી ગઈ હોય છે.' એ કહેતા તો ખરા પણ જો એવું થાય તો એ એમનેય ગમે એવી વાત તો ન જ હતી. પણ બીજી બાજુ મનોર મોટાનો વિચાર આવતાં એ ભગવાનને પ્ર ાર્થના કરતા હતા ઃ 'હે ભગવાન, મારી નહીં તો એ પંચ પટેલિયા મોટાની આબરૂ સચવાય એટલી તો રહેમ કરજે.'

ડૉક્ટરોએ તપાસ કરીને તારણ કાઢ્યું કે બેમાંથી કોઈમાં કશી ખામી નથી. ગમે ત્યારે બાળક થઈ શકે એમ છે. વખત વીતતો ગયો ને ડૉક્ટરો ખોટા પડતા ગયા, બાધા-આખડીઓ પણ ના ફળી. રેવાનો ખોળો ખાલી જ રહ્યો. હવે રેવાને લાગવા માંડ્યું કે સાસરીમાં તેનું માન પણ ઘટવા માંડ્યું છે. કોઈ ભલે તેને મોંએ એમ ન કહે પણ તેનો ખાલી ખોળો હવે તો બધાંને અણગમતો લાગવા માંડ્યો હતો. જમનામાને પણ હવે તો એક જ વાતના ભણકારા વાગતા હતા કે રેવાને કોઈક દિવસ એનાં સાસરિયાં પિયર પાછી તો નહીં મોકલી આપે ને.

રેવા જ્યારે પિયર આવતી ત્યારે જમનાંમા તેને સૌ પહેલો એ જ સવાલ પૂછતાં ઃ 'તારાં સાસુએ કશું કહેવડાવ્યું તો નથી ને!' રેવા પણ હવે તો આ સવાલની પાછળનો આશય સમજી જતી હતી.

તે કહેતી ઃ 'બીજું તો શું કહેવાનાં હતાં! તમારી ખબર પુછાવી છે.'

રેવાનો દિયર કિરણ ભણી રહ્યો હતો. એને માટે અવિનાશ નોકરીની તપાસ કરતો હતો, પણ કિરણને નોકરીમાં બહુ રસ ન હતો. તેને તો સ્વતંત્ર ધંધો લેવો હતો. અવિનાશ તેને સમજાવતો હતો ઃ 'તારી વાત કદાચ બરાબર હશે પણ તું થોડો વખત નાનીમોટી નોકરી કરે ને થોડો અનુભવ થાય પછી કોઈ સારો ધંધો લીધો હોય તો વધુ સારું.'

'નોકરીનો અનુભવ ધંધામાં કામ લાગતો હોત તો તમે આજે સાત વરસથી નોકરી કરો છો. તે તમે કોઈ ધંધો લઈને ના બેસી ગયા હોત!' કિરણ દલીલ કરતો.

'દરેક નોકરીના પ્રકાર એક સરખા નથી હોતા. મારી નોકરી જ એવા પ્રકારની છે કે એમાં જીવીએ ત્યાં સુધી નોકરી જ કરવાની હોય. એમાં બઢતી મળે, પણ આપણે જુદી મામલતદારની ઑફિસ ખોલીને સ્વતંત્ર ન થઈ શકીએ. કેટલીક એવી નોકરીઓ પણ હોય કે એમાં બેચાર વર્ષ અનુભવ લીધા પછી એના જેવો અથવા એને લગતો ધંધો કરી શકાય.'

'અનુભવ તો ધંધામાં પડ્યા પછીય લઈ જ શકાય ને! જ્યાં સુધી જાતે ધંધામાં પડીએ નહીં ત્યાં સુધી કોઈ અનુભવ થાય જ નહીં. કોઈકને ત્યાં નોકરી કરતા હોઈએ તો એનો માલિક આપણને એના ધંધાની અંદરની વાત જાણવા દે ખરો!' કિરણની દલીલ પણ એવી જ હતી. એને કોઈની નોકરી એ ગુલામગીરી લાગતી હતી. તેને તો સાહેબ થઈને પોતાના હાથ નીચેના માણસો પાસેથી રૂવાબથી કામ લેવું હતું ને પોતે કમાવું હતું.

'હવે તું મને એટલું કહીશ કે તારે કયો ધંધો કરવો છે ને તેમાં કેટલા પૈસાની જરૂર પડશે? અને કયા ગામમાં કે શહેરમાં તારે ધંધો કરવો છે?'

'ધંધો તો ગમે તે કરી શકાય પણ આપણી પાસે કેટલા પૈસા છે, તેના પર બધો આધાર છે. ને ધંધો સારો કરવો હોય તો શહેરમાં જ કરવો જોઈએ.'

'શહેરમાં ધંધો કરવો હોય તો પહેલાં તો દુકાન જોઈએ. આણંદ કે નડીઆદ જેવા શહેરમાં જગ્યા લેવી હોય તો ઓછામાં ઓછા બે લાખ રૂપિયા તો પાઘડીના આપવા પડે. અને બીજા બે લાખ તેમાં માલ ભરવાના પણ જોઈએ જ ને. એટલી બધી તો આપણી તેવડ નહીં.' અવિનાશે તેને નાણી જોવા પ્રયત્ન કર્યો.

'તમારી વાત સાચી છે. મારો એક ભાઈબંધ છે. તેની પાસે દુકાનની જગ્યા છે. આપણે જો લાખ રૂપિયાની સગવડ કરીએ તો એની ભાગીદારીમાં ધંધો થઈ શકે તેમ છે. તમે મને લાખ રૂપિયા આપો પછી બધી જવાબદારી મારી. હું મારી રીતે બધું ફોડી લઈશ.'

'જો ભાઈ લાખ રૂપિયા તો મારી પાસે નથી. પણ તું અને તારો એ દોસ્ત ધંધાનો પૂરો પ્લાન તૈયાર કરીને આવો તો બૅંકમાંથી તમને લોન મળે તેવી ગોઠવણ કરવામાં હું મદદરૂપ થઈ શકું ખરો. મને એક વખત તારા એ દોસ્તનો ભેટો કરાવ. તેની પાસે જે જગ્યા છે તેની ચકાસણી પણ હું કરી લઉં. જો જગ્યા મોકાની રીતે બરાબર હોય અને એની માલિકી તેની હોય તો લોન તો મળી જ જશે.' અવિનાશે તેને વગર અનુભવે સ્વતંત્ર ધંધો કરવાના ખ્યાલમાંથી પાછો પાડવા પ્રયત્ન કર્યો.

'દુકાન એની પોતાની છે, મારી જોયેલી છે.' કિરણે કહ્યું. અવિનાશને લાગ્યું કે એ પોતાનાથી કશુંક છુપાવવા પ્રયત્ન કરે છે.

'દુકાન કેવી મોકાની છે એય મારે જોવું પડશે. પણ તને ખબર નથી કે શહેરમાં કેવાં પ્રપંચ થતાં હોય છે. હું કોઈ બૅંકમાં તમારી લોન માટે ભલામણ કરું તે પહેલાં મારે એ દુકાનનાં કાગળિયાં તો જોવાં જ પડશે. તારા ભાઈબંધને જાણવા દીધા સિવાય જો તપાસ કરવી હોય તોય થઈ શકે તેમ છે. મને એ દુકાનનો ઘર નંબર આપ એટલે હું બેચાર દિવસમાં એની તપાસ કરી લઈશ.' અવિનાશે કહ્યું.

'એની કશી જરૂર નથી. તમને મારી પર તો વિશ્વાસ છે ને! મેં બધી તપાસ કરી લીધેલી છે. મલેક ફળિયામાં ખૂણા પરની એ દુકાન છે. ઉપર એનું રહેવાનું ઘર છે ને નીચે દુકાન છે.'

'મલેક ફળિયામાં એ રહે છે? શું નામ છે તારા એ દોસ્તનું?'

'બશીર મલેક. મારો ખાસ દોસ્ત છે. કૉલેજમાં અમે બન્ને સાથે હતા.'

'મને એ દુકાનનો ઘર નંબર આપ હું તપાસ કરીને તારી સાથે એ અંગે આગળ વાત કરીશ. ત્યાં સુધીમાં તમે કયો ધંધો કરવા માગો છો તે અને તેને અંગેની જે જરૂરી વિગતો હોય તે, તેનો આવક જાવકનો તમારો અંદાજ વગેરે તૈયાર કરીને લઈ આવજો. પછી આપણે જોઈશું કે તે અંગે શું થઈ શકે તેમ છે.'

'તો ભલે, હું આજે સાંજે એ દુકાનનો ઘર નંબર જાણી લાવીશ. તમને લાગતું હોય કે તપાસ કરવી જરૂરી છે તો મને કશો વાંધો નથી.' કિરણે છેવટે કચવાતે મને નમતું જોખ્યું. અવિનાશને પણ તેનો દોસ્ત કોઈ મુસલમાન હોય, મુસલમાનના મહોલ્લામાં દુકાન હોય, દુકાનની ઉપર જ તેનું રહેવાનું હોય અને ધંધામાં તેને ભાગીદાર રાખવાનો હોય એ આખો ખ્યાલ જ અજુગતો લાગ્યો. એને થયું કે એની દુકાનની સામે લાખ તો શું પણ પાંચ હજાર રોકીને પણ ભાગમાં ધંધો કરાય નહીં. છતાં અત્યારે કિરણના મન પર સ્વતંત્ર ધંધાનું ભૂત સવાર થયેલું છે એટલે તેની સાથે વાત કરવાનો અર્થ નથી. જ્યારે ફરીથી વાત કરવી પડશે ત્યારે તેને સમજાવવા પ્રયત્ન કરવો બરાબર થશે એમ તેણે વિચાર્યું.

કિરણને લાગ્યું કે મોટાભાઈને પૈસા આપવા નથી એટલે આવાં નખરાં કરે છે. બાકી એમની આટલાં વર્ષની નોકરી પછીય એમની પાસે લાખ રૂપિયા ન હોય એવું બને જ કેમ! એને એ ખબર ન હતી કે આ સાતઆઠ વરસની નોકરીના પગારમાંથી બધા ખર્ચા કાઢતાં એની પાસે ભગ્યે પંદર હજાર રૂપિયા બચ્યા હતા. પછી તેમની પાસે લાખ રૂપિયા હોય જ ક્યાંથી! તેને તો એમ હતું કે સરકારી નોકરીમાં પગાર કરતાં તો બે નંબરની આવક વધારે હોય છે. પણ અવિનાશ એવી જગ્યાએ ન હતો કે એવા કોઈ ઊંચા હોદ્દા પર ન હતો કે તેને એવી બે નંબરની આવક થતી હોય.

તે સાંજે કિરણ પેલી દુકાનનો ઘર નંબર લખી લાવ્યો અને અવિનાશને એ આપતાં બોલ્યો : 'લો આ ઘર નંબર, તમારે જે તપાસ કરવી હોય એ કરી લો. આપણે કાલે સાંજે એ વિશે વાત કરીશું. મેં તો આજે બશીરને પૂછીને પાકું કરી લીધું છે કે દુકાન એની હોવાની બાબતમાં કોઈ જાતની શંકા નથી.' અવિનાશને તેનો આ પઠાણી ઉઘરાણી જેવો તકાદો મનમાં ખૂંચ્યો, પણ એણે મન મોટું રાખી તેને સાંખી લીધો.

'જો ભાઈ, મારે નોકરી કરવાની છે. મને સમય મળશે એ મુજબ હું એની તપાસ કરીશ. પણ તું તારા ધંધાનો પ્લાન-એસ્ટિમેટ કાઢીને તો લાવ. જો એ દુકાન ચાલે તેવી ન હોય તો બીજી જગ્યાએ પણ એ ગણતરી તો કામ લાગશે જ ને.' અવિનાશે આ દુકાન ચાલે તેવી ન જ હતી એવું ચોખ્ખું કહેવાને બદલે ફેરવીને કહ્યું.

'ભલે તમે કહો છો તેમ કરીશું. કાલે કે પરમ દિવસે તમને ધંધાની વિગતો મળી જશે.' કિરણે કચવાતે મને કહ્યું.

બેને બદલે ચાર દિવસે એ એક ધંધાના અંદાજના કાચા આંકડા લઈને અવિનાશ પાસે હાજર થયો. અવિનાશે એ આંકડા જોયા સિવાય જ તેને કહી દીધું : 'આપણે ખાધા પછી આ અંગે વાત કરીશું. તું તારા દોસ્ત બશીરને પણ બોલાવી લાવજે, એટલે તમારા ધંધાના પ્લાન અંગે આપણે પૂરતો વિચાર કરી શકીએ.'

કિરણને લાગ્યું કે ભાઈને હવે પોતાની વાત ગળે ઊતરી છે. એ ઉત્સાહમાં આવી ગયો. અવિનાશ હજુ તો ખાઈને હાથ ધોતો હતો ત્યાં તો એ બશીરને બોલાવવા માટે ઊપડી ગયો. થોડી જ વારમાં એ બશીરની સાથે હાજર થઈ ગયો.

'આ મારો દોસ્ત બશીર, મોટાભાઈ.' તેણે પોતાના દોસ્તનું ઓળખાણ આપ્યું.

'આવો બેસો. તમારા ધંધાના અંદાજ પર હું હમણાં જ નજર ફેરવી ગયો. તમે ખતીવાડી માટેની જંતુનાશક દવાઓનો વ્યવસાય કરવા માગો છો. તમારા અંદાજના આંકડા જોતાં મને કેટલીક બાબતોમાં સ્પષ્ટતા કરવાની જરૂર જણાય છે. તમે મારા કરતાં એ ધંધા અંગે બહું ઝીણવટથી વિચાર્યું હશે. મને ખબર છે તે મુજબ આપણા શહેરમાં આવી પાંચેક દુકાનો છે. આમાંની ચારેક દુકાનોના માલિકોને તો હું ઓળખું છું પણ ખરો. તમે આવી એક વધારે દુકાન શરૂ કરશો તો એમનો જે ધંધો છે તેમાંથી કપાઈને તમને ધંધો મળશે.'

'આપણું શહેર વિકસે છે એટલે ધંધો પણ વધશે જ ને!' કિરણને બદલે બશીરે જવાબ આપ્યો. અવિનાશે નોંધ લીધી કે બશીરનો આ જવાબ ભલે સમજણ વગરનો હોય પણ તેમાં પોતાની વાતને સાચી ઠેરવવાનો રણકાર હતો. અવિનાશને લાગ્યું કે કિરણને વેચીને મમરા ખાઈ જાય તેવો બશીરમીંયાં કાબેલ હતો.

'તમે ધંધો કરવા માગો છો તેને શહેરના વિકસવા કે ન વિકસવા સાથે કશો સંબંધ નથી. તમારો ધંધો તો આજુબાજુનાં ગામડાંની ખેતી અંગે છે. ઊલટું જેમ શહેર વિકસે છે તેમ આજકાલ ગામડાં પણ વિકસી રહ્યાં છે. એટલે ખેતીની જમીન જે છે તે વખત જતાં ઓછી થતી જવાની છે.' અવિનાશે પણ એની ચકાસણી કરતો હોય એમ સામી દલીલ કરી.

'એ અમને ખબર છે જ પણ આવી દવાઓનો વપરાશ અત્યારે છે તેના કરતાં અનેકઘણો થવાની જાણકારોની ધારણા છે.' બશીરે જવાબ આપ્યો.

'હા મોટા ભાઈ, બશીરની વાત સાચી છે. એણે પેપરમાં વાંચેલું તેનું કટિંગ મને કાલે જ બતાવ્યું હતું.' કિરણે બશીરની વાતમાં હાજિયો પુરાવ્યો.

અવિનાશને એમાં બશીરની ચીવટ માટે માન પેદા થયું તો સામે પક્ષે કિરણના પરાવલંબન માટે દુખ પણ થયું. તેને થયું કે પોતાનો ભાઈ જો આ માણસની સાથે ભાગીદારીમાં પડે તો પેલો તેને સો ટકા ઉલ્લુ બનાવી જાય એ વાતમાં શક નહીં. 'ચાલો તમારી એ વાત સાચી છે એ માની લઈએ અને તમારો આ અંદાજ પણ સાચો છે એમ માની લઈએ તો તમારી દુકાન વરસે ચાલીસ હજારનો નફો કરે છે. એમાંથી બૅંકનું વ્યાજ પંદર હજાર બાદ કરીએ.'

પણ એને આગળ બોલવા દીધા સિવાય બશીર બોલી ઊઠ્યો : 'મારી દુકાન હું વગર ભાડે આપું છું તેની સામે બૅંકનું વ્યાજ કિરણે ભરવાનું છે.' કિરણ સ્હેજ ચમકયો પણ કાંઈ બોલ્યો નહીં.

'એટલે તમારા અંદાજ મુજબ જો ચાલીસ હજાર નફો થાય તો તમારી પાસે વીસ હજાર આવે ને કિરણની પાસે બૅંકનું વ્યાજ ભરતાં પાંચ હજાર વધે, બરાબર ને!'

'મારી દુકાનની સામે કિરણે એક લાખ રૂપિયા રોકવાની અમારી વચ્ચે વાત થયેલી છે.' બશીરમીંયાંએ કહ્યું.

'તમારે શી વાત થઈ છે એની મને ખબર નથી પણ હું મામલતદારની ઑફિસમાં કામ કરું છું એટલે એટલી તો ખબર છે કે શહેરના મુખ્ય બજારમાં જગ્યા જોઈતી હોય તો એક ચોરસ ફૂટના એક રૂપિયાનો ભાવ છે. તમારા મલેકવાડાની દુકાનના એનાથી અર્ધા ઊપજે. હવે તમારી દુકાન ચારસો ચોરસ ફૂટની છે.'

'મને લાગે છે કે એ એના કરતાં ઘણી મોટી છે.' બશીરે કહ્યું.

'એનો વાંધો નહીં. કાલે તમે બેય જણા દુકાનનું માપ કાઢીને આવશો તો આપણે એના ભાડા અંગે ચોખવટ કરી લઈશું.' અવિનાશે કહ્યું અને બશીર ચમકયો.

'પણ મારે ભાડું લેવાની વાત જ નથી. મારી દુકાન અને તમારો માલસામાન, એવી જ વાત અમારે થયેલી છે.' તે બોલી ઊઠ્યો. એને ખાતરી હતી કે દુકાનનું ભાડું નકકી કરીને મૂડીની જવાબદારી માથે લેવાનું વધુ જોખમવાળું હતું. એના કરતાં પોતે જે રીતે કિરણ સાથે ગોઠવ્યું હતું એ જ એને માટે સલામત માર્ગ હતો.

'હજુ ધંધો શરૂ કર્યો નથી ત્યાં સુધી દરેક વાતને બધાં પાસાંથી વિચારી લેવી જોઈએ પછી કાલે અત્યારે કોઈને એમ ન થવું જોઈએ કે આ વધારે છે કે આ ઓછું છે. હું કહું છું એમ કરો એટલે તમારી ભાગીદારીનાં કાગળિયાં કરતી વખતે કશી વાત અધ્ધર ન રહી જાય. આમાં મૂડી રોકાણ કિરણનું હોય એ બરાબર છે, પણ ધંધામાં જો ખોટ જાય તો બન્નેએ ભાગે પડતી ભોગવવાની આવે એ સંજોગોમાં દુકાન પર પણ ટાંચ આવી શકે એ વાત તમારે પક્ષે પણ કબૂલ કરવી પડે.' અવિનાશે બશીરને ગભરાવ્યો.

'પણ ખોટ જવાની શકયતા જ નથી ત્યાં આવા કલૉઝનો વિચાર કરવાની શી જરૂર છે!'

'જો ખોટ ન જ જવાની હોય તો દુકાન પર ટાંચ આવવાની નથી, એટલે એ કલૉઝ મૂકવાનો વાંધો પણ નથી. પણ અત્યારે કોઈ પણ ભાગીદારીનો કરાર કરાય ત્યારે એવું કલૉઝ મૂકવું જ પડે છે. જો તમે એમ ન કરો તો બૅંક લોન જ ન આપે. આપણને એવું કલૉઝ મૂકવામાં વાંધો પણ શો છે?'

'આમ તો કશો વાંધો નહીં પણ મારા કાકાને કદાચ એ ન ગમે.' બશીરમીંયાં હવે થોડા ગભરાવા માંડ્યા હતા.

'દુકાન તમારી છે પછી એમાં તમારા કાકાને શો વાંધો હોઈ શકે!'

'એવું નથી. મારા કાકાનું હજુ એમાં નામ બોલે છે. જો કે દુકાન અમારા સંપૂર્ણ કબજામાં છે અને વહેંચણીમાં એ દુકાન અમારા ભાગમાં આવેલી છે.' બશીરે લોચા વાળવા માંડ્યા.

'જો વહેંચણીમાં તમારે નામે એ દુકાન આવેલી હોય તો તમે તમારું પેઢીનામું અને વહેંચણીનો કાગળ લઈને તમારા કાકા સાથે અમારી કચેરીમાં આવશો તો તમારે નામે દુકાન થઈ જશે. આવો ને કાલે.' અવિનાશે મમરો મૂક્યો.

'એમ કાલે ને કાલે તો કેમનું અવાય! મારો એ કાકો જરા આડો છે. કોઈકને વચમાં રાખીને એને સમજાવીને લઈ આવવો પડે તેમ છે.'

'તમારી ભાગીદારીનો કરાર કરતા પહેલાં જો તમારા કાકા સાથેનો લોચો પતી જાય તો તમારે પછી કોઈ ચિંતા ન રહે ને! આ તો તમે દુકાન શરૂ કરો અને તમારો કાકો કશો લોચો ઊભો કરે તો તમે બધો માલસામાન લઈને ક્યાં જાવ?' અવિનાશ ચિકાશ કરતો હતો ને કિરણને લાગતું હતું કે તેની ભાગીદારીની તકો ઓછી થતી જતી હતી. તો બીજી તરફ તેને મોટાભાઈની ચોકસાઈ માટે માન પણ પેદા થતું હતું. તેને હવે લાગવા માંડ્યું હતું કે જો મોટાભાઈ વચમાં ન હોત તો પેલા મીંયાંભાઈની વાતમાં આવી જઈને પોતે આંધળિયાં કર્યાં હોત અને કદાચ ફસાઈ પણ ગયો હોત.

'એવું થાય નહીં કારણ કે અમારું જૂથ મોટું છે.' બશીરે કહ્યું, પણ તેને તરત જ પોતાની ભૂલ સમજાઈ ગઈ. તેને લાગ્યું કે આ હિંદુ માણસ આવી ઝઘડાની વાતમાં પડે જ નહીં.

'જો ભાઈ એવી મરામારીમાં અમે પડીએ નહીં. એના કરતાં તમે બન્ને સરખા પૈસા કાઢો ને બીજા કોઈ શાંત એરિયામાં દુકાન ભાડે લો એ વધારે સારું. તમારી દુકાન તમે ભાડે આપી દો તો એનુંય ભાડું તો તમને મળી જ રહે ને!'

એ દિવસ પછી ન તો કિરણે એના ભાઈબંધ બશીરની વાત કાઢી કે ન તો બશીર એની દુકાનમાંથી એના કાકાનું નામ કઢાવવા માટે કાગળિયાં લઈને કે એના કાકાને બોલાવીને આવ્યો. અવિનાશને લાગ્યું કે કિરણના મન પરથી પેલું સ્વતંત્ર ધંધાનું ભૂત ઊતરી ગયું છે. પણ વાસ્તવમાં એવું ન હતું. કિરણને નોકરી માટે હજુ પણ મન ન હતું. એ તો મનમાં ધંધાના જાતજાતના પ્લાન વિચાર્યા જ કરતો હતો.

બશીરની સાથે ભાગીદારીમાં પડતાં પોતે બચી ગયો એ માટે એ મનોમન મોટાભાઈનો આભાર માનતો હતો. પણ હવે તો એ પોતે આગવો ધંધો લેવાના વિચારો કરવા માંડ્યો હતો. તેને એ ખબર ન હતી કે તેની કે તેના મોટાભાઈની પાસે બૅંકમાં ભરવાની ચોથાઈના પૈસાનીય જોગવાઈ ન હતી કે ન હતી એવી કોઈ મિલકત કે જેની પર બૅંક તેમની કોઈ મોટી લોન મંજૂર કરે. અવિનાશે તેને જ્યારે આ વાત સમજાવવા પ્રયત્ન કર્યો ત્યારે કિરણને પાછું લાગવા માંડ્યું કે મોટાભાઈ પોતાને મદદરૂપ થવા જ માગતા નથી.

છેવટે થાકીને તેણે પોતાના પિતા પાસે વાત મૂકી : 'દાજી, મારે નોકરી કરવી નથી. મારે તો સ્વતંત્ર ધંધો કરવો છે. મોટાભાઈને કોણ જાણે શુંય ભૂસું ભરાયું છે કે એ જ્યારે ને ત્યારે મને નોકરી કરવા માટે જ દબાણ કર્યા કરે છે. તમે એમને કહો ને કે એ મને ધંધા માટે પૈસા આપે. એમને પૈસા આપવા ન પડે એ માટે એ મને કાયમ બીજી જ વાત કરતા હોય છે.'

'જો ભાઈ, એને તારા કરતાં દુનિયાનો અનુભવ વધારે છે એટલે એ કહેતો હશે એ તારા ભલા માટે જ કહેતો હશે. હુંય એવું માનું છું કે તું બેચાર વરસ નોકરી કરીને અનુભવ લે ને પછી કોઈ ધંધામાં ઝંપલાવે તો વધુ સારું. તારી પાસે થોડા પૈસા હોય, થોડા અવિનાશ આપે ને ખૂટતા બૅંકમાંથી લીધા હોય તો જ ધંધામાં બરકત આવે. જો બધા પૈસા બૅંકના હોય તો વ્યાજના ઘોડા દોડ્યા કરે એને આપણાથી ના પહોંચાય.'

'મોટાભાઈ પણ એવું જ કહે છે. હું નોકરી કરું તો બચીબચીને વરસે પાંચેક હજાર રૂપિયા બચે. કેટલાં વરસ નોકરી કરું ત્યારે ધંધો કરવા જેટલા પૈસા ભેગા થાય! મોટાભાઈ પાસે છે તે એમને કાઢવા નથી.'

'એની પાસે પણ કેટલાક હોય. તને ભણાવ્યાનો ખર્ચો એણે કર્યો. ઘરનું દેવુ હતું તેય એણે ભર્યું ને! એ હમેશાં ગણતરી કરીને જ ચાલતો હોય છે.'

'દાજી, મને ભણાવ્યાનો ખર્ચો તમે ધારો છો એટલો મોટો ન હતો. વર્ષે પાંચસો ફીના અને બસો ચોપડીઓના થાય.'

'ને ટ્યૂશનના, યુનિફોર્મના અને કાપડાંલત્તાંના પણ ગણ એટલે તને સાચો આંકડો ખબર પડશે. હું નથી માનતો કે એની પાસે દસ હજાર રૂપિયાય ભેગા થયા હોય.'

'સરકારી નોકરીમાં પગાર કરતાં તો બે નંબરની આવક વધુ હોય છે. એમણે કદી તમને જણાવ્યું છે ખરું કે એમની વરસે કુલ કેટલી આવક છે!'

'એને બે નંબરની આવક નથી પણ બે નંબરના ખર્ચા છે. ગામમાંથી બધા એની પાસે કામ લઈને જાય છે તેમના ફેરાફાંટા ખાવાના ને એમનાં ચ્હાપાણી કરવાના ને એમને જમાડવાના ખર્ચા એને થાય છે. ને લાંચને તો એ હાથ પણ નથી અડાડતો. તારે તો હવે ઊલટું કમાઈને એને ટેકો કરવો જોઈએ કે એની પાસે થોડી બચત થાય અને સોસાયટીમાં એક મકાન લઈ શકે.'

અનુક્રમ Þ

૨:- મનોર મોટા

મનોર મોટા સરકારી કામે શહેરમાં આવ્યા હતા. એમનો કાયમનો ક્રમ હતો કે શહેરમાં આવે ત્યારે પહેલાં તો રેવાની ખબર કાઢવાની અને પછી પોતાના દોસ્ત વનમાળીની તૈયાર કપડાંની દુકાનમાં બેસી ચ્હાના સબડકા બોલાવતાં આખા શહેરની નવાજૂની જાણી લેવાની. આજે પણ તે રેવાની ખબર પૂછીને આવ્યા હતા ને વનમાળીની દુકાનમાં અંદરની ઑફિસમાં તડાકા મારતા બેઠા હતા. ત્યાં બહારના ભાગમાં વનમાળીના દીકરા રઘુ અને કિરણની વચ્ચે ચાલતી વાતનો અણસાર આવતાં તેમણે વનમાળીને હાથથી જ શાંત રહેવાનો ઈશારો કરી એ તરફ કાન માંડ્યા. કિરણ એના દોસ્ત સાથે વાતે વળગેલો હતો એટલે મનોર મોટા દુકાનમાં આવ્યા અને સીધા અંદરની ઑફિસમાં ગયા એની તેને કશી ખબર ન હતી.

આજે રેવાની ખબર પૂછવા માટે એ ગયા ત્યારે એમને કિરણની હઠની ગંધ આવી હતી અને એ દિવસે દિવસે વધુ ઉછાંછળો થતો જતો હતો એવું એમને લાગ્યું હતું. રેવાએ જાણે વાતને વાળી લીધી હતી પણ મનોર મોટા જેવો માણસ સામા માણસના મ્હોં સામે નજર પડતાં જ એના મનની સ્થિતિનું માપ કાઢી લે ત્યાં એમની દીકરી એમનાથી શું છુપાવી શકે! તેમને ત્યાંની તંગ પરિસ્થિતિની ગંધ આવી ગઈ હતી. તેમને થયું કે કિરણને ઠપકાનાં બે વેણ કહેવાનો વખત આવી પહોંચ્યો છે.

એટલે એમણે એ તરફ કાન માંડ્યા. એણે રઘુને કહ્યું : 'મારે ધંધો કરવો છે ને એમને મારી પાસે ગુલામી કરાવવી છે.'

'પણ તું તો કહેતો હતો કે એમણે તને પૈસા આપવાની તૈયારી બતાવી છે. પછી શું થયું એમાં કે_'

'થવાનું શું હતું! બધી પૈસા ન કાઢવાની જ ચાલ. ઊલટો એમણે તો મારો અને બશીરનો સંબંધ બગાડ્યો.'

'એમ કેમનું થયું? બશીરને ને એમને શો વાંધો પડ્યો?'

'વાંધો જ ને. પહેલાં કહે એને બોલાવી લાવ એટલે તમારી ભાગીદારીની વાત પાકી કરી નાખીએ ને તને બૅંકમાંથી લોન અપવી દઉં. હવે અમારે વાત એવી થયેલી કે બશીરની દુકાન અને મારું મૂડીરોકાણ. બેયનો અર્ધો અર્ધો ભાગ. પણ એમણે દુકાનની માલિકી અને ખોટ જાય તો દુકાન પર પણ ટાંચ આવે એવું લખાણ કરવાની વાત કરી એટલે બશીર ગભરાઈ ગયો. એ કહે મારે ભાગેય નથી રાખવો કે દુકાનેય નથી આપવી.'

'જોકે કોઈ મીંયાં સાથે તું ભાગીદારી કરે એ મને પણ ગમતું તો ન હતું વળી દુકાન પણ મુસલમાનના લતામાં. કશુંક છમકલું થાય તો આખી દુકાન ફૂંકી મારે. અને આખી દુનિયા જાણે છે કે કોમી હુલ્લડની શરૂઆત હંમેશાં મુસ્લીમ વિસ્તારથી જ થાય છે.' રઘુએ કિરણના ગુસ્સાને ઠંડો પાડવા કહ્યું. પણ કિરણને એ સમજણ ગળે ઊતરતાં હજુ વખત લાગવાનો હતો. તેણે રઘુની વાત સાથે પોતે સંમત નથી એમ બતાવવા માત્ર ડોકી જ હલાવી.

'તું બશીરને બરાબર ઓળખતો નથી નહીં તો આવું ન કહેત. એ બીજા મીયાં જેવો નથી. એ તો એવાં તોફાની તત્ત્વોથી ગાઉ છેટો રહે છે.'

'એટલે તો જોખમ ઓર વધી જાય. એનાવાળાને એનીય શરમ ભરવાની ના રહે. મને તો એમ લાગે છે કે તારા ભાઈએ તને એમાંથી બચાવવા માટે જ એવું કર્યું હશે.'

'એવી કશી વાત નથી. બશીરવાળી વાત પડતી મૂકી ત્યારથી જ એમણે પાછી પેલી નોકરીની વાત શરૂ કરી દીધી છે. એમને ખબર છે કે મારે નોકરી કરવી નથી છતાં એ કાયમ નોકરીની વાત જ આગળ કર્યા કરે છે. તને પૂરી વાતની ખબર નથી એટલે એવું લાગે બાકી સાચી વાત એવી છે કે એમને પોતાની પાસેથી એક પૈસોય કાઢવો નથી એના આ બધા ચાળા છે. એમની પાછળ કોઈ ખાનારું તો છે નહીં. જ્યારે ત્યારેય આવવાનું છે તો મારી પાસે જ ને. એના કરતાં મારા ધંધામાં રોકવા મને પૈસા આપ્યા હોય તો એમને પાછલી ઉંમરે પાલવતાં મને આંચકો ના આવે.'

'અત્યારથી એની શી ખાતરી કે એમને વસ્તી નહીં જ થાય! કાલે ઊઠીને એમને ત્યાં વસ્તી થાય તો એમણે સગવડ તો રાખવી જ જોઈએ ને! એ અત્યારથી જ બધા પૈસા ઊડાવી દે ને કોઈ તેમને પાછલી ઉંમરે ન સંઘરે તો શું? તેને માટે થઈનેય તેમણે જોગવાઈ રાખવી જોઈએ. મને તો એમાં કશું ખોટું દેખાતું નથી.' રઘુએ કહ્યું.

'મને ખાતરી છે કે મને હેરાન કરવા માટે જ એ એમ કરે છે. એમને એ વાતની પૂરી ખબર છે કે એમને છોકરાં પેદા થવાનાં નથી. ડૉક્ટરોએ હાથ ઊંચા કરી દીધા છે. ઉપરથી ભગવાન આવે તોય એમનું વાંઝિયા મેણું ભાગવાનું નથી. પણ મને ખાતરી છે કે પેલી કહેવતમાં કહ્યા પ્રમાણે વાંઝિયાની મિલકત કૂતરાં ખાય, એવો ઘાટ થવાનો છે.' કિરણે મનનો ઊભરો કાઢ્યો.

અંદર વનમાળીએ મનોર મોટાને ખભે હાથ મૂકી તેમને ઓછું ન આવે માટે કહ્યું : 'મોટા, એ છોકરાની વાતમાં ઓછું ના લાવતા. કુબેર પટેલ લાખ રૂપિયાનો માણસ છે, હું એની ખાતરી આપવા તૈયાર છું. છોકરું નાસમજમાં બોલી નાખે એનો બહુ શોક કે ગુસ્સો ના કરાય.'

'વનમાળી શોક તો હું મારા નસીબનો કરું છું. મારાં પૂણ્ય ઓછાં પડ્યાં કે મારે આ સાંભળવાનો વખત આવ્યો. પણ તમે મારા સાક્ષી રહેજો હવે હું એ મહેણું ફરી સાંભળવાનો નથી. આભ ને પાતાળ એક કરી દઈશ પણ એ મહેણું તો નહીં જ રહેવા દઉં.' કહેતાં મનોર મોટાએ ખેસને છેડે આંખો લૂછી. ને વનમાળીએ એમને રોકવા ઘણું કર્યું પણ મોટા ઊભી બજારે ચાલી જ નીકળ્યા. શહેરને ચૌટેથી રિક્ષા કરી તેમણે ધનેરાનો મારગ પકડ્યો. આખે રસ્તે એમને એક જાતના વિચાર આવતા હતા, રેવાના વાંઝિયામેણાના. એમને મનમાં ઊગી નીકળ્યું હતું કે હવે દાકતરોના અભિપ્રાય લેવા કરતાં પોતે જ કાંઈક કરવું પડશે.

આ બાજુ વનમાળી પણ છોભિલો પડી ગયો. તેને થયું કે મનોર મોટાને કિરણની વાત માથાવાઢ જેવી લાગી હશે. એ શુંનું શુંય કરી નાખશે. પહેલાં તો એમને થયું કે એ અવિનાશને વાત કરે પણ પછી મનમાં વિચાર્યું કે એક તો કિરણ અવિનાશ ઉપર કતરાય છે ને તેમાં જો એ તેને કાંઈ કહેવા જશે તો વાત વધુ વણસશે. એમને થયું કે વાત જો કરવી જ હોય તો ધનેરાનો ફેરો ખાઈને કુબેર પટેલને જ કરવી જોઈએ. ને મોડું થાય ને વાત વણસે તે પહેલાં એમણે સ્કૂટર કાઢી ધનેરાનો ખેતરાઉ મારગ પકડ્યો.

એ ધનેરા પહોંચ્યા ત્યારે કુબેર પટેલ ઘેર જ હતા. વનમાળીને જોઈ એ ખૂશ થઈ ગયા. 'ઘરડાં, આ વાણિયાને ઝટ ચ્હાનો પાલો પાઈને અહીંથી કાઢો નહીં તો લોક જાણશે કે આવોયે આપણે ત્યાં ઉઘરાણી કરવા માટે આવ્યો હશે.' કુબેર પટેલે મજાક કરી.

વનમાળી કહે : 'પટેલ મજાક કરવાનો સમો નથી. આજે તમારા નાનકાએ ગજબ કરી નાખ્યો. મનોર મોટા મારી દુકાનની અંદરની ઑફિસમાં બેઠા હતા ને તમારા નાનકાએ બહાર અવિનાશ અને એની વહુને વાંઝિયાં કહીને બખાળા કાઢ્યા તે મોટા સાંભળી ગયા ને કાળઝાળ થઈને ચાલતા થયા છે.'

'એ કપાતર મારું નાક કપાવવા બેઠો છે. આજે હું એને માર્યા વના નહીં મેલું. પણ મોટાને કોણ સમજાવશે. એમને તો એમ જ થશે કે એ નપાવટ મારું જ ભણાવેલું બોલતો હશે. વનમાળી તું જ હવે મોટાને સમજાવ કે એમાં અમારા ઘરમાંથી બીજા કોઈનો કશો વાંક નથી.' કુબેર પટેલને મોટાના ગુસ્સા કરતાં પોતાની આબરૂની વધુ ચિંતા હતી. કોઈક જાણે કે કુબેર પટેલે કશી વરાળ કાઢી હશે તો જ કિરણ આવું બોલ્યો હશે ને!

પણ એમનું બોલવું પૂરું થયુંય ન હતું ત્યાં મનોર મોટાનો સાદ સંભળાયો : 'કુબેર પટેલ ઘેર છે કે નહીં!' ને કુબેર પટેલ અને વનમાળી બેય ચમકીને ઊભા થઈ ગયા. વનમાળીને ચિંતા થઈ પડી કે પોતાના અહીં આવવાનો મોટા શોએ અર્થ કરશે ને પોતાને એમનો ઠપકો સાંભળવાનો વખત આવશે.

'આવો, આવો. આ વનમાળી તમારી જ વાત કરતો હતો. નાંનકાએ તમને ભોઠામણ દીધું ને અમારે તો માફી માગવા વેળાય ના રહી. મોટા કશું મનમાં ના લાવશો. એને તો હું હાંજે એવો હલકો કરીશ કે મહિના હુધી એને કળ નહીં વળે. મારું ના માનો તો તમે ખુદ રેવાને પૂછી જુઓ. અમારા આખા ઘરમાંથી બીજા કોઈએય એને ઘસાતું વેણ કહ્યું હોય તો હું પોતે ગુનેગાર.' કુબેર પટેલે તેમને આસન આપતાં બચાવ કર્યો.

'કુબેરભાઈ વાત એવી નથી. આજ સુધી મને આશા હતી કે ભગવાન સામું જોશે પણ હવે મને એય આશા રહી નથી. આજે ઘરમાંથી વાત આવી છે, કાલે ગામમાંથી કોઈ આવું જ કહેશે. કોનું મ્હોં બંધ કરવા જવાશે! મારે હવે એ વાંઝિયા મેણું મારી દીકરીને માથે રહેવા દેવું નથી કે મારે ફરીથી એવાં વેણ કોઈને મોંઢે સાંભળવાં નથી. કુબેરભાઈ હવે ધોળામાં ધૂળ ભરાવા દેવી નથી. પાંચ માણસની વચ્ચે બેસતા હોઈએ ત્યારે આપણે પહેલાં આપણાં લૂગડાંય સાચવવાં જોઈએ ને. એમાં ડાઘ હોય તો બધાની નજરે ચઢે.'

'આપણાથી થાય એવું હોય તે આપણે કરીએ છીએ. ભગવાન પર ભરોંસો રાખો, કોઈક દા'ડો એ આપણી સામું જોશે.' કુબેરભાઈએ મોટાને ઠંડા પાડતાં કહ્યું.

'હું શહેરમાંથી પરબારો જ અહીં આવ્યો છું. આ દેવ ઊઠ્યા કેડયે જે મૂરત નીકળે એ મૂરતે મારે જમાઈને ફરીથી ઉઘલાવવા છે. તમારી જાણમાં કોઈ છોડી હોય તો મને હાલ કહી દો નહીં તો મારા સાળાની છોડી ચંપી હાર્યે મારે એમને પૈણાવવા છે.' મોટાની વાત સાંભળી વનમાળી ને કુબેર પટેલ સડક થઈ ગયા. કુબેર પટેલના મ્હોં પરથી તો જાણે લોહી જ ઊડી ગયું. એમને મોટાના ગુસ્સા કરતાં કિરણની ઉધ્ધતાઈ વધુ મૂંઝવતી હતી.

'મોટા ગજબ ના કરો. એક છોકરાએ થૂંક ઉડાડી એમાં પંડની છોડીને શું કરવા દંડો છો? એનો બચારીનો શો વાંક!'

'એનો વાંક એટલો જ કે એને પેટ વસ્તાર નથી. તમારા ઘરને એક ખૂણે પડી રહેશે ને એનો રોટલો બાળી ખાશે. ને જમાઈને જો એક પર બીજી કરવામાં વાંધો હોય તો મારી છોડી ફારગતી લખી આલશે. પણ હવે જમાઈને ફરીથી પરણાવ્યા વગર હું રહેવાનો નથી, એ વાત નકકી.' મનોર મોટાએ છેલ્લા શબ્દો કહી દીધા. ત્યાં અંદરથી કેસરબાનું ડૂસકું સંભળાયું. આજ સુધી એ અવિનાશને ત્યાં પારણું બંધાય એની ચિંતામાં હતાં પણ આજે જે રીતે એનો ઉકેલ આવતો હતો એ એમને ડંખતો હતો.

'મારે તમને કશું કહેવાનું નથી કે નથી કહેવાનું ઘરડાંને પણ મારી છોડીને તો કહું ને. એને પેટ જો પથરોય પાકયો હોત તો મારે કે તમારે કયાં કશી ચિંતા હતી!'

'તે અત્યારેય કયાં ચિંતા છે? તમે મોટા ધરપત રાખજો રેવા જેવી તમારી દીકરી છે, એવી મારીય દીકરી છે. એને કોઈ ઘસાતું વેણ કહેશે તો એને હું ભરી પીશ. મારા નસીબમાં હશે તો એને ઘેર પારણું બંધાશે ને નહીં બંધાય તોય મને કશી પડી નથી. અમે કે તમારા જમાઈએ રેવાને કશું કહ્યું હોય તો કહો. પણ પેલા નપાવટે નાલાયકી કરી એમાં બધાંને શું કરવા દંડો છો! એને તો હું ઘરમાંથી તગેડી મૂકીને જ રહીશ, પણ અવિનાશને ફરી પરણાવવાની વાત ભૂલી જાવ.'

'વેવાઈ, કોક પારકું કે પોતાનું માણસ પણ આપણી વાત કરે એ હવે પાછલી ઉંમરે સહન નથી થતું. શું કરવા કોઈને આપણી વાત કરવાનો મોકો આપવો? ને વસ્તારની આશાએ એક ઉપર બીજું કરવાની કયાં નવાઈ છે! તમે હા નહીં પાડો તો મારે મારી છોડીને છૂટાછેડા લેવડાવીને મારે ઘેર પાછી તેડી જવી પડશે. પછી તમે જાણો ને જમાઈ જાણે. મારું માનશો તો ઘીના ઠામમાં ઘી પડી રહેશે.'

'મોટા, અમારી વાણિયાગતની વાત તમને ગળે નહીં ઊતરે પણ તમારો ભાઈબંધ છું એટલે કહ્યા સિવાય નથી રહેવાતું. જ્યારે મનમાં ગુસ્સો હોય ત્યારે કોઈ નિર્ણય ન લેવો. કોઈ વાતનો ઊતાવળો નિર્ણય ન લેવો. કોઈ નિર્ણય લેવો હોય તો પૂરા ૨૪ કલાક વિત્યા પહેલાં નિર્ણય ન લેવો. તમને ગમે તો કાલ પર નિર્ણય લેવાનું મુલતવી રાખો. મારી વાત ના ગમે તો મારી પાસે પાછી.' વનમાળીએ મોટાને કહ્યું.

'અમારી પાસે એવી વાણિયાગત ન હોય. ને અમને એ ફાવે પણ નહીં. છતાં તમારું માન રાખું છું. કાલે તમે, વેવાઈ, વેવાણ ને જમાઈ મારે ત્યાં આવો. બપોરે જમવાનું મારે ત્યાં. હું મારા સાળાની છોડીને બોલાવી રાખીશ. તમે બધા એને જુઓ, પછી આપણે નકકી કરીશું.'

'મારી વાતમાં તમને સમજણ નહીં પડે ને તમારી વાતમાં મને સમજણ નથી પડતી. તમે જમાઈને ફરી પરણાવીને છોકરીને માથે શોકય લાવવા માગો છો. હું કહું છું કે તમે એ જ ફરી વિચારો, રેવા પર શોકયનું સાલ લદવું કે નહીં એ જ કાલે નકકી કરો. કાલે જો તમારા મનમાં એમ થાય કે એવું કરવું જ છે તો જાવ આપણે પરમ દિવસે તમારે ત્યાં સવારમાં જ આવી જઈશું અને જમીશું પણ ખરા. પણ મારી વાતનો પાકો વિચાર કરજો. છોડીની ઉપર શોકયનું સાલ ઘાલવાનું પાપ ના લો તો સારું.'

'પરમ દા'ડે તમારે બધાંએ આવવાનું એ વાત નકકી. જો તમારી વાણિયાગત જોર કરશે ને મારું મન બદલાશે તો તમને જણાવીશ.' કહેતાં મનોર મોટા ઊભા થયા. બીજો કોઈ વખત હોત તો એમને જમ્યા સિવાય કોઈ ન જવા દેત પણ આજે કોઈ કાંઈ ન બોલ્યું.

બહાર નીકળતાં કુબેરભાઈથી બોલ્યા સિવાય ન રહેવાયું : 'મોટા, મારું માનો તો એ વિચાર જ પડતો મૂકજો. મોટું મન રાખજો ને બીજા આડાઅવળા વિચારો ના કરશો. તમે કહેતા હો તો હું કાલે નાંનકાને તમારી પાસે મોકલું. તમને ફાવે એ શિક્ષા એને કરજો. અમારે ત્યાંથી કોઈ ફરિયાદ આવે તો હું એનો જામીનદાર, બસ.'

રિક્ષામાં ઘેર જતાં આખે રસ્તે મોટાને કિરણના પેલા શબ્દો જાણે શૂળની જેમ ભોંકાઈ રહ્યા હોય એમ એ અનુભવી રહ્યા. એમને કિરણ પર ગુસ્સો એ વાતે વધુ આવ્યો કે રેવાએ એને પેટના જણ્યાની જેમ રાખીને કૉલેજનાં ચાર વર્ષ ભણાવ્યો, એનો કશો ગુણ રાખવાને બદલે મહેણાં મારે અને સામે ધંધા માટે પૈસા માગે. પૈસા આપે તો સારાં નહીં તો વાંઝિયાં. એ હજુ મનોર મોટાને ઓળખતો નથી. મોટા ભલા છે, પણ એમને છંછેડવાનાં પરિણામ શાં આવે છે એ હવે એને બતાવવું પડશે. એમના મનમાં વિચારોની ઘંટીમાં કેટલાય પ્લાન ભરડાઈ રહ્યા. બીજો કોઈ ત્રાહિત હોત તો વાતનો ફેંસલો ટૂંકો ને ટચ હતો; એક ઘા ને બે કટકા. પણ આ તો પોતાના જ વેવાઈ કુબેર પટેલનો છોકરો હતો એટલે એમના હાથ બંધાઈ જતા હતા ને!

એમને એ આખી રાત ઊંઘ ન આવી. શું કરવું એના કરતાં કેમ કરવું એ સવાલ એમને ગૂંચવતો હતો. વાત સાંભળે ને ભૂલી જાય એ મનોર મોટાના સ્વભાવમાં ન હતું. જ્યારથી એ પટલાઈની બાળપોથી ભણ્યા હતા ત્યારથી એક વાત એમણે સિધ્ધાંત તરીકે સ્વીકારી લીધી હતી કે ઈંટનો જવાબ પથ્થરથી જ આપવો. એટલે તો કોઈ એમને રસ્તે આડા ઊતરવાનીય હિંમત ન્હોતું કરતું ને. આજે એક છોકરાએ ઉછાંછળાવેડામાં એમની પાઘડી ઉછાળી હતી. એને મોટાની ધાક ન હતી એમ નહીં પણ સ્વાર્થમાં આંધળા બનેલા એનાથી છોકરમત થઈ ગઈ હતી. એનાં પરિણામ શાં આવશે એ વાતથી અજાણ્યો હોય પણ સંબંધોની લક્ષ્મણરેખા પણ તેનાથી ઓળંગાઈ ગઈ હતી. ને મનોર મોટા પોતે જ એની એ નાલાયકીના સાક્ષી બન્યા હતા.

મોટાએ ભલે આખી રાત કાંત્યું પણ જાણે કાંતેલું જ ફરી કંતાતું જતું હતું. વાત ફરીફરીને એક જ બિંદુ પર આવીને અટકી જતી હતી. મહેંણા પર ભેંણું ફોડવાનું જ હતું. એમને પોતાની દીકરી વહાલી ન હતી એવું ન હતું પણ ભવિષ્યમાં એને કોઈ મહેંણું ન મારે એ માટે એણે શોકયનું સાલ વેઠી લેવાનું હતું. મનોર મોટાને એક વાતે ખાતરી હતી કે રેવા એમને સમજી શકશે. પછી ભલે આખી દુનિયા એમને ન સમજે. દુનિયાની એમને બહુ ફિકર ન હતી. રેવાને દુખ ન લાગે એ જ એમને જોવાનું હતું.

જમનાંમા મોટાને આખી રાત પડખાં ઘસતા જોઈ રહ્યાં હતાં. એ એમને પૂછીને વધુ મૂંઝવણમાં મૂકવા માગતાં ન હતાં. એમને ખાતરી હતી કે પોતાને કહેવા જેવી વાત હશે તો એ એમને કહ્યા સિવાય રહેવાના ન હતા. સવારમાં ચ્હા પીતાં તેમણે જમનાંમાને પોતાના મનની વાત કરી : 'જુઓ, ઓછું ના લાવશો પણ મારા મનમાં ઊગી ગયું છે કે રેવાને માથેથી વાંઝિયા મહેણાનું કલંક ટાળવાનો એક જ ઉપાય છે. જમાઈને બીજી વખત પરણાવવા. રેવાને માથે શોકયનું સાલ ઊભું થશે પણ જો કોઈ ગરીબ ઘરની ઓળખીતાની સાલસ છોડી હોય તો રેવાને ઓછું નહીં આવવા દે.'

જમનાંમાને આ વાત ગળે ઊતરતાં સ્હેજ વાર લાગી. 'આપણે આટલી વાટ જોઈ છે તો એક વરસ વધુ વાટ જોઈએ તો! ભગવાનની દયા હશે તો કોકનાં પૂણ્ય આગળ આવશે. જાવ આવતે વરસે હું આડે નહીં આવું. પછી જેવાં રેવાનાં નસીબ.' જમનાંમાએ આંખો લૂછી. મનોર મોટા બહાર ભલે વાઘ જેવા હોય પણ ઘરમાં જમનાંમાની વાત બને ત્યાં સુધી ટાળતા ન હતા.

'તમારી એવી ઈચ્છા હોય તો એમ કરીએ. પણ મેં તમને પૂરી વાત કરી નથી. કાલે વનમાળીની દુકાનમાં હું બેઠો હતો ને મારે કાને રેવાના દિયરને મોંઢે રેવા માટે ઘસાતાં વેણ પડી ગયાં. એણે નપાવટે છોડી જામાઈને વાંઝિયાં કહ્યાં. મેં અને વનમાળીએ અમારે સગે કાને એ સાંભળ્યું. એને બદલે કોઈ બીજો હોત તો મેં એનાં હાડકાં ત્યાં ને ત્યાં જ ભાંગી નાંખ્યાં હોત, પણ આ તો એવોયે ઘરનો જ માણસ. હું વેવાઈનો વિચાર કરીને ગમ ખાઈ ગયો.'

'વેવાઈને વાત કરવી હતી ને.'

'કરી. વેવાઈ પણ બાપડા શું કરે! એ તો બાપડા છોભીલા પડી ગયા. વનમાળી પણ સાથે હતો. વેવાણ તો બાપડાં પોક મૂકીને રડ્યાં. એ તો એને ઘરમાંથી કાઢી ન મૂકે તો જ સારું. છોકરો હાથથી ગયો હોય ત્યાં એ બાપડાં શું કરે! મેં તો વેવાઈને કહી પણ દીધું છે કે હું જમાઈને ફરી પરણાવીનેય છોડીને માથેથી વંઝિયામહેંણું તો ટાળીશ જ. મેં તો એક છોડીય મનમાં નકકી કરી લીધી છે. આપણા દલપતની ચંપી જ શું ખોટી! બેય વચ્ચે સગી બેનો જેવાં હેત છે. તે રેવાને કોઈ વાતે ઓછું આવવા દેશે નહીં.' મનોર મોટાએ જમનાંમાને પેટછૂટી વાત કરી દીધી. જમનાંમા પતિની વાત સામે કયારેય દલીલ કરતાં ન હતાં પણ જ્યારે રેવાની વાત આવી અને એને માથે શોકયનું સાલ ઘાલવાની વાત હોય ત્યારે એ કેમ ચૂપ રહી શકે!

'મને મારા ભગવાન પર વિશ્વાસ છે. તમે આટલું વરસ ખમી જાવ. મારો વહાલો સહુ સારાં વાનાં કરશે.' જમનાંમાના અવાજમાં શ્રધ્ધાનો જે રણકો હતો એ મનોર મોટાને પણ અસર કરી ગયો. તેમણે એક વરસ વધુ રાહ જોવાનું નકકી કર્યું ને એનો સંદેશો વેવાઈ અને વનમાળીને મોકલી આપ્યો.

વેવાઈ કુબેર પટેલને હૈયે ધરપત વળી. એમણે કિરણને ઘેર આવી જવા ગઈ કાલે સાંજે જ સંદેશો મોકલ્યો હતો પણ હજુ એ આવ્યો ન હતો. એના આવવામાં જેટલું મોડું થતું હતું એટલો જ કુબેર પટેલનો ગુસ્સો વધતો જતો હતો. એમને એમ લાગતું હતું કે કિરણને ખબર પડી ગઈ હતી કે ઘેર એની કેવી વલે થવાની હતી એટલે એ ઘેર આવતાં અચકાતો હતો. જો

કે કિરણને આ આખી વાતની કશી ગંધ પણ ન હતી. એ તો એના ધંધાના અવનવા તુકકામાંથી નવરાશ મેળવીને છેક સાંજને વખતે ધનેરા આવ્યો.

'આવો કુંવર, તમને આવવાની નવરાશ મળી ખરી. મહીં જઈને તારાં કપડાં-બપડાં પેટીમાં ભરી લે ને નીકળ ઘરની બહાર. હવે તારો ટાંટિયો આ ઘરમાંય નહીં કે અવિનાશના ઘરમાંય નહીં. ઉતાવળ કર નહીં તો પાછું અંધારું થઈ જશે.' એમણે કિરણને સીધો બહારનો રસ્તો બતાવી દીધો.

'પણ મારો કોઈ વાંક! મોટાભાઈએ કશું કહ્યું છે? એમને પૈસા કાઢવા ન પડે એટલે એમણે તમને ઊંધુંછતું ભરાવ્યું હશે.' શું થયું હશે એની અટકળ કરતાં એ બોલવા ગયો.

'મોટો ભાઈ તો બાપડો ભગવાનનો માણસ છે. એ તો શું ભરાવવાનો હતો! આ તો નાલાયક તેં જ ભરડીને અમારું નાક કાપ્યું છે. હાથે કરીને તેં તારા પગ પર કૂહાડો માર્યો છે.'

'મેં, મને સમજાયું નહીં. મેં તો કશું એવું કર્યું નથી.'

'તને સમજાતું નથી એની જ બધી પંચાત છે ને. તારે ભાઈ પાસેથી પૈસા લેવા છે ને ધંધો કરવો છે. ને બીજી બાજુ ભાઈને વાંઝિયો કહીને મહેણાં મારવાં છે. તને બાપની કે ભાઈની આબરૂ સાચવવાની તો એક બાજુ રહી પણ એને ઊઘાડી પાડવાનું જ સમજાય છે.'

'તમારી કયાંક ભૂલ થાય છે બાપુ, હું મોટાભાઈનું કશું ઘસાતું બોલ્યો નથી.'

'તે વનમાળીની દુકાનમાં ભાઈને માટે જે કહ્યું હતું એ ઘસાતું નહીં તો બીજું શું હતું? અને મનોર મોટા અંદર બેઠેલા હતા અને એમણે સગે કાને એ સાંભળ્યું હતું. તને બોલવાનું ભાન નથી. તું મારા ઘરમાં હવે ન જોઈએ.' કુબેર પટેલે કિરણને છેલ્લી વાત કરી લીધી. કિરણને ઘડીભર તો શું બોલવું એનીય વિમાસણ થઈ પડી.

'મેં એમને વાંઝિયા કહ્યા નથી, મારાથી કદાચ એમ કહેવાઈ ગયું હશે કે પાછળ ખાનાર કોઈ છે નહીં ને મોટાભાઈ આમથા_'

'તે બધું તને આપી દે એમ ને! ને બોલવાની પણ રીત હોય. તું વરસવંટોળ બહાર રખડીશ એટલે તને બોલવાની ગતાગમ પડી જશે.'

'એટલે તમારે મને ઘરમાંથી કાઢી જ મૂકવો છે, એમ ને!'

'હા એમ જ માન. તને ભણાવ્યો છે હવે તું તારું કૂટી ખા. તારો પેલો મીંયાં ભાઈબંધ છે ને. એની હાર્યે ધંધો કરજે ને લહેર કરજે. પણ મને તારું મ્હોં ના બતાવીશ. એકવાર તું ઘરની બહાર નીકળ, પછી તને બધી ખબર પડી જશે કે કેટલી વીશે સો થાય છે.'

કિરણ મનમાં તો ઘણો ધૂંધવાઈ રહ્યો હતો પણ એ વાંકમાં હતો એટલે એનાથી કશું બોલાય એવું રહ્યું ન હતું. છતાં હિંમત કરીને તેણે મ્હોં ખોલ્યું : 'એટલે તમારે મને હાથેપગે ઘરમાંથી કાઢી મૂકવો છે?'

'હાથેપગે શાનો! તારું જે કાંઈ હોય એ લઈને જા. મોટો પણ એમ જ ગયેલો. અને એણે તો તને ભણાવ્યો. તારે તો એવી કશી જવાબદારી નથી. ખા, પી ને લહેર કર. ધંધો કરીને ગાડી બંગલાવાળો થા. અમને આનંદ થશે, પણ હવે તારી કોઈ જવાબદારી અમારે માથે નહીં. તું જાણે ને તારું કામ જાણે.' કુબેર પટેલે કાને હાથ દઈ દીધા.

'બાપુ, તમે મને અન્યાય કરો છો. મેં કશું ખોટું કહ્યું નથી. એમની પાછળ કોઈ ખાનાર ન હોય એમાં મારો વાંક છે? ને મેં એ કહ્યું હોય તો એમાં ખોટુંય શું છે?'

'એની પાછળ કોઈ ખાનાર નહીં હોય તો એ કૂતરાંને ઘરવશે પણ તને તો નહીં જ આપે. તું તો કૂતરાંથી પણ હલકટ પાકયો છું. આજથી તારે ને મારે કોઈ સંબંધ નહીં. જા, તારું કાળું કર.' કુબેર પટેલે કહ્યું ને મોઢું ફેરવી લીધું.

અંદર કેસરબા આંસુ સારતાં હતાં પણ આજે એય કિરણનો પક્ષ લેવાનાં ન હતાં. કિરણે પગ પછાડ્યા, આંસુ નિતાર્યાં પણ બેમાંથી કોઈએ એના પર લક્ષ ન આપ્યું. છેવટે કિરણે પોતાનાં કપડાં બેગમાં ભર્યાં. કેસરમા ગમે તેમ તોય મા હતાં એમણે એમની કરકસરથી બચાવેલા અઢીસો રૂપિયા કાઢીને બોલ્યા સિવાય તેની સામે ધર્યા. કિરણે તે લીધા ને છૂટે મોંએ રડી પડ્યો. બેમાંથી કોઈએ એને રોકાઈ જવાનું ના કહ્યું ને ભાંગેલે હૈયે કિરણ ઘરની બહાર નીકળી ગયો. તેણે માની લીધું કે તેને માટે હવે આ ઘરના દરવાજા બંધ થઈ ગયા હતા.

## ૩ઃ- કિરણ ઠેકાણે પડ્યો

અનુક્રમ Þ

કિરણ ઘણો કરગર્યો પણ તેનું કશું ચાલ્યું નહીં ને તેણે ઘરની બહાર નીકળી જવું પડ્યું. બેચાર દિવસ તો તે ધૂંધવાતો શહેરમાં આમતેમ ફર્યા કર્યો. બધા ઓળખીતા પારખીતાએ કુબેર પટેલને સમજાવવા પ્રયત્નો કરી જોયા પણ એમણે કોઈની વાત કાને ન ધરી. ખૂદ મોટાએ પણ ટકોર કરી જોઈ પણ કુબેર પટેલે તેમને સાનમાં સમજાવી દીધું કે એક વખત એને બહારની દુનિયાની ઠોકર વગશે પછી જ એની સાન ઠેકાણે આવશે.

પોતે ભણેલો છે. નોકરી તો પોતાને ગમે ત્યાં મળી શકે તેમ છે પણ નોકરી કરવાને બદલે પોતે સ્વતંત્ર ધંધામાં કોઈનીય મદદ વગર સ્થિર થઈ શકે તેમ છે એ સાબિત કરી બતાવવાની તેને ચાનક ચઢી હતી. બશીર તો તેના જેવો જ લુખ્ખો હતો. તેની પાસેથી તો કશી મદદ મળી શકે એમ ન હતી. ઊલટાનો એ તો કિરણની મદદથી પોતે તરી જવાની વેતરણમાં હતો. સાપને ઘેર પરોણો સાપ જેવો ઘાટ લાંબો કયાંથી ચાલે! કિરણને ઘેરથી કાઢી મૂક્યો છે એવું જાણતાં જ બશીરનો તેના પ્રત્યેનો ભાવ સાવ બદલાઈ ગયો. તેને બશીરનો સાચો પરિચય થઈ ગયો. બશીરને પણ લાગ્યું હશે કે એ તલમાંથી તેલ નીકળે એમ ન હતું એટલે જ એણે કિરણ સાથેનો સંબંધ સાવ કાપી નાખ્યો ને!

ને કિરણને જ્યારે લાગ્યું કે એને કોઈ સહારો આપવાનું ન હતું ત્યારે છેલ્લા ઉપાય તરીકે એણે બીજા શહેરમાં જઈને નસીબ અજમાવવાનું નકકી કર્યું. રઘુ પાસેથી ચારસો રૂપિયા ઉછીના લીધા, અઢીસો પોતાની પાસે પડ્યા હતા. કિરણભાઈ કુલ સાડા છ સો રૂપિયાને સહારે જંગ જીતવા મેદાને પડ્યા.

તેણે નડીઆદ પર પસંદગી ઉતારી. તેનો એક મિત્ર નડીઆદમાં રહેતો હતો. બશીર સાથેના અનુભવે તે એટલું તો શીખ્યો હતો કે સામા માણસની હાલત જોઈ તે પ્રમાણે તેની પાસેથી કામ કઢાવવું જોઈએ. તેનો દોસ્ત વિહારી મૂળ નડીઆદનો જ હતો, સુખી ઘરનો હતો ને સ્વભાવનો પણ સારો હતો. પણ એ બધી તો કૉલેજકાળની વાતો. બધા પોતે બાર લાખ ને બાણું હજારની વાતો કરતા હોય પણ ઘણી વખત એમાંનું કશું સાચું ન હોય. દોસ્તોમાં વટ પાડવા માટે મોટીમોટી વાતો કરવાનો એ સામાન્ય રોગ. એટલે આ વિહારી પણ એમાંનો જ એક હોય એવી શકયતા પણ નકારી કાઢવા જેવી ન હતી. છતાં બીજો કોઈ આરો ન હતો એટલે જેવા પડશે એવા દેવાશે એમ માનીને તેણે વિહારીને ત્યાં જવાનું નકકી કર્યું હતું.

કિરણ નડીઆદ પહોંચ્યો ત્યારે વિહારી તેને લેવા સ્ટેશન પર હાજર હતો. કિરણની મોટી સ્યૂટકેસ જોઈ પહેલાં તો તે ચમકયો પણ તેણે પોતાની એ ચમક બહાર જણાવા ન દીધી. બહાર નીકળી રિક્ષા કરી બન્ને વિહારીને ત્યાં પહોંચ્યા. વિહારીનું ઘર બહુ મોટું ન હતું પણ તેમાં પૂરતી સગવડ હતી. વિહારીના પિતા બે વર્ષ પહેલાં જ ગુજરી ગયા હતા. ઘરમાં તેનાં વિધવા મા ગીતાબેન, તેની નાની બહેન છાયા અને તે રહેતાં હતાં. કિરણે જોયું કે વિહારી મદદરૂપ થવા માગે તો બધાંનાં દિલમાં તેનો સમાવેશ થઈ શકે તેમ હતો પણ ઘરમાં- પણ બશીર સાથેના અનુભવે એ એટલું તો શીખ્યો હતો કે આ જમાનામાં કોઈને માથે પડીને જીવવાનું શકય જ ન હતું. દરેકને પોતાની તકલીફો હોય છે. એટલે વિહારીની સાથે જો એણે દોસ્તી નિભાવવી હોય તો એને માથે બોજ બની રહેવાનો વિચાર સરખોય કરવો જોઈએ નહીં.

બે જ દિવસના સહવાસમાં તેને લાગ્યું કે ગીતાબેનનો સ્વભાવ સારો હતો. તેમણે એ બે દિવસમાં કિરણને તેના કુટુંબ વિશે ઘણી વાતો પૂછી લીધી હતી. કિરણે પણ પોતાની ઘરમાંથી હકાલપટ્ટી કરવામાં આવી હતી તે સિવાય ઘણી સાચી વાતો તેમને કહી હતી ને પોતે કોઈ નોકરી કે ધંધાની શોધમાં નડીઆદમાં આવ્યો હતો એમ જણાવ્યું હતું. વધુમાં તેણે ગીતાબેનના સ્વભાવનાં વખાણ કર્યાં હતાં ને પોતાને અહીં ઘર જેવું જ લાગતું હતું એમ પણ જણાવ્યું હતું. ગીતાબેન તેના આવા જવાબથી ખુશ થયાં હતાં પણ પોતાને એકવીશ વર્ષની એક દીકરી પણ ઘરમાં હતી એટલે અજાણ્યા એવા આ યુવાનને ઘરમાં લાંબો સમય આશરો આપી શકે તેમ ન હતાં. આ વાત એને કેમ કહેવી એની જ વિમાસણમાં તે હતાં.

વિહારી મૂળ નડીઆદનો જ હતો ને ત્યાં જ ઊછરેલો હતો એટલે તેને ઓળખાણો ઘણી હતી. એણે કિરણની નોકરી માટે ચારપાંચ જગ્યાએ કહી રાખ્યું હતું. એક જગ્યાએથી થોડા ઓછા પગારની નોકરીની ઑફર આવી પણ ખરી. વિહારીને પોતાના દોસ્તને એવી ઓછા પગારની નોકરી કરવી પડે એ પોતાને માટે શરમાવા જેવું લાગ્યું પણ હવે કિરણ નરમ પડ્યો હતો. તેણે હસીને એ નોકરી સ્વીકારી લીધી. એના સ્વતંત્ર ધંધાના હવાઈ ખ્યાલની પોકળતા હવે તેને સમજાઈ ગઈ હતી.

નોકરી મળી એટલે એકલા માણસ માટે હૉસ્ટેલ જેવી એક ઓરડીની તેમણે તપાસ કરવા માંડી. થોડા દિવસોમાં વિહારીએ એને રહેવાની એક જગ્યા પણ અપાવી. મહિને બસો રૂપિયા ભાડું ઠરાવ્યું હતું. મકાનનાં માલિક એક વિધવા રીટાયર્ડ શિક્ષિકા હતાં. તે સાતેક જણનાં ટયૂશન કરતાં હતાં. તેમણે જયારે જાણ્યું કે કિરણ કૉમર્સનો ગ્રેજ્યુએટ છે, ત્યારે તેમણે એની સામે એક પ્રસ્તાવ મૂકયો ઃ જો તે સાંજે નોકરી પરથી છૂટ્યા પછી તેમનાં સાંજનાં ટયૂશનો સંભાળી લે તો તેના ખાવાની વ્યવસ્થા તે પોતાની સાથે કરી લેશે.

એક તો કિરણને હવે દાળઆટાના ભાવની ખબર પડી ગઈ હતી અને જિંદગીમાં કયારેય જાતે રાંધવાની જરૂર પડી ન હતી એટલે રાંધતાં આવડતું પણ ન હતું. એણે શાંતાબેનનો એ પ્રસ્તાવ વધાવી લીધો. પોતાનો રાંધવાની કડાકૂટમાં જે સમય જતો હતો એટલો જ સમય ટયૂશનમાં જવાનો હતો. એની સામે ભાભીના હાથનું ખાતો હતો એવું તૈયાર ખાવાનું ને રેશન કે શાકભાજી ખરીદવાની કશી લમણાઝીંક નહીં.

બે મહિનાની નોકરી પછી એણે ભાભીને એક કાગળ લખ્યો. તેમાં એણે પોતાના વર્તન બદલ માફી માગી. પોતે તેમના આશીર્વાદથી નોકરીમાં સ્થાઈ થયો છે અને ટયૂશન પણ કરે છે. મહિને સાત સો રૂપિયા જેટલા બચાવે પણ છે. પોતે સુખી છે પણ ભાભીની યાદ ઘણી આવે છે. પણ જયાં સુધી પોતે કાંઈ બનીને નહીં બતાવે ને બધાં તેને માફ નહીં કરે ત્યાં સુધી તે કોઈને મોઢું નહીં બતાવે એવું ગાંડુંઘેલું ઘણું તેણે કાગળમાં લખ્યું હતું.

વિહારી તેને મળવા અવાર નવાર આવતો હતો. કયારેક રજાને દિવસે તે પણ વિહારીને ઘેર મળવા જતો. ગીતાબાની હાજરીમાં તે કહેતો કે વિહારીએ તેને નોકરી અપાવી છે અને રહેવાની વ્યવસ્થા પણ તેણે જ ગોઠવી આપી છે.

પોતે આનંદમાં છે અને તેનો બધો યશ વિહારીને ફાળે જાય છે. પોતાનો હાથ તેણે ના પકડ્યો હોત તો પોતે હજુ ક્યાંય અટવાતો હોત. ગીતાબા પણ તેની આવી વાતોથી ખુશ થતાં. તેમને કિરણ એક ભોળો અને લાયક છોકરો લાગતો. એ એને પોતાના વિહારી જેવો જ ગણતાં.

રેવાને કિરણનો કાગળ મળતાં આનંદ થયો. એ નોકરીમાં લાગી ગયો હતો એ જાણી વધુ આનંદ થયો. ખાતાં-પીતાં મહિને થોડા પૈસા બચાવતો પણ થયો હતો એટલે તેને હવે પૈસાની કિંમત સમજાવા લાગી હતી એવું લાગતું હતું. રેવાને થયું કે હવે સસરાને કહીને કોઈક દિવસ એને પાછો બોલાવવાનું બની શકશે. કિરણે ભલે પોતાને માટે એક વખત કડવું લાગે તેવું કહ્યું હોય પણ એણે એ માટે દિલગીરી વ્યકત કરી હતી અને રેવાએ તેને માફ પણ કરી દીધો હતો. છેલ્લાં ચાર વર્ષથી એ તેની સાથે રહેતો હતો અને પોતાના દીકરા જેવો ગણીને રેવાએ તેને સાચવ્યો હતો એટલે તેની પ્રત્યે રેવાને ઘણું મમત્ત્વ હતું.

સાંજે અવિનાશ આવ્યો એટલે તેણે એને કિરણનો કાગળ બતાવ્યો. વાંચીને તેણે કશો પ્રતિભાવ ન આપ્યો. કાગળ રેવાને પાછો આપતાં એણે બીજે હાથે છાપું ઉપાડ્યું ને જઈને હીંચકે બેઠો. રેવા તેનો ગુસ્સો સમજી ગઈ. તેણે બાજુમાં બેસતાં કહ્યું : 'એને પોતાની ભૂલ સમજાઈ છે ને વળી એ ધંધે પણ વળગ્યો છે. હવે એના પર ગુસ્સો રાખવાનું કોઈ કારણ નથી. એને માફ કરી દો. હું એને કાલે કાગળ લખીને એને એમ જણાવી પણ દઈશ. દિવાળી પર બેચાર દિવસ માટે એને અહીં આવવા માટે પણ હું એને લખવાની છું.'

છતાં અવિનાશે કશો જવાબ ન આપ્યો. રેવા એનો પીછો છોડે તેમ ન હતી. તેણે પૂછ્યું : 'કેમ કાંઈ બોલતા નથી! હું એને કાગળ લખું ને! ને દિવાળી પર આવવાનુંય લખું ને?'

'તારે જેને લખવું હોય એને લખ અને જે લખવું હોય એ લખ, મારું માથું ના ખાઈશ. મને એનામાં કશો રસ નથી.' કહેતાં અવિનાશે પેપરમાં માથું ખોસી દીધું. અવિનાશે જેમ એમાં બહુ રસ ન લીધો તેમ બહુ વિરોધ પણ ન કર્યો એટલે રેવાને તો મનગમતું મળી ગયું. એણે કિરણને કાગળ લખી દીધો ને તેમાં દિવાળી ઉપર એમને ત્યાં શહેરમાં આવવાનું પણ લખી દીધું. કિરણ રાગે પડ્યો ને પગભર થયો એનો એને આનંદ થયો હતો. તેમાં અવિનાશે તેને પત્ર લખવાની ના ન પાડી એટલે તેને હવે એમ લાગ્યું હતું કે કિરણ કદાચ દિવાળી ઉપર આવશે પણ ખરો ને બધા સાથે તેનો મેળ પાછો સધાશે પણ ખરો.

બીજે દિવસે તેનાં સાસુ કેસરબેન આવ્યાં ત્યારે એણે એ કાગળ તેમને પણ વાંચી સંભળાવ્યો. હાથથી ગયેલો મનાતો દીકરો ઠરીઠામ થયો જાણી કઈ માને આનંદ ન થાય! બધું જાણી એમણે રેવાને પૂછ્યું : 'અવિનાશે શું કહ્યું આ કાગળ વાંચીને?'

'એમણે તો હાયે નહીં ને નાયે નહીં જેવું કર્યું. મે કહ્યું હું એને કાગળ લખવાની છું તો તેમણે ના નથી પાડી. ને મેં એને કાગળ લખી પણ દીધો છે દિવાળી ઉપર અહીં આવવાનો.' રેવાએ બધી વાત કરી.

'એવોયે આવશે તો પાછા એના બાપા અકળાશે.'

'પણ એ અહીં આવશે. તમેય એને મળવા અહીં જ આવજો ને. આપણે એ બેને ભેગા થવા જ શું કરવા દઈશું! દિવાળી ઉપર અમે ગામમાં આવીએ તે પહેલાં એ આવે અને એને પાછો વળાવીને અમે ગામમાં દિવાળી કરવા આવીએ એવું ગોઠવીશું.'

રેવાની સમજણ પર કેસરબેન વારી ગયાં. એમને થયું આવીયે બધાંમાં પાછો મનમેળ કરાવી દેશે. એના કાળજામાં લાગે એવું કિરણ બોલી ગયો હતો તોય બધું ભૂલીને એ એને કુટુંબમાં પાછો બોલાવી લેવા માગે છે. મનોર મોટાના ઘરના સંસ્કાર જ ને.' તું એને કહેજે કે આવીને ભાઈના પગ પકડી લે. ભાઈ બધું ભૂલી જાય એવો છે.' એમણે રેવાને ભલામણ કરી. રેવાને આ માતૃહૃદયની મમતાની ઝાંખી થઈ. તેણે મનથી નકકી કર્યું કે એમને સુખી કરવા પોતાનાથી બનતું બધું પોતે કરી છૂટશે.

'બા, અહીનું તો હું સંભાળી લઈશ. તમે બાપાને કાનેય જરા વાત નાખી રાખજો કે કિરણનો કાગળ આવ્યો છે. ને એ નોકરીએ વળગ્યો છે. એ ભલે બહારથી ગુસ્સે થતા પણ મનમાં ખુશ થશે.'

'હું કહીશ તો ખરી, પણ મને નથી લાગતું કે એ મને પૂરું બોલવાય દે. સામા તડૂકી ઊઠશે ને ફળિયું ભેગું કરશે.' કેસરબેને પોતાનો ડર આગળ કર્યો.

'તમે એમ કહેજો કે એણે વહુ ઉપર કાગળ લખ્યો છે ને વહૂએ એને દિવાળી ઉપર શહેરમાં બોલાવ્યો છે પણ ખરો. બનતાં સુધી મારી પર ગુસ્સે નહીં થાય. અને જો ગુસ્સે થશે તો આપણે એનું અહીં આવવાનું બંધ રખાવીશું ને દિવાળી પછી આપણે નડીઆદ જઈ આવીશું. તમે જુઓ તો ખરાં, બધું રાગે પડી જશે.' રેવાએ એમને ધીરજ બંધાવી.

'એવું થાય તો તારા મ્હોંમાં સાકર.' કેસરબેને કહ્યું.

ભાભીનો કાગળ મળતાં જ કિરણને જાણે સાતે કોઠે અજવાળાં થઈ ગયાં. તેને લાગ્યું કે આ દેવી જેવી ભાભીને માટે પોતે અણછાજતું બોલ્યો હતો પણ એમણે જરાય મન પર રાખ્યું નથી ને વહાલથી પાછું દિવાળી કરવા આવવાનું નોતરું પણ મોકલ્યું છે. ભાઈની પણ સંમતિ હોય તો જ ભાભી પોતાને ઘેર બોલાવી શકે ને!

કિરણ એકલો રહેતો હતો એટલે બીજા અજાણ્યા અને બહારના માણસો સાથે કેવી રીતે વર્તવું તેનો તેને સારો એવો અનુભવ થઈ ગયો હતો. તે ઘડાયો હતો. પોતે ઘેર જે ભૂલો કરી હતી તે તેને હવે સમજાતી હતી. ભાઈ અને ભાભી સાથે પોતે જે વર્તન કર્યું હતું તેને માટે તે હવે પસ્તાતો હતો. વિહારી તેની જ ઉંમરનો હતો છતાં તે કેટલો ઠરેલ હતો અને પોતે એટલો જ ઉછાંછળો બની ગયો હતો. કુટુંબનાં બધાંને પોતે દુભવ્યાં હતાં. તેને લાગતું હતું કે ફકત પસ્તાવો કરવા માત્રથી તેનાં એ પાપ ધોવાય તેવાં ન હતાં. પણ એ ધોવા માટે શું કરવું જાઈએ એ તેને સમજાતું ન હતું એટલે તે મનમાં મૂંઝાતો હતો.

બધાં તેના ભલામાં રાજી હતાં એટલે પોતે કોઈ એવી લાયકાત મેળવે તો એ બધાં પોતાની ભૂલોને માફ કરી દેશે એવી તેને શ્રધ્ધા હતી. અને કોઈ પણ લક્ષ્યને પામવું હોય તો પુરુષાર્થ વગર તેને પામી શકાય નહીં. તેણે પહેલાં તો એક ધ્યેય નકકી કરી લેવું જોઈએ અને પછી તેને પામવા માટે પ્રબળ પુરુષાર્થ કરવો જોઈએ. આવા વિચારોમાં તે ખોવાઈ ગયો. ભાભીનો ભાવભર્યો જવાબ આવતાં કાંઈક બનવાની તેની ઈચ્છામાં વેગ આવ્યો.

દિવાળી હજુ દૂર હતી. પોતે જરૂર જશે. બધાને તેનું ત્યાં આવવું કદાચ નહીં ગમે, ભાભીને તો ગમશે જ. પોતે ભાભીને માટે કશુંક લઈને જશે. કશુંક ભાભીને ગમે તેવું કશુંક. તે એ કશુંક શોધવા આખી રાત જાગ્યો. કેટલીય ચીજો તેની નજર સામેથી પસાર થઈ ગઈ પણ એમાં પેલું કશુંક ન હતું. છેવટે થાકીને તેણે વિચાર્યું પોતે જે કાંઈ લઈ જશે તે ભાભીને ગમશે જ કારણ કે ભાભીના મનમાં પોતાને માટે હેત છે.

કેટલાક દિવસથી એનાં મકાન માલિક શાંતાબેન તેની પાછળ પડી ગયાં હતાં. તે બી.એડ. કરે તો ભવિષ્યમાં તેને ઉપયોગી થશે એમ વારંવાર તેના મનમાં ઠસાવવા તે પ્રયત્ન કરતાં રહેતાં હતાં. તે એમને ટયૂશનમાં મદદ કરતાં એનો

અભ્યાસ કરી શકે એવી વ્યવસ્થા થઈ શકે તેમ હતી. બે મહિના પછી નોકરી છોડવી પડે તોય વાંધો આવે તેમ નથી. કિરણને એની બહુ ખબર ન હતી પણ બેન કહે છે તે બરાબર જ હશે એમ માનીને એણે નવી ટર્મનું ફોર્મ ભરી દીધું હતું.

રેવાએ તેને દીવાળી પહેલાં બોલાવ્યો હતો. તેને ખબર હતી કે દિવાળી ઉપર તો તેમને દર વરસની જેમ ગામમાં જવાનું હશે. એ ભાભીએ બોલાવ્યા મુજબ દિવાળી પહેલાં જ તેમને ત્યાં પહોંચી ગયો. તેને ખબર હતી કે મોટાભાઈ તો નોકરી પર જ હશે. તેની ધારણા સાચી જ પડી. ભાઈ ઘેર ન હતા.

ભાભીને જોતાં જ તેની આંખો ભરાઈ આવી : 'ભાભી મને માફ કરો. હું તમારો ગુનેગાર છું.' કહેતાં તે રડી પડ્યો. રેવા પણ ગળગળી થઈ ગઈ.

'તું હજુ એવો ને એવો જ રહ્યો. છ મહિના વનવાસ વેઠ્યો તોય ના સુધર્યો. હમણાં બા આવે એટલે એમને કહું છું.' રેવાએ એને હસાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

'હેં બા આવવાની છે! તમે જ એને કહ્યું હશે. બાપા તો નહીં જ આવવાના હોય. એમને તો મારું મોઢું જોવુંય નથી ગમતું. પણ ભાભી મેં બી.એડ.માં એડમિશન લઈ લીધું છે. હું ભણીને સારી નોકરી મેળવ્યા પછી જ એમને મળીશ.'

'હવે આગળ કેવું ભણવાનું! અત્યાર સુધી ભણ્યો એ ઓછું પડ્યું તે પાછું આગળ ભણવું પડશે!' ભાભી શહેરમાં રહેતાં હતાં પણ બી.એડ.નું ભણવાની વાત એમને ગળે ઝટ ઊતરે એવી ન હતી.

'ભાભી, હાઈસ્કૂલમાં શિક્ષક થવું હોય તો એનું જુદું ભણવું પડે. હું એ ભણવાનો છું. હું જેના મકાનમાં રહું છું એ માજી સ્કૂલમાં શિક્ષિકા હતાં. બે વરસથી રીટાયર્ડ થયાં છે. એ મારી પાછળ પડ્યાં છે કે એવું ભણ. હવે તો મેંય નક્કી કરી નાખ્યું છે કે આગળ ભણવું જ છે. એમાં પગાર કરતાં આબરૂ વધારે.' કિરણે ભાભી પાસે પેલી શાંતાબેનની રેકોર્ડ વગાડવા માંડી.

'આબરૂ તો પહેલી જોઈએ. પૈસા ગમે એટલા પેદા કરો પણ જો આબરૂ સારી ના મળે તો એ પૈસાને શું કરવાના!' રેવાએ પોતાની આવડત પ્રમાણેનું તત્ત્વજ્ઞાન રજૂ કર્યું. કિરણની વાતમાં તેને બહુ ખબર પડી ન હતી પણ હવે તે ઘણો બદલાઈ ગયો હતો અને ઘડાઈને ઠરેલ થયો હતો એટલે એ જે કરતો હશે એ બરાબર જ કરતો હશે એવી તેને શ્રધ્ધા બેઠી હતી.

'ભાભી હું અહીં આવ્યો તો છું બે દિવસ સુખે રહેવા, પણ તમે જો રહેવા દો તો.' કિરણે ધીમે રહીને મમરો મૂકયો.

'કેમ, તને રહેવા તો બોલાવ્યો છે, પછી હું કેમ ના કહેવાની હતી!'

'એ તો ખબર પડશે. જુઓ હું તમારે માટે આ લાવ્યો છું; જો તમે એ સ્વીકારો તો મારે અહીં રહેવાનું પાકું નહીં તો પાછા વળતી જ ગાડીમાં.' કહેતાં તેણે બેગમાંથી એક સાડીનું પેકેટ અને એક બંધ પરબિડિયું કાઢી રેવાના પગ પાસે મૂકયાં.

'આ શું છે!'

'ભાભી માટે દિવાળીની ભેટ છે. તમે એ સ્વીકારો તો અહીં રહેવું છે, નહીં તો સાંજની ગાડીમાં જ પાછા નડીઆદ ભેગા.'

રેવાને એની વાત સમજાઈ ગઈ. તે ભેટ લેવાની ના પાડી શકે તેમ ન હતી. જો તે ના પાડે તો આ ગાંડીઓ પાછો વળી જાય એ વાતની પણ નવાઈ નહીં. એણે પકેટ ખોલ્યું, સાડી તેને ગમી જાય એવી જ હતી. એણે સાડી એક બાજુ મૂકી પેલું બંધ પરબિડિયું ખોલ્યું. અંદરથી હજાર રૂપિયાની કડકડતી નોટો જોઈ એ આભી બની ગઈ : 'સાડી તો હું લઈશ પણ આ પૈસા મારાથી ના લેવાય.' એનાથી બોલી જવાયું.

'જુઓ, હું તમને લાંચ નથી આપતો. તમે મને ભણાવ્યો તે મારી પહેલી કમાણી, મારો પહેલો પગાર તો મારે તમારે ચરણે ધરવો જોઈએ ને!

'પણ આટલા બધા પૈસા ન લેવાય. સાડી લાવ્યો એ બરાબર છે. તારા મોટાભાઈ મને વઢી નાખે. તારે જો કોઈને આપવા જ હોય તો હમણાં બા આવે છે. એમને આપું તો એ બરોબર કહેવાય.'

'એમને આપવા હોય તોય મારી પાસે છે બીજા. પણ જો એ પૈસા લઈને ઘેર જાય તો બાપા એ પૈસા સીધા જ બહાર ફળિયામાં ફેંકી દેશે, મને ખાતરી છે. હું એમને ઓળખું છું. તમારે તો આ પૈસા લેવા જ પડશે. હું જાઉં પછી તમારે એને બહાર ફેંકવા હોય તો બહાર ફેંકી દેજો.' ને રેવાએ અચકાતાં એ પૈસા લીધા તો ખરા પણ એના મનમાં બીક હતી. અવિનાશને કદાચ એ નહીં ગમે તો એને સાંભળવું પડશે.

ત્યાં બહાર રિક્ષા આવી અને કેસરબેન ઊતર્યાં. મા-દીકરાની આંખો ચાર થઈ ને વરસી પડી. માને લાગ્યું કે દીકરો સુકાઈ ગયો છે. ને દીકરાને લાગ્યું કે મા જાણે પાંચ વરસ વધારે ઘરડી થઈ ગઈ છે. ઘડીભર જાણે બેયની વાચા જ હરાઈ ગઈ.

રેવાએ બેયને પાણી આપ્યું તે પીને બેય સ્વસ્થ થયાં એટલે રેવાએ જ કિરણની બધી વાત કરી. કિરણ આગળ વધારે ભણવાનો પણ હતો એ જાણી એમને સંતોષ થયો. એને એના બાપા સાથે ભેગો કરવાનો વિચાર માના મનમાં આવ્યો પણ એ પતિને વરસોથી ઓળખી ગયાં હતાં. એ તૂટી જશે પણ નમશે નહીં એની એમને ખાતરી હતી એટલે બાપને કઢાપો થાય અને દીકરાને વધુ અપમાનિત થઈ શરમાઈ મરવાનું થાય એ પરિસ્થિતિ એમણે ટાળી.

'બા, ઘેરથી રિક્ષામાં એકલી જ આવી?' કિરણે પૂછ્યું.

'ના, તારા બાપા વનમાળીની દુકાને ઊતરી પડ્યા. આવતાં વનમાળી શેઠની દુકાને ઊભાં રહ્યાં તો રાઘુએ તને આવતાં જોયો હશે તે કહી દીધું કે તું આવ્યો છે એટલે ના આવ્યા. મેં બહું કહ્યું પણ હજુ એમનો ગુસ્સો ઓછો થયો નથી. તારે મનમાં ના લાવવું. દુખનું ઓસડ દા'ડા. એય નરમ પડશે.' માએ એને ધીરજ બંધાવવા પ્રયત્ન કર્યો. પણ જેમ મા એમને ઓળખતાં હતાં એમ કિરણ પણ એમને ઓળખતો જ હતો ને! તેને થયું કે બાપા આ જનમમાં એનું મોઢું જોવા તૈયાર થાય તોય પોતે નસીબદાર.

રેવાએ માને બધી વાત કરી ને કિરણે તેમને માટે લાવેલી સાડી તેમને આપી. હજાર રૂપિયાવાળું પેલું કવર પણ તેણે માને આપ્યું. આટલા બધા પૈસા જોઈ એ ચમકી ગયાં. કહે : 'મારે શું કરવા છે આટલા બધા પૈસા. તું તારી પાસે રાખ. અજાણ્યા શહેરમાં તારે ગમે ત્યારે જરૂર પડે.'

'મારા પગારના બધા પૈસા પડ્યા જ રહે છે. એક તારા જેવી જ મા મળી ગઈ છે. એને ત્યાં જ રહેવાનું ખાવાનું, પછી પગાર પડ્યો જ રહે ને.'

'કોઈ મફત શું કરવા રહેવા દે, તારા જેવા અજાણ્યાને!' માને ગળે એની વાત ઝટ ઊતરે જ નહીં ને.

'બા, સાવ મફત નહીં. એ સાત છોકરાંનાં ટ્યૂશન કરતાં હતાં હવે હું મળ્યો અટલે પંદર છોકરાંનાં ટ્યૂશન કરે છે. એમાં સાત છોકરાંનાં ટયૂશનો હું સાંજે નોકરી પરથી આવ્યા પછી કરી આપું છું. બદલામાં મારું રહેવાનું ને ખાવાનું મફત. સાવ સહેલો હિસાબ. બા, હવે તો દર મહિને પૂરા પંદર સો બચે છે.'

રેવાએ બધી સમજણ પાડી પણ હજુ કેસેબેનને કિરણના પૈસા લેતાં ખચકાટ થતો હતો. એમને પતિની બીક હતી. જો એ જાણે કે પોતે કિરણના પૈસા લીધા છે તો એનું તો આવી જ બને. તેમણે કહ્યુંઃ 'તું તારા બાપાને તો જાણે છે ને. એ જાણે તો રજનું ગજ કરશે. તેં આપ્યા એ મને મળી ગયા બરાબર. આજે તો તું એ પાછા જ લઈ જા. તું સાડી લાવ્યો છું એ હું લઈ લઉં છું. એમને કહીને હું એ પહેરીશ, એમાં એ કશો વિરોધ કરશે તો હું એમને પહોંચી વળીશ.'

હજુ એમના મેઢામાં શબ્દો હતા ને બહાર સ્કૂટરનો અવાજ આવ્યો ને અવિનાશ ને કુબેર પટેલ ઘરમાં દાખલ થયા. બાપા આવ્યા કહેતાં રેવા ને કિરણ ફડકભેર ઊભાં થઈ ગયાં. પણ એમને જે ધડાકાની ફડક હતી એ ધડાકો થયો નહીં એટલે બેયને શાતા વળી. કિરણ જાણે બધાનો ગુનેગાર હોય એમ માથું નમાવી ચૂપ બેસી ગયો હતો.

હવે રેવાએ જ વાતનો દોર પોતાના હાથમાં લીધો : 'કિરણભાઈને મેં બોલાવ્યા છે ને એ આવ્યા છે, એટલે કોઈ એમને વઢીને કોચવશો નહીં. એમણે કોઈ ભૂલ કરી હશે તેને માટે એમણે માફી માગી લીધી છે. હવે એ નોકરીમાં પણ સ્થિર થયા છે અને પોતાની જવાબદારી પણ સમજતા થયા છે.બાપા, તમેય એમને માફ કરી દો.'

પછી એણે બધી વાત માંડીને કરી. કુબેર પટેલનો ગુસ્સો પણ નરમ પડ્યો. એ બોલ્યા : 'મોટા તુંય હવે એને માફ કરી દે.'

'દાજી, માફ તો તમારે કરવાનું છે. તમે એને ઘરની બહાર કાઢી મૂકયો છે. મેં તો ઊલટો એને દીવાળી કરવા ઘેર બોલાવ્યો છે. તમારે એને લાઈન પર લાવવો હતો તે લાઈન પર આવી ગયો છે ને નોકરી કરતાં આગળ ભણશે તો ગામમાંય નામ કાઢશે.' અવિનાશે કહ્યું.

'જો તમે બેયે માફ કરી દીધું હોય તો મારે શો વાંધો હોય! પણ મને મનોર મોટાનો વિચાર આવે છે. એ આબરૂવાળા માણસને તો માથાવાઢ જેવું લાગ્યું છે.'

'એમને હું સમજાવી લઈશ.' રેવા બોલવા ગઈ.

પણ તેને અધવચ્ચેથી અટકાવતાં કિરણ બોલી ઊઠ્યો : 'હું એમને ત્યાં જઈ માફી માગી આવીશ. એ બહુ અકળાયા હશે ને ધોલધાપટ કરશે તોય મૂંગે મોઢે ખમી લઈશ.' એની વાત સાંભળી ઘરમાં ઘડીભર તો સન્નાટો છવાઈ ગયો.

ભા કહે : 'એ તો ખાનદાની માણસ છે, મેં તને ઘરની બહાર કાઢી મેલ્યો ત્યારે એમણે મને તેમ ન કરવા સામેથી ઘણો સમજાવેલો. એ તને માફ કરી દેશે. કાલે જઈ આવજે એમને ત્યાં.'

પણ એ આનંદની પળો લાંબી ચાલી નહીં. રેવા અચાનક બિમાર પડી ગઈ. તેણે પહેલાં પેટમાં ગોટા વળતા હોવાની ફરિયાદ કરી પછી એન આખે શરીરે પરસેવો વળવા માંડ્યો. બધાં ગભરાઈ ગયાં. કિરણે હૉસ્પિટલમાં ફોન કરી એમબ્યુલન્સ મંગાવી અને તેને તાત્કાલિક સારવારમાં દાખલ કરી.

માણસ મોકલી મનોર મોટાને પણ ખબર કહેવડાવ્યા. ઘડી પહેલાં હસતું આખું કુટુંબ ગમગીનીના આવરણના ઓછાયામાં જાણે આવી ગયું. કિરણને થયું કે પોતાનાં પગલાંએ જ ભાભીની આ બિમારી તો નહીં આવી હોય ને! એ ગભરાઈ રહ્યો. એને થયું કે એની ગાડી માંડ પાટા પર આવી હતી ત્યાં આ વિઘ્ન આવી પડ્યું.

બધાં જાણે પોતે જ ગુનેગાર હોય એમ છપાઈ ગયાં હતાં. હમણાં મનોર મોટા આવીને ઊભા રહેશે. એમને કેવું લગશે! એમને એમ તો નહીં લગે ને કે કોઈકે રેવાને કશું કહ્યું હશે ને એના દુખમાં તો રેવાને આવું નહીં થઈ ગયું હોય ને!

૪:- ભગવાને સામું જોયું અનુક્રમ Þ

થોડી વારમાં ડૉક્ટર બહાર આવ્યા. બધાં એમની ચારે તરફ ફરી વળ્યાં. ડૉક્ટર કહે : 'ગભરાવાની જરૂર નથી. ક્યારેક પહેલી વખત આવું થઈ જતું હોય છે. એ પ્રેગનન્ટ છે. પણ કશો વાંધો નથી.'

દાકતરની વાતમાં બા અને દાજીને કશી સમજણ ન પડી, અવિનાશ શરમાઈ ગયો પણ કિરણ ઊછળી પડ્યો : 'બા, તારી તો ખબર નથી પણ હું તો કાકો બનવાનો છું. ઊભાં રહો હું પેંડા લેતો આવું.' કહેતો એ બહાર દોડી ગયો.

થોડી જ વારમાં મનોર મોટા અને જમનાંમા હાંફળાં થતાં દોડી આવ્યાં. બધાંને શાંતિથી ગપાટાં મારતાં જોઈ તાકી જ રહ્યાં. મોટા કશું પૂછે એ પહેલાં કુબેર પટેલ બોલી ઊઠ્યા : 'આ તો હૉસ્પિટલ છે એટલે ચલાવી લઈએ છીએ પણ ઘેર આવો ત્યારે જો પેંડા લીધા વગર આવશો તો કોઈ બારણું જ નહીં ખોલે.'

મોટા કાંઈક એમના બોલવા ઉપરથી સમજ્યા ને કાંઈક બધાંના હસતા ચહેરા પરથી સમજ્યા. ને વાતનો મર્મ પકડાતાં બંકડે બેસવાને બદલે સીધા ભોંય પર જ જાણે ફસડાઈ પડ્યા. 'મને કહો બધું શું થયું! મને તો સંદેશો મલ્યો કે રેવાને કંઈક થઈ ગયું છે ને દવાખાને લઈ ગયા છે, એટલે હું ઊભે પગે આવી પહોંચ્યો. પણ વાત નહીં વંટોળ નહીં ને બધું કેમનું-'

‘અમનેય કશી કયાં ખબર હતી! આ તો એની તબિયત બગડી જાણીને નાનકાએ સીધો હૉસ્પિટલમાં ફોન કરીને એમબ્યુલન્સ બોલાવી અને દાકતરે કહ્યું કે એને સારા દા'ડા છે. દાકતર દવા લખે છે તે મોટો એમની સાથે ગયો છે. મોટા મારે વા'લીડે બહુ રાહ જોવડાવી પણ છેવટે આપણી લાજ રાખી.'

'મારો તો જીવ જ ઊડી ગયો તો વાત જાણીને. મને થયું કે શુંય થયું હશે તે દવાખાને લઈ જવી પડી હશે!' જમનાંમાનો ગભરાટ હજુય દૂર થયો ન હતો.

થોડી વાર પછી નર્સ બહાર આવી. બધાં એને ફરી વળ્યાં. એ કહે : 'અંદર જઈને એને જ પૂછો ને. હવે દાકતરે બધાંને મળવાની છૂટ આપી છે.'

ને બધાં રેવાની ફરતે ફરી વળ્યાં. રેવા કહે : 'મારી જ ભૂલ થઈ ગઈ ગણવામાં. અગિયારસ હતી પણ ગયે મહિને અગિયારસનો લોપ હતો એટલે બાર દા'ડા વધારે થઈ ગયા એનીય મને ખબર ના રહી. બધાંને ખોટાં ગભરાવી મૂકયાં.'

'પણ દાકતરે શું કહ્યું? તને અમૂંઝણ થઈ હતી અને પેટમાં ગોટા વળતા હતા તે કશું ચિંતા કરાવે એવું તો નથી ને! આવે વખતે ઊલટી થાય એને બદલે આવું થયું એટલે કશુ વહેમ પડતું તો નથી ને!' રેવામાએ પોતાના મનની મૂંઝવણ રજૂ કરી. ને કેસરબેને પણ તેમાં પોતાનો સૂર પુરાવ્યો.

'ના, એમણે કહ્યું છે કે અત્યારે તો કશું ચિંતા જેવું નથી પણ પંદર દા'ડે એક વાર દવાખાને આવીને બતાવી જવાનું છે.' રેવાએ એના હસવા મથતા મ્હોંને પરાણે ગંભીર રાખતાં કહ્યું. ત્યાં કિરણ આવ્યો ને બધાંને હસવાનું જાણે બહાનું મળી ગયું.

'જુવો, હું મારા ભત્રીજાની વધામણીના પેંડા અગાઉથી જ લાવ્યો છું. બધાં છૂટથી ખાજો. પછી કહેતાં નહીં કે મારા ભાગના રહી ગયા. જે રહી જશે એને તો હવે જેઠ મહિને જ મળશે. દાકતરને મેં પૂછી લીધું છે. કહે છે જેઠ મહિનામાં સારું મૂરત આવે છે. એટલે મારે રજા મૂકીનેય પાછું મૂરત સાચવવા આવી જવું પડશે ને!' એણે કહ્યું ને બધાં હસી પડ્યાં.

'તે તું નહી આવે તોય તારો ભત્રીજો તો મૂરત જોઈને આવી જ જશે.' કોઈક બોલ્યું.

'ના, ભત્રીજો જન્મીને પહેલું જ કાકાનું મ્હોં જોશે તો એ અને એનો કાકો બેય બધી વાતે સુખી થશે એવું મને કાલે સપનું આવ્યું હતું એટલે તો આજેય હું સમયસર હાજર થઈ ગયો છું.' કિરણનો હરખ તો માતો જ ન હતો.

'પણ આ નાલાયક ટાણા પર જ કયાંથી આવી ગયો?' મોટાએ પૂછ્યું. મોટાના અવાજમાં રહેલા સૌમ્ય રણકામાં તેને માફ કરી દીધાનો સૂર હતો.

'બાપા, ખોટો રૂપિયો ખોવાય જ નહીં. ભાભીએ જ કાગળ લખીને બોલાવેલો. આવે વખતે એમનો દિયર હાજર ન હોય એમ કેમ ચાલે. અમારી તો મહિના પહેલાં જ સંતલસ થઈ ગયેલી હતી. કેમ ભાભી બરાબર ને!'

'મને થયું કે મારે કારણે જ બધાંએ બાપડાને ઘરમાંથી કાઢી મૂકયો તે એને આવા સારા ટાણે પાછો બોલાવીએ તો કોઈ પાછો તો ના કાઢી મૂકે ને! એટલે મેં દયા ખાઈને એને બોલાવેલો. પણ હવે તું તારે જા. અમે અમારું ફોડી લઈશું. તું તારાં ટયૂશનો કર્યા કર.'

'વાહ ગરજ મટી કે વૈદ વેરી, ભલાઈનો તો જમાનો જ નથી રહ્યો હવે. પણ હું એમ ખાલી હાથે પાછો જવાનો નથી. બોલો શું આપો છો વધામણીમાં? જો ના આપવાનાં હો તો પછી હું આપું છું એ લઈ લ્યો.'

'તે લાવને ભાઈ હવે હૉસ્પિટલનું બિલ ભરવામાં કામ લાગશે. પછી કહેતો નહીં કે તારા ભત્રીજાએ અત્યારથી જ તારાં ખીસ્સાં ખાલી કરવા માંડ્યાં.' રેવાએ હસીને કહી દીધું.

'તે એમ એ ભત્રીજાનો કાકો ગભરાઈ જાય એવો નથી. એના નામનાં બે ટયૂશનો વધારે કરીશું. જાવ મોઢે બોલ્યાં હો તો આજથી હૉસ્પિટલનાં બધાં બિલ મારે ચૂકવવાનાં ને ભત્રીજાના પેંડા વહેંચવાનાય મારે. એટલા તો હું કાલે મોકલી આપું એમ છું. બોલ્યા પછી ફરી ના જતાં. આ આપણા બેની વાત છે, કાલે મને એમ ના કહેતાં કે મોટાભાઈ ના પાડે છે. વાત ફાઈનલ.'

'તારો ભાઈ તો ના જ પાડશે પણ હું તારી વાત સ્વીકારું છું. જા મોકલી આપજે. હુંય જોઉં તો ખરો તારી કમાણી.' કુબેર પટેલ પણ હવે જાણે એને નાણી જોવા માગતા હતા.

'જોયું ને દાજીએ ભત્રીજાના કાકાની વાત માની ને. હું જઈને તરત પાંચ હજાર મોકલી આપીશ. અને બે મહિના પછી બીજા પાંચ હજાર મોકલી આપીશ.' કિરણે કહ્યું અને બધાં હાં હાં કરી ઊઠ્યાં.

'અલ્યા એટલા બધાની જરૂર નહીં પડે. પાંચ હજારેય ઘણા છે.' કુબેર પટેલ બોલી ઊઠ્યા.

'દાજી, આજે મારે મારા ભત્રીજાને નામે એટલા આપવા જ છે. વધે તો તમને ફાવે એમ વાપરજો. મારી પાસે છે તે આપવાનો છું કાંઈ દેવું કરીને આપતો નથી.'

'અલ્યા તું આજેય હજાર રૂપિયા તો લઈને આવ્યો છું. તે શાને માટે લાવ્યો હતો?' કુબેર પટેલે પૂછ્યું.

'એ તો ભાભીને આપવા લાવ્યો હતો. મોટાભાઈની બીકે ભાભીએ ના લીધા ને બાને આપ્યા તો તમારી બીકે બાએ ના લીધા. હવે દાકતરને આપતો જઈશ, એ લઈ લેશે; એમને તમારી કોઈની બીક લાગતી નથી.' કિરણે કહ્યું ને બધાં હસી પડ્યાં.

'તે છ મહિનામાં તારી પાસે આટલા પૈસા બચ્યા કેવી રીતે! કોઈ ખોટો ધંધો તો નથી કરતો ને!' કુબેર પટેલના માન્યામાં એ વાત નહોતી આવતી કે એની પાસે દસ હજાર જેટલા ભેગા થઈ શકે.

'તમે એવી ચિંતા ન કરશો, દાજી. હું કોઈ ખોટો ધંધો કરતો નથી. જુઓ મારો હિસાબ સમજાવું. મારો પગાર મહિને બે હજાર રૂપિયા. એક ડોસીમાને ત્યાં રહું છું. પહેલે મહિને કહે જો તું નોકરી પરથી આવે પછી મારા વતી બે કલાક ટ્યૂશન કરે તો તારું ખાવાનું મારે ત્યાં મફત. બીજે મહિને કહે બે છોકરાં બીજાં આવવા માગે છે તેમને લઈ લે તો તારું ઘરનું ભાડુંય મફત. ત્રીજે મહિને કહે રવિવારને દિવસે મારાં બધાં ટ્યૂશનો કરું તો બસો રૂપિયા ઉપરથી આપીશ. હું ના શું કરવા પાડું. આવતા મહિનાથી તો મારે મહિને બે હજાર બચતા થઈ જશે.'

'હવે ડોસીમા કહે છે કે જો હું રોજની સાંજની દોઢદોઢ કલાકની બે બેચ કરું અને રવિવાર આખો કરું તો એ મને મહિને હજાર રૂપિયા આપશે. ને રહેવા ખાવાનું તો એને ત્યાં મફત. કહો હું સાંજે જાતે ખાવાનું બનાવું તો મારા બે કલાક બગડે કે નહીં! ને વળી બધું રેશન ખરીદવામાં ખર્ચ થાય કે નહીં! ત્યારે એટલો જ વખત હું છોકરાં ભણાવું એ શું ખોટું? બધી નસીબની વાત છે. હવે હું આગળ ભણવાનો પણ છું. કૉલેજમાં એડમિશન પણ લઈ લીધું છે. આ નોકરી છોડી દેવી પડશે એટલે થોડી દોડાદોડી પડશે પણ પછી કાયમની નિરાંત ને. નોકરી છોડી દઈશ તોય મહિને હજાર જેટલા તો બચશે.'

'તારી એ ડોશીને જોવી પડશે.'

'બાપુ એ છે પણ જોવા જેવી. એણે જ મને આગળ ભણવા તૈયાર કર્યો. એ કહે કે હું જે રીતે ટ્યૂશન કરું છું એ જોતાં મારે શિક્ષક જ થવું જોઈએ.આજે મને બે હજાર પગાર મળે છે તેને બદલે મને પાંચ હજાર પગાર મળી શકે જો હું બી.એડ. કરું તો.'

'જો, દાજી ભલે કહેતા પણ તારા પૈસા અમારે જોઈતા નથી. કાલે સવારે તારાં લગન થશે ત્યારે આટલા નહીં બચે. તારે પૈસાની જરૂર પડશે.' અવિનાશે કહેવા કર્યું.

'તમે હા કહો કે ના કહો પણ એ પૈસા તો હું મોકલવાનો જ છું. મારે ને દાજીને વાત થઈ ગઈ એ ફાઈનલ છે. મારા ભત્રીજા માટે વપરું તો જ એ મારી સાચી કમાણી ગણાય. ને કેમ જાણ્યું હું એના નસીબનું નહીં કમાતો હોઉં!'

કુબેર પટેલને એક વાતે શાંતિ થઈ. એમનો આ હાથથી ગયેલો મનાતો દીકરો લાઈન પર આવી ગયો હતો એટલું જ નહીં પણ એ કહેતો હતો એ બધું જો સાચું હોય તો એ મોટા કરતાંય આગળ નીકળી જવાનો હતો. એમને થયું કે એવોયે કહે છે એના સાચજૂઠની એક વખત ખાતરી કરી જોવી જોઈએ. અત્યારે તો એણે હજાર રૂપિયાની થોકડી બતાવી હતી ને મોટીમોટી વાતો કરી હતી ને બધા એનાથી અંજાઈ ગયા હતા. પણ વાતની ખાતરી કરી લીધેલી સારી.

રેવા હૉસ્પિટલથી ઘેર આવી અને બધાંએ દિવાળી રંગે ચંગે મનાવી. કિરણ ચારેક દિવસ વધુ રોકાઈને પાછો ગયો. કેસરબેને જમનાંમાને કહી દીધું કે એ લાખ વાતેય રેવાને સુવાવડ કરાવવા એમને ત્યાં મોકલવાનાં ન હતાં. એને બદલે એ પોતે જ શહેરમાં રહેવા આવવાનાં હતાં અને એની ચાકરી કરવાનાં હતાં. એમણે જમનાંમાને આવવું હોય તોય આવી જવા માટે આમંત્રણ આપી દીધું હતું. જમનાંમાને પણ લાગ્યું હતું કે એમની વાત સાચી હતી. અહીં શહેરમાં દવાખાનાની જે સગવડ મળે તે ત્યાં ગામમાં મળી શકે નહીં. વળી રેવાને એક વખત દવાખાને લઈ જવી પડી હતી એટલે એમને થોડો ફફડાટ પણ રહેતો હતો. બનશે તો મોટાને ગોપાલને ત્યાં મૂકીને એ પણ રેવાની સુવાવડને વખતે હાજર રહેશે એમ એમની ગણતરી હતી.

આ બાજુ કુબેર પટેલને પણ કિરણની વાતની ચકાસણી કરી જોવાની તાલાવેલી લાગી હતી. એમને હજુ એની મોટીમોટી વાતોમાં વિશ્વાસ બેસતો ન હતો. આટલા થોડા વખતમાં એ આટલો બધો ઘડાઈ જાય એ વાત એમના માન્યામાં આવતી ન હતી. કાં તો એ નસીબનો બળિયો હતો કે પછી એક નંબરનો લબાડ ને ગપાટીઓ હતો. હવે એ કેવો હતો એ તો નજરે જોયા પછી જ સમજાય ને!

તેમણે  એને જાણાવ્યા સિવાય જ એને ત્યાં પહોંચી જવાનું નકકી કર્યું. એવોયે નોકરી પર ગયો હોય ને જો એને ત્યાં જવાય તો બધી વાતની ખબર પડી જાય. ને એમણે એ પ્રમાણે જ કર્યું. બપોરના બારેક વાગ્યાને સુમારે એ અને કેસરબેન એને ઘેર પહોંચી ગયાં. શાંતાબેન સવારની બે બેચ પતાવીને હજુ હમણાં જ પરવાર્યાં હતાં ને ખાવા બનાવવાની તૈયારી કરતાં હતાં. કુબેર પટેલે એમને પોતાની ઓળખાણ આપી. કિરણ એમને પજવતો તો નથી ને એવી સામાન્ય પૃછા કરતાં એ શાંતાબેનના બેઠકખંડમાં બેઠાં.

'એ તો મને શું પજવવાનો હતો આ તો ઊલટાંની હું એને પજવું છું. એ બહુ સારો છોકરો છે. શરૂમાં થોડો આળસુ લાગતો હતો પણ હવે બરાબર કામમાં લાગી ગયો છે.'

'એ તમારાં બહુ વખાણ કરતો હતો. કહે કે તમે એને પોતાના દીકરા જેવો ગણો છો ને રહેવાનું ને ખાવાનું પણ તમે જ ધ્યાન રાખો છો.'

'ને એ મારું કેટલું કામ કરે છે એની તમને ખબર છે! અરે એના આવ્યા પછી મારાં ટ્યૂશનનાં છોકરાં બમણાં થઈ ગયાં છે. વળી એ સ્વભાવનો પણ એટલો સારો છે કે મને એમ લાગે છે જાણે પાછલી ઉંમરે ભગવાને તૈયાર દીકરો મોકલી આપ્યો ન હોય! તમે એને ભણાવ્યો ગણાવ્યો અને મને મોકલી આપ્યો. મને લાગે છે કે તમને એના વગર ગમતું નહીં હોય. પણ મારી એક વાત માનજો. ગામડામાં એનું ભવિષ્ય નથી. મારા કહેવાથી એ હવે આગળ ભણવા તૈયાર થયો છે. બે વર્ષ એને દોડાદોડી થશે પણ એની જિંદગી સુધરી જશે.'

'બે વરસ ભણવું પડશે એને હજુ!' કેસરબેનને લાગ્યું કે એ આટલાં વરસ ભણ્યો એય એમને વધારે લાગતું હતું ત્યાં આ ડોશી એને વધુ બે વરસ ભણાવીને શું કરવા માગતી હશે. બેય જણ બે વરસ સાંભળીને સડક થઈ ગયાં.

'બે શું બાર વરસ ભણે તોય ઓછું છે. ને ભણવાની તો હજુ એની ઉંમર છે. એક વાતની ખાતરી રાખજો કે એના ભણવાનો ખર્ચો એ તમારી પાસે નહીં માગે. ઊલટો તમારે જોઈતા હશે તો તમને વરસે પાંચદસ હજાર રૂપિયા કમાઈને આપશેય ખરો. તમે એને આગળ ભણવાના વિચારમાંથી પાછો ના પાડશો. પેલી નોકરી તો હવે એને છોડી દેવી પડશે કૉલેજને કારણે. પણ તોય ટ્યૂશન કરીને એ વરસે દસેક હજાર તો બચાવી શકશે. તમે પૈસાની ચિંતા ના કરશો.' શાંતાબેને જેમ કિરણને સમજાવ્યો હતો તેમ કેસરબેન અને કુબેર પટેલનો પણ કલાસ લેવા માંડ્યો.

'બેન તમે તો ભણેલાં છો. તમને સમજાય એ અમને ના સમજાય. તમે જે કરતાં હશો એ એના ભલા માટે જ કરતાં હશો આમારે એને શા માટે પાછો પાડવો પડે? ને અમારે એના પૈસાનીય જરૂર નથી. છો ને ભણતો એનાથી ભણાય એટલું. ભણ્યામાં કોઈનો ભાગ છે!'

'પહેલાં એ થોડું ઢીલું બોલતો હતો. એને કમાઈને બતાવવું હતું કે પોતે પણ કાંઈક છે. મેં એને સમજાવ્યું કે પૈસાની એવી કોઈ કિંમત નથી પણ જો તું સારું ભણે ને તને પાંચ માણસની વચ્ચે સારું માન મળે તો તારાં માબાપને ગર્વ થાય કે અમારો દીકરો લાયક પાકયો. હવે એ સમજ્યો છે. મારી એક વાત ભીંત પર લખી રાખજો કે તમારો દીકરો કદીક તમને ઊજળાં દેખાડશે.' આ બે જણમાં સાચા શ્રોતાનાં દર્શન થતાં બેન ઉત્સાહમાં આવી ગયાં હતાં.

'બેન, અમે હવે ઊઠીએ. આમારે એટલું જ જાણવું હતું કે એવોય તમને પજવતો તો નથી ને! તમારાં એટલાં બધાં વખાણ કરતો હતો કે આમને લાગ્યું કે એ તમારા ભોળપણનો લાભ તો નથી ઉઠાવતો ને! બાકી તમે એને માટે જેટલું કરો છો એટલું કોણ કરે આ જમાનામાં?' કુબેર પટેલે પેટછૂટી વાત કરી. એમનેય આ ડોશીની વાતોમાં શ્રધ્ધા બેસી ગઈ હતી.

'હું એને માટે કશું નથી કરતી હું તો એને મારગ બતાવું છું. ઊલટાનો એ મારું કામ કરે છે. લો ભાત તો થઈય ગયો, થોડી રોટલી ઉતારી લઉં પછી બધાં સાથે ખાઈએ. તમને ઉતાવળ તો નથી ને.' શાંતાબેનને ભાષણ ને બદલે ખાવાનો ખ્યાલ આવ્યો ખરો.

'બેન તસ્દી ના લેશો. અમે ઊઠીએ.' કુબેર પટેલે કહ્યું. પણ શાંતાબેન માને!

બધાં શાંતિથી જમ્યાં. પછી શાંતાબેને અને કેસરબેને વાસણ ધોયાં ને કુબેર પટેલ પેપર લઈને બેઠા. એમને એક વાતની ખાતરી થઈ કે કિરણ કહેતો હતો એમાં કશી અતિશયોકિત ન હતી. એને બદલે એ કહેતો હતો એના કરતાંય એ વધારે સારી રીતે ગોઠવાઈ ગયો હતો. અને આ શાંતાબેનના કહેવા પ્રમાણે જો ચાલશે તો એય સુખી થશે ને કોક દિવસ એમને પણ માન અને  પ્રતિષ્ઠા અપાવશે.

કેસરબેન તો આ બાઈની કાલેલિયત અને સમજ પર વારી જ ગયાં હતાં. એમને લાગતું હતું કે એ ગમે તે કહે પણ કિરણમાં જે સુધારો થયો હતો એનો બધો જશ એમનો જ હતો. એ હોય નહીં ને પોતાનો કિરણ લાયક બને નહીં. એને ઘેરથી હાંકી કાઢ્યો ત્યારે જમનાંમા પતિની સામે તો કાંઈ બોલી શકેલાં નહીં પણ ઘરને ખૂણે બેસીને એમણે પૉશ આંસુ પાડેલાં. પણ આજે એમને લાગતું હતું કે એને ઘેરથી કાઢ્યો ન હોત તો એ આવો લાયક બન્યો ન હોત.

પરવારીને બધાં બેઠાં એટલે શાંતાબેને પોતાની અને કિરણની રોજની દિનચર્યાની વાત કરી. કિરણ નોકરી પરથી આવીને બે કોળિયા ખાધું ના ખાધું ને ટ્યૂશન કરવા માંડે તે રાતના દસ વાગ્યા સુધી પાણી પીવાની પણ નવરાશ નહીં

જાણી કેસરબેન પાછાં ચિંતામાં પડી ગયાં. આવોયે આમ કરીને કયાંક માંદો તો નહીં પડે ને! તેમનું માનું દિલ દીકરાની ચિંતા ન કરે એ બને જ કેમ!

'મેં એને કહી દીધું છે કે કામ કર્યે કોઈ માંદું પડતું નથી. આ જુવાનીમાં જેટલું કામ કરાય એટલું કરીને સિધ્ધિ હાંસલ કર લેવી જોઈએ. પછી આપણી ઉંમરે કશું કરવું હોય તોય કયાંથી કરવાનાં હતાં. તમે જોશો કે દસ વરસ પછી એ તમને મળવા ગામમાં આવશે તોય અર્ધું ગામ તમારે ત્યાં એને મળવા ભેગું થઈ જશે. તે મહેનત કર્યા સિવાય તો બધું ન થાય ને!' જાણે કેસરબેનના મનની વાત જાણી ગયાં હોય એમ શાંતાબેને કહ્યું.

'બેન, તમારી બહુ ભણેલાંની વાતમાં અમને બહુ સમજણ નથી પડતી પણ અમને શ્રધ્ધા બેસે છે કે જે થશે એ સારું જ થશે.' કુબેર પટેલે કહ્યું.

'જગતમાં શ્રધ્ધા જ મોટી વાત છે. તમને જ તમારા પોતાના દીકરામાં જો શ્રધ્ધા ન હોય તો લોકો એને કેવી રીતે માનવાના? તમે એનામાં શ્રધ્ધા રાખશો તો એને પોતાને પણ પોતાનામાં શ્રધ્ધા બેસશે. એનામાં ધગશ આવશે ને એ કાંઈક બની શકશે.'

આ બાઈએ જો સાતઆઠ મહિના પહેલાં કિરણ માટે આવું કહ્યું હોત તો પોતે એને ગાંડી જ માની લીધી હોત, પણ કિરણનામાં એમણે જે પરિવર્તન જોયું હતું એ જોયા પછી એમને એની બધી વાતોમાં સચ્ચાઈનો રણકો સંભળાતો હતો. એમને થયું કે રેવાએ એને દિવાળી કરવા ઘેર ના બોલાવ્યો હોત તો પોતે હજુ પણ એને હાથમાંથી ગયેલો રખડુ અને ઉછાંછરો જ માનીને મનથી હડધૂત જ કરતા રહ્યા હોત. કયારેક એને અપનાવવાની તક આવી હોત તોય એને ઝડપી લઈ શકયા ન હોત. ભગવાન જે કરે છે એ સારું જ કરે છે એમ માની તેમણે મન મનાવ્યું. એક તરફ રેવાના અને બીજી તરફ કિરણના સારા સમાચારથી એ આનંદી રહ્યા.

એમને થયું કે એ સારું જ થયું કે પોતે નડીઆદ આવ્યા અને શાંતાબેનને મળ્યા. એમના મનમાંની શંકાનું સમાધાન થયું ને તેમને સાચી વાતની જાણ થઈ. પોતાના દીકરામાં આ બાઈને આટલો બધો વિશ્વાસ જોઈ એમનું મન પુલકિત થઈ ઊઠ્યું. કેસરબેનને એ બાઈની વાતમાં ખાસ સમજણ પડી ન હતી પણ એ પોતાના દીકરાને લાયક બનાવીને જ રહેશે એવો એમને વિશ્વાસ થઈ ગયો હતો.

કુબેર પટેલને હવે આ બધી વાત અવિનાશ અને રેવાને કરી એમના આ આનંદમાં એમનેય ભાગીદાર બનાવવાની તાલાવેલી લાગી હતી. રેવા તો એને સમજી જ ગયેલી હતી એટલે તો એણે કાઢી મુકાયેલા કિરણને દિવાળી કરવા સામે ચાલીને બોલાવ્યો હતો ને! ને ઘરમાં પોતે અણમાનીતો થઈ ગયો છે એમ જાણ્યા છતાં એની ભાભીને ભરોંસે એ દોડતો આવ્યો હતો ને.

કિરણને આવવાને હજુ બે કલાક બાકી હતા એટલે અને પોતે જે કામ માટે આવ્યા હતા એ કામ પતી ગયું હતું એટલે બેય જણાં બસ સ્ટેન્ડ તરફ ચાલી નીકળ્યાં. બસમાંય એમણે શાંતાબેનની જ વાત કર્યે રાખી. બેયનો આનંદ આજે મનમાં સમાતો ન હતો. ઘર તરફ જતાં જ એમણે નકકી કર્યું કે આ વાત અત્યારથી બહાર કોઈને કહેવી નથી. લોકો એને કાં તો અભિમાન સમજે કે પછી ગપગોળો સમજે એના કરતાં ન કહેલું વધુ સારું. ને બધું વાજતે ગાજતે તોરણે આવશે ત્યારે તો એમને ખબર પડવાની જ હતી ને!

એ ઘેર પહોંચ્યાં ત્યાં ખબર પડી કે અવિનાશ તેમને મળવા માટે ગામમાં આવ્યો હતો. તે લોકો ન હતાં પણ ગામમાં બધાને મળીને ગયો હતો. ને પોતે ફકત બધાંને મળવા જ આવ્યો હતો, ખાસ કામે પોતે આવ્યો ન હતો એમ બાપાને કહેવાનું

એણે પાડોશમાં કહી દીધું હતું. તોય પેલાં બે વડીલોને તો એ ચિંતા કરાવે એવું જ હતું. રેવાને ઘેર એકલી મૂકીને આવ્યો એ એમને ગમ્યું નહીં. જો એ એને સાથે લઈને ગામમાં આવ્યો હોત તોય એમને ન જ ગમ્યું હોત.

આમેય એ કિરણને ત્યાં જઈ આવ્યાં અને જે જાણી લાવ્યાં એ વાત એમણે અવિનાશને કરવાની તો હતી જ. વળી રેવાનેય દિવાળી પછી જોઈ ન હતી ને કેસરબેન તો એને સારા દા'ડાનું જાણ્યું ત્યારથી જ અવિનાશને ત્યાં રહેવા આવી જવા તૈયાર થઈ ગયાં હતાં પણ પતિને શહેરમાં સળંગ એટલું બધું રહેવાનું ગમે એમ ન હતું એટલે એમનો કાર્યક્રમ અટકી ગયો હતો. છતાં એમણે મનથી એક વાત તો નકકી કરી લીધી જ હતી કે છેલ્લા ચાર મહિના તો કુબેર પટેલને જે કરવું હોય એ કરે પણ પોતે રેવાની સાથે જ રહેવાનાં હતાં. એમને શહેરમાં ન ફાવતું હોય તો ભલે ગામમાં જ પડ્યા રહે ને કોઈ પાડોશીને ત્યાં ખાઈ લે. કુબેર પટેલ પણ કેસરબેનના મનની વાત જાણી ગયા હતા ને મનથી બે મહિના શહેરમાં કાઢી નાખવા તૈયાર પણ થઈ ગયા હતા.

જો કે એમને ગામમાં જ રહેવું પડે એવું કશું કારણ પણ ન હતું. એમની વીશેક વીઘાં જમીન બધી પિતરાઈને ભાગે ખેડવા આપી દીધી હતી. છેલ્લી એક સાત વીઘાંની પાટ હતી એ વજેસંગ નામના એક ઠાકરડાને ભાગે આપી દીધી હતી. આ વજેસંગ વર્ષોથી એમને ત્યાં ચાકરી કરતો હતો એટલે એ એમાંથી રોટલો રળી રહે એ ગણતરીએ એને આપી હતી. બાકી જમીનના ગણોતધારાના કાયદા થયા પછી એને આખી સાત વીઘાંની પાટ કોઈ ખેડવા આપે ખરું! પણ કુબેર પટેલના મનમાં પહેલેથી જ એને માટે કૂણી લાગણી એટલે એ પાટ આપેલી.

બીજે દિવસે કુબેર પટેલ ને કેસરબેન શહેરમાં અવિનાશને ત્યાં ગયાં. એમણે કિરણ વિશે જે જાણ્યું હતું એ અવિનાશ અને ખાસ તો રેવાને કહ્યા સિવાય એમને ચેન પડે એમ ન હતું. રેવાએ એને દિવાળી કરવા બોલાવ્યો ત્યારે જ બધાને તેને માફ કરવાનો અવસર આવ્યો ને. ને એ આવો સારી રીતે ગોઠવાઈ ગયો છે એ જાણવા મળ્યું ને.

## ૫:- કિરણ અને છાયા

અનુક્રમ Þ

કિરણ નોકરી અને ટ્યૂશનોમાં એવો વ્યસ્ત થઈ ગયો હતો કે તેને વિહારી કે ગીતાબેનને મળવા જવાનોય ખાસ સમય મળતો ન હતો. વિહારી કોઈ કોઈ વખત તેને મળવા આવતો. ગીતાબેન એને યાદ કરતાં હતાં એમ કહેતોય ખરો પણ કિરણથી એમને મળવા ખાસ જવાતું નહીં. કયારેક ગીતાબેન તેને જમવાનું નોતરું આપતાં તો તેને ગમે તેમ કરીને પણ સમય કાઢવો પડતો ને તે જમવા જતો. બે કલાક બેસતો અને બધાં સાથે વાતો કરતો. એમની સાથે એને સારો ઘરોબો કેળવાઈ ગયો હતો. ઘણી વખત એને એમ પણ લાગતું કે પોતે હવે સમય મેળવી શકતો નથી અને એમને ત્યાં વારંવાર મળવા પણ જઈ શકતો નથી એટલે એમને કદાચ એવું પણ લાગતું હશે કે પોતે તેમની સાથે સંબંધ ઓછો કરી રહ્યો છે. એ વારંવાર એવી ચોખવટ કરવા પ્રયત્ન પણ કરતો કે પોતે કામને કારણે મળવા આવી શકતો નથી.

કોઈક વખત તે નોકરી પરથી વહેલા નીકળાયું હોય ત્યારે વિહારીને ત્યાં જતો તો ગીતાબેન તેને પરાણેય નાસ્તો કરાવ્યા સિવાય રહેતાં નહીં. એવા દિવસે એને ટ્યૂશનમાં મોડું થઈ જતું. જો કે એ મોડો પડે તો શાંતાબેન તેનો વર્ગ ચાલુ કરી દેતાં એટલે વાંધો આવતો ન હતો.

વિહારીની નોકરી સારી હતી અને તેના પિતાએ બચત પણ સારી કરી મૂકી હતી એટલે પૈસાની બાબતમાં તો એ સુખી હતાં. છાયાએ બી.એ.માં ઈંગ્લીશનો મુખ્ય વિષય રાખ્યો હતો ને એમાં પહેલા વર્ગમાં પસાર થઈ હતી. અને હવે એ પણ બી.એડ. કરતી હતી. કિરણ જ્યારે એમને ત્યાં જતો ત્યારે એ બનતાં સુધી એને પ્રત્યક્ષ મળવાનું ટાળતી હતી ને શરમાઈને પોતાના રૂમમાં ભરાઈ જતી હતી. કદીક બાને નાસ્તો બનાવવામાં મદદ કરતી તોય જાણે શરમાતી હોય એમ

વર્તતી. એણે ક્યારેય કિરણની સાથે વાત કરવાનો કે તેની ખબર પૂછવાનો પ્રયત્ન કર્યો હોય એવું કિરણને યાદ આવતું ન હતું.

છતાં એ મનને એકાંત ખૂણે કિરણને સંઘરી બેઠી હતી. કિરણ આવે અને પાછો જાય તે દરમિયાન એ સરવા કાને એની વાતો સાંભળ્યા કરતી અને એ જાય પછી કેટલાય સમય સુધી એની વાતોને વાગોળતી ને એના મનનો તાગ મેળવવા પ્રયત્ન કર્યા કરતી. એ કેમ આવવાનું ઓછું કરતો જતો હતો એ એને પૂરું સમજાતું ન હતું. કામનું બહાનું એ કાઢતો હતો પણ કામ તો વિહારીય ક્યાં કરતો ન હતો. એ તો રોજ સાંજે ખાધા પછી શેરીને નાકે પાનની દુકાને દોસ્તો સાથે બેત્રણ કલાક ગપાટાં મારવા જતો જ હતો ને! એને કેટલીય વખત એ બાબતમાં કિરણને પૂછવાનું મન થતું પણ કિરણ આવતો ત્યારે એ શરમનું પોટલું થઈ જતી.

કિરણને તેને વિશે વિચારો ન્હોતા આવતા એમ નહીં પણ તેણે એને એક મિત્રની બહેન તરીકે જ જોવાની ટેવ પાડી હતી. એ વિચારતો હતો એને વિશે. છાયા સુંદર છે, હોંશિયાર છે, ઊંચા ઘરની છોકરી છે. બે વર્ષ પછી પરણશે ને સુખી થશે. વિહારી પરણશે. એના ઘરમાંથી એક માણસ ઓછું થશે ને એક માણસ આવશે. પાછાં ત્રણનાં ત્રણ. વિહારી પણ સારા સ્વભાવનો છે. એને પરણીને જે છોકરી આવશે એ પણ સુખી થશે. એ જો ન હોત તો પોતે કદાચ રખડી રઝળીને ખોટે રવાડેય ચઢી ગયો હોત, વગરે, વગેરે.

હા જેમ દરેક જુવાનને જુવાનીમાં જે ઘેલછા હોય છે એવી સુંવાળા સાથની કલ્પના એને આવતી ખરી પણ હજુ એ કોઈ ચોકકસ રમણીને માટે વિચારી શકે એવો કોઈનો પરિચય તેને થયો ન હતો. પોતાના જીવનમાં પણ કોઈક આવશે તો ખરી જ ને! પણ તે સ્થાન પૂરતા પહેલાં પોતે કોઈ સિદ્ધિ મેળવે ને પછી એને લાયક કોઈ સાથીની શોધ કરે એ જ વધુ સારું હતું એમ એ વિચારતો હતો. હા એની એ જીવનસંગિની કેવી હશે કે હોવી જોઈએ એની કલ્પના એ કરતો હતો ખરો. આ કલ્પનામાં એ છાયા જેવી જ કોઈ માનુનીની કલ્પનાય કરી બેસતો હતો. એવી કલ્પના કરતાં એનું પાપભીરુ મન પાછું પડતું ન હતું. એને થતું કે એ છાયા માટે નથી વિચારતો. એ છાયા જેવી કોઈ યુવતી માટે વિચારે છે.

પણ વખત જતાં એ છાયા માટે જ વિચારવા લાગ્યો હતો એ હકીકત હતી. સામે પક્ષે છાયા પણ એને વિશે હવે નવી જ લાગણીથી પ્રેરાઈને વિચારતી ન હતી શું! તેને માટે કિરણ હવે ફક્ત ભાઈનો મિત્ર જ રહ્યો ન હતો. એ તો આંખની બારીએથી દિલમાં ઊતરી ગયો હતો ને હવે તો તેણે ત્યાં કબજોય જમાવી દીધો હતો.

હજુ ગયા મહિનાની જ વાત છે. ગીતાબેન ઘેર ન હતાં ને એ આવી ગયેલો. છાયાને તો શું કરવું એનીય વ્યાધિ થઈ પડેલી. જેમ તેમ કરીને એણે આવકાર આપેલો : 'આવો, તમે આવ્યા પણ બા બહાર ગઈ છે.' તેનાથી સહજ બોલી જવાએલું.

'તે બા આખું ઘર તો સાથે નથી લઈ ગયાં ને! ઘર છે, તું છું, દૂધની તપેલી છે, પછી બીજું શું જોઈએ!' કિરણથી પણ પોતાના સ્વભાવથી વિરુધ્ધ બોલી જવાએલું.

'એ બધું તો છે પણ તમારી સાથે વાત કરવાવાળું કોઈ નથી ને. બા કે વિહારી હોત તો તમને વધુ ગમત. હું ચ્હા મૂકું છું.' કહેતાં તે રસોડામાં સરી ગઈ.

'વાત કરવાનું તો તારી સાથે જ વધુ ગમે પણ તું શરમની ઓઢણીમાંથી મોઢું બહાર કાઢે તો ને!' કિરણે મનોમન કહેલું ને તેની સાથે કેવી રીતે વાત આગળ વધારવી તેનાં પગથિયાં  તણે મનમાં જ ગોઠવવા માંડેલાં. પોતે કોઈ વાત કરે ને

એ છાયાને ન ગમે તો, ને એ જો એનાં બાને કે વિહારીને ફરિયાદ કરે તો- વિહારી કે બા તેને માટે કેવું ધારે! તેનો બેસવાનો જે સંબંધ છે એ પણ બંધ થઈ જાય. વિહારીને તો પોતે મ્હોં પણ ન બતાવી શકે.

'લો ચ્હા પીવો. તમે બહુ ઊંડા વિચારમાં પડી ગયા. ટ્યૂશનના વિચારમાં તો ન હતા ને! મારે તો તમારું ટ્યૂશન રાખવું નથી. બા મને તમારું ટ્યૂશન રાખવા પણ ન દે.' એ બોલી. કિરણ ચમકયો.

'કેમ? જો કે તને ભણાવવા જેટલું હું હજુ ભણ્યોય કયાં છું! મારે તો નાનાં ટબુરિયાંનાં ટ્યૂશન જ ચાલે.'

'હા, એ જ વધુ સારું. બા તો માને છે કે જુવાન છોકરા છોકરીએ બહુ મળવું પણ ન જોઈએ. પછી ટ્યૂશનની તો વાત જ શી?'

'તારા કહેવાનો અર્થ એ તો નથી ને કે મારે તમારે ત્યાં જે થોડું આવાય છે એ પણ બંધ કરી દેવું જોઈએ! જો એમ હોય તો હું-'

'તમારે માટે એ કશું વ્યકિતગત કહેતાં નથી. આ તો એમનો સર્વસામાન્ય અભિપ્રાય છે.' છાયાએ શરમ છોડીને કહી નાખેલું.

'તો પછી તારો સર્વસામાન્ય અભિપ્રાય શો છે?' કિરણ પણ વાણી વિહારમાં પાછો પડે તેમ કયાં હતો!

'મારો અભિપ્રાય કશો મહત્ત્વનો ગણાય નહીં. આ ઘરમાં હજુ મને પૂછીને કશો નિર્ણય લેવાય એટલું મહત્ત્વ મેં પ્રાપ્ત કર્યું નથી. તમારો શો અભિપ્રાય છે ?'

'મારુંય એવું જ છે. મેં પણ અભિપ્રાય આપવા જેટલું મહત્ત્વ હજુ પ્રાપ્ત કર્યું નથી.'

'અભિપ્રાય આપવા માટે કોઈ મહત્ત્વ પ્રાપ્ત કરવાની જરૂર હોતી નથી. અભિપ્રાય તો કોઈ પણ કોઈ પણ વિષયમાં આપી શકે છે. હા, એનું મહત્ત્વ સામેવાળાને નકકી કરવાનું હોય છે.' છાયાએ પણ આજે જાણે શરમ છોડી દેવાનું નકકી કર્યું હોય એમ લાગતું હતું.

'જેમ મારા વિધાનનું મહત્ત્વ તેં નકકી કર્યું એમ જ ને! મને લાગે છે કે મારે હવે તારું ટ્યૂશન રાખવું પડશે. જો બા હા પાડે તો.' કિરણે કહ્યું ને ચ્હાના ખાલી પ્યાલા લઈને શરમાતી છાયા રસોડામાં દોડી ગઈ. કિરણને થયું કશુંક અઘટિત તો નથી બોલાઈ ગયું ને! જો કે જે થયું તે સારું જ થયું હતું એમ તેને મનમાં થતું હતું. એ બહાને એની અને છાયાની વચમાંથી પેલું શરમનું આવરણ તો હઠી ગયું હતું ને!

કાંઈક વધુ પડતું બોલાઈ ગયાનો અહેસાસ બન્નેને થયો હોય એમ એ વખતે તો બન્ને ચૂપ થઈ ગયાં હતાં, પણ પછી તેમના મળવાના પ્રસંગો એ આપોઆપ ઊભા કરતાં અને મળતાં રહેતાં હતાં. કદીક કૉલેજના ગાર્ડનમાં તો કદીક સંતરામ મંદિરમાં મળવાનું એ ગોઠવી લેતાં હતાં.

છાયા મિત્રની બહેન હતી એ વાત ખરી પણ એ કૉલેજમાં ભણતી હતી, બુધ્ધિશાળી હતી અને સ્વતંત્ર રીતે વિચારી શકવા જેટલી પરિપકવ પણ હતી. પોતે તેને ભોળવી રહ્યો હતો એમ કિરણને લાગતું ન હતું. આજે પણ એ એવે વખતે વિહારીને ઘેર જઈ ચઢ્યો હતો કે જ્યારે ગીતાબેન મંદિરે દર્શન કરવા ગયાં હતાં. આજે પણ ટ્યૂશનની વાત પર જ બન્ને જાણે શતરંજ ખેલી રહ્યાં હતાં. કિરણ કહેતો હતો કે હવે તો એવો વખત આવ્યો હતો કે એણે છાયાનું ટ્યૂશન રાખવું પડશે.

'પાછા ટ્યૂશનના વિચારમાં પડી ગયા કે શું!' રસોડામાંથી બહાર આવી સામે બેસતાં એ બોલી. કિરણના મનમાં કેટલાય વિચારો એક સામટા આવી ગયા. એને જે કહેવું હતું એ હોઠની ધારે આવીને અટકી ગયું. જે કહેવું હતું તેની વાકયરચના એ મનમાં બદલી રહ્યો.

'વિચાર તો હવે તારે કરવાનો છે. મારું ટયૂશન બાંધવું છે કે નહીં તેનો. જો તું મારું ટયૂશન બાંધીશ તો હું સારો વિદ્યાર્થિ બની રહીશ એની હું ખાતરી આપું છું.'

'હમણાં બા આવે એટલે તમે એમને જ પૂછી જોજો ને! બા આવતી જ હશે.'

'તે તારે મને આ ઘરમાં આવતો જ બંધ કરી દેવો છે કે શું! એમને હમણાં પૂછવાની જરૂર નથી. જ્યારે તારે મારું ટ્યૂશન બાંધવું જ હોય ત્યારે એમને પૂછીશું. પહેલાં તું તો નકકી કર.' કિરણે કહ્યું અને આંખો નચાવી.

'હજુ  એમને પૂછવાની ઘણી વાર છે. તમારેય હજુ ભણવાનું છે ને મારેય વધુ નહીં તોય હજુ બે વર્ષ તો ભણવાનું જ છે; પછી જોઈશું.'

'ટ્યૂશન તો ભણતાં હોય ત્યારે જ રાખવાનું હોય ને!'

'મને લાગે છે કે મારે તમને મળવાનું જ હવે બંધ કરી દેવું પડશે. દિવસે દિવસે તમે બહુ નફ્ફટ થતા જાવ છો. જો તમારા આવા ને આવા ચાળા રહ્યા તો આપણા બેયના ભણતરમાં પણ બરકત આવે તેમ લાગતું નથી.' છાયા તેને મૂળ વાત પર લાવતાં બોલી.

'મને નથી લાગતું કે એમાં કશો વાંધો આવે. તારે માટે કશું ન કહી શકું. જો રાતે વાંચવાને બદલે તું મારા વિચારો કર્યા કરતી હો તો તારા કલાસ લાવવાના ચાન્સ ઓછા.' કિરણે ટીખળ કરી.

'તમારા વિચાર કરે છે મારી બલારાત. હું તો નિરાંતે વાંચું છું અને પૂરેપૂરી ઊંઘ પણ લઉં છું. તમે તમારી વાત તો મારે બહાને નથી કરતા ને! તમારાં લક્ષણ સારાં લાગતાં નથી.'

'જોજે બાને સાંભળતાં આવું કશું ન કહેતી. મારે તો હજુ એમને ઈમ્પ્રેસ કરવાનાં છે. એ જો આવું જાણી જાય તો મારું તો બધું ઊંધુંચત્તું થઈ જાય.'

'જો કે મારે એમને બધી સાચી વાત કરી જ દેવી પડશે. તમે મને ભરમાવી જાવ છો એવું એમને લાગે તો એ બ્રેક મારેય ખરાં.'

'તારે મને એમ ગભરાવવો હોય તો જાણી લેજે કે હું એમ ગભરાઉં એવો નથી. હું તારું હરણ કરી જઈશ એમ પણ એમને ભેગેભેગું કહી દેજે.'

'હવે આ જમાનામાં એવા પુરાણા ખ્યાલ છોડી દેજો. પહેલાંના વખતમાં જેને હરણ કરવું કહેતા હતા એને આ જમાનામાં અપહરણ કહે છે. અને એવા ગુના બદલ સાતથી વીશ વર્ષની સજાની જોગવાઈ કાયદામાં કરવામાં આવેલી છે.

પછી કહેતા નહીં કે મેં તમને પહેલેથી ચેતવ્યા ન હતા.' છાયાએ પણ એની જ ભાષામાં જવાબ આપ્યો. બન્ને ઘણી વખત આવી અર્થ વગરની વાતો કરી એકબીજાને ઉડાવતાં હતાં. એમાં જાણે એમને મજા આવતી હતી.

બન્ને આવાં ગપાટાં મારતાં બેઠાં હતાં ત્યાં જ ગીતાબેન મંદિરેથી આવી પહોંચ્યાં. કિરણને જોઈ બોલી ઊઠ્યાં : 'તું તો ભાઈ બહુ મોંઘો થઈ ગયો. કેટલે દા'ડે તારાં દર્શન થયાં! નોકરી ને ટ્યૂશનમાં તારો આખો દા'ડો જતો રહે છે કે શું?'

'બા એ તો બહાનું છે. નવરાશમાં ભાઈ કૉલેજના બસસ્ટેન્ડે આંટા મારતા હશે.' છાયાએ એને ઉડાવવાની તક ઝડપી લીધી.

'કૉલેજના બસસ્ટેન્ડે આંટા મારતો હોત તો તેં મને જોયો જ હોત ને! તુંય કૉલેજના બસસ્ટેન્ડે આંટા મારતી જ હશે ને! બા, હું ઉઘરાણીએ જાઉં છું ત્યારે કૉલેજની છોકરીઓ શું કરતી હોય છે એ જોઉં છું જ.'

'તે એને તેં ચ્હા પાઈ કે નહીં?'

'ચ્હા પાઈ નાસ્તો પણ આપતી હતી તો કહે બા આવશે પછી. હવે તમે એમને નાસ્તો કરાવો કે જમાડો, તમે જાણો. હું તો મારે આ ચાલી મારે વાંચવાનું છે.' કહેતાં એણે જવા કર્યું.

'લે મને જરા મદદ કર તો આપણે કશુંક ગરમ બનાવી દઈએ. ભાઈ પણ હવે આવવામાં જ છે. તારું વાંચવાનું તો મને ખબર છે. માથા નીચે ચોપડીનું ઓશિકું કરીને સૂઈ જાય છે. બધી વિદ્યા ચોપડીમાથી જાણે સીધી જ માથામાં ના પેસી જવાની હોય.'

ને કિરણે તેને બા જોઈ ન જાય એવી રીતે આંખથી અટકચાળું કરી લીધું. ને છાયા એને ડીંગો બતાવતી રસોડામાં પેસી ગઈ. એકલો પડતાં કિરણ પાછો છાયાના વિચારમાં પરોવાઈ ગયો. પોતે હજુ બે વર્ષ અભ્યાસ કર્યા કરશે ત્યાં સુધી લગ્ન ન કરાય તો વધુ સારું, પણ હવે પોતાની લાયકાત બધાંને ઊડીને આંખે વળગે એવી થઈ ગઈ છે એટલે લોકો એને છોડશે નહીં. ખાસ તો છાયાનાં બા એનાં લગ્ન માટે જો ઉતાવળ કરે અને એમને કોઈ લાયક મૂરતિયો મળી જાય તો પોતે એવે વખતે બારના ભાવમાં રહી જાય એ વાતેય કિરણની જાણ બહાર ન હતી. હજુ તો બેમાંથી કોઈએ ગીતાબેનને કાને વાત નાખી ન હતી ને એમણે હા ભણી ન હતી. કિરણને હવે લાગવા માંડ્યું હતું કે ગીતાબેનની સંમતિ મેળવવી એ સહેલું કામ ન હતું. એમના ઘરને હિસાબે કિરણને પોતાને જ પોતાનું ઘર બરોબરીનું લાગતું નહતું.

છાયા એને હિંમત બંધાવવા પ્રયત્ન કરતી હતી. એક તો બાના વિચારો રૂઢિચૂસ્ત ન હતા અને બાને કિરણ ગમતો હતો એટલે બાની સંમતિ મેળવવામાં કશી તકલીફ આવે એમ એને લાગતું ન હતું. અને હજુ બાને વાત કરવાનો સમય પણ કયાં પાકયો હતો. બન્ને ભણી રહે ને નોકરીએ વળગે ત્યારે જ એ વાત કરવી એવો તેમણે વિચાર રાખ્યો હતો. ને હજુ તો એમનું ભણવાનું બે વરસ ચાલવાનું હતું. જો ગીતાબેન છાયાનાં લગ્ન માટે ઉતાવળ ના કરે તો કશો વાંધો આવે તેમ ન હતો.

ગીતાબેન અંદર આવ્યાં પાછળ છાયા પણ હાથમાં નાસ્તા માટેની ડીસો લઈને આવી. થોડી જ વારમાં વિહારી પણ આવી લાગ્યો. કિરણને જોઈ એ બોલી ઊઠ્યો : 'આવોયે આજે કયાંથી નવરો પડ્યો છે! એને તો શાંતાબેન જાણે રજા જ નથી આપતાં. એણે શાંતાબેનનું ઘર ભાડે લીધું છે કે શાંતાબેને એને ભાડે લીધો છે એ જ મને તો સમજાતું નથી.'

'તારે આવવાનો સમય થયો હતો એટલે સ્હેજ વાર વધારે રોકાયો, નહીં તો કયારનોય એનાં ટ્યૂશન કરવા ઊપડી ગયો હોત.' ગીતાબેને કહ્યું.

'કિરણ તું એમ કર તારાં ટ્યૂશન છોડી દે પછી તને જોઈએ એટલો સમય મળશે હરવા ફરવાનો ને બધાંને મળવાનો.' વિહારીએ કિરણ સામે આંખ મીંચકારતાં કહ્યું.

'તું એને એવી ઊંધી સલાહ ના આપીશ પાછો. આ જુવાનીમાં જો એ થોડું વધુ કામ કરી લે ને બે પૈસા બચાવશે તો એને માટે સારું છે. કાલે સવારે એ પરણશે ત્યારે એને પૈસાની ડગલે ને પગલે જરૂર પડશે. બચાવ્યા હશે તો કામ લાગશે.' ગીતાબેનનું વ્યવહારું મન બોલી ઊઠ્યું.

'એને પેલી ડોશીએ આગળ ભણવાનું એવું પૂંછડું પકડાવી દીધું છે કે એ ઘરડો થશે ત્યાં સુધી એનું ભણવાનું પૂરું નહીં થાય. ને પછી એવા ઘરડા સાથે પરણવા કોઈ છોકરી તૈયાર નહીં થાય.' વિહારી બોલ્યો.

'વાંધો નહીં કોઈ ડોશી તો તૈયાર થશે ને!' છાયાએ ટકોર કરી ને બધાં હસી પડ્યાં.

'કિરણ હું તારાં ભાભીના ખબર પૂછવાનું તો ભૂલી જ ગઈ, કેમ છે એમને!' ગીતાબેનને અચાનક રેવાની યાદ આવી ગઈ.

'મનેય કશી ખબર નથી. આ રવિવારે હું જવાનો છું. મારાં બા એમની સાથે રહેવા આવી ગયાં છે એટલે એમની કાળજી તો જાણે બરાબર લેવાતી જ હશે.'

'મારેય એમની ખબર જોવા આવવું જોઈએ પણ જોને આ બે છોકરાંનાં કામમાંથી મને નવરાશ મળે તો ને!'

'તે બા તારાથી ન જવાય તો ભાઈ કાલે એમની સાથે જઈ આવે તોય સારું.' છાયાએ કહ્યું. બા સ્હેજ વિચારમાં પડ્યાં.

ત્યાં વિહારી જ બોલી ઊઠ્યો : 'લ્યો, બેનબા બોલી ઊઠ્યાં. મારે કાલે ક્રિકેટ મેચ છે. જો સવારે જઈને સાંજે પાછાં આવવાનું હોય તો તું જ જઈ આવ ને, તને વહેવારમાં મારા કરતાં વધારે ખબર પડે છે તે.'

'જો બા કહેતાં હોય તો હુંય જઈ આવું વળી. સાંજે પાછાં આવી જવાતું હોય તો મને વાંધો નથી. ને હું કદી બાલાસિનોર ગઈ પણ નથી તે નવું ગામ જોવાનું પણ મળશે.' છાયા બોલી ઊઠી.

'તને ગમશે. નડીઆદના જેવું મોટું કે સમૃધ્ધ શહેર એ નથી પણ તોય ના ગમે એવું પણ નથી. અમારે તો જે ગણો તે એ એક જ શહેર.'

પછી ગીતાબેનને ના કહેવાની વેળા જ ન રહી. એમણે ફરી પાછી સાંજે પાછાં આવી જવાની વાત પાકી કરી લીધી ને રવિવારે પહેલી બસમાં કિરણની સાથે છાયાએ બાલાસિનોર જવાનું નકકી થઈ ગયું.

કિરણે શાંતાબેન સાથે તો આ રવિવારે બાલાસિનોર જવાની રજા માગી જ રાખી હતી. રવિવારની બૅચ શાંતાબેન સંભાળે એવું અગાઉથી નકકી કર્યું હોય તો શાંતાબેન એમનો કશો કાર્યક્રમ ઘડતાં હોય તો ન ઘડે. એમને બેયને હવે એવી માયા બંધાઈ ગઈ હતી કે કોણે કેટલું કામ કરવું એની એમની વહેંચણી ફકત કાગળ ઉપર જ રહી ગઈ હતી. જે હાજર હોય એ બૅચ લઈ લેતું હતું.

રવિવારે સવારે કિરણ એમને ત્યાં પહોંચ્યો ત્યારે છાયા તૈયાર જ હતી. ગીતાબેને ફરી પાછી સાંજ પહેલાં જ પાછાં આવી જવાની વાત યાદ દેવડાવી. રિક્ષા બસ સ્ટેન્ડે પહોંચી એટલે કિરણ કહે : 'બાને એમ લાગ્યું હશે કે હું તને લઈને ભાગી જઈશ એટલે સાંજે પાછાં આવવાની વાત કેટલી વાર યાદ દેવડાવી! હવે જો સાંજે બસ ચૂકી જઈને આપણે સ્હેજ મોડી બસમાં આવવાનું થાય તો એ મારી પાછળ પોલીસ મોકલે તોય નવાઈ નહીં.'

'પોલીસ તો ના મોકલે પણ એ પોતે જ તારી પાછળ પડી જાય ખરાં. પણ હું બેચાર દિવસ તારે ત્યાં રહું તો તારાં ભાભીય તારી એ જ વલે કરે.'

'ના હોં મારાં ભાભી તો ઊલટાં તને વધાવી જ લે.'

'જો હું પરણીને તારે ત્યાં આવું તો જ. બાકી તો એમનેય ગભરાટ જ થાય કે આવોયે કોઈકની છોકરીને ભગાડી લાવ્યો છે.' થોડી વાર પછી પાછી કહેઃ 'ભાભી પૂછશે કે આ કોણ છે, ત્યારે જ તારી બોબડી બંધ થઈ જશે. એટલે મારી ઓળખાણ કેવી રીતે આપવાનો છું તે અત્યારથી જ નકકી કરી લેજે.'

'કેમ વળી, કહી દઈશ કે મારાં બાની નાની વહૂ છે, કેમ ભાભીની બીક લાગે છે!'

'જોજે એવું ના બાફતો પછી મારે શરમાઈ મરવાનું થશે. અને વળી પાછાં બા પણ ત્યાં હાજર હશે. એમને આપણા સંબંધની જરાય ગંધ ન આવે એની કાળજી રાખવી પડશે.'

'મને મારી ભાભીની જેટલી બીક છે એટલી મારી બાની નથી. જો ભાભી એમ કહે કે આ છોકરી સાથે મારે પરણવાનું નથી તો માન કે તારું પત્તું કપાઈ જ ગયું.'

'બાપ રે, તારાં ભાભી એવાં છે!.'

'ભાભી એવાં નથી પણ હું એવો છું. ભાભી મારે મન મા જેવાં છે. હું છેલ્લાં પાંચ વરસ એમની સાથે જ રહ્યો છું. એમને મન પણ હું એમના દીકરા જેવો જ છું. તું જોજે ને એ કેટલાં ખુશ થાય છે, મારા આવ્યાથી.' કિરણ જાણે ભાભીનાં સ્વપ્નાંમાં ખોવાઈ ગયો.

એ બેય અવિનાશને ત્યાં પહોંચ્યાં ત્યારે અવિનાશ, રજા હોવાથી ગામમાં દાજીને મળવા અને એમને કશું કામ હોય તો પૂછવા માટે ગયો હતો. ઘરમાં કેસરબેન ને ભાભી બે જ જણ હતાં. કિરણ આવ્યો જાણી બેયનાં મ્હોં હરખે ઊભરાઈ ગયાં. સાથે એક અજાણી છોકરીને જોઈને એમને થોડાં જિજ્ઞાસા અને આશ્ચર્ય થયાં : ' આવો બહેન.' રેવાએ ગૂંચવાયા છતાં એને આવકાર આપી અંદર બોલાવી.

અંદર આવી બધાં બેઠાં એટલે કેસરબેને પૂછ્યું : 'આમની ઓળખાણ ન પડી.'

'તે દિવસે તું અને દાજી આવ્યાં ત્યારે મારા આવ્યા પહેલાં પાછાં વળી ગયાં એટલે તમને એના ઘરમાંથી કોઈને ભેગાં ન કરાયાં. મારો દોસ્ત છે ને વિહારી નડીઆદનો, આ એની બેન છાયા અને એનાં બા ગીતાબેન. એમને ત્યાં જ હું ગયેલો અને શરૂમાં રહેલો. વિહારીએ જ મને નોકરી અપાવેલી અને મારું રહેવાનું પણ એણે જ ગોઠવી આપેલું.'

'તેં મને ગીતાબેનની વાત કરી હતી. તો ગીતાબેનનેય સાથે લેતાં આવવાં હતાં ને. એમનેય મળાત ને.' ભાભીએ કહ્યું.

'એમનેય આવવું હતું પણ અનુકૂળતા ન આવી એટલે ન આવ્યાં. આ વખતે એમને બદલે આ છાયાને મોકલી છે. પણ મારા ભત્રીજાને રમાડવા તો એ ચોકકસ આવશે એમ એમણે કહેવડાવ્યું છે. આણે બાલાસિનોર જોયું ન હતું તે એ સાથે આવી.'

'કિરણ ભાભીની એટલી બધી વાતો કરતો હતો કે મનેય ભાભીને મળવાનું મન હતું. એ તમારાં ઘણાં વખાણ કરે છે.' છાયાએ કહ્યું.

'એ દૂર હોય ત્યારે તો મારાં વખાણ કરે જ છે, પણ પાસે હોય ત્યારે જાણે ભાભી કોણ અને હું કોણ! હવે મને એની વાતમાં બહુ વિશ્વાસ પડતો નથી.'

'ભાભી શું કરવા આમ કોઈની સામે મારી ક્રેડિટનું કચૂંબર કરી નાખો છો.'

'જો છાયા તારા ભાઈબંધની બેન હશે તો એય અત્યાર સુધીમાં તને ઓળખી જ ગઈ હશે ને. ને નહીં ઓળખ્યો હોય તો હવે ઓળખશે.'

'કેમ હવે ઓળખશે! હવે ઓળખશે એટલે શું?'

'હમણાં બા મંદિરમાં જશે એટલે કહીશ કે હવે એટલે શું. તું નવરાશ મેળવીને આવ્યો હોઈશ એટલે વધારે નહીં તોય બેચાર દિવસ તો રહેવાનો જ હોઈશ ને!'

'તમારે મારી આબરૂનું લીલામ કરાવવું છે કે શું? જો આજે સાંજે એમની છાયા સહીસલામત એને ઘેર ના પહોંચે તો એનાં બા આખી પાલીસની ફોજ લઈને મારી પાછળ લાગી જાય. મારું તો મારું પણ તમારુંય નામ બદનામ થાય કે નહીં!'

'મારું શું કરવા ભાઈ, હું થોડી કોઈની છોકરીને ભગાડી લાવી છું!'

'તે હું પણ કયાં એને ભગાડીને લાવ્યો છું? એક તો બાપડી તમારી ખબર કાઢવા આવી અને તમે કહો છો કે ભાગીને-'

'મેં એવું કહ્યું નથી. સારા ઘરની છોકરીઓ ઘેરથી ભાગતી નથી. હું તો એમ કહેવા માગું છું કે તું એને ભોળવીને કયાંક ભગાડી તો નથી લાવ્યો ને! તારું ભલું પૂછવું.'

'કરી નાખી ને આબરૂની કઢી. મને થયું કે આવનારા ભત્રીજાની ખબર કાઢી આવું, પણ ભાભીને તો આપણી કશી પડી જ નથી. હું વળતી બસમાં પાછો જાઉં છું.'

'તો આવજે. સારું થયું કે મેં હજુ ચૂલા પર આંધણ મૂકયું નથી. નહીં તો મારું રાંધેલું બગડત ને.'

'શું થયું? કિરણ પાછો જાય છે. કેમ આટલો વહેલો?' અંદરથી સાલ્લો બદલીને બહાર આવેલાં કેસરબેને અર્ધું સાંભળીને આખું પૂછી નાખ્યું.

'આજે ભાભીનું મન મોળું લાગે છે. આ તો તું છે એટલે આવવાનું મન થાય છે. બાકી ભાભી હવે આપણને બોલાવે એ વાતમાં માલ નહીં.'

'મને બધી ખબર છે, તું મને મળવા આવેલો એની. હવે તમે બેય ખોટું લઢવાનું બંધ કરો મારે મંદિર જવાનું મોડું થાય છે.' કહેતાં એ મંદિર તરફ ચાલતાં થયાં.

બધાં એકલાં પડ્યાં એટલે કિરણ કહે : 'ભાભી, આ છાયા તમને કેવી લાગે છે!'

'કેવી લાગે છે એટલે? એ છે જ સારી એટલે સારી જ લાગે ને. પણ એક વાત કહું એના મગજમાં ચોકકસ ખરાબી હશે તો જ એ તારામાં મોહી હશે. બોલ છાયા, તારા મગજમાં કશી ખરાબી છે કે નહીં!' ને છાયા રેવા સામે ગૂંચવાતાં તાકી રહી.

'મને લાગે છે કે કદાચ એવું જ હશે.' રેવાની વાતનો મર્મ સમજાતાં છાયા પણ હવે રેવાની સાથે જોડાઈ.

'મને લાગે છે કે મારા મગજમાં જ કોઈ ખરાબી હશે એટલે તો હું તમને બતાવવા છાયાને અહીં લઈ આવ્યો.'

'તારી એ વાત સાચી લાગે છે. છતાં તારી પસંદગી છાયા કરતાં સારી છે. પણ વાંધો નહીં આ ભાભીના આશીર્વાદ તમારી સાથે છે એટલે સુખી થશો. કહો કયારનું મૂરત કઢાવું?'

'ભાભી હજુ બે વર્ષની વાર છે. અને આ વાત પણ આપણી ખાનગી જ છે. કોઈને હમણાં કહેવાની જરૂર નથી.'

'બે વર્ષ તો બહુ કહેવાય. એનાં બા જ બે વર્ષ બેસી રહેવા તૈયાર ન થાય.'

'હજુ એનાં બાને કશી ખબર નથી. આ તો અમારાં બે વચ્ચેની વાત હતી, હવે આપણા ત્રણ જણ વચ્ચેની વાત થઈ.'

'જો ભાઈ મારી વાત તને ગમે કે ના ગમે પણ આવું ચાલે નહીં. વહેલી તકે ગીતાબેનને વાત કરવી જોઈએ. એમને પૂછવાની તમારી હિંમત ન હોય તો હું એમને પૂછી લઈશ. એમને કહેજો કે મને એમને મળવાની બહુ ઈચ્છા છે. એમણે કિરણને હલ્લે વળગાડ્યો ત્યારથી મારે એમને મળવાનું મન હતું પણ મારી આવી તબિયતને કારણે મારાથી બહાર નીકળાતું નથી એટલે એ જો નવરાશ મેળવીને આવી શકે તો મને આનંદ થશે.'

'ભાભી તમે બધી વાત બગાડી નાખશો. એ ઊંચા કુટુંબનાં લોક છે. એક વખત મને મારી લાયકાત કેળવવા દો પછી આપણે એમને વાત કરીશું તો એમને ના કહેવાનું કોઈ કારણ નહીં રહે.'

'તો પછી જ્યાં સુધી તારી લાયકાત કેળવાય નહીં ત્યાં સુધી તમારે બેયે મળવાનું બંધ, બોલો છે મંજૂર! એક સારા ઘરની છોકરી તારી સાથે ફરે, વગોવાય અને પછી એની સાથે પરણવા કોઈ બીજો છોકરો તૈયાર ન થાય એટલે થાકીને એને તારી સાથે પરણાવવી પડે એ વ્યાજબી નથી. તું લાયક બન પછી એનો હાથ માગ.'

'પણ તમે કહો છો કે ત્યાં સુધી એને મળવાનુંય નહીં એ કેમ બને? આમારાથી હવે એકબીજાને મળ્યા સિવાય રહેવાય એવું નથી.'

'ને એમને ખબર પડી જાય બેય જણાં એમની નજરમાંથી ઊતરી જાવ અને એ છાયાને પરાણે બીજે પરણાવી દે તો પછી આખી જિંદગી મળ્યા વગરની જ જશે એનું શુ?'

'હવે ભાભી તમે જ કોઈ રસ્તો કાઢો.' બેય જણાં ઢીલાં થઈ બોલી ઊઠ્યાં.

'એટલે તો કહું છું કે એમને ને મને ભેગાં થવા દો. બધું સારું થઈ જશે. મારાથી હમણાં બહાર નીકળાય એવું નથી નહીં તો હું પોતે જ ત્યાં આવત અને ગીતાબેનને મળત.' છાયાને પણ હવે લાગવા માંડ્યું હતું કે આ બધું બહુ ઝડપથી બની રહ્યું હતું. એ મનમાં ગભરાઈ રહી હતી. એને થતું  હતું કે આ ભાભી એમના દિયરને પરણાવવાની ઉતાવળમાં ક્યાંક આખી વાત બગાડી ન નાખે તો સારું.

'વખત આવ્યે એમ કરીશું પણ અત્યારે તો મને નથી લાગતું કે યોગ્ય સમય આવ્યો હોય. તમે અમારી કુળવાનશાહીને સમજતાં નથી. એ છોકરીને મારી નાખવી પડે તો એમ કરે પણ કોઈ નાના ગામમાં ના પરણાવે. હા, છોકરો બહુ ઊંચું ભણેલો હોય તો એમને કશું ન નડે. નાનું ગામ હોય તોય છોકરી સામેથી પરણાવે. એટલે જો ઉતાવળ કરવા જશો તો અમે બેય રખડી જઈશું.' છાયાએ ભાભીને ઠંડાં પાડ્યાં.

કિરણને પણ લાગ્યું કે આજે તેણે જે કાંઈ કર્યું તે છોકરમત જ હતી. ભાભી પણ એમાં તણાયાં. છાયા કહેતી હતી એ વાત તદ્દન સાચી હતી. ઉતાવળ ચાલે તેમ ન હતી. ને ભાભી કહેતાં હતાં એ પણ ચાલે તેમ ન હતું. આટલા સંબંધ પછી એ બે મળવાનું બંધ કરી દે એ પણ શક્ય ન હતું. એણે મનથી જ નક્કી કર્યું કે હવેની દરેક ચાલ એમણે બેયે જ ચાલવાની હતી. એમાં કોઈની સલાહ લેવા જતાં કદાચ ધાર્યાથી વિપરિત પરિણામ પણ આવે.

અનુક્રમ Þ

## ૬:- કિરણ કાકો બન્યો

ભાભીને હૉસ્પિટલમાં દાખલ કર્યાં છે એમ જાણ્યું કે તરત કિરણ બાલાસિનોર જવા ઊપડ્યો. ડૉકટરના કહેવા મુજબ તો હજુ અઠવાડિયું બાકી હતું પણ ભાભીને વહેલાં હૉસ્પિટલમાં દાખલ કરવાં પડ્યાં એટલે એને થોડી ચિંતા પણ થતી હતી.એક બાજુ એ હૉસ્પિટલમાં પહોંચ્યો ને ભાભીએ દીકરાને જન્મ આપ્યો. બહાર આવી નર્સે એને જ પહેલી વધામણી આપી.

'જોયું ને મારો ભત્રીજો મારા આવવાની જ રાહ જોતો હતો. જેવો હું આવ્યો કે એય આવ્યો. એય જાણે ને કે પેંડા તો કાકા વગર કોણ વહેંચવાનું હતું! તમે બધાં બેસો ત્યાં સુધીમાં હું પેંડા લઈ આવું.' કહેતો એ પેંડા લેવા માટે બહાર નીકળી ગયો.

મનોર મોટા અને જમનાંમા પણ ઘડી પહેલાં જ આવી ગયાં હતાં. વધામણીના સમાચાર મળતાં જ બધાંનાં મ્હોં પર આનંદની આભા આવી ગઈ હતી. કેસરબેન પોતે  માનેલી બાધાની વાત કરતાં હતાં. જમનાંમા પણ પોતાની માનતા ફર્યાનો આનંદ વ્યકત કરતાં હતાં. રેવાએ પૂછ્યું : ‘કિરણ નથી આવ્યો?'

'ન આવે એવું બને ખરું! એ તો એના ભત્રીજાના પેંડા લેવા માટે બજારમાં ગયો છે.'

ત્યાં તો એ બે થેલીઓમાં કિલો કિલોનાં પાંચ બોક્સ પેંડાનાં લઈને આવી પહોંચ્યો. કહે : 'એક હૉસ્પિટલમાં વહેંચવા માટે, એક ધનેરા માટે, એક પરમેસરિયા માટે, એક બાલાસિનોર માટે ને એક નડીઆદ માટે.' કહેતાં એણે એક બોક્સ ખોલ્યું ને બધાંને એમાંથી પેંડા આપવા માંડ્યા.

'તુંય મહીંથી એક ખાજે પાછો હરખમાં ને હરખમાં તને જ ના ભૂલી જતો.' કોઈકે મીઠી ટકોર કરી.

'એરે મારે તો આખું બોક્સ જોઈશે. મને જેવા ખબર મળ્યા કે ખાધા વગર જ આવ્યો છું. પણ વાંધો નહીં, ફેરો સફળ થયો એટલે ભૂખનો તો શો હિસાબ! પણ રજા મૂકયા વગર આવ્યો છું એટલે ભત્રીજાનું મોઢું જોઈને તરત પાછા ભાગવું પડશે. આજે મારે ભત્રીજા અગિયારસ જ થવાની છે.'

'ચાલો કાકાનેય એ બહાને એક અગિયારસનું પુણ્ય મળ્યું, નહીં તો આ કાકો કયારે અગિયારસ કરવાનો હતો.' કેસરબેને કહ્યું.

રેવાએ એ સંભળ્યું તો કહે : 'અરે, દોઢ શેર ઝાપટીને આવ્યો હશે. આ તો ભાભીને માથે ઋણ ચઢાવવા કહેતો હશે.'

'ભલે તમારે જેમ માનવું હોય એમ માનો. આ જમાનો જ સાચનો નથી.'

'ને પહેલાંના જમાનામાં એક હરિશ્ચંદ્ર થઈ ગયા પછી અમારા આ દિયરનો નંબર આવે છે. એટલું તો કહે કે આ એક બોક્સ નડીઆદ માટે લીધું એમાં ગીતાબેનને શું આપીશ ને શાંતાબેનને શું આપીશ ને વળી- '

'ભાભી, ચૂપ. નાનાં મોટાંનું તો માપ રાખો. તમારું સારું દેખાય એમ બધાંને વહેંચીને આપીશ પછી છે કાંઈ.'

'શાંતાબેન, ગીતાબેન, છાયા કોઈ રહી ન જાય એ જોજે.'

'કોઈ નહીં રહી જાય, તમારા આ દિયરને તમારે કશું શિખવાડવું પડે એમ નથી.'

'એની તો મને ખબર છે, પણ યાદ દેવડાવ્યું. મને એમ કે કોઈને આખું બોક્સ આપી દો ને કાઈક બિલકુલ રહી જાય. એવું ન થાય એ જોજે.'

'હા જોઈશું. શેઠની શિખામણ ઝાંપા સુધી.'

'એની તો અમને પહેલેથી જ ખબર છે. ઘેર હોય ત્યાં સુધી જ મીઠું મીઠું બોલવાનું. પછી મનમાં તો પોતે ધાર્યું હોય એમ જ કરવાનું.' બધાં સાંભળતાં હતાં પણ એમને તો આ બધી દિયર ભાભી વચ્ચેની ટોળ જ લાગતી હતી. હા, કિરણના મનમાં ગડભાંજ થયા કરતી હતી. હજુ તો બે મહિના પહેલાં પોતે છાયાને સાથે લઈને ભાભીની તબિયત જોવા આવેલો ત્યારે બાલાસિનોરની હવામાં જે વમળ ઉત્પન્ન થયેલાં તેને સમાવતાં એ બેયને કેટલી તકલીફ પડેલી એની યાદ હજુય એના મનમાંથી ભુંસાઈ ન હતી.

બહારનાં તો વાત કરતાં કરે પણ પહેલાં તો બાએ જ કિરણને બદલે રેવાની દશા બગાડી નાખી હતી. એમણે કિરણને કશું કહ્યું ન હતું, કારણ કે એ ગાંડીઓ પરાણે રાગે આવ્યો હતો ત્યાં એને કશું કહેવા જતાં પાછો વંકાઈ બેસવાનો ભય હતો. રેવા બાપડી સોંઘી ને સસ્તી હાથમાં આવી ગઈ હતી : 'કોણ હતી એ છોકરી! કેમ આવી હતી. કેમ એકલી આવી હતી. આવડી છોડીને અજાણ્યા સાથે એકલી મોકલતાં એની માને જરાય આંચકો નહીં લાગ્યો હોય! કિરણ એને છાનોમાનો તો ન હતો લઈ આવ્યો ને સાથે!' વગેરે સામટા પ્રશ્નોથી કેસરબેને તેને મૂંઝવી નાખી હતી.

'જુઓ બા, તમને ખબર છે એટલી મને ખબર છે. તમે કિરણને પૂછ્યું હોત તો એ તમને બધું વિગતે કહેત. ને શહેરમાં તો છોકરા છોકરીઓ આમ સાથે ફરતાં હોય છે જ ને. આપણે ગામડામાં રહીએ એટલે આપણને એ બધું નવું લાગે. આ તો એની માએ સામે ચાલીને એને કિરણની સાથે મોકલી હતી, મારી ખબર કાઢવા.'

'આવડી મોટી છોડીને આમ એકલી અજાણ્યા સાથે મારો તો જીવ જ ના ચાલે. એની માને એમેય નહીં થયું હોય કે આ બે એકલાં આટલે દૂર જશે તે રસ્તામાં શું છે ને શું નહીં ને કશું થયું તો ગામમાં કોઈને શું મોઢું બતાવીશું!'

'બા, એ બધી શહેરી લોકોની વાતો. આપણે શી પંચાત! એમને જેમ ઠીક લાગે તેમ કરે આપણે શું!'

'કેમ આપણે શું! કાલે સવારે કિરણને પરણાવતી વખતે આ વાત આગળ આવે કે નહીં? એમને એમની છોડી પરણાવતાંય તકલીફ પડે. આપણે બધી વાતનો વિચાર કરવો પડે. આપણો છોકરો છે એટલે કોરો ઘડો છે એમ કહી આપણે આંખ આડા કાન કરીએ એ કેમ ચાલે! તું ગમે તેમ કહે પણ મને આ બધું કાંઈ બરાબર લાગતું નથી.'

'જુઓ બા, કિરણ જે ભણે છે એ જોતાં એને લાયક છોડી આપણાં ગામડાંમાથી મળવાની નથી, કે આપણાં એવાં ઓળખાણો નથી કે આપણે શહેરમાંથી એને લાયક છોકરી શોધી લાવી શકીએ. કોઈક દિવસ એને જાતે જ છોકરી શોધી લાવવી પડવાની છે. અત્યારથી જ એ આવાં ઓળખાણો વધારતો રહે તો કોઈક એને માટે ક્યાંક બે વેણ કહે ને એને લાયક ઠેકાણું મળી જાય. તમે ખોટો વલોપાત ના કરતાં.'

'પણ તું કાલે આ છોકરીની વાતે એની મશ્કરી કરતી હતી તે!'

'એ તો બા અમારી દિયર ભાભીની ટોળ, એમાં કશું હોય નહીં.'

'કેમ કશું હોય નહીં! કશું હોયા વગર કોઈ બોલતું હશે!'

'એમ તો મારા મામાની દીકરી ચંપા આવતી હતી ત્યારે ફળિયાની બધી બૈરીઓ કહેતી હતી કે કિરણ એની પાછળ ને પાછળ આંટા મારતો હતો. તે શું એ બે જણાં પૈણી જવાનાં હતાં!'

'એ તો ભાઈની સાળી હોય તે બધાં હસે. એમાં શું?'

'તે બા આય એવું. મારો દિયર હોય તે હું હસું કે નહીં! ને વળી આ તો ઊંચા ઘરની છોડી છે. એમ કાંઈ આપણા હાથમાં આવવાની નથી. આ તો ખાલી હસીને એને ચિડવવાનો.' રેવાએ બાને સમજાવવા પ્રયત્ન કર્યો.

'તે સારા ઘરની છોડી હોય તે આમ અજાણ્યા સાથે એકલી નીકળવા દે એની મા?'

'બા, આ છોડી આપણા કિરણ કરતાંય વધારે ભણી છે અને હજુ આગળ ભણે છે. એનામાં જાતને સાચવવાની તેવડ હશે તો આમ એકલી નીકળતી હશે ને! અરે આ છોકરીઓ તો આજે વિલાયત અને અમેરિકાય એકલી જાય છે. એ તો આપણે ગામડામાં રહીએ એટલે આપણને બધું ના સમજાય.'

કેસરબેનને તો આ વહુ કહેતી હતી એય ક્યાં સમજાતું હતું! એ કહે : 'તું ગમે તેમ કહે પણ મને તો લાગે છે કે એવી કોઈ શહેરની છોકરીને કારણે આપણે આપણો છોકરોય ક્યાંક ખોઈ બેસીશું.' એમણે પોતાની શંકા રજૂ કરી જ.

ઘડી પછી રેવા કહે : 'બા એમ કરો ને, ગયે વખતે ગયાં હતાં એમ તમે ને દાજી એક વખત છાનાંમાનાં નડીઆદ જઈ આવો ને. આ વખતે તો રાત રહીને એની બધી તપાસ કરી આવો ને. મનેય લાગે છે કે એવોયે કહે છે એવું કદાચ ના પણ હોય. આપણે આપણી રીતે તપાસ કરેલી સારી. એને બે શબ્દો કહેવા હોય તો કહેવાય પણ ખરા.' રેવાને એ ખબર ન હતી કે બાના ત્યાં જવાથી શું થશે, કે એને એ પણ ખબર ન હતી કે બા ત્યાં જઈને શું કરશે. એણે તો બાની પાસેથી જાન છોડાવ્યો.

હવે કેસરબેનને નડીઆદ જવાની રઢ લાગી. એમણે કુબેર પટેલને જાણે શુંય સમજાવ્યા કે એ પણ નડીઆદ જવા તૈયાર થઈ ગયા. તે દિવસે કિરણને મળ્યા સિવાય એમને નીકળી જવું પડ્યું હતું ત્યારથી જ એમના મનમાં થતું હતું કે એક વખત એ હાજર હોય ત્યારે ત્યાં જઈ એના ભણવા અંગેની વાત પૂછી લેવી. શાંતાબેને એમને સમજાવવા ઘણો પ્રયત્ન કર્યો હતો પણ એમના મગજમાં હજુ ચિત્ર સ્પષ્ટ થતું ન હતું. એમને એ નહોતું સમજાતું કે કિરણને હજુ કેટલું ભણવાનું હતું. એ બાઈ કહેતી હતી એ જો સાચું હોય તો હજુ એને બે વર્ષ તો ભણવું જ પડવાનું હતું.

ને બેય જણાં પાછાં એક દિવસે બપોરનાં કિરણને ત્યાં પહોંચ્યાં. આજે તો એમનો કિરણને ત્યાં રાત રોકાવાનો અને બીજે દિવસે એના દોસ્તનાં બા ગીતાબેનને પણ મળવાનો પ્લાન હતો. જો કે એ ગીતાબેનને મળીને શી વાત કરવાનાં હતાં એની તો ખૂદ કેસરબેન કે કુબેર પટેલનેય ખબર ન હતી.

બેયને આવેલાં જોઈ કિરણને આનંદ થયો : 'કેમ છે ભાભી અને બાબલો?' તેણે પૂછ્યું.

'બેય જણાં લ્હેરમાં છે. તારે કેમ ચાલે છે, ભણવાનું ને નોકરીનું? તારી બા કહે કે કિરણના ખબર કાઢતા આવીએ એટલે આવ્યાં.'

'મારી કશી ચિંતા કરશો નહીં. મારી ચિંતા તો મારાં આ શાંતાબેન કર્યા કરે છે. મારે ક્યારે સૂઈ જવું ને ક્યારે ઊઠવુંથી માંડીને મારે શું ભણવું ને કેટલું ભણવું એ બધી ચિંતા એ કર્યા કરે છે. આપણે તો એ કહે એમ કર્યા કરવાનું. ને નોકરી તો આટલો મહિનો જ છે.' કિરણે બધો ટોપલો શાંતાબેનને માથે ઓઢાડી દીધો.

'મારું કહ્યું કરીશ તો સુખી થઈશ. તારી હજુ આગળ ભણી શકાય એવી ઉંમર છે. થોડી દોડાદોડી થાય કે બે કલાક ઓછું ઊંઘાય તો કાંઈ માંદા નથી પડી જવાતું. જુવાનીમાં તો શરીરને જેટલું કસીએ એટલું સારું.'

'હા ભાઈ, પેલી કહેવતમાં કહ્યું છે કે જુવાનીનું રળ્યું જ ઘડપણમાં કામ આવે.' કુબેર પટેલે શાંતાબેનની વાતમાં હાજિયો પુરાવ્યો. કેસરબેનને સમજાયું કે નહીં છતાં એમણેય હકારમાં માથું હલાવ્યું. ગયે વખતે એ બેય અહીં આવેલાં ત્યારે એમને શાંતાબેનનો જે પરિચય થયેલો એ એમને મન શાંતાબેનને માટે અહોભાવ પેદા કરી ગયો હતો.

'ને રળવું એટલે ફક્ત પૈસા જ કમાવા એવું નહીં. ભણતર એ પણ એક જાતનું રળતર જ છે. ભણવાનું એટલું છે કે જો તમારામાં ધગશ હોય તો આખી જિંદગી ભણ્યા કરો તોય ખૂટે નહીં ને આખી જિંદગી વાપર્યા કરો તોય ખૂટે નહીં. ને

કેસરબેન તમે હવે એની ચિંતા કરશો નહીં. હવે બાબલાને ઉછેરવામાં મન પરોવો. કિરણને તમે ઉછેર્યો. હવે એ એના પગ પર ઊભો રહી શકે એવો થઈ ગયો છે. હવે તો ઊલટાનો એ તમારી ચિંતા કરે એવો થઈ ગયો છે. તમારે કશું જોઈતું હોય તો એની પાસે હક કરીને માગવું. હવે તો એ કમાય છે ને આગળ ભણે છેય ખરો.'

'પણ એ આખી જિંદગી ભણ્યા કરશે તો પછી પરણશે ક્યારે ને ઘર ક્યારે માંડશે! પછી મોટી ઉંમરે એને છોકરી કોણ આપશે!'

'જો એના જેવી ભણેલી છોકરી ખોળશો તો તે પણ એના જેટલી જ ઉંમરની હશે ને! તમે ચિંતા ના કરશો. એને લાયક છોકરી પણ એને ખોળતી આવશે.'

'તમારી બહુ ભણેલાંની વાતમાં અમને બહુ ખબર પડતી નથી. બધું સારું થાય તો સારું.' કેસરબેને કહ્યું.

'જ્યારે સમજણ ના પડે ત્યારે ભગવાન પર ભરોંસો રાખવો, એ બધું સારું જ કરશે એવી શ્રધ્ધા રાખવી.' શાંતાબેને કહ્યું. કેસરબેનને કશું બોલવું હોય તોય આ બાઈની સામે એમની જીભ જ ઊપડતી ન હતી. શાંતાબેનની પાસે જાણે એમના બધા જ સવાલોના જવાબ હાજર હતા.

એમણે છેવટે કિરણને કહ્યુંઃ 'આજે અમે રહેવાનાં છીએ આવ્યાં છીએ તો ગીતાબેનને પણ મળતાં જઈએ. કાલે એમને મળીને પાછાં જઈશું.'

'એમને મળવું હોય તો આજે સાંજે જ મળવા જઈએ તો વધુ ફાવે. વિહારી અને છાયાય મળે. શાંતાબાને માથે આજનાં ટ્યૂશનની જવાબદારી નાખી દઈએ. અમે આવતાં બજારમાંથી શીખંડ લેતાં આવીશું. ને તમે ને બા અમારા આવ્યા પછી પૂરીઓ બનાવી નાખજો. એવું હશે તો બજારમાંથી ખમણ પણ લેતાં આવીશું.' કિરણે રસ્તો કાઢ્યો.

'ભલે ભાઈ તને ફાવે તેમ ગોઠવ. કલાસ તો હું લઈ લઈશ. ને ગીતાબેન તમને વહેલાં નીકળવા દેશે તો ને! એના કરતાં એમ કરો, અમે પૂરીઓ બનાવી નાખીએ પછી જ તમે જાવ તો વધુ સારું. વિહારી પણ ક્યાં વહેલો આવે છે! ને તમે બે જણા ભેગા થશો એટલે પાછા વળતાંય નવ સાડાનવ તો થઈ જ જવાના.' શાંતાબેને મધ્યમ માર્ગ કાઢ્યો.

'હજુ વિદ્યાર્થિઓ આવે તે પહેલાં સમય છે તો હું શીખંડ ને ખમણ લેતો આવું.' કહેતો એ બજાર તરફ ઊપડ્યો ને બે ડોસીઓ પૂરીઓ બનાવવાના કામમાં પડી. કુબેર પટેલ હાથમાં પેપર લઈ બારી પાસે બેસી ગયા. આજે તે રોજને હિસાબે થોડા વધુ શાંત લાગતા હતા. કેસરબેન અને રેવાને જે વાત થઈ હતી તેનાથી એ અજાણ હતા.

કેસરબેનને તો છાયા કિરણ સાથે બાલાસિનોર આવી ત્યારથી જ મનમાં તરેહ તરેહના વિચારો આવતા હતા. રેવા કહેતી હતી કે છાયા ઊંચા ઘરની છોકરી હતી. જો એ એવા ઊંચા ઘરની હોય તો એની માએ પારકા છોકરા સાથે એને બીજે ગામ જવા દેતાં વિચાર ન કરવો જોઈએ! એ ઘરની બહાર નીકળ્યાં હોય તો બાલાસિનાર સુધી જ ગયાં હતાં. એમની દુનિયા એટલામાં જ સમાઈ જતી હતી. એ તો બધું એમની ગામઠી રીતે જ વિચારતાં હતાં.

બધું પરવારતાં સાત વાગી ગયા. ઘેરથી નીકળતાં કેસરબેને શાંતાબેનને કહ્યું : 'તમે અમારા આવવાની રાહ જોઈને ભૂખ્યાં ના બેસી રહેતાં. એ કદાચ વહેલાં ઊઠવા નહીં દે તો અમારે આવતાં કદાચ મોડું થઈ જશે.'

'અને હું તો ગીતાબેનને વર્ષોથી ઓળખું છું. જો તમે સ્હેજ ઢીલું બોલશો તો એ તમને જમવા જ બેસાડી દેશે. એટલે આપણે ખાવાનું વહેલું બનાવી લીધું કે એ બહુ આગ્રહ ના કરી શકે. એ ઘરનો વહેવાર જ જુદો.' શાંતાબેને ગીતાબેનની સાચી ઓળખ આપી.

ખબર નહીં કેમ પણ મનમાં ગૂંચવાતાં હોવા છતાં કેસરબેન આજે બહારથી ઘણાં મકકમ દેખાતાં હતાં. આ મોટાં લોકની વાતો એમના મનમાં બરાબર ઊતરતી ભલે ન હતી પણ હવે એમના મનમાં એ વ્યવહાર માટે શંકાને બદલે માત્ર કુતૂહલ જ બાકી રહ્યું હતું. એમને થતું હતું કે બધાં જ લોક એવી રીતે જો જીવતાં હોય તો એ એક રિવાજ જ ગણાય કે નહીં!

ગીતાબેને બધાંને આવતાં જોયાં ને બારણે આવીને એમને આવકારવા ઊભાં રહી ગયાં. બધાંને આવકારી બેઠકખંડમાં બેસાડી, છાયાને પાણી લાવવાનું કહી એ પણ મહેમાનોની સામે ગેઠવાયાં : 'હું ભૂલતી ન હોઉં તો તમે કિરણનાં બા અને બાપુજી છો.' તેમણે પોતાની અટકળ કહી સંભળાવી.

'તમારી વાત સાચી છે. એ લોકો ઘેરથી આવ્યાં હતાં તે મેં કહ્યું કે ગીતાબાને મળ્યા વગર જશો તો મારે ઠપકો સાંભળવો પડશે. ગયે વખતે એ આવ્યા ત્યારે મને જ મળ્યા વગર જતા રહ્યા હતા એટલે તમારે ત્યાં એમને લઈ આવવાનું બન્યું ન હતું.'

'ને આમેય તને પોતાનેય હવે આવવાનું કયાં ગમે છે! મહિને પંદર દા'ડે નસીબદાર હોઈએ તો વળી તારાં દર્શન થઈ જાય. કયારેક છાયાને કૉલેજ તરફ મળ્યો હોય તો એ વાત કરતી હોય છે.'

'મારે એ બાજુ કેટલીક ઉઘરાણી કરવા જવાનું હોય છે ત્યારે કયારેક છાયા ભેગી થઈ જાય છે ખરી. કયારેક વિહારી પણ મળી જાય છે. ને હવે તો આવતે મહિને હું નોકરીય છોડી દઉં છું એટલે એ રીતે મળવાનુંય નહીં બને.' એણે છાયાને પોતે વારંવાર મળતો હોવાની વાત બહાર ન આવી જાય એ માટે પાણી પહેલાં પાળ બાંધતાં કહ્યું. એના મોઢામાં હજુ શબ્દો હતા કે વિહારી નોકરી પરથી આવી ગયો.

'બા, આને ઘરમાં કેમ પેસવા દીધો છે? એને તો હવે શાંતામાસીએ ગોદ લીધો છે.'

'આજે એનાં મમ્મી પપ્પાને સાથે લઈને આવ્યો છે એટલે પેસવા દેવો પડ્યો. હવે એકલા આવવાની તો એને નવરાશ જ કયાં મળે છે! જાણે એ એકલો જ કામ કરે છે.' ગીતાબેને દીકરાની વાતને સમર્થન આપ્યું.

'તમે જે માનો એ ખરું, પણ નોકરી અને ભણવાનું સાથે કરું તો મને ઊંઘવાનીય નવરાશ મળે એમ નથી. હવે તમે જ કહો હું શું કરું?'

'બધુંય કર પણ આ ગીતામા જીવે છે કે મરે છે એની ખબર વધારે નહીં તો અઠવાડિયે દસ દિવસે કાઢતો રહે.' પછી કેસરબેન તરફ ફરતાં કહે : 'આ તમારો દીકરો હવે બહુ કામગરો થઈ ગયો છે. એ કહે છે એમાંનું કેટલું સાચું હશે એ તો એ જાણે પણ વાંધો નહીં એ કાંઈક કામ કરે ને આગળ ભણતો હોય તો આપણે તો એમાં રાજી જ છીએ ને!'

'અમેય એટલે જ આ બાજુ આવ્યાં. અમને થયું કે આવોયે કહે છે એ સાચું છે કે ઘેર ન આવવા માટે એ બહાનાં કાઢે છે.' એમણે કહ્યું.

'તમારે એની ચિંતા કરવાની જરૂર નથી. એ એવો બટરિયો છે કે ભૂખે નહીં મરે.' વિહારીએ કહ્યું.

'અત્યારે તો શાંતામાસીએ એની જવાબદારી સ્વીકારી છે એટલે એને તો શાંતામાસી વગર બીજું કશું દેખાતું જ નથી. હું કાલે એને ઘેર ગઈ તો કહે : હમણાં તો માસીને પૂછીને પાણી પીઉં છું.' છાયા પણ ચાલતી ગાડીએ ચઢી બેઠી.

'એ તો હંમેશાં લાયક વ્યકિતને શરણે જવું જોઈએ ઓછું તને પૂછીને પાણી પીવાય છે!'

'એને પૂછવા રહીશ તો તરસે મરીશ. મારો અનુભવ છે.' વિહારી બોલ્યો ને છાયા ભાઈ માટે પાણી લેવા દોડી.

'કિરણ સાથે વાતમાં તમને પાણી આપવાનું યાદ જ ન આવ્યું. તમને ફરીથી પાણી આપું?' કહેતાં એણે કેસરબેન અને કુબેર પટેલ સામે જોયું.

'ના બહેન, તુંય હજુ કૉલેજમાં ભણે છે!' કુબેર પટેલે પૂછ્યું.

'હા, લગભગ તમારા કિરણની સાથે જ ગણાય.'

'ના, દાજી એ મારા કરતાં આગળ ભણે છે. આવી ટચૂકડી છોડીઓ આપણા કરતાં આગળ ભણતી હોય તે શરમ આવે પણ થાય શું! હવે જમાનો જ ઈંદિરા ગાંધીનો આવ્યો છે.'

'તેં વરસ ધંધો કરવાની રખડપટ્ટીમાં બગાડ્યું અને એક વરસ નોકરી પાછળ પડ્યો, તે પાછળ પડી જ જાય ને! આ તો ભલું થજો શાંતામાસીનું કે તને રસ્તો બતાવ્યો.'

વિહારીએ કહ્યું ને ગીતાબેન તરફ ફરતાં પૂછ્યું : 'કશું ખાવાનું બનાવ્યું છે કે પછી વાતોનાં જ વડાં કરવાનાં છે?'

'આપણું ખાવાનું તો તૈયાર થઈ ગયું છે. કિરણ કહે છે કે એને શાંતામાસીના હાથનું જ ખાવાનું ભાવે છે એટલે એ બધાં ઘેર ખાવાનું બનાવીને જ આવ્યાં છે.'

'એટલે જ હું કહેતો હતો કે એને ઘરમાં પેસવા દેવા જેવો જ નથી. અહીં આવવાનું હતું તો પછી ઘેર ખાવાનું બનાવરાવવાની શી જરૂર હતી!'

'ભાઈ તારા આવતાં પહેલાં તારે ઘેર ખાવાનું તૈયાર થઈ જ જતું હોય છે એની મને ખબર હતી એટલે અમે અમારી વ્યવસ્થા કરીને જ નીકળ્યાં.'

'ઠીક છે, આજે એનો વાંધો નહીં પણ કાલે બપોરે અમારે ત્યાં ખાવાનું છે બધાંએ.' ગીતાબેને વટહુકમ બહાર પાડ્યો.

'પણ કાલે સવારે તો અમારે પાછાં જવું છે.' કુબેર પટેલ કહેવા ગયા.

'એ તમારા દીકરાને પૂછો. એણે ઘેર ખાવાનું તૈયાર કરાવતા પહેલાં અમને જાણ કરી હોત તો વાંધો ન હતો. હવે એણે કાલે અડધી રજા લેવી પડશે, છાયાને કૉલેજમાંય નહીં જવાય અને બનશે તો વિહારીનેય રજા લેવી પડશે.'

'પણ એવું બધું કરવાની શી જરૂર છે! અમે ફરીથી આવીશું ત્યારે પહેલેથી જ તમને જણાવીશું.' કેસરબેને કહ્યું.

'એમ ન કરવું હોય તો તમે કાલે રોકાઈ જાવ. કાલે સાંજે અમારે ત્યાં જમો પછી કશો વાંધો નહીં.'

'હા એ જ સારું પડશે. કાલે સાંજે નક્કી.' વિહારી બોલી ઊઠ્યો. કિરણને તો બોલવા જેવું રહ્યું જ ન હતું. જો એ કશું બોલ્યો હોત તો પેલાં ત્રણેય જણ તેના પર તૂટી પડ્યાં હોત.

'ભલે એમ રાખો.' છેવટે કુબેર પટેલને જ નમતું જોખવું પડ્યું. ને બીજે દિવસે સાંજે એમને ગીતાબેનને ત્યાં જમવા જવું જ પડ્યું.

'અને જતાં તારાં શાંતામાસી માટે ટિફિન લેતો જજે, નહીં તો એ કહેશે બધાંને જમાડ્યાં ને શાંતામાસી જ ન સાંભરી.' ગીતાબેને યાદ દેવડાવી.

'તું નહીં કહું તોય એ શાંતામાસીને ભૂલે એવો નથી.' છાયાએ પણ ટકોર કરી લીધી. કેસરબેનને આ છાયા માટે કે એનાં મા માટે કે વિહારી માટે શું કહેવું એની જ સમજણ પડતી ન હતી. બધાં જાણે કિરણને વર્ષોથી જાણતાં હોય એમ વર્તતાં હતાં. કિરણ જાણે એમના ઘરનો જ એક સભ્ય બની રહ્યો હતો.

રાતે ઘેર પહોંચ્યા પછી કેસરબેને શાંતાબેનને બધી વાત કરી. શાંતાબેન કહે : 'મેં તો તમને પહેલેથી જ કહ્યું હતું. એમની આગળ કોઈનું ચાલે જ નહીં. એ તો સારું થયું કે તમે આજે રોકાવાનું  નક્કી કર્યું નહીં તો એમણે તમને કાલે જ જમવા બેસાડી દીધાં હોત. એમનું ભલું પૂછવું.'

અનુક્રમ Þ

## ૭:- સાત વીઘાંની પાટ

કુબેર પટેલ ગમમાં હોય તો એમની પાટમાં આંટો માર્યા સિવાય કદી ખાવા ના બેસે. એમણે પોતાની બધી જમીન પિતરાઈઓને ખેડવા આપી દીધી હતી પણ આ સાત વીઘાંની પાટ એમણે એમના વર્ષો જૂના ચાકર વજેસંગને ભાગે ખેડવા આપી હતી. એમના મનમાં એમ કે એમાંથી બાપડો ગાડું બે ગાડાં દાણા પામે તો એનાં છોકરાં ખાધા વગરનાં ના રહે.

ગામથી એ પાટ બહુ દૂરેય નહીં કે એવી નજીક પણ નહીં એટલે કુબેર પટેલને રોજ ત્યાં જવાનું અને જાય તો બે ઘડી બેસવાનું ગમતું. વજેસંગે ત્યાં એક મજાનો માળો બનાવ્યો હતો. માળામાં જમીનથી બેએક ફીટ ઊંચો એક માળ બનાવ્યો હતો. એની ઉપર છસાત ફીટ ઉપર એક મજાનું છાપરુંય બનાવ્યું હતું. પટેલ માળા પર પગ લબડાવીને બેસતા અને વજેસંગ સામે જમીન પર ઉભડક પગે બેસતો. ને બેય આખા ગામની નવાજૂની ઊખેડતા. કોના ખેતરમાં કયો પાક કર્યો છે ત્યાંથી માંડીને એની ઠાકરડાની નાતમાં કોની છોડીનો વિવાહ થયો એની બધી માહિતી પટેલ રસથી પૂછી લેતા. કોઈકને મદદ કરવા જેવી હોય તો એને પાટ પર બોલાવરાવતા અને મૂઠી વાળીને એને કાંઈક આપતા પણ ખરા.

વજેસંગ પણ એની નાતમાંથી આવી વાતો એમને રસથી જણાવતો. એનાથી પેલાને મદદ થતી અને વજેસંગનું પણ નાતમાં માન વધતું. બધાને થતું કે વજેસંગ છે તો પટેલ એમને મદદ કરે છે. ને ઉપરથી સરકારના ગણોતધારાના કાયદા છતાં પટેલે એને આખી સાત વીઘાંની પાટ ભાગે ખેડવા આપી હતી એટલે પટેલની ઉદારતા અને વજેસંગની આબરૂ આખા ગમમાં પંકાયાં હતાં.

પટેલને પ્રતાપે વજેસંગ સુખી હતો, ને નાતમાંય એનું માન હતું. લોકો વાતો કરતા કે જેમણે ગણોતધારાનો લાભ લઈ લોકોની જમીનો પડાવી લીધી હતી એના કરતાં વજેસંગ હજાર દરજ્જે વધુ સુખી હતો. જમીનો પડાવી લેનારાઓ એ મફતની કિંમતે મળેલી જમીનો વેચીને કે ગીરો મૂકીને ક્યારનાય નવરા થઈ ગયા હતા. કેટલાક તો ઊલટા દેવામાં પેસી ગયા હતા. હરામનું કોઈને પચ્યું ન હતું. સરકારે જ એમને અનીતિના પાઠ ભણાવ્યા હતા. ને એક વખત હરામનું ખાધા પછી કામ કરીને પરસેવો પાડવામાં તેમને નાનમ લાગવા માંડી હતી. ને કામ કર્યા વગર તો એમનામાં એવી કયી આવડત હતી કે ખાવા જેટલું કમાઈ શકે!

ધનેરામાં બેચાર કિસ્સાને બાદ કરતાં કોઈએ જમીનો પચાવી પાડી ન હતી. એમ કહેવાતું કે ધનેરામાં શાહુકારો છે એવા જ ત્યાંના ખેડૂતો ને ગણોતિયાઓ પણ છે. એટલે બધા સુખી છે અને બીજાં ગામોની સામે ધનેરાની આબરૂ પણ સારી છે. પરમેસરિયાની જેમ લોકો હજુ રોકડિયા પાક તરફ વળ્યા નથી, છતાં ખાધેપીધે સુખી છે. વજેસંગ જેવા ગણોતિયા છે તો સામે કુબેર પટેલ જેવા પટેલિયાય છે. ગામમાં સંપ અને ઘરોબાની ભાવના આ કળિયુગમાં પણ સચવાઈ રહી છે.

કુબર પટેલે આ વર્ષે પાટમાં સો ગાડાં છાણિયું ખાતર ભરાવ્યું હતું. ગામ લોકો હસવામાં કહેતા હતા કે પટેલ એમાં સોનું પકવવાના હોય એમ લાગે છે. વજેસંગ પણ ખાતરનાં ગાડાં ભરીઠાલવીને થાકી ગયો હતો. પટેલનો વિચાર એમાં કેળાં પકવવાનો હતો પણ વજેસંગને કોઈકે વહેમ ઘુસાડ્યો એટલે એમને કેળને બદલે ડાંગર કરવી પડી. અભણ માણસોને કોઈ આવો વહેમ ભરાવી દે તો એ નીકળવો અઘરો હોય છે. કુબેર પટેલને થયું કે એને જમીન આપીને જો એના કહ્યા પ્રમાણે જ ખેતી કરવાની હોય તો લાખના બારહજાર કરવા જેવું થાય. એના કરતાં કોઈ બીજાને જમીન આપી હોય તો બે પૈસા પોતાને પણ વધુ મળે.

જ્યારે પણ કુબેર પટેલને તેની ખેતીની રીત કે આવડત માટે અસંતોષ થાય ત્યારે એ કાયમ કહેતો : 'ભા, એવી ખેતી તો મારાથી નહીં થાય. તમારે એવી રીતે ખેતી કરાવવી હોય તો તમે કોઈ બીજાને ખેતર આપો. તમારું ખેતર છે, પણ મારાથી તમારા કહેવા મુજબ નહીં થાય. હું તો મારી આવડત પ્રમાણે ખેતી કરી જાણું.'

કુબેર પટેલને મનમાં એમ હતું કે વજેસંગ બાપડો કામથી અને એની આવડતથી પાછો પડે છે. હવે જો ફરીથી એવું કહે તો ખેતર એને બદલે કોઈક પિતરાઈને આપી દેવું. એવા આવડત અને ધગશ વગરના માણસને સાથે રાખવાની વાત લાંબે ગાળે નડે જ.

ને એમને એ શોધતા હતા એવી તક મળી ગઈ. એક દિવસ ફરીથી વજેસંગ એવું બોલ્યો. કુબેર પટેલ કહે : 'પછી તું શું કરીશ? તને બાર મહિને ખર્ચો કાઢતાં નાખી દેતાંય બે ગાડાં જેટલા દાણા મળે છે. પછી તું કયી મજૂરી કરીશ તો તને એટલું મળી રહેશે!'

'એ તો ભા હઉના નસીબમાં હોય એટલું હઉને મળી રહે છે. વત્તું કે ઓછું, ઉપરવાળો આલે એટલું ખરું.'

'જો તારી એવી જ ઈચ્છા હોય તો હું પાટ બીજાને ખેડવા આપી દઉં. પણ તેં ગઈ સાલ આખો મહિનો મહેનત કરીને ખાતર કાઢ્યું છે તેનું શુ?'

'એનું કશું નહીં. નસીબમાં હતું ત્યાં સુધી કામ કર્યું ને બે દાણા પેદા કર્યા ને ખાધા. ગઈ સાલ ડાંગર પકવી જ હતી ને! હજુ આખું વર્ષ ચાલે એટલા ચોખા ઘરમાં પડ્યા છે.'

'ના, એમ નહીં. તારી એ મહેનતના બદલામાં હું તને રૂપિયા અઢી સો આપીશ, કાલે ઘેર આવીને લઈ જજે. કાલે ઊઠીને કોઈ મને એમ ના કહે કે વજેસંગને મેં છેતર્યો છે.'

'કોઈ શું કહેતું હતું. આખું ગામ જાણે છે કે તમારે પરતાપે તો આજ હુધી ખાતાપીતા રહ્યા છીએ. તમે આલશો તો લઈ લઈશ, પણ તમે ના આલો તોય મને એનું દુખ નથી.'

'મારે ના આલવા હોત તો મેં તને હંભાર્યા જ ના હોત ને! કાલે આવીને ઘેરથી લઈ જજે.' કહી કુબેર પટેલ ઘર તરફ વળ્યા. એમને એ નહોતું સમજાતું કે આને એટલુંય કેમ સમજાતું નથી કે એ ગમે એટલી મજૂરી કરશે તોય એને આનું ચોથા ભાગનુંય મળતર થવાનું ન હતું. પણ ઘણી વખત આવા ભોળા માણસો લોકોની વાતોમાં આવી જઈ આવું ઉતાવળિયું પગલું ભરી બેસતા હોય છે.

રસ્તે ચાલતાં વજેસંગ પણ એ જ વિચાર કરતો હતો. આ ખેતર છોડી દીધું એમાં પોતાને ચોખ્ખો ગેરફાયદો હતો. પણ પટેલે બાપડે, આપણે બે પાંદડે થઈએ એમ ગણીને આપણને ખેતર ખેડવા આપ્યું. હવે જો એને આપણે લીધે નુકશાન જાય તો ખોટું ને! ને મજૂરીમાં પૂરું નહીં થાય તો પાછા ભાને કહીશું કે કોઈ બીજું નાનું ખેતર ખેડવા આલો. આપણી આબરૂ સારી હશે તો પટેલ બીજું ગમે તે ખેતર કાઢી આલશે. આટલાં વરસ આબરૂભેર કાઢ્યાં એય પટેલનો ટેકો એટલે જ ને.

ઘેર પહોંચ્યો તો એનાં છોડી જમાઈ આવ્યાં હતાં. બાપાને અવાર નવાર ખેતીના કામમાં મદદ કરવા બેય જણાં આવી જતાં હતાં. વજેસંગ, એની બૈરી હરખા અને આ બે જણાં મળીને ખાસ્સું કામ ખેંચી કાઢતાં. બાકી રહેતું એ માટે થોડાં દાઢિયાંય કરતા. દાઢિયાંને આપવાના પૈસા પોતાની પાસે રોકડા તો કયાંથી હોય, પણ પટેલ આપતા ને પાક તૈયાર થયે હિસાબ કરી કાપી લેતા. છોડી અને જમાઈને તો વજેસંગ આખું વરસ ચાલે એટલા દાણા ભરી આપતો.

બાપાએ સાત વીઘાંની પાટની ખેતી છોડી દીધી એ જાણી બેય જણ હતાશ થઈ ગયાં. જમાઈ ફતેસંગ શહેરની પાસેના એક ગામડામાં પ્રાથમિક શાળામાં શિક્ષક હતો. કોઈક અજાણ્યાને ત્યાં મજૂરી કરવા જતાં એને શરમ આવે એ દેખીતું હતું, પણ સસરાના ખેતરમાં મજૂરી કરવામાં એને નાનમ લાગતી ન હતી અને બદલામાં મજૂરી કરતાં વધારે મળી રહેતું હતું એની એને લાલચ પણ ખરી.

'પણ બાપા હવે તમે કોને ત્યાં મજૂરી કરવા જશો આ જતે જન્મારે!' એણે પૂછ્યું.

'ભગવાન હુજાડશે એમ કરીશું. પણ પાડાની કાંધ જેવી જમીન પટેલની ને આપણે લીધે પૂરી ઉપજ ના લેવાય, એ કેમ ચાલે! ગયે વરસે જેણે કેળ્યો કરી એ કમાઈ ગયા તે આપણે લીધે પટેલને ખોટ જ ને. એમણે તો બાપડાએ સો ગાડાં ખાતર ભરાવ્યું હતું તે કેળાં કરવાની ગણતરીએ જ ને! આપણી વહેમીલી નાત. આપણે કેળ્યો ના કરવા દીધી. જેમણે કરી એ કોઈને કશું ના નડ્યું પણ આપણે લીધે પટેલને તો નડ્યું જ ને! તોય એ બાપડાએ મને એક અક્ષરેય કહ્યો નથી. પણ મને જ એવું લાગ્યું કે મેં એ ખેતરમાંથી ભાગ કાઢી નાખ્યો.'

'બાપા એ તમે હારું ના કર્યું. તમારે લીધે અમેય ખાધા જેટલા દાણા પામતાં હતાં મહીંથી. તમારા જમાઈને પારકી મજૂરી કરવા જવામાં નાનમ લાગે ને માસ્તરના પગારમાં ઘર ચાલે નહીં. આ પાટ હતી તો બેય જણાં અહીં દોડ્યાં આવતાં હતાં બે હાથે થાય એટલી મજૂરી કરવા લાગતાં હતાં ને તમે મૂઠી વાળીને અમને બાર મહિના ચાલે એટલા દાણા ભરી આલતા હતા. હવે તમે અને અમે બેય કેમનું પૂરું કરીશું એની જ હમજણ પડતી નથી.'

'બાપા તમે જઈને ભાને સમજાવો, એ જમીન પાછી આલશે. આપણે એ કહેશે એમ ખેતી કરીશું, પછી છે કાંઈ!' જમાઈ ફતેસંગ કરગરી પડ્યો. એને એમ થયું કે વજેસંગ એના કહેવાથી પાછો જશે ને પટેલ એને એ જમીન પાછી આપશે. પણ વજેસંગને મનમાં એવો વહેમ પેસી ગયો હતો કે કેળ્યો કરવાની વાત કરી ત્યારથી જ ડોશી માંદી પડી ગઈ હતી.

'આપણે કારણે એમને આ વરસે દહ હજાર રૂપિયાની દેખીતી ખોટ ગઈ એટલે મારું મન જ પાછું પડી ગયું છે. એમણે ખેતર નથી લઈ લીધું, મેં જ છોડી દીધું છે.'

'તે હવે જઈને કહો કે હવે અમારે લીધે એમને કશું નુકશાન નહીં જાય. તમે કહેતા હો તો હું તમારી સાથે આવું એમની પાસે. આ જમાનામાં આપણને આવી જમીન ખેડવા આપે પણ કોણ.'

'એટલે તો આપણાથી એ જમીનને પકડી ના રખાય. આપણે બે પાંદડે થઈએ એમ ગણીને એમણે આપણને જમીન આપી ને આપણા વહેમને લીધે એમને પૂરું ઉત્પન્ન ન મળે એ આપણી જ ભૂલ ને! આ તો દયાને ડાકણ ખાય એવું થયું.'

'તમે તો બાપા પરવારી ગયા છો, પણ અમારે તો હજુ આખી જિંદગી કાઢવાની છે. અમારે માટે થઈનેય અમારે કશો રસ્તો કરવો પડશે. પણ હવે અમને પૂછ્યા વગર આવું કશું કામ ના કરશો. પાછળ અમારોય વિચાર કરજો.' જમાઈએ કહ્યું. વજેસંગને એની વાતમાં કશી ખબર પડી નહીં પણ એ એમની મેળે એમનું ફોડી લેશે એમ માની એ મૂંગો રહ્યો.

બે દિવસ પછી એમની જ નાતના એક આગેવાન નેતા શના ઠાકોરને સાથે લઈને એ બેય પાછાં આવ્યાં. રાતના અંધારામાં એ આગેવાને વજેસંગને સમજાવવાની આગેવાની લીધી : 'તમને વડીલ આજની દુનિયાની ખબર નથી પણ હાથમાં આવેલી આવી સોનાની ખાણ જેવી જમીન એમ છોડી ના દેવાય. તમારે તમારી દીકરી ને જમાઈનોય વિચાર કરવો પડે ને!'

'એમને એમનું નસીબ છે ને. જમાઈ ભણેલા છે, એ નોકરી કરે છે. એ એમનું ફોડી લે એવા છે. ને હું મરી જાઉં પછી આ છાપરું છે એય એમનું જ છે ને, મારે કોણ છે પાછળ એમના વગર!'

'આ છાપરાનું શું ઊપજે ? જે ખરું આપવા જેવું હતું એ તો તમે પટેલને પાછું આપી દીધું. સરકારે આપણે માટે તો ગણોતધારો ઘડ્યો છે. તમે સામે ચાલીને આ કાયદાનો ભંગ કરો છો અને હાથે કરીને પગ પર કુહાડો મારો છો. કાલે સવારે તમારા હાથપગ ખડશે ત્યારે આ છોડી ને જમાઈ જ તમારી ચાકરી કરવાનાં છે. પણ એમને તમારી ચાકરી કરવાનો ઉમળકો થાય એવું તમારે કરવું જોઈએ કે નહીં!'

'એમને તમે પૂછો કે આજ હુધી મેં એમને દાણાદૂણીની કદી અગવડ પડવા દીધી છે? ને ભગવાનની દયા હશે તો મારે ત્યાંથી એ કદી ખાલી હાથે પાછાં નહીં જાય. પછી તો જેવી ઠાકરની મરજી ને જેવાં એમનાં નસીબ.'

'એમનાં નસીબ તો સારાં છે, પણ તમે એમનું કહેવાનું માનો તો ને! તમે આ પાટ સાચવી રાખો તો એમની સાત પેઢી સુધી એમને કશી વાતે ચિંતા કરવાની જરૂર જ ન રહે. પણ તમે આબરૂના ખોટા ખ્યાલોમાંથી બહાર આવો તો ને!' એ શના ઠાકોરના આબરૂના ખ્યાલ કેવા હતા એ જાણવાની વજેસંગને જરૂર જ જણાતી ન હતી.

'ખોટા કે સારા પણ મારા ઠાકરથી ડરીને હેંડેલા સારા. આપણાથી પૂરું પકવીને અલાતું ન હોય તો જમીન એના માલિકને પાછી આલી દેવી એ જ બરાબર ગણાય. મેં એમ કર્યું. જો એમને એમ લાગતું હોય કે એમનાથી વધારે પકવી

અલાશે તો એ પટેલ પાસે જઈને જમીન ખેડવા માગે. પટેલને ફાવશે તો એમને જમીન આપશે. પટેલનેય બે પૈસા વધારે મળશે ને જમાઈનેય વાંધો નહીં આવે.' વજેસંગે ભોળેભાવે કહ્યું પણ પેલાંમાંથી કોઈ એના જેવું ભોળું ન હતું કે એની વાત સમજે.

'મારી વાત સમજો, તમારા જમાઈને એ પટેલ જમીન ખેડવા આપે જ નહીં. ને મને લાગે છે કે એક વખત છોડી દીધા પછી એ તમનેય પાછી સીધી રીતે તો ના જ આપે.' પેલા નેતાએ પોતાની શબ્દોની જાળ પાથરવા માંડી.

'સીધી રીતે એટલે?'

'સીધી રીતે એટલે સીધી રીતે. તમે માગી જુઓ એટલે તમને ખબર પડશે. એ હજાર બહાનાં કાઢશે પણ તમને એ જમીન ખેડવા પાછી નહીં આપે એ વાત સાચી.'

'પણ મારે ખેડવી નથી કે પાછી માગવીય નથી. એ જાણે ને એમની જમીન જાણે, મારે શા માટે પાછી માગવા જવી પડે!'

'કેમ એમની જમીન! આટલાં વરસ લોહીનું પાણી કરીને એને હાચવી એનું કશું નહીં! પટેલે એમાં કયાં પરસેવો પાડ્યો છે! સરકારનો કાયદો છે કે ખેડે એની જમીન. આટલાં વરસ તમે એ જમીન ખેડી હવે એ પટેલની રહી જ કયાં છે? એ જમીન હવે તમારી છે.'

'તમે ગમે એમ કહો પણ મારે જમીન પડાવી લેવી નથી. આખું ગામ ના કહેતું હતું તોય એમણે મને એ જમીન ખેડવા માટે આલી હતી.'

'તે આમાં પડાવી લેવાની વાત કયાં આવી? આપણે એમને સરકાર ઠરાવે એટલી રકમ આપીને જમીન વેચાતી લેવાની છે.'

'પણ એમને જમીન વેચવી હોય તો ને. મને ખબર છે કે લાખ વાતેય એ આ પાટ ના વેચે. એમને આ ખેતર માટે બહુ માયા છે.'

'જુઓ વડીલ, અમારી વાત તમને નહીં સમજાય પણ ઘરનાં છોકરાંને રડતાં રાખીને એ સુખી માણસની કોઠી ભરવાની વાત આ જમાનામાં ના ચાલે. આ જમાનામાં તો બધાની સાથે રહેવું પડે, તો જ રોટલા ભેગા થવાય.'

'મને તમારી વાત નથી સમજાતી પણ તમારી વાતમાં મને દગાબાજીની ગંધ આવે છે. મારાથી તમે કહો છો એમ નહીં થાય. મારા જમાઈને પૈસાની તકલીફ હોય તો કાલે હવારે આ ખોયડું વેચીને એના પૈસા એમને આલી દઈશ ને હું ચરામાં છાપરું બાંધીને પડ્યો રહીશ. પણ અનીતિની વાતમાં મારું નામ નહીં.'

'જુઓ વડીલ, આજે વીશ વરસથી ગાંધીને મારગે ચાલું છું. આવા તો કેટલાય કોયડા ઊકેલી નાખ્યા છે. તમે તૈયાર નહીં થાવ તોય એ જમીન તો હવે એ પટેલને અમે નહીં જ પચવા દઈએ. તમારી પાસે આબરૂ રહેશે તોય તમે ભૂખે મરશો ને આબરૂ નહીં હોય તોય છોકરાં સુખનો રોટલો ખાશે ને તમને આશીર્વાદ આપશે એ તમારા મનમાં નથી ઊતરતું એટલે મારે હવે મારો રસ્તો લેવો પડશે.'

'મારા સાથ વગર તમારાથી થાય એ કરો. મને એ ગંદવાડમાં ના પાડશો.' કહેતાં વજેસંગની આંખોમાં પાણી તગતગી રહ્યાં. એમને લાગ્યું કે આ ધોળિયો જમાઈને ઊંધે રસ્તે દોરી જવાનો હતો. પણ એમને એ કયાં ખબર હતી કે જમાઈ એટલા માટે તો એને બોલાવી લાવ્યો હતો.

વજેસંગને ત્યાંથી નીકળ્યા પછી શહેરમાં જતાં પેલા નેતાએ પેલાં બેયને પોતાનો પ્લાન સમજાવવા માંડ્યો : 'જો આ ડોસો નામકકર જાય તો પછી એક જ ઉપાય બાકી રહે છે. બસો પાંચસો ખર્ચીને ડોસાને અસ્થિર મગજનો ગણાવીને તેના વારસદાર તરીકે એની દીકરીને એ જમીન અપાવવી.'

વજેસંગની દીકરીને આટલી હદે જઈ બાપાનાં ધોળાંમાં ધૂળ ભરવાની વાત ગમી તો નહીં, પણ ધણીનું દબાણ અને પેલા આગેવાનની દલીલો આગળ તેને નમી જવું પડ્યું. પછી આખે રસ્તે પેલા બે કાવતરાખોર એમના પ્લાન બનાવતા રહ્યા. ને એમની પાછળ ચાલી આવતી ઉજમને અડધું પડધું જે સંભળાતું હતું એય સમજાતું ન હતું.

એ લોકોના ગયા પછી વજેસંગને પણ મનમાં ગભરાટ થવા માંડ્યો. એને થયું કે પેલો ધોળિયો ભેગો ભળ્યો હતો એટલે કશુંક આડું અવળું કર્યા વગર એ રહેશે નહીં. એને થયું કે એને ભાને સાવધાન કરી દેવા જોઈએ. એને છોડીનું દાઝતું હતું પણ જમાઈની નજરમાં હવે એને કળિયુગ દેખાયો હતો. એવોયે છોડીને દુખી ના કરે તો સારું, એમ એ ભગવાન પાસે માગી રહ્યો.

એણે ગામમાં જઈ કુબેર પટેલને વાત કરવાનો વિચાર કર્યો. બીજે દિવસે સવારમાં એ પટેલને ત્યાં પહોંચ્યો તો પટેલ સમજ્યા કે એ પૈસા લેવા આવ્યો હશે. એમણે એને માટે ચ્હા મૂકવાનું કહ્યું. ને વજેસંગને ચૂપ બેઠેલો જોઈ પૂછ્યું : 'કેમ ઢીલો લાગ છ! કશું થયું છે કે શું!'

'ભા, મનમાં ગડભાંજ ઊભી થઈ છે. હવે તમારે જ રસ્તો કાઢવાનો છે.'

'તે રસ્તોય કાઢીશું પહેલાં તું ચ્હા તો પી. તારાં તો જાણે બારેય વહાણ બૂડી ગયાં હોય એમ ભાંગી પડ્યો છું.' કુબેર પટેલને એની રોતી સૂરત જોઈ કશું અમંગળ થયું હોવાની શંકા આવી. એમને એમ પણ લાગ્યું કે જમીન પાછી સોંપી દીધા પછી એને એમ કરવા પાછળની ભૂલ સમજાઈ હશે.

'ભા, વાત જ એવી થઈ ગઈ છે. આ ધોળાંમાં ધૂળ ભરાય એવું થયું છે. તમને વાત કરતાંય શરમ આવે છે.'

'જો ભાઈ, દાયણની પાસે પેટ ના સંતાડાય. તારે જે કહેવું હોય એ કહે.'

'ભા, આ ધોળાંમાં ધૂળ ના ભરાય એની આખો જન્મારો કાળજી રાખી પણ હવે લાગે છે કે મારાં પૂણ્ય પરવાળી ગયાં. મારાં છોડી-જમઈ જ મારાં વેરી પાકયાં.'

'શું કર્યું એમણે? તને કશું કહ્યું?'

'હજુ કશું કર્યુ નથી પણ એમનાં લછ્છણ મને હારાં દેખાતાં નથી. એમની નજર આપણી પાટ પર છે. કાલે સાંજે એ બેય જણાં કોક ખાદીવાળાને હાર્યે લઈને આવેલાં. મને હમજાવવા બહુ મથ્યાં કે ખેડે એની જમીનનો કાયદો છે. મારે પાટ પાછી ના આલવી જોયે. હું ના મકકર ગયો તો મને કહે કે તું માંને તોય ઠીક ને ના માંને તોય ઠીક પણ પટેલને એ પાટ નહીં પચવા દે.' કહેતાં વજેસંગ રડી પડ્યો.

કુબેર પટેલ પણ આંચકો ખાઈ ગયા. એમણે કહ્યું : 'જો તારો વિચાર ના હોય તો એમના બાપનુંય એમાં કશું વળે નહીં. બે દા'ડા ફૂંફાડા મારશે ને પછી ઠંડા પડી જશે.'

'તમે ભણેલા લોકની વાતમાં મને ખબર ના પડે પણ મને એમનાં તેવર હારાં લાગતાં નથી. એવાંયે કશું અળવીતરું કરશે તો મારે તો ગામમાં નીકળવાનુંય બંધ થઈ જશે.'

'તું ઢીલો ના થઈ જઈશ. પરમેસરિયેથી મનોર મોટાને બોલાવીશું. એ એમને સમજાવશે. એ કશોક રસ્તો કાઢશે.'

કુબેર પટેલે વજેસંગને ધરપત બંધાવી પણ એમને કોણ ધરપત બંધાવે! એમણે આવા જેટલા કિસ્સા જોયા કે સાંભળ્યા હતા એ બધામાં જમીનો છેવટે ગણોતિયાને જ મળી હતી. એ ઈચ્છી રહ્યા કે વજેસંગ હવે ઊઠે તો સારું. એમને પાણી આવે એ પહેલાં પાળ બાંધી લેવા દોડાદોડી કરવાની હતી. 'એનું તો જે થવાનું હશે એ થશે પણ તને પેલા પૈસા આપવાના કહેલા એ તો તું લેતો જા.' એમણે કહ્યું અને પૈસા લેવા ઊભા થયા.

'એ વાત હવે ના સંભારશો. જો બધું સમુંસુતરું પાર ઊતરશે તો હું આવીને સામેથી માગી લઈશ.' કહેતાં એ ઘરની બહાર નીકળ્યો, નીકળ્યો શું જાણે ભાગ્યો જ.

કુબેર પટેલ પણ મનોર મોટાને મળવા ઊપડ્યા. એમના મનમાં જાતજાતના વિચારો ઘમસાણ મચાવી રહ્યા હતા પણ એમાં ક્યાંયે વજેસંગ કસૂરવાર લાગતો ન હતો. હવે જો વજેસંગ પોતાની તરફેણમાં જુબાની આપે તો પછી પેલા લોકો શું કરી શકે એ તેમને ઘણું વિચાર્યા પછીય સમજાતું ન હતું. પણ જે એ ધંધો જ લઈને બેઠા હોય એ સરકારના કાયદાની બધી બારીઓની ખબર રાખતા હોય છે એટલે મોટાને પૂછી લીધેલું સારું.

પણ એક ખાદીવાળો એમાં ભળ્યો હતો એટલે એ કશુંક અણધારેલું તો કરવાનો જ. કશું નહીં તો ઉપરથી લાગવગ વાપરીને બેચાર ખોટા પુરાવા ઊભા કરીનેય હેરાન કરવા પ્રયત્ન કર્યા વગર તો એ નહીં જ રહે એમ તેમનું મન કહી રહ્યું હતું. મનોર મોટાને આવી બાબતોમાં વધારે સમજણ પડે એવું જાણતા હોવાથી એમને પહેલો જ વિચાર મનોર મોટાની સલાહ લેવાનો આવ્યો હતો ને!

ગામને ચોરે જ મનોર મોટા મળી ગયા. વેવાઈને અચાનક જ આવેલા જોઈ એમને થોડો અચંબો થયો. એ ચોરેથી ઊભા થયાઃ 'આવો ભા, ઘેર જ જઈએ. આમેય હું ઊઠતો જ હતો. કેમ અચાનક આવવું થયું? બધાં કુશળ તો છે ને!' તેમણે થોડા ગૂંચવાતાં પૂછ્યું.

'ઘેર જઈને બધી વાત કરું. જમીનને લગતી વાત છે, બાકી બધાં કુશળ છે.'

'એવી વાતોની કશી ચિંતા નહીં. મારે તો તમે જાણો છો રોજ એવા બધા લોચા જ ઉકેલવાના હોય છે. મને તો હવે એવી વાતની કશી ચિંતા જ નથી થતી.' મનોર મોટાએ કહ્યું.

ઘેર જઈ બેય જણ બેઠા એટલે કુબેર પટેલે બધી વાત વિગતે કરી. એક ખાદીવાળો મહીં ભળ્યો છે એ જાણી એમનેય થોડી મૂંઝવણ તો થઈ. 'એવો કોણ ખાદીવાળો છે એ જોઈશું. કાલે હું તાલુકે જઈને બધી તપાસ કરીશ. એ ખાદીવાળાનોય કોઈ ગુરુ શોધવો પડશે,' એમણે કહ્યું.

અનુક્રમ Þ

૮ઃ- ભાંડો ફૂટ્યો

કિરણ અને છાયા વચ્ચે સંબંધ જે ઝડપથી વધતો જતો હતો એ ગીતાબેન કે વિહારીની નજરથી લાંબો સમય છૂપો રહી શકે એમ ન હતો. કિરણ એમને ત્યાં ભલે ઓછો આવતો હતો પણ બન્ને બહાર રોજ મળતાં રહેતાં હતાં. એમને એમ હતું કે કોઈને એમને માટે શંકા ન હતી પણ સાવ એવું ન હતું. વિહારીના એક દોસ્તે એનું ધ્યાન એ તરફ દોર્યું ત્યારથી વિહારીએ પણ તપાસ રાખવા માંડી હતી. આ તપાસમાં એને જે વાતો જાણવા કે જોવા મળી તે એને ચિંતા કરાવવા માટે પૂરતી હતી.

એણે ગીતાબેનને વાત કરતા પહેલાં કે છાયાને કાંઈ કહેતા પહેલાં વધુ તપાસ કરવાનું યોગ્ય માન્યું. એણે નોકરી પરથી સમય કાઢીને છાયાની હિલચાલ પર નજર રાખવા માંડી. એને લાગ્યું કે વાત ઘણી આગળ વધી ગઈ હતી. પોતાને આજ સુધી આ લોકોએ કશી ખબર જ પડવા નહોતી દીધી એ જાણી એને વધારે ખરાબ લાગ્યું. એણે જોયું કે છાયા ઘણી વખત શાંતાબેનને ત્યાં પણ જતી હતી. શાંતાબેનેય એમાં ભળીને બધું ચલાવતાં હોય તો એ એમને માટેય સારું ન કહેવાય.

ને એક દિવસ એ બપોરને સમયે શાંતાબેનને ત્યાં જઈ ચઢ્યો. શાંતાબેન ઘેર જ હતાં. તેમને બપોરનાં કોઈ ટ્યૂશન હોતાં નહીં.

'છાયા અહીં આવી હતી!' તેણે સહજિક લાગે એવી રીતે પૂછ્યું.

'અત્યારે તો એ કૉલેજમાં હશે, કેમ ત્યાં નથી!'

'આ તો તમારે ત્યાં એ અવાર નવાર આવતી હોય છે એટલે પૂછ્યું. એને કૉલેજમાં લેક્ચર ના હોય ત્યારે નથી આવતી?'

'ક્યારેક આવે છે, પણ એ તો એની મરજી મુજબ. મારો વિચાર એને મારાં થોડાં ટ્યૂશન લેવડાવવાનો થાય છે પણ ઘણી વખત એમ થાય છે કે એને એની જરૂર નથી. આમેય એ હોંશિયાળ છોકરી છે. પણ તું કેમ એની તપાસ કરવા નીકળ્યો છે? કશું ખાસ કામ છે કે શું?' શાંતાબેનને કશી સમજણ પડતી ન હતી.

વિહારીને શાંતાબેન સાથે વાદવિવાદમાં ઊતરવાની ઈચ્છા ન હતી. છાયા અત્યારે ત્યાં હશે એવી તેને કલ્પનાય ન હતી. આ તો આ તરફ આવ્યો હતો તે એણે દાણો ચાંપી જોયો. એને થયું કે પોતે એમની સાથે જે વાત કરી એ ઉપરથી એ બાઈને એટલો તો ખ્યાલ આવવો જ જોઈએ કે છાયા અહીં વારંવાર આવતી હતી એની મને ખબર પડી ગઈ છે.

કિરણ પણ આ વાત જાણે અને આગળ વધતો અટકી જાય તો સારું એમ તેણે ધાર્યું. પોતાને કામ વગર એને સામે મોંએ ટોકવો ન પડે ને મૈત્રીનો સંબંધ ખતમ ન થઈ જાય. છાયાને તો પોતે ખાનગીમાં ઠપકો આપશે ને પછી જરૂર જણાશે તો જ ગીતાબેનને પોતે વચમાં લાવશે. તેને ખાતરી હતી કે પોતે એને સમજાવી શકશે.

એ સાંજે છાયા રોજના કરતાં થોડી મોડી ઘેર આવી ને વિહારીને તક મળી ગઈ. ગીતાબેન રસોડામાં હતાં એટલે એણે છાયાને પોતાના રૂમમાં બોલાવી. 'કેમ આજે આટલું બધું મોડું થયું આવવામાં? ક્યાંક ગઈ હતી કે શું?' એણે સામાન્ય વાત કરતો હોય એમ પૂછ્યું.

'રોજના કરતાં અર્ધો કલાક મોડું થયું છે. મારું કશું કામ હતું!'

'કામ તો શું હોય! પણ હમણાંનું તારું ઘેર આવવાનું ઘણું અનિયમિત થઈ ગયું છે. પહેલાં તો તું કાયમ મારા કરતાં પહેલી ઘેર આવી જતી હતી. હવે કાયમ મારા આવ્યા પછી જ તું ઘેર આવે છે.'

'એટલે મારે શું સમજવું, આ સામાન્ય પૃછા છે કે પછી ઊલટતપાસ છે?'

'તારે જે માનવું હોય એ માન.'

'હવે એક મોટો ભાઈ નાની બેનની ઊલટ તપાસ કરતો હોય એમ લાગે છે. અને આવા કિસ્સામાં જેમ બને છે તેમ હું જે કહીશ તેને શંકાની નજરે જ જોવામાં આવશે એની મને ખાતરી છે એટલે આ સવાલનો જવાબ આપવાનું હું યોગ્ય માનતી નથી.'

'પણ તું એટલું તો સ્વીકારતી હોઈશ કે એક મોટાભાઈ તરીકે તને કશું પૂછવાનો મને અધિકાર છે. ને આજે જ્યારે વાત શરૂ કરી છે ત્યારે કેટલીક ચોખવટ કરી લઈએ કે પછી એ વિષય ફરીથી છેડવો ના પડે.' વિહારીએ કહ્યું.

'મને પૂછવાનો હક અમુક હદ સુધી, હા. તો?'

'તો એ હદ સુધીનો મારો સવાલ છે, તારું ઘેર આવવાનું રોજ મોડું અને અનિયમિત કેમ થાય છે.'

'એનાં કારણો રોજ જુદાં જુદાં હોય છે. પણ મારું આવવાનું કાંઈ રોજ મોડું થતું નથી. હવે પછી હું જ્યારે મોડી પડીશ ત્યારે યાદ કરીને તમને એનું કારણ જણાવીશ.'

'આજે કેમ મોડું થયું તે તો તને યાદ હશે જ. જો મને જણાવવામાં તને વાંધો ન હોય તો કહે.' વિહારીને લાગતું હતું કે આજે છાયા લડાયક મૂડમાં હતી. એને થયું કે ભલે આજે એ રીતેય વાતની કાયમી ચોખવટ થઈ જતી. ક્યારેક તો ચોખવટ કરવાની હતી જ તો આજે જ શા માટે નહીં! છાયાને કદાચ એ બધું નહીં ગમે પણ ઘરની આબરૂ અને એક મોટાભાઈ તરીકેની પોતાની ફરજના એક ભાગરૂપે એણે છાયાને પૂછવાનું યોગ્ય ગણ્યું.

'આજે હું એક મિત્ર સાથે વાતો કરતાં ચાલતી ઘેર આવી એટલે સ્વાભાવિક રીતે સમય વધારે લાગે એટલે મોડું થયું.'

'કોણ મિત્ર?'

'જો ભાઈ બહુ અંગત સવાલો પૂછવાનું બંધ કરો. હું હવે કાંઈ નાની કીકલી નથી કે તમારે મારાં પગલાં દબાવતાં પાછળ આવવું પડે. અથવા મને એ જણાવશો કે આ બધી પૂછગાછનું કારણ શું છે?' છાયા મહાપરાણે ગુસ્સાને કાબૂમાં રાખી રહી હતી.

'જો મારે બાને બધી વાત કરી ચિંતામાં નાખવી નથી. તને હું પૂછું છું તે તેં એને માટે કશું કારણ આપ્યું હશે ત્યારે જ પૂછતો હોઈશ ને! મને તારે માટે ચિંતા થાય એવું કશું તું કરતી હોય તો તેમાંથી તને પાછી વાળવી એ મારી ફરજ છે.'

'તો તમે જાણી લો કે હું પૂરતો વિચાર કરી શકું એવી છું અને જે કાંઈ કરતી હોઈશ એ મારા ભલા માટે જ કરતી હોઈશ એવો તમને મારામાં ભરોંસો હોવો જોઈએ.'

'મને તારામાં ભરોંસો છે જ પણ આજે તું જે રીતે મારા સવાલોના જવાબો આપી રહી છું એ જોતાં મને લાગે છે કે તું મારી સાથે લઢવાના મૂડમાં જ છે.'

'તમારા સવાલો જ એવા હતા કે એના એવા જ જવાબો અપાઈ જાય. તમે પોલીસની જેમ સવાલ કરવાને બદલે એક ભાઈ તરીકે સવાલ કરશો તો હું એક બેન તરીકે જવાબ આપીશ.'

'લે હું ચોખવટથી જ વાત કરું. તું કિરણ સાથે હરેફરે કે એની સાથે વધારે સંબંધ રાખે એ બરાબર નથી એમ મને લાગે છે.'

'મને એમ હતું કે એ તમારો મિત્ર છે.' છાયાએ જવાબ ટાળતાં કહ્યું.

'એ મારો મિત્ર તો હજુયે છે. પણ તારે એની સાથે મૈત્રીસંબંધ વિકસાવવો યોગ્ય નથી. તારે આપણા ઘર ને કુટુંબનો ખ્યાલ રાખીને વર્તવું જોઈએ. એક વાત તારે કાયમ યાદ રાખવી જોઈએ કે તારાં લગ્ન આપણા ઘરને ને સમાજને સ્વીકાર્ય એવી જ્યાએ કરવાનાં છે. અને આપણું કશું ખોટું ન દેખાય એમ વર્તવાની તારી ફરજ છે.'

'અત્યારે તો હું મારી ફરજને સમજીને જ ચાલું છું. ભવિષ્યમાં કયારેક મારે એમાં બાંધછોડ કરવી પડશે ત્યારે હું તમને પહેલાં જાણ કરીશ અને પછી જ એમ કરીશ.'

'કેટલીક વસ્તુઓ એવી હોય છે કે એમાં બાંધછોડને અવકાશ જ નથી હોતો. હું માનું છું કે એ વાત સ્વીકારીને ચાલીશ તો ભવિષ્યમાં તું સુખી થઈશ.'

'મારે અને તમારે માટે એક સરખા જ નિયમો હોય તો મને વાંધો નથી.'

'એક ભાઈ તરીકે હું તને વધુ ચોખવટથી બધું સમજાવી શકતો નથી પણ જો તું કિરણ સાથેના તારા સંબંધની આડે બંધ નહીં બાંધે તો મારે ના છૂટકે કિરણની સાથે વાત કરવી પડશે.' વિહારીએ છેવટે કહેવું જ પડ્યું.

'જુઓ ભાઈ આપણા બેમાંથી કોઈ નાસમજ કે નાનું નથી. આપણે આપણી જવાબદારીઓ સમજીએ છીએ. છતાં જો તમે કિરણને કશું કહેશો તો વાત કામ વગરની વણસી જશે. કદાચ કોઈને એનાથી ચાનક પણ ચઢે.'

'કોઈને એટલે કોને?'

'ખબર નથી, કદાચ મનેય. ભાઈ, મારે કિરણ સાથે અત્યારે તો ફકત મૈત્રી સંબંધ જ છે પણ આજે જ્યારે વાત નીકળી છે ત્યારે કહી દેવા દો કે જો એ મારે યોગ્ય લાયકાત કેળવશે તો હું એની સાથે પરણવાનુંય વિચારીશ.'

'તને ખબર છે કે તારા આવા વિચારોથી બાને કેટલું દુખ લાગશે? ને મનેય એ નહીં ગમે. ગામમાં બધાને વાત કરવાનો મોકો મળશે.'

'આપણે આપણા ઘરને જ નથી સંતોષી શકતા તો પછી આખા ગામને કે આખી નાતને ગમતું તો કયાંથી કરી શકીએ! માણસે પોતે સુખી થવું હોય તો બધાની લાગણીના વિચારોમાંથી તો કયારેક મુકત થવું જ પડવાનું.'

'પછી બીજા મરે કે જીવે એનો ખ્યાલ જ નહીં કરવાનો, એમ જ ને!'

'લગ્નની બાબત એ મારો અંગત વિષય છે એમાં તો આત્માર્થે પૃથ્વિમ્ ત્યજેત. બીજાનો ખ્યાલ કરવા જાઉં તો મને જ દુખી કરી બેસું. હવે છેવટની મારી એક વાત સાંભળી લો બાને કહીને કે બીજી કોઈ રીતે મને દબાવવા પ્રયત્ન ન કરશો. એ બાબતમાં તો હું મન ફાવે તેમ જ કરવાની છું. અને મારી તો તમનેય એ જ સલાહ છે કે લગ્નની બાબતમાં તો તમને મન ફાવે તેવું જ કરશો.'

પછી બેય જણ કયાંય સુધી મૌન બેસી રહ્યાં. વિહારીને પહેલાં તો લાગ્યું કે આ છોકરી હાથથી ગઈ હતી. પણ વધુ વિચાર કરતાં તેને લાગવા માંડ્યું કે તેનું કહેવું ખોટુંય ન હતું. લગ્ન જેવી વાતમાં કોઈના દોરવ્યા દોરાઈને આખી જિંદગી દુખી થવા કરતાં એક વખત સ્પષ્ટતા કરી લેવી એ જ યોગ્ય રસ્તો હતો.

ગીતાબેને જ્યારે ખાવા માટે બોલાવ્યાં ત્યારે જ તેમને ખ્યાલ આવ્યો કે બેય જણ અર્ધા કલાકથી દલીલોના ગોળા ગબડાવ્યા કરતાં હતાં. 'શું વાતો કરતાં હતાં બેય ભાઈબહેન!'

'હું છાયાને શિખામણ આપતો હતો ને એ મને શિખામણ આપવા બેસી ગઈ.'

'બા, ફકત મોટાંને જ શિખામણ આપવાનો અધિકાર અને નાનાને નહીં! આ દુનિયામાં દરેકને પોતાના વિચારો હોય છે. તમે કોઈને તમારા વિચારો જણાવો તો તમારે પણ સામા માણસના વિચારો જાણવા જોઈએ, તમને શું લાગે છે, બા?'

'મને શું લાગવાનું હતું! તારો ભાઈ તને કાંઈક કહેતો હશે તો તારા ભલાનું જ કહેતો હશે, તારે એનું કહ્યું કરવું જોઈએ.'

'કારણ કે એ પરુષ છે ને પાછો મારાથી બે વર્ષ મોટો છે એટલે! અને તમે બધાં માનો છો કે મારે કોઈ બાબતમાં જાતે કશો નિર્ણય જ ના લેવો જોઈએ, કારણ કે મારે માથે મારો મોટોભાઈ છે એ કાયમ મારાથી મોટો જ રહેવાનો છે.'

'બા, એની સાથે દલીલ કરવાનો કશો અર્થ નથી. એનું મગજ ફરી ગયું છે. એના મનમાં એમ છે કે એ આ ઘરમાં સૌથી વધારે ભણેલી છે એટલે બધી બુધ્ધિ એનામાં જ છે.'

'કેમ આજે બેય જણાં લઢ્યાં છો કે શું?'

'બા, તું એને જો ઝટ પરણાવી નહીં દે તો એ તને ગાંઠવાની નથી.'

'ને એ પહેલાં ભાઈને પરણાવી દે, એ તને કેવો ગાંઠે છે એ તો જોઈએ. એને માટે નાતમાંથી જ છોકરી ગોતવાની ને ઘર ને કુટુંબ પણ આપણા જેવાં શોધવાનાં. છોકરી થોડી પાછી હશે તો ચાલશે.'

'પાછી શું કરવા હશે! નાતમાં છોકરીઓનો કાંઈ દુકાળ પડ્યો છે. એને લાયક છોકરી કેમ નહીં મળે?' ગીતાબેને કહ્યું.

'તો પછી શોધવા જ માંડ ને.'

'તારે તો ઉતાવળ નથી આવી ને! બા કાંઈ તને પરણાવ્યા વગર છોડવાની છે! આ વરસે નહીં તો આવતે વરસે તો તને પરણાવવી જ પડવાની છે. ડોસો કુંવારો મરે પણ ડોસી કુંવારી મરી સાંભળી છે?'

'મારે તો ડોસાનેય કુંવારો રાખવાનો નથી કે ડોસીનેય કુંવારી મરવા દેવાની નથી. આ વરસે તમે હા કહો કે ના કહો પણ બેયને પરણાવી જ દેવાં છે.'

પછી બધાં ખાઈ રહ્યાં ત્યાં સુધી મૌન રહ્યાં. વિહારીનેય કિરણ ગમતો હતો પણ એ નાના ગામનો હતો. એની સાત પેઢીમાં પોતાના ઘરની કોઈ છોકરી ગોળની બહાર પરણાવી હોવાની તેને માહિતી ન હતી. હા, પુરુષો તો ઘણા બહાર પરણ્યા હતા. એને આ ગણિત સમજાતું ન હતું.છોકરીઓને ગોળમાંથી લાયક મૂરતિયા મળતા ન હતા અને ઘણી વખત લાકડે માંકડું વળગાડી દેવાતું હતું. ગોળના ઘણા ભણેલા અને લાયક યુવાનો બહારથી કન્યાઓ પરણી લાવતા હતા અને ગોળમાં કન્યાઓને પરણાવવામાં તકલીફ પડતી હતી. ભણેલા ભૂલા પડે એવી આ સમાજવ્યવસ્થા હતી.

ગીતાબેન ફૂંફાડો મારતાં હતાં પણ એમને છાયાની ચિંતા હતી જ. એને માટે ભણેલો ને લાયક મૂરતિયો નાતમાંથી શોધવો અઘરો હતો. જે થોડા લાયક હતા એમને પરઠણ અને તોલા જોઈતા હતા. અને ગીતાબેનની એવી તેવડ ન હતી કે એટલા પૈસા ખર્ચી શકે. પણ એટલાં બધાં સુધારાવાદી પણ એ હતાં નહીં કે છાયાને ગોળ બહાર પરણાવવાની હિંમત કરે.

ને શહેરી પાટીદારોમાં એક નિયમ કે જ્યાં સુધી દીકરીને પરણાવે નહીં ત્યાં સુધી એને કાંઈ ને કાંઈ ભણાવ્યા કરે. વળી એને પરણાવતાં બેચાર વરસ નીકળી જાય તો છોકરી ભણવામાં એટલું બધું આગળ નીકળી જાય કે એને માટે ગોળ બહાર ગયા સિવાય આરો જ ના રહે. જો કે છાયાની ઉંમર તો હજુ ત્રેવીશ વરસની જ હતી. છતાં ગીતાબેન છેલ્લાં બે વરસથી એને માટે સારા છોકરાની તપાસ કરવા માંડ્યાં હતાં.

જો છાયા કિરણ સાથે ફરતી લોકોની નજરે ચઢી જાય તો એને નાતમાં પરણાવવામાં તકલીફ પડે એ દેખીતી વાત હતી. વિહારીએ એટલા માટે જ આજે છાયાને ટકોર કરી હતી. છાયા અને કિરણ વચ્ચે સંબંધ હવે ઘણો નીકટનો બની ગયો હતો.

કિરણે તો ભાભીનું ધ્યાન લગભગ એક વર્ષ પહેલાં જ દોર્યું હતું. જેમ જેમ વખત જતો હતો તેમતેમ તેનો વિશ્વાસ વધતો જતો હતો કે છાયાનાં બા તેમનાં લગ્ન માટે સંમતિ આપશે. એટલા માટે નહીં કે તેમના ગોળમાં છાયાને લાયક મૂરતિયા મળતા ન હતા, પણ કિરણ જે રીતે પ્રગતિ કરી રહ્યો હતો એ જોઈને એમની સંમતિ માટેનો કિરણનો વિશ્વાસ વધતો જતો હતો. છાયા પણ એ બાબતમાં મકકમ હતી કે ગોળમાં જ લગ્ન કરવાની રૂઢિને કારણે થતાં કજોડાંની ભોગ બનવાની તેની તૈયારી ન હતી.

વિહારીએ છાયાનું ધ્યાન દોર્યું તે પછી તો કિરણને તે વારંવાર મળવા લાગી હતી. જે વાત તે સંતાડવા માગતી હતી તે જાહેર થઈ ગયા પછી તેનામાં હિંમત આવી હતી કે પછી તેણે વિહારીને કહ્યું હતું તે મુજબ તેને ચાનક ચઢી હતી. આ ઉંમર એવી હોય છે જેમાં રૂઢિનાં બંધનોને ફગાવી દેવાની વૃત્તિ દરેક યુવાન યુવતીમાં સ્વાભાવિક રીતે જોર પકડતી હોય છે. છાયા પણ હવે રૂઢિનાં બંધનો તોડવા મકકમ બની ગઈ હતી.

કિરણને પક્ષેથી તો સંમતિને માટે કશો વિરોધ થવાની શકયતા જ ન હતી. ને હવે કિરણ બી.એડ. પણ થઈ ગયો હતો. ઊઘડતી ટર્મથી કદાચ એને કોઈ હાઈસ્કૂલમાં નોકરી મળી જશે એવી એને આશા પણ હતી. છાયાએ એમ.એડ.

પૂરું કર્યું હતું. એનો બી.એ.માં ઈંગ્લીશના વિષય સાથે પ્રથમ વર્ગ આવેલો હતો એટલે તે નોકરી કરતાં એમ.એ. કરવાનો વિચાર કરતી હતી. એટલે એણે પણ નોકરીની તપાસ કરવા માંડી હતી.

ગીતાબેન એક છોકરીનાં મા હતાં. ને એક છોકરીનાં મા તરીકે હોવાં જોઈએ એટલાં સજાગ પણ હતાં. વિહારીએ એમને કિરણ સાથેના છાયાના વધતા જતા સંબંધ અંગે સ્પષ્ટ શબ્દોમાં વાત કરી ન હતી, છતાં એમને વિહારીની વાત પરથી એક વખત આછો અણસાર આવી ગયો હતો. પછી એમણે છાયાને કિરણ વિશે ને એના ભણતર અને તેના ભવિષ્યના પ્લાન વિશે અછડતી વાતો પૂછી લીધી હતી. એમને પણ કિરણ ગમતો હતો છતાં હજુ એની સાથે છાયાને પરણાવવા જેટલાં એ મકકમ ન હતાં.

એમને ગળા સુધી ખાતરી હતી કે એમની છાયા એમની મરજીની ઉપરવટ જઈને કશું નહીં જ કરે. તો બીજી બાજુ એ એમ પણ માનતાં હતાં કે પોતે કિરણ સાથે તેને પરણવાની મંજૂરી ન આપી શકે ને છાયા કદાચ એની સાથે બારોબાર લગ્ન કરી લે તો એમાં ખોટું પણ ન હતું. સાચા શબ્દોમાં કહેવું હોય તો કહી શકાય કે એમને હવે કશી દ્વિધા ન હતી.

કિરણનાં ભાભી રેવાને અછડતો ખ્યાલ હતો જ. વળી તે કિરણની ખબર કાઢવાને બહાને એ નડીઆદ આવી ગયાં હતાં. છાયા બાબલાને રમાડવાને બહાને રેવાને મળીને ઘરાબો કેળવી ગઈ હતી. એને રેવાનો સ્વભાવ ગમી ગયો હતો. રેવાને ગીતાબેનને પોતાને ત્યાં જમવા પણ બોલાવી હતી. રેવાએ ગીતાબેનને છાયાય હવે પરણાવવા લાયક થઈ હોવાની વાત યાદ દેવડાવી હતી. જો કે એણે કિરણ માટે કશું કહેવાનો પ્રયત્ન કર્યો ન હતો. ગીતાબેનેય પોતાના ગોળમાં ભણેલા મૂરતિયાની અછત અંગે બળાપો વ્યકત કર્યો હતો પણ એમણેય છાયાને ગોળની બહાર પરણાવવાની ઈચ્છા વ્યકત કરી ન હતી.

જે વાત કોઈએ સ્પષ્ટ કરી ન હતી એ વાત જ વધુ સ્પષ્ટ હતી બધાંનાં મનમાં, કે કિરણ અને છાયા પરણવાનાં હતાં. ગીતાબેન બે દિવસ આ લગ્નનો સ્વીકાર ન કરીને કદાચ સમાજની નવી પ્રણાલિકાને માન આપવાનાં હતાં. બે મહિના પછી એમને પોતાને ઘેર બોલાવવાનાં હતાં ને વર્ષ પછી સમાજને પણ આ લગ્ન સ્વીકારવાં પડવાનાં હતાં. પણ રૂઢિ અનુસાર બધો બાહ્ય વ્યવહાર તો બધાં કરવાનાં જ હતાં. આખરે સમાજને તો બધાંએ માન આપવું જ જોઈએ ને! સમાજ ન હોય તો દુનિયા ન ચાલે ને રૂઢિ ન હોય તો સમાજ ન ચાલે. બધું એકબીજા પર આધારિત છે ને!

વિહારીએ તો મનોમન એ લગ્નને પોતાની જાણે સંમતિય આપી દીધી હતી. એણે જ્યારથી જાણ્યું કે છાયા કિરણ પ્રત્યે ઢળી ગઈ છે ત્યારથી એણે પણ એ સ્વીકારી લીધું હતું કે વખત છે ને ગીતાબેનને સમજાવવાં પડશે તો તે પણ પોતે જ કરશે.

છાયા અને કિરણ છેલ્લા કેટલાક દિવસોથી લગ્ન અને સહજીવન અંગે ગંભીરતાથી વિચારવા લાગ્યાં હતાં. બેય નોકરી માટે પ્રયત્ન કરતાં હતાં પણ બેયને એક જ ગામમાં નોકરી જોઈતી હતી એટલે થોડી મુશ્કેલી હતી. બીજાં યુગલો તો નોકરીની અરજીમાં જ એ વાતનો ઉલ્લેખ કરતાં હતાં કે બન્ને પતિપત્નીને સાથે રહી શકાય તેવી નોકરી જોઈએ છે. પણ આ બે જણાં તો એમ પણ કહી શકે તેમ ન હતાં. હા, ઈન્ટરવ્યૂ વખતે એ કહી શકે કે એ બે નજીકના ભવિષ્યમાં પરણવાનાં છે એટલે એમને એક જ ગામમાં નોકરી મળે એ જરૂરી હતું. છાયાને માટે તો બધી શાળાઓમાં વેલ કમનાં જાણે પાટિયાં લાગેલાં જ હતાં પણ સાથે કિરણની જ્ગ્યા થાય એ થોડું અઘરું હતું.

અનુક્રમ Þ

૯ઃ- પટલાઈના પેચ

કુબેર પટેલ મનોર મોટાને પોતાનું કામ ભરાવીને ગયા કે તરત મોટા ગામને ચોરે પાછા ઊપડ્યા. બેચાર ગામ પટેલિયા ત્યાં પહેલેથી જ બેઠેલા હતા ઃ 'મોટા, તમારા વેવાઈ આવ્યા શું ને પાછા વળ્યા શું! રાત રોકાયા હોત તો રાતે બે ઘડી ભેગા બેસત ને તડાકા મારત.' એકે કહ્યું.

'ભાઈ, વેવાઈને તડાકા મારવામાં મન ચોંટે એવું રહ્યું જ નથી. એમની બેઠકવાળી પાટડી પર કોઈની નજર લાગી ગઈ છે.' મોટાએ કહ્યું.

'નજર તો આ જમાનામાં બીજા કોની લાગવાની હતી! જેમ છોકરાને એની માની જ નજર લાગે એમ એમના માનીતા વજેસંગ વગર બીજા કોની એની પર નજર લાગી શકે!' બીજા જાણકારે કહ્યું.

'મેં તો ભાઈ વેવાઈને પહેલેથી જ કહેલું કે તમે દાંણીને ઘેર જ ગાડું છોડ્યું છે તો સાચવીને રહેજો. બને તો લાગ જોઈને એને હડસેલી મેલજો. મોટાય એ વખતે હાજર હતા. આપણે તો ભાઈ એક વાત ભણ્યા છીએ સાવ સોનાના હરમાનજી હોય પણ એમનું પૂંછડું તો પિત્તળનું જ હોય.' ત્રીજા પટેલિયાએ પોતે કહેલી વાત તાજી કરી.

'હવે બધું ગાજતું ગાજતું આવ્યું છે મારે માથે. આપણે હવે આમાંથી રસ્તો કાઢવાનો છે. પહેલાં તો આપણે એ વિચારવાનું  છે કે જો વજેસંગ વેવાઈની તરફેણમાં જુબાની આપે અને પોતાનો હક જતો કરે તો બીજા કોઈનું કશું ચાલે? ને કદાચ ચાલે તો કયી રીતનું ચાલે.' મોટાએ માંડી ને વાત કહેવા કર્યું.

'નોટિસમાં કોના નામનો ઉલ્લેખ કર્યો છે?'

'નોટિસ હજુ આવી નથી કે કાઈએ હજુ પાટડી પર હકદાવો કર્યો નથી. ખરું જોતાં આ તો નવી કીસમનો કેસ છે. વજેસંગ કહે છે કે એને જમીન ખેડવી નથી ને માલિકને પાછી સોંપી દેવી છે. પણ એનાં છોડી-જમઈ આડાં ફાટ્યાં છે. એમને પાટડી દાઢ્યે વળગી છે.'

'મોટા મારી વાત માનશો, આ તો બધું પેલી કહેવતમાં કહ્યું છે એમ ઃ ધણીને કહે કે ધાજો ને ચોરને કહે કે જાજો. વજેસંગની કાંધમાં જ મને તો હવે કરમોડી દેખાય છે, ભાઈ-પિતરાઈ હોય તો ઠીક પણ પરનાતનો માણસ તો આ જમાનામાં ડોંગરે મહારાજનો દીકરો હોય તોય એને જમીન ખેડવા ના અપાય. તમને બધાને એવું ના લાગતું હોય તો તમારી વાત તમે જાણો. બાકી પાડાની કાંધ જેવી હાત વીઘાંની પાટ મફત દાખલ મળી જતી હોય તો ભલભલાની દાનત બગડે ને આ તો પાછો મૂળ ઠાકરડો. મહેનત કરીને કમાયેલા માલ કરતાં લૂટેલો માલ જ એને વધારે વહાલો લાગે.' ને છોડી-જમઈને આગળ કરીને એ પોતે ચોખ્ખો દેખાવા માગતો હોય તોય છેવટે એને ભાનું જેટલું દાઝે એના કરતાં છોડી-જમાઈનું વધારે જ દાઝે ને!'

'એ જે હોય તે ખરું પણ આજે તો વાત એવી છે કે કોઈ ખરો ખોટોય કેસ ઊભો કરશે તો વજેસંગ વેવાઈની તરફેણમાં જુબાની આપવાનો છે. તો શુ-?'ને બધા વિચારમાં પડી ગયા. આવો નવાઈનો કેસ કેટલાકે પહેલી વખત સાંભળ્યો હતો.

'પણ મોટા જો સરકારી રાહે નોટિસ ના નીકળી હોય તો કેસ નીકળે જ નહીં. હા, જો વજેસંગ પોતે હક કરતો આવે તો કેસ નીકળે ખરો, પણ તમે તો કહો છો કે એ તો વેવાઈને પક્ષે છે. તો પછી નોટિસ નીકળે જ શી રીતે? એનાં છોડી

જમઈનું કશુંય ના ચાલે. આપણે ત્યાં પેલા શાભઈનાં પોતાનાં છોકરાંએ અરજી કરી હતી તે શાભઈ નામકકર ગયો તે મેજિસ્ટ્રેટે ફેંકી જ દીધેલી ને. જેનું ખેડૂત તરીકે નામ હોય એનો જ હક કોરટ માન્ય ગણે છે.'

'પેલો ખાદીવાળો આમાં ભળ્યો છે એટલે જાડું કર્યા વગર એ રહેશે નહીં. ને ઊઠતાં વજેસંગને ચીમકી આપીને ગયો છે કે એનો સાથ નહીં હોય તોય એ જમીન હવે એ પટેલને પચવા દેશે નહીં. એટલે કોકડું ગૂંચવાશે એવું લાગે છે.'

'જો વજેસંગ વેવાઈ તરફે હોય તોય પેલાને હક કરવો હોય તો કાયદેસર રીતે એનાથી શું થઈ શકે એ પહેલાં તો આપણે જાણવું પડશે. મને લાગે છે કે મારે વનમાળીના જમાઈને મળી લેવું જોઈએ. તમને શું લાગે છે!' મોટાએ બધાની સલાહ માગી.

'એ વાંણિયો માથાભારે વકીલ છે. મારો બેટો ધોળિયો તો શું પણ હાંમે પરધાંન હોય તોય કોઈને ગાંઠે એવો નથી. તે મોટા આપણે કશું છમકલું થાય એ પહેલાં જ એને કરી રાખ્યો હોય તો એવાયે ચોરટા ઊંઘતા ઝડપાઈ જાય.'

'એવાયે શેના ઊંઘતા ઝડપાય! એમણે તો વેવાઈને જ ઊંઘતા ઝડપ્યા છે એટલે એ તો ચારેય બાજુનો વિચાર કરીને પેંતરા ગોઠવીને તૈયાર જ બેઠા હશે. આપણને તો હજુ એ પણ ખબર નથી કે એવાયે કયી ચાલ ચાલવાના છે. એવાયે ચોકંદા બેઠા છે ને આપણે અંધારામાં તીર મારવાનાં છે.' બીજાએ સાચી પરિસ્થિતિ છતી કરી.

'કાલ્યે હવારે જવું હોય તો હુંય હાથ્યે આવીશ, જોઈએ તો ખરા એ વાંણિયો કેટલી બારીએથી હુમલો થવાની વાત કરે છે.'

'તું એકલો જ શું કરવા આપણે બધા જઈશું. જાંણતા હોઈએ તો કોકનેય કામ લાગીએ.'

બીજે દિવસે સવારની પહેલી બસ પકડીને તાલુકે જવાનું નકકી કરીને બધા વેરાયા. પણ મનોર મોટાના મનમાં એકનો એક વિચાર ઘોરાયા કરતો હતો, એ ધોળિયાને જ નાથી લીધો હોય તો એ છોડી ને એ જમઈ બધાં ઊંઘતાં જ ઝડપાઈ જાય, અરે! છેવટ સુધી ઊંઘતાં જ રહે ને વેવાઈનાં પાંચેય આંગળાં ઘીમાં રહે.

એ ધોળિયો બીજો તો જે હોય એ પણ આપણો તો નહીં જ હોય. જો એમની નાતનો હશે તો એમાં લોચો લેવાની લાલચે પડ્યો હોય તોય નવાઈ નહીં. ને જો એવું હોય તો એને કેસ પત્યા પહેલાં જ લોચો આપી દીધો હોય તો કેસ પહેલી જ મુદતે પૂરો થઈ જાય.

જેમ મોટા વિચારમાં હતા તેમ એમના બધા સાથીદારો પણ આ કેસના વિચારમાં જ અટવાયેલા હતા. બધાને થતું હતું કે આ આખા કેસમાં કશીક કડી હતી જે પેલા કોંગ્રેસી આડતિયાને ખબર હતી ને એમને દેખાતી ન હતી. જો એ ઢીલી કડી મળી જાય તો એને ભૂ પાઈ દેવાય. પણ કોઈને એ ઢીલી કડી જડે તો ને!

કુબેર પટેલ પાટ ઉપર પહોંચ્યા ત્યારે વજેસંગ માળા પર ટૂંટિયું વાળીને પડ્યો હતો. એણે પટેલને આવતા જોયા ન હતા. એ તો જાણે મહિનાનો માંદો હોય એમ પડ્યો હતો. પટેલે એને ઢંઢોર્યો : 'અલ્યા, માંદો થઈ ગયો કે શું? નથી દેવતા પાડ્યો કે નથી પાણીની માટલીય ભરી. શું થઈ ગયું છે તને!'

'ભા, હવે તો બધી મોજ કરવાના દા'ડા ગયા. પાછલે જન્મારે હવે છોકરાં ઠેબે ચઢાવે એ પહેલાં મારો ઠાકર ઉપાડી લે તો હારું.'

'તું આમ ઢીલો ના પડી જઈશ, ઘીના ઠામમાં ઘી પડી રહેશે.'

'પણ ભા, આખા જન્મારાનું રળેલું આ છોડી એકી હાર્યે વેડફી નાંખવા બેઠી છે, જમઈની ચઢવણીએ. મારે તો ગાંમમાં નીકળવાનુંય નહીં રહે. કયે મોઢે મારાથી હવે પંચનાં ખાહડાંમાંય બેહાશે! ભા, મારા દખના દા'ડા આવી ગયા. હવે તો ઠાકર મોત મોકલે તો હાંમેથી વધાઈ લઉં.' વજેસંગે વલોપાત કર્યો.

'વજેસંગ મને જેટલું મારી જમીનનું નથી લાગતું એટલું તારું લાગે છે. જમીન તો કોઈની થઈ નથી ને થવાની નથી. ભલભલા રાજાનાં આખાં રજવાડાં ગયાં તો આ પાટની શી વશાત. પણ તારું આખી જિંદગીનું રળેલું પળમાં ધૂળધાણી થઈ જશે, જમાઈને કારણે. પણ તું મનમાં ઓછું ના લાવતો. મને તારો જરાય અણપતિયાર નથી. તારા હાથમાં બાજી રહી નથી એની મને ખબર છે.' પટેલે વજેસંગને ધરપત આપી.

'ભા તમે ભલા માણસ છો એટલે એવું માનો પણ લોકો તો એમ જ કહેવાના કે વજેસંગે છોડી-જમઈને ચઢાવીને જમીન પડાવી લીધી. ગામને મોંએ કાંઈ ગયણું બંધાય છે! બધા તો એમને મન ફાવે એમ જ કહેવાના ને.'

'આપણે આખા ગામની શી ફિકર, આપણે ચોખ્ખા હોઈએ તો ભલેને ગામ એને ફાવે એમ બોલે. આપણે સારા હોઈએ ને કોઈ આપણું ઘસાતું બોલે તો માનવું કે આપણાં પાપ ધોવાય છે. લે, દેવતા પાડ તો હૂકો ભરીએ.'

પટેલને ના ન કહેવાઈ એટલે વજેસંગ ભાંગેલે પગે ઊભો થયો ને તાપણી સંકોરી ને એમાં બે છાણાં નાંખી દેવતા પાડવાની મથામણમાં પડ્યો.

માણસ ધારે ગમે તે પણ ધાર્યું તો ઉપરવાળાનું જ થાય છે. ભગવાનેય રૂઠ્યો જ હશે નહીં તો હજુ વરસ સુધી ચાલે એટલા જે પાટના દાણા એમની કોઠીમાં પડ્યા છે એમની દાનત બગડે જ કેમ. વજેસંગને પોતાની આસ્થા પરથી જ આસ્થા ઊઠી ગઈ હતી. એને લાગતું હતું કે એની આબરૂ તો આ વાત જાહેર થતાં જ ગઈ હતી. હવે થીંગડાં મારવાનો કશો અર્થ ન હતો.

આ તરફ મનોર મોટા અને એમના સાથીદારો વનમાળીના જમાઈ સુમનને મળવા ગયા હતા. મોટાને આટલા મોટા ધાડા સાથે આવેલા જોઈ સુમનને થયું કે કશી નવાજૂની થઈ લાગે છે. જો કે એ ફોજદારી મુકદ્દમા લઢતો ન હતો પણ ઓળખીતા, ફોજદારી કેસમાં પણ પહેલાં તેની સલાહ માટે આવતા હતા અને એ જે વકીલ બતાવે એની પાસે કેસ લઈ જતા હતા.

'આવો કાકા, મારે લાયક કોઈ કામ પડ્યું કે શું? બેસો ને કહો કેમ આવવું થયું?' કહેતાં તેણે પટાવાળાને બધાને પાણી આપવા સૂચના આપી.

'અમારા વડવા કહેતા હતા કે વકીલનાં પથિયાં ચઢવાં નહીં પણ આપણી સરકાર એવી અવળચંડી છે કે પગથિયાં ચઢવાં જ પડે.'

'સરકારને આમારા જેવા વકીલોની દયા આવે ને! કહો કશું થયું છે?'

'થયું નથી પણ થવાનું છે. મારા વેવાઈની સાત વીઘાંની પાટ એક ઠાકરડાને પાંચ વરસથી ખેડવા આપેલી. એને તો બાપડાને એ પાટમાં કશો રસ નથી પણ એનો જમાઈ અને એક કોઈ ખાદીધારી એને ચીમકી આપીને ગયા છે કે એ પટેલની તરફેણમાં જુબાની આપશે તોય એ પાટ એ લાકો પટેલને પચવા નહીં દે.'

'એ ખેડૂત પટેલની તરફેણમાં જુબાની આપશે એની તમને ખાતરી છે?'

'અત્યારે તો એ એવું કહે છે. એ એવી જુબાની આપે તો પેલા લોકો કશું કરી શકે ખરા?'

'આમ તો એ કશું કરી શકે નહીં પણ જો એ ખેડૂતની છોકરી એમની સાથે હોય તો એ લોકો એવી પરિસ્થિતિ ઊભી કરી શકે કે એ ખેડૂતની જુબાની લેવાને બદલે એની દીકરીની જ જુબાની લેવામાં આવે.' સુમન વકીલે વિચારતાં કહ્યું.

'પણ એવું બને જ કેમ! એ ખેડૂત જો જુબાની આપવા માગતો હોય તો કોર્ટ એની જુબાની કેમ ન લે!'

'એ બધી કાયદાની રમત છે. જો એ ખેડૂત ગુમ થઈ જાય અથવા એ અસ્થિર મગજનો સાબિત થાય તો એને બદલે એની છોકરીની જુબાની કોર્ટ લે. જો એ ખેડૂતનો છોકરોય સામો હક કરતો આવે તો વાત બદલાઈ જાય.'

'પણ અહીં વાત બદલાય એવું નથી. એને છોકરી એકલી જ છે.'

'એનોય ઉપાય થઈ શકે જો ખેડૂતને ગમે તેમ કરીને જુબાની આપવા બોલાવી શકાય તો. પણ મારી એક સલાહ માનો તો કાર્ટની બહાર કેસની પતાવટ કરવી આગળ પડે. બધાયને આગળ પેટ હોય છે. તમે સમજ્યા ને મારા કહેવાનો અર્થ.'

'હજુ એમણે કેસ મૂક્યો નથી કે કશો હકદાવો કર્યો નથી, પણ મને ખાતરી છે કે હવે ગમે ત્યારે એવું થશે. તમે તમારી રીતે કેસ લઢવાની તૈયારી કરી રાખજો.'

'એનો વાંધો નહીં. હું એમને મારી રીતે ઢીલા પાડવાની કોશીશ કરીશ, પણ આ કેસનો ફેંસલો તો કોર્ટની બહાર કરવામાં જ ડહાપણ છે. મારો અનુભવ કહે છે કે પોદરો પડ્યો છે તે ધૂળ લીધા વગર ઊપડવાનો નથી.' સુમનભાઈ વકીલે અગાઉથી જ એમને સાવચેત કર્યા.

'એ તો હવે પડશે એવા દેવાશે પણ તમે તમારી તૈયારીમાં રહેજો. આપણે એક રીતે નહીં તો બીજી રીતેય એ જમાઈ ને પેલા ખાદીવાળાને સીધા તો કરવા જ છે. એક વખત દાખલો બેસશે તો ફરી બીજામાં માથું મારતાં સાત વખત વિચાર કરશે.' મોટાએ કહ્યું, ને બધા ઊઠ્યા.

બહાર નીકળ્યા એટલે એક જણ કહે : 'મને આખી રાત ઉજાગરો કર્યો તોય ના સમજાયું કે વજેસંગ આપણી તરફે હોય તો બીજા કોઈનું કેમ ચાલે પણ આ વકીલે ફડાક દેતા ને એકને બદલે બે રસ્તા બતાવી દીધા. મારો બેટો વાણિયો હોશિયાર તો ખરો.'

'ભાઈ એટલે તો ભલભલા એને ત્યાં આંટા ખાય છે ને. એનો રાતદા'ડાનો ધંધો. એને પોતાના ધંધાની આંટીઘૂંટીની ખબર હોય જ ને! જેમ આપણને આપણી ખેતીની.'

'મોટા, ભાને સંદેશો કરવો છે?' બીજા એકે પૂછ્યું.

'ભલું હશે તો ભા આપણે ત્યાં જ આવીને બેઠા હશે. એમને તો બેચાર દા'ડાથી ખાવાનુંય નહીં ભાવ્યું હોય.'

'એ તો બધાને એવું થાય. આવી પાડાની કાંધ જેવી જમીન કોઈ છેતરીને લઈ જાય એ કોઈથી સહન ન થાય. આ તો ભા છે પણ મથુર ખાંટ જેવો કોઈ હોય તો ધારિયાવાળી થઈ ગઈ હોય. જમીન જવાની હોય તો ભલે જાય પણ એમ કોરે બચડે તો એને ના પચવા દે.'

'અત્યારના કાયદા ખોટા, ને વળી સરકાર ઉપર રહીને પરજાને મફતનું પડાવી લેવાના રસ્તા બતાવતી હોય પછી આપણું શું ચાલે!'

બધા ગામમાં પહોંચ્યા ત્યારે મોટાએ કહ્યું હતું એમ કુબેર પટેલ આવીને વાટ જોતા જ બેઠા હતા. ધનેરા તો ધનેરા પણ પરમેસરિયામાં પણ વાત બહાર પડી ગઈ હતી કે કુબેર પટેલની પાટ વજેસંગે પડાવી લીધી હતી. કેટલાકને તો પારકે તાપણે તાપવા જેવો ઘાટ થયો હતો. એમને તો કહેવાનું મળ્યું હતું કે પિતરાઈને મૂકીને ઠાકરડાને પોતાનો કરવા જાય તો આવી જ દશા થાય ને!

આ તો દયાને ડાકણ ખાય એવો ઘાટ થયો હતો. કુબેર પટેલે તો એ બાપડો બે પાંદડે થાય અને આખી જિંદગી ચાકરી કરી હતી તે એનો બદલો પટેલે વાળી આપ્યો એમ એને લાગે એમ ગણીને એને આ પાટ ખેડવા આપી હતી. જો કે, અર્ધા ગામે એ વખતે કુબેર પટેલને એમ ન કરવા સમજાવ્યા હતા.

પણ કહેવાય છે કે માણસ ડાહ્યો હોતો નથી. સમય એને ડાહ્યો કરે છે. જ્યાં સુધી માણસને ઠોકર વાગતી નથી ત્યાં સુધી એને સાન આવતી નથી. વજેસંગ ભલે ડોંગરે મહારાજનો દીકરો હોવાનો દેખાડો કરે પણ એનું ભલું કરવા જતાં કુબેર પટેલની આ સાત વીઘાંની પાટ આજે લોકમુખે ચઢી ગઈ હતી ને! હવે કોઈ એનો શેર દાણા માટેય વિશ્વાસ કરે એવું રહ્યું ન હતું તો કુબેર પટેલને કોઈ ડાહ્યા કહે એવુંય રહ્યું ન હતું.

વાત જાણી એટલે તરત કિરણ ભાઈ પાસે પહોચી ગયો હતો. જો કોર્ટની બહાર સમાધાન થતું હોય ને બેચાર હજાર રૂપિયા આપીને જો એનું મ્હોં બંધ કરાતું હોય તો તેમ કરવાનું તેણે મોટાભાઈને સૂચન કર્યું હતું. પણ તેને ખબર ન હતી કે આ તો આખી વાત જ જુદી હતી. વજેસંગ તો જ્યાં કહો ત્યાં સહી કરી આપવા તૈયાર હતો. અવિનાશ સુમન વકીલને મળ્યો હતો ને વજેસંગ પાસે, જમીન પર પોતાનો કોઈ હક હિસ્સો કે દાવો નથી એવું લખાણ કરાવી લેવાની વાત કરી હતી.

વકીલના કહ્યા મુજબ તે વજેસંગને બોલાવી લાવ્યો હતો ને વકીલે જણાવ્યા મુજબ તેણે લખી આપ્યું પણ હતું. અવિનાશને એનાથી સંતોષ થયો હોય તો ભલે પણ સુમન વકીલને એનાથી કશો સંતોષ થયો ન હતો. જો એ લોકો વજેસંગને અસ્થિર મગજનો સાબિત કરે તો પછી એ કબૂલાતનો કશો જ અર્થ રહેતો ન હતો.

સુમન વકીલે મનોર મોટાનો સંપર્ક સાધ્યો. જો એ લોકો કોઈ પગલું ભરે તે પહેલાં વજેસંગને કોઈ અજાણી જગ્યાએ સંતાડી દીધો હોય તો એમના હાથ હેઠા પડે. જ્યારે જરૂર પડે ત્યારે જ એને હાજર કરીને કુબેર પટેલની તરફેણમાં જુબાની અપાવી લેવાય. પણ સામેવાળા એમનાથી પણ કાબેલ હતા. એમણે જ્યારે જાણ્યું કે વજેસંગે અવિનાશની સાથે તાલુકે જઈને કાંડાં કાપી આપ્યાં છે ત્યારથી જ એ લોકો સાવધાન થઈ ગયા હતા.

એટલે ફરીથી જ્યારે અવિનાશ વજેસંગને ખોળવા ગયો ત્યારે ખબર પડી કે એનાં છોડી-જમાઈ આવીને તેને ને હરખાને શહેરમાં લઈ ગયાં છે. જે લોકો એમને ઊપાડી ગયા હશે એમણે એમને એવી રીતે રાખ્યાં હશે કે શોધી શકાય નહીં. અવિનાશને લાગ્યું કે હવે એમને શોધવાનો પ્રયત્ન કરવો નકામો હતો.

મનોર મોટાએ બીજો રસ્તો પણ કાઢી શકાય તો એ કાઢવા વિચારી જોયું. એમણે એમના ગલ્લામાંથી દસ વર્ષ જૂનો એક સ્ટેમ્પ પેપર શોધી કાઢ્યો ને એ લઈને ધનેરાનો મારગ પકડ્યો. ધનેરા જઈ તેમણે દસ વરસ પહેલાંની એક તારીખ નાખીને પોતાને નામે એ પાટ ગીરો કરાવી લીધી. એમનો વિચાર તો વજેસંગની એમાં સાક્ષી તરીકે સહી કરાવવાનો હતો પણ વજેસંગનો જ પતો ન હતો એટલે એનો અમલ થઈ શક્યો નહીં.

છતાં જેટલું થઈ શક્યું એય ઓછું સંતોષકારક ન હતું. એમને એમ લાગતું હતું કે ચારેય બાજુના આ પુરાવા વજેસંગના હકદાવાને લૂલો કરી નાખવા જેટલા મજબૂત હતા. વળી જો વજેસંગ અસ્થિર મગજનો પૂરવાર થાય તોય એના પહેલાંના પુરાવાને તો કશો વાંધો આવે એમ ન હતો.

જો કે એમણે વજેસંગને શોધવા મહેનત કરી હોત તોય એ અવરથા જ ગઈ હોત. એના જમાઈએ વજેસંગને પાગલખાનામાં ભરતી કરાવી દીધો હતો. વજેસંગે અને ડોશીએ ઘણોય વિરોધ કર્યો પણ એમનું કાંઈ ચાલ્યું નહીં. એમના જમોઇએ એવી પાકી વ્યવસ્થા કરી હતી કે વજેસંગને પાગલ ઠેરાવવા માટે કશી તકલીફ પડે એમ ન હતી. વજેસંગ લાખ કરગળતો રહ્યો પણ એને બાંધીરૂંધીને પાગલખાનાની કોટડીમાં ધકેલી દીધો.

ને બિચારી ડોશીથી આ ના જીરવાયું ને ખાટલે પડી એ પડી. તે કેસની મુદત નીકળે તે પહેલાં જ મરી ગઈ. એના મોતની ખબર કોઈએ વજેસંગને આપવાની જરૂર ન જોઈ. ઉજમનું કાંઈ ચાલે તેમ ન હતું. ઘરને ખૂણે બેસીને એણે રડી લીધું.

પાગલ માણસને પાગલખાનામાં દાખલ કરી દેવો હોય તોય કેટલીય તકલીફ પડતી હોય છે તો પછી એક સાજાસમા માણસને પાગલ ઠરાવીને પૂરી ઘલાવવો હોય તો ખર્ચો તો થાય જ ને! આ બધો શરૂઆતનો ખર્ચો વજેસંગના જમાઈ ફતેસંગ માસ્તરે આપ્યો હતો. જમીનનો કેસ પતે પછી એ ખર્ચાની રકમ પાછી આપવાની હતી.

મૂળ વાત એવી હતી કે આ ખાદીવાળાની નજર વજેસંગની છોડી ઉજમ ઉપર હતી. એણે એને હાથ પર લેવાનો રસ્તો પણ વિચારી રાખ્યો હતો. વજેસંગના જમાઈ ફતેસંગને સરકારી નોકરી હતી એટલે એનાથી વારંવાર રજા મૂકીને દોડાશે નહીં ને ઉજમને નામે જમીન કરવાની હતી એટલે એને ખરાં ખોટાં બહાનાં કાઢી વહેલું મોડું તાલુકે દોડાવવાનું ગોઠવવું એ અઘરી વાત ન હતી. પછી પોતે અને ઉજમ તાલુકાના શહેરમાં એકલાં હોય તો ઉજમને હાથ પર લેવામાં વાંધો નહીં આવે એમ એની ગણતરી હતી.

વકીલને મળવાનું તો જેટલી વખત ગોઠવવું હોય એટલી વખત ગોઠવી શકાય. કોઈક વખત રાતે મોડું કરીને રાત શહેરમાં રોકાવું પડે એવું પણ કરી શકાય. પછી તો ભગવાન કરશે તો ઉજમ પોતે જ શહેરમાં જવા તનકારા મારતી થઈ જશે કદાચ.

ને એને જોઈતો મોકો એક દિવસ મળી પણ ગયો. વકીલે ઉજમને સાંજના ચાર વાગ્યે મળવાનો સમય આપ્યો. હવે જો ચાર વાગ્યે મળવું હોય તો ઘેરથી બે વાગ્યાની બસ પકડવી પડે. ફતેસંગને પરીક્ષાઓ ચાલતી હતી એટલે એનાથી તો સાથે જવાય એમ ન હતું. રાતે મોડું થઈ જાય તો એ ખાદીવાળાની એક બેન શહેરમાં રહેતી હતી એને ત્યાં રાત રોકાવાની

ગોઠવણ થઈ જશે એમ એક વખત એણે કહેલું. એટલે રાત રોકાઈને બીજે દિવસે સવારમાં પાછા આવી જવાની ફતેસંગે ઉજમને સલાહ આપી.

ઉજમ હજુ આ શના ઠાકોરને જ ઓળખતી નહતી ત્યાં એની બહેન નાથીને તો જાણતી જ કયાંથી હોય. છતાં શના ઠાકોર સારા લાગતા હતા એટલે એની બેન પણ સારી જ હશે એમ એને લાગતું હતું. અને એક બાઈ માણસને ત્યાં એની સાથે રહેવાનુ હોય તો ઉજમને પોતાની સલામતી કે વગોવણી માટે ચિંતા થાય એવું પણ ન હતું. પણ ગામડાની આ બૈરીને શહેરના આ કહેવાતા ભાઈબહેનના સંબંધની સાચી વાત કયાંથી સમજાય?

રાતે શહેરમાં રોકાઈ જ જવું પડશે એ ગણતરી સાથે ઉજમ જરૂરી કપડાં વગેરે લઈને ઘેરથી નીકળી. શના ઠાકોરના મનમાં પાપ હતું પણ હજુ ઉજમને એનો અણસાર સુધ્ધાં ન હતો. એને તો મનમાં એમ જ હતું કે શનાજી ગાંધીના ટોળાનો માણસ છે અને એમને મદદ કરવા માટે જ એમની સાથે ભળ્યો છે.

એ સાંજે વકીલને ત્યાં તો એમની ધારણા હતી એટલું મોડું તો થઈ જ ગયું. પછી શના ઠાકોર કહેઃ 'બેનને કશું કહ્યું નથી એટલે બહાર હોટલમાં બે કોળિયા ખાઈને જ જઈએ. પછી એણે ઉજમને પરાણે આગ્રહ કરીને ને હાથ પકડીને ને મોઢામાં કોળિયા ઘાલીને જમાડી. ઉજમને તેનું આવું વર્તન ગમ્યું નહીં પણ માણસ વહેવારિયો છે તે આપણો ખ્યાલ રાખવામાં ભાન ભૂલીને હાથ પણ પડી લે છે એમ માની એ મૂંગી રહી.

પછી એની બેન નાથીને ત્યાં ગયાં. નાથીને જોઈ ઉજમના દિલમાં હાશ થઈ. શનાજી કહે : 'અમે બહાર હોટલમાં ખાઈને આવ્યાં છીએ અને થાકયાં પણ છીએ. અમારા સૂવાની વ્યવસ્થા કર પહેલાં.'

'હું અને ઉજમ અહીં નીચે ઓરડામાં સૂઈ જઈશું. તમારો ખાટલો ઉપર મેડે પાથર્યો છે. પાણીનો કળશ્યો હું ઉપર આપી જાઉં છું.' નાથીએ આડું જોઈ આંખ મીંચકારતાં કહ્યું.

શના ઠાકોર દાદરો ચઢી ગયા. નાથી ઉજમને બારણું આડું કરી લૂગડાં બદલવાનું કહી ઉપર ઠાકોરને પાણીનો કળશ્યો આપવા ગઈ. ઘરમાં બીજો ખાટલો હતો નહીં એટલે એણે બેય માટે નીચે ધાગડી પાથરી દીધી. દીવો રાણો કરી બેય આડી પડી. નાથી કહે : 'આ શનોજીનો સ્વભાવ મૂળથી જ દોલો. કોઈનું કામ હોય તો દોડીને કરે. એના પેટમાં પાપ નહીં. લોક એને ખોટો વગોવી મારે ઘણી વખત. કેશે લાલ લૂગડું જોઈને ભૂરાયો થાય છે. લોકો તો મૂઆ અદેખા હોય. એમને તો જયાં ત્યાં વાતો કરવાની ટેવ હોય. બાકી આપ ભલા તો જગ ભલા.'

'મનેય બેન પહેલાં તો ફફડાટ થતો હતો પણ તમે છો એટલે હૈયે ધરપત આવી છે.'

'જો મારી એક વાત માનજે. લોક જાણે એ પાપ અને છાનું રહે એ કશુંય નહીં, આ જગતનો નિયમ છે. અહીં આપણે ત્રણ જ જણાં છીએ. અહીંથી કોઈ વાત બહાર જાય જ નહીં.'

'અને બહાર જાય તોય વાંધો શો છે! આપણે કયાં કશું છાનગપતિયું કરવું છે!' ઉજમ બોલી.

'હું પેશાબ કરીને આવું છું. મેં તને જગ્યા બતાવી છે ને આગળ વાડામાં, તારે રાતે ઊઠવું પડે તોય મને ઉઠાડવી ના પડે.' કહેતાં નાથી બારણું ખોલી બહાર નીકળી. પછી થોડી વારે બારણું ખૂલ્યું ને બારણું બંધ કરી અંદરની સાંકળ વસાવાનો અવાજ ઉજમે સાંભળ્યો. એને શાતા વળી. બારણાની અંદરથી સાંકળ બંધ થયાથી એને મનમાં નાથીએ ઘડી

પહેલાં કહેલું કે લોક જાણે એ પાપ ને છાનું રહે એ કશુંય નહી એ સાંભળીને જે તર્ક થયો હતો એનું જાણે સમાધાન થઈ ગયું.

થોડી વારે એની સોડમાં કોઈને લપાતું ને એને બાથ ભરતું એ અનુભવી રહી : ' આવું શું કરો છો!' એ આઘી ખસતાં બોલી. પણ પેલા હાથની પકડ ઢીલી થવાને બદલે ઊલટી વધુ મજબૂત થઈ. પણ જ્યારે એ હાથ એનાં કપડાં નીચે સરકવા માંડ્યા ત્યારે એને લાગ્યું કે સાથે સૂતેલી વ્યકિત નાથી નથી, ને એ નાથી ન હોય તો બીજું કોણ હોય એ સમજાતાં એને વાર ન લાગી. એને દૂર ધકેલી બેઠા થઈ જવા એણે મરણિયો પ્રયત્ન કર્યો. પણ પેલા હાથની પકડ ઢીલી થવાને બદલે તેને વધુ જકડી રહી.

'આ શું કરો છો, છોડો હમણાં નથીબેન આવશે તો ભવાડો થશે.' એ બોલી.

'કોઈ નાથીય નથી આવવાની ને નાથોય નથી આવવાનો. એ તો એ ઉપર ચઢીને સૂઈ ગઈ મારી પથારીમાં. એ મારી બેન નથી. એય મારી પાળેલી છે. એની ચિંતા કરવાની જરૂર નથી. ' પેલાએ કહ્યું.

'પણ તમારા ભાઈબંધનો તો વિચાર કરો. કાલે હવારે એને કેવી રીતે મોઢું બતાવશો?'

'એને ખબર શી રીતે પડવાની છે! નથી તું કહેવાની કે નથી હું કહેવાનો.' કહેતાં એણે પોતાના આખા શરીરનો ભાર ઉજમ પર નાખી દીધો. ઉજમની છાતીમાંથી રહીસહી હવાય જાણે કે નીકળી ગઈ. એનાથી સીસકારો ભરાઈ ગયો. એનાં કપડાં એક પછી એક કરીને પેલા હાથોએ ઊતરડી લીધાં. ચીસ પાડીનેય બદનામી જ મળવાની બીક હતી. શું કરવું એની દ્વિધામાં એનું મન ઘડીભર તો અટવાઈ રહ્યું. ને ત્યાં સુધીમાં તો ઘણું મોડું થઈ ગયું હતું. એનો દેહ વટલાઈ ગયો હતો.

'મને શું સૂજ્યું કે હું તમારી સાથે આવી! મને ખબર નહીં કે તમે ગાંધીના માણસ થઈને આવું કરશો.' એણે વલોપાત કર્યો.

'ગાંધીના માણસ થયા એટલે શું અમે માણસ મટી ગયા! અમારેય દિલ હોય કે નહી! ને તારે બળાપો કરવાની જરૂર નથી. તારો ધણીય કંઈ ભગવાન રામચંદરનો અવતાર છે! એય પેલી મ્હેતી પાછળ ભમ્યા જ કરે છે ને! પછી તું સતી સીતા થયા કરે તો એનો શો અર્થ!'

ઉજમના મનમાં એની દલીલ ઊતરી. અને વધુ તો એ માટે કે એને ઘડી પહેલાંનો પેલો સંગ ગલગલિયાં કરાવી ગયો. ઘડી પહેલાં પોતે સારાસારના વિચારોમાં અટવાયેલી હતી એટલે એનો પૂરો આનંદ લૂટી શકેલી નહીં એનો એને જાણે પસ્તાવો થતો હોય એમ લાગ્યું. એને પડખે પડેલા પુરુષ દેહ પર પોતાના શરીરને આવેગપૂર્વક હડસેલ્યું. શના ઠાકોરને એનો આ આવેગ સમજાતાં વાર ન લાગી. એના હાથ ઉજમના માંસલ શરીર પર પાછા વધુ ઊમળકાથી ભીડાયા. આ વખતે સામેથી અસહકારનો હડસેલો થતો ન હતો પણ સામેથી ઊલટાની આવેગભરી પકડ ભીડાઈ બન્ને શરીરને જાણે એક કરી રહી.

સવારે નાથીએ બારણું ઠોક્યું ત્યારે બારણું ખોલતાં ઉજમ શરમાઈ મરી. આંખો નચાવતાં નાથી બોલી : 'ઠાકોરને આખી રાતનો ઊજાગરો કરાવ્યો લાગે છે. ભલી બાઈ હું ઉપર એકલી સૂઈ રહી હતી એનો તો વિચાર કરવો હતો. થોડો ઊજાગરો મનેય કરાવવા દેવો હતો ને! ઠાકોર અંધારામાં કાંઈ મારા ભાઈ થતા નથી. કોક દા'ડો મનેય ઊજાગરો કરાવવા દે છે.'

'એવાં નફફટ છો તમે! ફરી તમારે ત્યાં આવતાં સાતવાર વિચાર કરવો પડશે.'

'વિચાર તો મારી બાઈ, પહેલી વખત જ કરવાનો હોય. પછી તો બધું કોઠે પડી જશે. ફરી વખત તો તું મને મળવા દોડીને આવીશ.'

ઉજમ કાંઈ બોલી નહીં પણ નાથીનું કહેવું મનમાં જ વાગોળી રહી. એની વાત સાચી હતી હવે પોતે નાથીને મળવાને બહાને શના ઠાકોરને મળવા દોડીને આવવાની જ હતી. અને હમણાં તો અવાય એવું બહાનું પણ હતું. સાત વીઘાંની પાટ જો હજમ કરવી હતી તે.આ તરફ ફતેસંગ સાત વીઘાંની પાટ લેવા તો ગયો હતો પણ એને હજુ ખબર ન હતી કે એ પાટને બદલે એને શાં મૂલ ચૂકવવાં પડવાનાં હતાં.

અનુક્રમ Þ

૧૦:- શના ઠાકોર અને ઉજમ

તે દિવસે નાથીને ત્યાં શના ઠાકોરે અને ઉજમે ઉજવણી કરી તે પછી થોડાક દિવસો સુધી તો ઉજમના મનમાં ફફડાટ રહેતો હતો કે ફતેસંગને કશો વહેમ આવશે કે એ કશું બહાનું કાઢીને એને ટોંણો મારવાનું ચૂકશે નહીં. પણ એણે એવું કશું કર્યું નહીં એટલે દિવસે દિવસે ઉજમની હિંમતમાં ઉમેરો થતો ગયો. એને થયું કે કાં તો ફતેસંગને કશો વહેમ પડ્યો નથી અથવા તો એ શના ઠાકોરથી દબાયેલો છે એટલે ઈરાદાપૂર્વક આંખ આડે કાન કરે છે. એને થયું કે ફતેસંગને કદાચ થોડો ઘણોય વહેમ હોય તો એને કાઢી નખવો જોઈએ તો એનો રસ્તો કાયમ માટે ચેખ્ખો થઈ જાય.

એક દિવસ જમીનના કેસના કામ માટે બધાં જ્યારે શહેરમાં ગયાં હતાં ત્યારે શના ઠાકોરથી છૂટાં પડ્યા પછી ઉજમ કહે : 'તમને વાંધો ન હોય તો આપણે શનાજીની બેન નાથીબેનને મળતાં જઈએ.'

ફતેસંગનેય થયું કે ઉજમ રાતે એને ત્યાં રોકાઈ હતી તે એને મળવાનું અને કેવી રીતે રહી હતી અને કોણ કોણ રહ્યાં હતાં એ જાણવા જેવું ખરું. તેણે કહ્યું : 'ભલે તારાં એ નાથીબેનને પણ મળી લઈએ.'

ને ઉજમ એને નાથીબેનને ત્યાં લઈ ગઈ. એમને જોતાં જ નાથી સમજી ગઈ કે ઉજમ એના ધણીને વહેમ કાઢવા લઈ આવી હતી. એણે બેયને આવકાર્યાં. પછી કહે : 'તું તો ખરી, મારી બાઈ. તે દિવસ પછી પાછી જણાઈ જ નહીં.'

'હમણાં તો ઘણી દોડાદોડી પડે છે. એક તો એમને પરીક્ષાનું કામ પહોંચે છે એટલે મારે જ બધી દોડાદોડી કરવી પડે છે.'

'તે રોજની દોડાદોડી ના કરવી હોય તો ચારપાંચ દા'ડા અહીં જ રહી જા. રોજનાં ભાડાંનાડાં કાઢવાં ના પડે.'

'ભાડાંય થાય છે ને વહેલું મોડુંય ઘણું થાય છે, પણ એમને ખાવાપીવાની અડચણ પડે એટલે અહીં રહેવાય પણ નહીં.'

'મારા ખાવાપીવાની તું ચિંતા ન કરીશ. તારે ચારપાંચ દા'ડા અહીં રહી જવું હોય તો રહી જા. અહીંનું કામ અગત્યનું છે. એક વખત એ પતી જાય પછી નિરાંત. સોમવારથી તું અહીં નાથીબેન સાથે રહી જા. ગમે તેમ કરીને કેસ વહેલી તકે નીકળે એમ કર. ખેતરનું પતે તો હાથ છૂટો થાય.' ફતેસંગે પોતાની સંમતિ આપી દીધી.

'લે આ તો તું મને બહાનાં બતાવતી હતી. બાકી તારે જ ધણીનું પડખું છોડવું નથી. અહીં તને કશું દુખ નહીં પડે. તારે મહિનો રહેવું હોય તોય મને કશો વાંધો નથી. તારું કામ પતતું હોય ને મારા ભાઈનું નામ આગળ આવતું હોય તો મને શો વાંધો હોય!' નાથીએ એક આદર્શ નારીની જેમ ઠાવકું મ્હોં રાખીને કહ્યું.

'તમને નાથીબેન અમે ખર્ચો માથે નહીં પડવા દઈએ. તમને વધારાનો ખર્ચો થાય એ અમે આપીશું. આ શહેરમાં તમે છો તો એને રહેવાની સગવડ મળી છે. બાકી એનાથી હોટલમાં જઈને ઓછું રહેવાય છે!'

'ખર્ચાની તમે ચિંતા ના કરતા. મારો ભાઈ સેવા કરે છે તો કેટલાક એની સેવાય કરે છે. એને બે પૈસા મળી રહે છે ને એ મારું પણ ધ્યાન રાખે છે. અને તમે તો નાતીલા છો. પોતાના ભયાતનું કામ કરવામાં વળી ખર્ચાનો હિસાબ શાનો કરવાનો! તમે બેધડક ઉજમને અહીં મોકલી આપજો.'

ફતેસંગને થયું કે જેવો ભાઈ પરગજુ છે એવી જ એની બેન પણ છે. બેય બહાર નીકળ્યાં એટલે ઉજમ કહે : 'ઊભા રહો હું એને કહેતી આવું કે હું સોમવારે કેટલા વાગ્યે આવવાની છું. પાછી એ જો બજારમાં કશું લેવા ગઈ હોય તો મારે બારણું પકડીને ઊભાં રહેવાનો વારો ના આવે.' કહેતાં એ પાછી અંદર ગઈ. નાથીને કહે : 'હું સોમવારે સવારથી જ આવી જઈશ. એમને કહેવડાવી દેજો.'

'કેમ સવારથી જ! દિવસપાળી કરવાનો વિચાર છે કે શું!' નાથીએ આંખો નચાવી.

'વહેલાં આવીએ તો વકીલને મળાય પણ ખરું અને આવવાનું બહાનું પણ સાચું લાગે.' ઉજમે કહ્યું ને એ બહાર નીકળી. પાછળ નાથી આંખો નચાવી રહી.

એનો અને શના ઠાકોરનો સંબંધ જરા વિચિત્ર જાતનો હતો. એ ઠાકોરની દૂરની બહેન થતી હતી એ વાત સાચી પણ એ બે વચ્ચે હવે ભાઈબહેનનો સંબંધ ન હતો. પાંચેક વર્ષ પહેલાં એને એના દારૂડિયા ધણી પાસેથી ફારગીત આપવી એને બચાવી ત્યારે એક રાતે ઠાકોરે એને પોતાની વાસનાનો શિકાર બનાવેલી પછી એના ભાઈ અને વાલી તરીકે એણે પોતાની જાતને સ્થાપી દીધેલી તે છેક  આજ સુધી એ સંબંધ લોકનજરે એવો જ રહેલો.

પછી આ બહેનને ભાઈનાં ચરિતરનો સાચો પરિચય થવા માંડેલો. પછી તો ભાઈ માટે પોતે આવરણ બની રહેલી અને ભાઈને મનગમતી સોબત શોધી આપવામાં પણ તેણે ભાઈને જીતી લીધેલો. કદીક ભાઈ તેની સંગત પણ માણી લેતો તો કદીક તે પોતાના કોઈ દોસ્તની સંગત પણ માણી લેતી. કદીક ભાઈને પોતાનું કામ કઢાવવું હોય તો કોઈને નાથીને ત્યાં પોતાને મળવા બોલાવતો અને નહીં આવી શકવાનો સંદેશો મોકલી આપતો. નાથી પેલા આવેલા માણસને સાચવી લેતી ને ભાઈનું કામ થઈ જતું.

બન્ને એકબીજાનાં જાણે પૂરક હતાં છતાં સ્વતંત્ર હતાં. શના ઠાકોરની બેન નાથીને આવા સંબંધો ગમતા હતા અને આવા માણસોને નાથી સાથેના સંબંધ ગમતા હતા એટલે શના ઠાકોરનું વર્ચસ્વ દિવસે દિવસે વધતું જતું હતું. કેટલાંક કામ કાયદાની મર્યાદામાં રહીને ન થઈ શકતાં પણ શના ઠાકોરની તહેનાતમાં રહીને થઈ શકતાં હતાં. શના ઠાકોરે ફતેસંગના આ કેસમાં રસ લીધો હતો ફક્ત ઉજમને લીધે જ. ઉજમ હવે હાથમાં આવી ગઈ હતી એટલે કેસમાંથી શના ઠાકોરનો રસ ઊડી જવો જોઈતો હતો પણ એમ થયું નહીં. હવે શના ઠાકોરને પાટ અને ઉજમ બેયને હસ્તક લેવાં હતાં.

સોમવારે ઉજમ નાથીને ત્યાં સવારથી જ આવી પહોંચી હતી. નાથીએ એને આવેલી જોઈને મોઢું મલકાવ્યું : 'મને લાગે છે કે વરાપ બરાબર થઈ ગઈ છે. કશું વાવવાનું છે કે ખાલી ખેડ જ કરવાની છે!' એણે ઉજમને ટકોર કરી.

'તમને ટોળ કરવાનું જ આવડે છે. તમે શું કરતાં હતાં! પણ મને તમારી વાત નથી સમજાતી. તમને અદેખાઈ નથી આવતી મારા જેવું કોઈ તમારામાં ભાગ પડાવે તો!'

'મને તો કોઈની અદેખાઈ નથી આવતી ને મારી બાઈ જો તારે સુખી થવું હોય તો તારે પણ કોઈની અદેખાઈ ન કરવી. મરદની જાત છે તે એક ખીલે બંધાઈને તો ના રહે ને. એ મારી અદેખાઈ નથી કરતો ને હું એની અદેખાઈ નથી કરતી. તું સમજી મારી વાત! એને જેમ બેનપણીઓ હોય એમ આપણેય ભાઈબંધો હોય તો એય અદેખાઈ કરતો નથી.'

'તમારેય!'

'હા, કેમ તને લાગે છે કે હું મારું આયખું એળે જવા દઉં! એનું લોહી ચટકા ભરતું હોય તો મારું ના ભરે! તારેય આ બધું શીખી લેવાનું.'

'પણ મારે તો માથે ધણી છે.'

'થાકી હો તો એનેય લાત મારી દેવાની. ઠાકોર તને કશું એવું વળગાડી આપશે કે તને ખાધેપીધે દુખ નહીં રહે. એક ધણીને જોતરે બંધાઈ રહીને કાયમ બીતાં ફફડતાં રહેવા કરતાં પોતાની મરજીનાં માલિક થઈને રહેવામાં મજા છે.'

ઉજમને જો કે નાથીની આ વિચારસરણી ગળે ન ઊતરી. એને ઊલટો ગભરાટ થવા માંડ્યો. એને થયું કે જેમ નાથીનું થયું એમ પોતાને પણ ફતેસંગના હાથમાંથી છોડાવીને આ ઠાકોર એક રમકડા જેવી તો નહીં બનાવી દે ને! પોતે ફતેસંગને છોડવાનો વિચાર સરખો પણ નહીં કરે હા, ઠાકોર સાથે એને મજા કરવાનું ગમતું હતું તે ઠીક છે. હમણાં જ્યાં સુધી ખેતરનો કેસ ચાલે છે ત્યાં સુધી પોતે મજા પણ કરી લેશે ને એ બહાને આ ઠાકોર પણ કામમાં રસ લેતો ને એમાં મદદ કરતો રહેશે.

એ ગમે તેમ વિચારી પોતાની વૃત્તિને ઢાંકવા પ્રયત્ન કરે પણ પોતે હવે શના ઠાકોરનું પડખું સેવવાની અદમ્ય લાલસામાંથી છૂટી શકે તેમ ન હતી. ફતેસંગ માસ્તર હતો. કોઈની લાગવગથી તેને માસ્તરની નોકરી મળી ગઈ હતી પણ એનામાં માસ્તરનો એક ગુણ પણ ન હતો. એ મસાલા ખાતો હતો, બીડી પીતો હતો અને છાનો માનો રોજ દારૂ પણ પીતો હતો. ઉજમ ભલે સ્વીકારતી ન હતી પણ એનું વિલાસીપણું ફતેસંગને ક્યારેક દૂર ધકેલી દેવાનું હતું.

એ દિવસે શના ઠાકોર આવ્યો. ઉજમ શરમાઈને ખૂણામાં પેસી ગઈ. નાથી કહે : 'લે છાશ લેવા આવી છે ને દોણી શું સંતાડતી હોઈશ.' પછી એના કાનમાં કહેવાનો ચાળો કર્યો છતાં કહ્યું તો પ્રત્યક્ષ જ : 'જેવી વરાપ થઈ હશે એવી ખેડ કરશે ઠાકોર, ગભરાઈશ નહીં.'

ને ઉજમ વધુ શરમાઈ ગઈ. એનું મન એકબાજુથી કહેતું હતું કે પાછી વળી જા તો બાજુથી એમ પણ કહેતું હતું કે ફતેસંગ પેલી મહેતી પાછળ ભમ્યા કરે છે તો પોતે શા માટે એને જ ખીલે બંધાઈને હિજરાયા કરે! જેવો એનો આચાર એવો એનો પડઘો. લાકડાના દેવને તો ખાસડાંની જ પૂજા હોય ને!

'કશું ખાવાનું કર્યું છે કે પછી રાંમ રાંમ!'

'ભૂખ્યા થયા હો તો ખાવાનું તો તૈયાર છે. પછી ઉજમેય તમારી ભૂખ ભાગવા જ આવી છે ને પાછી ચારપાંચ દા'ડા રહેવાની છે. તમારી આખા વરહની ભૂખ ભગવી હોય તોય ભાગશે.' કહેતાં નાથીએ બધાં માટે ખાવાનું કાઢ્યું.

ખાધા પછી ઠાકોર બીડી સળગાવી ખાટલે બેઠા ને બેય બૈરાં વાસણ ઊટકવા બેઠાં. શના ઠાકોર કહે : 'મારે કયાં સૂવાનું છે?'

'તમે ઉપર જ સૂજો. આખી રાતનો ઉજાગરો કરીને તમે સવારમાં વહેલા ઊઠતા નથી ને મારે ચ્હા પીવી હોય તોય આઘું પાછું થવું પડે છે.'

'હુંય નીચે જ સૂઈ જઈશ.' શરમાતાં ઉજમ બોલી.

'ભલે તું નીચે સૂઈ જજે.' પછી એણે ઊમેર્યું : 'ઠાકોર ઉપર ને તું નીચે, ફાવશે ને!'

'તમે બહુ નઠારું બોલો છો.'

'આપણે બધાં નઠારાં ભેગાં થયાં છીએ એટલે એવું જ બોલવું પડે ને! તારે જ્યાં સૂવું હોય ત્યાં સૂજે પણ સૂતા પહેલાં ઠાકોરને પાણીનો લોટો ઉપર આપતી આવજે.' કહેતાં એણે પાછી આંખો નચાવી.

'તે તમે જ આપી આવજો ને.'

'ઠીક, એમ કરીશ પણ વખત છે ને ઠાકોર મને ઉપર જ સુવાડી દેશે તો તારી તો મનની મનમાં જ રહી જશે એનું શું? લે આ લોટો ને જા ઉપર. નહીં તો હમણાં ઠાકોર તને શોધતા નીચે આવી પહોંચશે.'

ઉજમે લોટો લીધો ને દાદરો ચઢી ગઈ. એને ઉપર આવેલી જોઈ ઠાકોરે લાઈટની સ્વીચ બંધ કરી દીધી. બન્ને કેટલીય વાર સુધી એક અક્ષરેય બોલ્યા વગર બાથ ભીડી એકબીજાને વળગીને પડયાં રહ્યાં. શના ઠાકોરને પણ જિંદગીમાં પહેલી જ વખત કોઈ સ્ત્રીમાં આટલો રસ પડ્યો હતો. ઠાકોર એકથી સંતોષાય એવો ન હતો. એણે જિંદગીમાં ઘણી સ્ત્રીઓ માણી હતી. એ પોતાની આ વૃત્તિને જાણી ચૂકયો હતો એટલે અત્યાર સુધી એ પરણવાથી દૂર જ રહ્યો હતો. પણ આજે એને લાગ્યું હતું કે પોતાને લાયકની સ્ત્રી તેને મળી હતી.

'કેટલે દા'ડે આપણે પાછાં મળ્યાં! તને તેદા'ડે મલ્યો ત્યારથી તારા જ વિચાર આવ્યા કરતા હતા. હવે તારા વગર નહીં રહેવાય.'

'તમારે હું એકલી થોડી છું! મને બધી ખબર છે.'

'તે એની હું કયાં ના પાડું છુ! આજ પહેલાં મારે ઘણી થઈ ગઈ છે. પણ હવે તું છેલ્લી જ. મારે તને ફતેસંગને પલ્લેથી છોડાવીને મારે પલ્લે બાંધવી છે.'

'બીજી બધી તો ઠીક પણ આ નાથીબેનનું શું કરશો?'

'એની સાથે મારો સંબંધ કહેવા પૂરતો જ છે. મને કોઈ વખત ચસ્કો ઊપડે ને કોઈ પાસે ના હોય તો જ હું એને ત્યાં આવું છું. એને એના સંબંધ છે. એને ફાવે એમ એ કરે છે, હું એને રોકતો નથી. જો તું ફતેસંગને છોડીને મારી હાર્યે

ફૂલહાર કરીલે તો પછી મારે તારા સિવાય કોઈની હાર્યે સંબંધ નહીં. અને જો હું ચૂકી જાઉં તો તારું ખાહડું ને મારું માથું, બસ!'

'પણ એમ એની હાર્યે મારાથી સંબંધ તોડાય કેવી રીતે! આ ખેતર માટે એણે જ્યાંથી ત્યાંથી કરીને આટલા બધા રૂપિયા એકઠા કર્યા છે તે_'

'એણે તારે માટે કશું કર્યું નથી. એણે તો આ જમીન હાથમાં આવે એટલે પૈસા લઈને પેલી મહેતી હાર્યે ભાગી જવાનો પેંતરો ઘડી રાખેલો છે. મને બધી વાતની ખબર હજુ હમણાં જ પડી. હવે તું એને પડતો મૂકે તો એમાં કશું ખોટું નથી. મારી વાત કરું તો મને તારી આ જમીનમાં કશો રસ નથી. તને જમીન મળે તો એ તારી જુદી. એની આમદાનીમાંથી મારે કાણી પૈયેય નથી જોઈતી. એના પૈસા તને ફાવે એમ તું વાપરે કે તારા બાપાને આપી દે એમાં મને કશો વાંધો નથી.'

'પણ હજુ વકીલના ને પાગલખાનાના પૈસા થશે એ કયાંથી કાઢીશું?'

'એ બધું તું મારા પર છોડી દે. એ જમીન તારા હાથમાં આવે ત્યાં સુધીનો બધો ખર્ચો હું મારી મેર્યે ઊભો કરી લઈશ. પછી મહેનત કરીને એક જ વરસની ઉપજમાંથી આપણે એ પૈસા ચૂકવી દઈશું.' શના ઠાકોરે ઉપાય બતાવ્યો. એની નજર એ ખેતર ઉપરેય હતી પણ ઉજમને માણ્યા પછી એને થયું હતું કે એકવાર ઉજમને હાથમાં લઈ લેશે તો જમીન તો એના હાથમાં આવી જ જવાની છે ને! જમીન અને ઉજમ બેય મળી જાય તો એનાથી બીજું રૂડું શું!

એ રાતે ખાટલી ભાંગી ન ગઈ એ જ આશ્ચર્ય. બેય જણાંએ વાતોય આખા મલકની કરી ને ધીંગામસ્તીય એટલી જ કરી. ઉજમને પણ જાણે જનમની ભૂખ ભાંગવાની હોય એમ એય રમણે ચઢી હતી. તો બીજી બાજુ ઠાકોર પણ જામીનની હાર્યે ઉજમનેય જીતી લેવાની ચાનકે ચઢ્યો હતો. રાત જાણે રમણે ચઢી હતી. રાત ખૂટતી ન હતી તેમ વાતોય જાણે ખૂટતી ન હતી કે નહોતી ખૂટતી રમત. નીચે સૂતેલી નાથીનેય ઉપર થતા અવાજના હડસેલા વાગતા હતા. એને થતું હતું કે એવાંયે બે જણ મળીને એની ખાટલીને નવરી કરી મૂકશે.

જેમ શના ઠાકોર અને ઉજમ પોતાના પેંતરા ગોઠવતાં હતાં એમ ફતેસંગ પણ પેલી મહેતી એથલ સાથે એવા જ પેંતરા ગોઠવતો હતો. એથલ એક ખ્રિસ્તી છોકરી હતી. એ ફતેસંગ સાથે જ નિશાળમાં નોકરી કરતી હતી ને છેલ્લા એક વર્ષથી ફતેસંગ સાથે પ્રણયના ફાગ ખેલતી હતી. જમીનનો કેસ લઢવા માટે ફતેસંગે નોકરીનાં ફંડોમાથી ઊપાડી શકાય એટલા પૈસા ઊપાડ્યા હતા, ખૂટતા પૈસા એથલે આપ્યા હતા. ફતેસંગે એને વચન આપ્યું હતું કે જમીન એક વખત હાથમાં આવી જાય તો દેવું ચૂકવવાનું બહાનું કરી એ વેચાવી દેશે અને બધા પૈસાની ગડી કરી બન્ને જણાં મલક ઊતરી જશે. પૈસા વગર ઉજમ એમની પાછળ પડી શકવાની ન હતી.

જો બધું બરાબર ગોઠવાઈ જશે તો બેય જણાં પરણીય જશે ને કયાંક વાંધો પડે તો પરણ્યા વગર પણ સાથે રહેવાની એથલની તૈયારી હતી. એ નાનકડા ગામમાં હતાં એટલે ન તો એથલ ફતેસંગને ઘેર આવી શકતી હતી કે ન તો ફતેસંગ એને ઘેર જઈ શકતો હતો. કયારેક બન્ને જણાં ભાગીને શહેરની હોટલમાં ભરાઈને મોજ કરી લેતાં તો કયારેક કોઈ જાત્રાના સ્થળે જઈ મજા લૂટી આવતાં હતાં. આ વખતે ઉજમ કામકાજના દિવસોમાં જ શહેરમાં રહેવાની હતી એટલે બેય જણાંએ સાંજે નિશાળ છૂટ્યા પછી ગળતેશ્વર જઈ મજા કરી આવવાનું નકકી કર્યું હતું. બીજે દિવસે શાળાના સમય પહેલાં પાછાં આવી જવાય એવી આ જગ્યા હતી.

બેય જણાં ધર્મશાળામાં રૂમ લઈ, લારી પર નાસ્તો કરી, હજુ થોડું અજવાળું હતું એટલે નદીના કિનારા પરના એક ખડક પર હાથમાં હાથ પરોવીને વાતો કરતાં બેઠાં હતાં. એમની વાતોમાં ભાવિનાં રંગીન સ્વપ્નોય હતાં તો આવી રહેલી

રાતનાં માણવા ધારેલાં અરમાનો પણ હતાં : 'હવે તો એ જમીનનો ફેંસલો આવી જાય તો સારું. આમ ચોરી છૂપીથી મળવાનું ને અધ્ધર શ્વાસે પ્રેમ કરવાનો, નથી ગમતું આ બધું.' ફતેસંગે કહ્યું.

'આપણે સૌરાષ્ટ્રના કોઈ નાના ગામમાં જઈને નાનકડી હાટડી માંડીને બેસીએ તો!' એથલે વિચારને ચર્ચાની એરણ પર મૂકયો.

'એ લોકો જ હીરાઘસુ અને દરજીઓને એક્ષપોર્ટ કરે છે ત્યાં આપણો સમાવેશ કયાંથી થાય! એના કરતાં ખંભાત સારું. જો કે સારું તો મુંબઈ પણ દસપંદર હજારની મૂડીવાળાનો ત્યાં કોઈ કલાસ નહીં. એટલે તું કહેતી હો તો આપણે એક વખત ખંભાત તરફ આંટો મારી આવીએ.' ફતેસંગે કહ્યું.

'ખંભાત બહુ નજીક પડે એટલે કોઈ વખત પકડાઈ જવાનો ભય ખરો. એના કરતાં સૂરતની પેલી બાજુ કોઈ નાનકડા ગામમાં પતિપત્ની તરીકે ઠસી જઈએ તો કોઈ કારખાનામાં કામ પણ મળી જાય.'

ને ફતેસંગ એ છોકરીની વિચારવાની રીત પર વારી ગયો. એને થયું કે એથલની વાત વિચારવા જેવી હતી. પોતાની પાસે દસ પંદર હજાર રૂપિયા હોય એ ઠેકાણે મૂકીને જો ફેકટરીમાં કામ કરીએ તો એમાં વખત જતાં ઊમેરો થાય અને આરામથી રહેવાય. આટલી ઓછી મૂડીમાં ધંધો કરવા જઈએ ને કયાંક ખોટ જાય તો હાથેપગે થઈ જઈએ.

'તો તું કહેતી હો તો એક વખત એ તરફ આંટો મારી આવીએ. જગ્યા જોઈ રાખવી તો પડશે જ ને! એક વખત અહીંથી નાઠાં એટલે કયાં જવું એ નકકી ના હોય તો જવું કયાં? મારો તો વિચાર એવો છે કે આપણે એક ઘર પણ અઠવાડિયા પહેલાં રાખી લીધું હોય તો સારું પડે. નવું ઘર વસાવવામાં અહીથી આપણું રાચરચીલું પણ અગાઉથી મોકલી અપાય.'

'હાસ્તો, અહી તો આપણી પાસે એ વેચવાનો વખત પણ નહીં રહેવાનો. નાનકડા ગામમાં તો આપણે એક કાણી તપેલી વેચીએ તોય લોકોની નજરમાં આવી જાય.'

'જો બધું સમુંસૂતરું પાર ઊતરે તો તારે નોકરીમાથી રાજીનામું આપીને તારો બધો કઠલો લઈને આપણે નકકી કરેલે ગામે પહેલાં પહોંચી જવાનું. ને હું મારી બદલી થવાની છે તે જગ્યા જોવા જાઉં છું એમ કરીને એક પેટીમાં માય એટલી મોઘી ચીજો લઈને ત્યાં આવી જાઉં. જો હું કોઈ કિમતી ચીજ રહેવા દઈને આવું તો એ વેચીને મારી બૈરી મારી પાછળ આવે ને!' ફતેસંગે પોતાની ગણતરી રજૂ કરી.

હવે દસ પગલાં દૂરથીય માણસ વર્તાય એટલું અજવાળું રહ્યું ન હતું એટલે બેય જણાં એકબીજા સાથે દબાઈને બેઠાં. ફતેસંગે એથલનાં કપડાં નીચે હાથ સરકાવ્યો. એથલે સ્હેજ સીસકારો કર્યો પણ એના હાથને આઘો કરવાનો પ્રયત્ન એણે ન કર્યો. ઊલટાંનો એણે પણ પોતાના હાથને છૂટો દોર આપ્યો. બન્ને જણાં કોઈ જાહેર જગ્યાએ બેઠાં છે એ વાત જાણે વિસરી ગયાં હોય એમ વર્તવા લાગ્યાં.

થોડી વાર પછી એથલે કહ્યુંઃ 'લે હવે તો ઠંડી લાગે છે. ચાલ ને અંદર રૂમમાં જ જઈએ. પછી બહુ મોડું કરીને આખી રાતનો ઉજાગરો કરીશું તો પછી કલાસમાં ઝોકાં આવશે.'

'ઝોકાં આવશે તોય આખી સ્કૂલનાં આપણા બે જણ સિવાય બીજું જોનારુંય કોણ છે?' ને તેની વાત સાચી હતી. નાનકડા ગામની એ નાનકડી શાળાનાં ચાર ધોરણ માટે જે ગણો તે એ બે જ શિક્ષકો હતાં. એણે એમ કહ્યું છતાં એ ઊઠ્યો

ને એથલને ખેંચીને ઊભી કરી ને પોતાની સાથે જકડી લીધી. ને એમ જકડાયેલી રાખીને જ ધર્મશાળા તરફ લઈ જવા લાગ્યો.

'લે છોડ હવે. હું કાંઈ નાસી જવાની નથી. રૂમમાં ગયા પછી તને બધી છૂટ, બસ!'

'એ તો છે જ ને! મહિને એકાદ વખત આવો ચાન્સ મળે છે તે એનો લાભ તો લેવો જ જોઈએ ને! હવે તો ગમે તે બહાનું કાઢીને દર અઠવાડિયે તને પકડી લાવવી જ છે.'

'મને ક્યાં કશો વાંધો છે! પૂછવાવાળી તો તારે છે. એને જવાબ આપતાં તારી હવા નીકળી જાય છે.'

'તું એક વખત રૂમમાં ચાલને પછી કોની હવા નીકળી જાય છે એ બતાવું છૂં હું તને આજે.' ફતેસંગે કહ્યું અને એની બગલમાં હાથ ઘાલી એને જાણે ઘસડતો હોય એમ ધર્મશાળા તરફ ચાલવા માંડ્યો. એથલ પણ એક વેલી ઝાડને વળગી હોય એમ એને વળગી રહી.

એ લોકો ધર્મશાળામાં દાખલ થયાં ત્યાં જ સામેથી એમની જેમ જ એકબીજા સાથે ચીપકીને ચાલ્યાં આવતાં ઉજમ અને શના ઠાકોર એમને જાણે કે ભટકાઈ જ પડ્યાં. બધાંએ એકબીજાંને છેલ્લી ઘડીએ જ જોયાં. કોઈને સ્વસ્થ થવાનો સમય જ ન મળ્યો. કોઈને સ્વસ્થ થવાનુંય ન હતું. ચારેય જણ જાણે વીજળીનો ઝાટકો લાગ્યો હોય એમ એકબીજાથી અલગ થઈ ગયાં. કોઈથી કશું બોલાયું નહીં.

ને બીજી જ પળે બેય સ્ત્રીઓ દોડી ને પોત પોતાની રૂમમાં ભરાઈ ગઈ. પેલા બે પુરુષોની નજરો મળી ટકરાઈ ને પાછી ફરી ગઈ. કોઈથી કાંઈ બોલાયું નહીં. બેય જણા પોતાની રૂમમાં પેસી ગયા. એમને પોતાની સાથીદારના ગભરાટના જવાબો આપવાના હતા.

અનુક્રમ Þ

## ૧૧:- નોકરી ને છોકરી બેય મળ્યાં

સૂરતની એક હાઈસ્કૂલમાં કિરણ અને છાયા બેયને નોકરી મળી ગઈ. બેય આનંદમાં આવી ગયાં. એક મહિના પછી નોકરી ચાલુ કરવાની હતી પણ એની તૈયારી તો નોકરીનો ઑર્ડર મળ્યો ત્યારથી જ શરૂ થઈ ગઈ હતી. કિરણને ત્યાં બધાં હર્ષથી ઊછળી પડ્યાં હતાં પણ છાયાને ત્યાં તો જાણે ધરતીકંપ થયો હોય એવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી. કુંવારી છોકરીને એકલી આટલે દૂર નોકરી કરવા મોકલવા ગીતાબેન તૈયાર ન હતાં.

'હું એકલી ક્યાં છું! કિરણને પણ એ જ સ્કૂલમાં નોકરી મળી છે. અમને કશી અગવડ નહીં પડે.' છાયા કહેતી હતી. ગીતાબેન એને કેવી રીતે કહે કે કિરણ સાથે હતો એ જ મોટો ચિંતાનો વિષય હતો. જો વિહારી પરણેલો હોત તો ગીતાબેન એને ને એની વહૂને ઘર સોંપીને એની સાથે જઈ શકત, પણ એવુંય ન હતું.

'જો તું પરણેલી હોત તો અમારે ચિંતા કરવાની કશી જરૂર ન હતી.' એમણે કહ્યું.

'તો મને પરણાવી દે જો કોઈ લાયક મુરતિયો મળે તો.'

'એમ કાંઈ ઝટપટ લગન ગોઠવાઈ જાય નહીં. તપાસ કરવી પડે, ઘરકુટુંબ જોવું પડે, પાંચ જણનો અભિપ્રાય લેવો પડે. બધું બરાબર હોય તો લગ્ન ગોઠવાય. ગમે તેટલી ઉતાવળ કરીએ તોય છ મહિના તો નીકળી જ જાય.'

'પણ તું તો ત્રણ વરસથી મારી પાછળ પડી છે તે આજ સુધી કોઈ મુરતિયો મળ્યો જ નહીં! હવે મને નોકરી મળી એટલે તને છ મહિનામાં મુરતિયો મળી જશે! કે પછી ઓછું ભણેલો કે બહુ મોટી ઉંમરનો કે બીજવર હશે તોય વાંધો નહીં એવું ધોરણ રાખીશ શોધવામાં!'

'તું બે ચોપડી ભણી એટલે મને એમ પાણીમાં મૂઠીઓ ના ભરાવીશ. પણ લાખ વાતની એક વાત સાંભળી લે. હું તને છેક સૂરત સુધી નોકરી કરવા એકલી જવા દેવાની નથી એ વાત નક્કી.'

'પણ તું મારી વાત સાંભળતી નથી એનું શું? મેં તને કેટલી વાર કહ્યું કે હું ત્યાં એકલી નથી. મારી સાથે કિરણ પણ છે. અને નોકરીય કાંઈ નાનકડા ગામમાં નથી. સૂરત જેવા શહેરમાં છે, એટલે જે સગવડ જાઈએ તે મળી શકે એમ છે. ને છતાંય તારું મન ના માનતું હોય તો મને કિરણ સાથે પરણાવી દે, પછી તો તને વાંધો નહીં આવે ને!'

'શું કહ્યું, એનું ગામ તેં જોયું છે! એવા નાના ગામમાં મારી દીકરીને હું પરણાવું? તારી અક્કલ તો ઠેકાણે છે ને!'

'તો પછી કોઈ મોટા ગામમાંથી લાયક મુરતિયો શોધી લાવ ને, હું ક્યાં ના કહું છું.' છાયાએ ગીતાબેનને જાણે વાસ્તવિકતાનાં દર્શન કરાવ્યાં.

'તું મને ગમે તે કહે પણ મારો જવાબ એક જ છે, મારે તને પરણાવવાની છે તો કોઈ લાયક ઘરમાં જ.'

'મને તો આપણાં ઘણાં ઘર કરતાંય કિરણનું ઘર વધારે લાયક લાગે છે.'

'મને નથી લાગતું એનું શું? નહીં તો મેં કાંઈ એને જોયો ન હતો આજ સુધી! ત્યાં તને પરણાવીએ તો ગામમાં લોકો મને જીવવાય ન દે.' ગીતાબેને પોતાની દલીલના સમર્થનમાં ગામનો આશરો લીધો.

'જો બા, તું કોઈ અજાણ્યાને આવી વાત સમજાવે તો એ કદાચ માને પણ મને તો આખી નાતની ખબર છે. આવું તો આજે ઘેરઘેર થાય છે. કોઈને નાતબહાર મૂક્યા હોય એવું મને યાદ નથી. જો ભાઈને ને મારે તો આ વિષયમાં ઘણી વાર વાત થયેલી છે. એય તારી જેમ જ વિચારે છે. પણ મારી વાત પણ સાંભળી લે. મેં કિરણ સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું છે. જો તું હા કહે તો તું કહે ત્યારે ને તું ના કહે તો આવતે વર્ષે, ખાનગીમાં. હવે બધું તારા હાથમાં છે.'

'તારે મને મારી જ નાખવી છે! તું જો એની સાથે બારોબાર પરણી જાય તો આપણા ઘરની આબરૂનું શું? કાલે સવારે વિહારીને પરણાવવાનો છે એનું શું?'

'તને એમ લાગતું હોય કે મારાં કિરણ સાથેનાં લગ્નને કારણે ભાઈનાં લગ્નમાં તકલીફ આવશે તો ભાઈને પહેલો પરણાવી દે. પછી મારાં લગ્નની જાહેરાત કર એટલે કશો વાંધો ન આવે, બોલ બરાબર છે ને!'

'તું મને ગૂંચવી મારે છે. તારા ભાઈને આવવા દે, એ તને બધી વાત સમજાવશે.'

'જો બા, હું તને સાચી વાત કહું! તને પણ કિરણ ગમે છે ને ભાઈને પણ એ ગમે છે. તમે બેય આજે ત્રણ વર્ષથી મારે માટે લાયક મુરતિયો શોધો છો એમાં તમે કિરણ કરતાં સારો મુરતિયો શોધવા માગતાં હતાં, ને તમને મળ્યો નથી. ને મને

કિરણ ગમ્યો છે. ત્રણ વર્ષથી મેં એની સાથે પરણવાનું નક્કી કરી રાખેલું છે. હવે તારે અને ભાઈને હસતે મોંએ હા કહેવાની છે. જે નોકરી માટે લોકો પડાપડી કરતા હોય એવી નોકરીઓ અમને મળી છે. તારે તો બા ઊલટું ખુશ થવું જોઈએ કે તારી દીકરી તારી કે ભાઈની પાસે કદીય પાંચ પૈસાની આશા કરતી નહીં આવે. કહે તને આવી જગ્યા આપણા સમાજમાંથી મળવાની હતી!'

ગીતાબેન બધું સમજતાં હતાં. એમને પોતાના સમાજમાંથી લાયક મુરતિયો મળતો ન હતો એની પાછળ પણ છાયા કહેતી હતી એવું જ કારણ હતું. પોતે કિરણની સાથે જ એવા મુરતિયાની તુલના કરતાં હતાં ને કિરણનું પલ્લું કાયમ ભારે જ જણાતું હતું. ને એટલે જ પોતે વાત આગળ વધારી શકતાં ન હતાં. પણ આ વાત જાહેર રીતે સ્વીકારતાં હજુ તેમનું મન કોચવાતું હતું.

સાંજે વિહારી આવ્યો એટલે એમણે એને બધી વાત કરી. વિહારીને માટે તો એમાંનું કશું નવું ન હતું. એને તો બધી વાતની ખબર હતી.

'તેં શું વિચાર્યું? એ માનવાની તો નથી જ. તારે એને સામેથી પરણાવવી છે કે એ બારોબાર પરણી જાય એવું થવા દેવું છે? કિરણ સારો છોકરો છે. છાયા એની સાથે સુખી થશે. તું કહેતી હો તો હું બેયને સાથે બેસાડીને પૂછી લઉં. પછી આપણે કિરણનાં માબાપ અને ભાઈભાભીનેય મળી લેવું પડે. હું એ બધાંને જાણું છું. એ બધાં સારાં માણસો છે. એક ગામની વાત બાદ કરીએ તો એ ઘર આપણા સમાજનાં ઘણાં ઘરમાંના એક જેવું જ છે.'

'તારી વાત સાચી છે. કિરણ તો મનેય ગમે છે, પણ એમને નોકરી કરવા એક સાથે જ લગન પહેલાં મોકલવાનું મારું મન માનતું નથી.'

'જાઈએ, એનો પણ કોઈ ઉપાય કરાશે. તું પહેલાં સંમત થતી હોય તો હું આગળ વાત ચલાવું. તારે પણ મારી સાથે આવવું પડશે આ વખતે તો.' ગીતાબેનને કચવાતે મને હા પાડવી પડી. કિરણ જો એમના સમાજનો જ મુરતિયો હોત તો એ ફૂલ્યાંય ન સમાતાં હોત. એને બદલે આજે એમનું મન કોચવાતું હતું.

કિરણે પણ ભાભીને પોતાને સૂરતમાં સારી નોકરી મળી ગઈ હતી એની વધામણીની સાથે પોતે અને છાયા પરણવા માગતાં હતાં એની વધામણી પણ આપી દીધી હતી. હજુ છાયાએ એની બાને વાત કરી કે એની બાએ સંમતિ આપી એવી કોઈ ચોખવટ એણે કરી ન હતી. રેવાને હવે ચિંતા થવા લાગી. કિરણ મોટી બાથ ભરતો હતો. એ મોટા ગામનાં ને ઊંચાં ઘરનાં લોકો એમ છોકરાંની વાત સ્વીકારી લે એવું બનવાની શક્યતા એને બહુ જણાતી ન હતી. એણે એટલે તો ઘણા વખત પહેલાં ગીતાબેનને મળીને વાતની ચોખવટ કરી લેવાની ઈચ્છા જણાવી હતી પણ કિરણ અને છાયાએ તેને વારી રાખી હતી.

આજેય કિરણ જણાવતો હતો કે એ બે પરણવા માગતાં હતાં. એનાં બાની એમાં સંમતિ હતી એવો કશો અણસાર એના કાગળમાંથી મળતો ન હતો. એમને થયું કે પોતાનો દિયર પરાણે રાગે આવ્યો છે ને જો ગીતાબેન એમનાં લગ્નમાં સંમતિ નહીં આપે તો પાછો હતાશ થઈ હાથથી તો નહીં જાય ને!

રેવાને થયું કે પોતે નડીઆદ જવું જોઈએ. અવિનાશને જેમતેમ સમજાવી તે નનકાને સાથે લઈને નડીઆદ આવી. કિરણ ઘેર ન હતો. પણ શાંતાબેન ઘેર હતાં. તેમણે એને આવકારી ને નાનકાને રમાડ્યો ને ફોન કરી ગીતાબેનને પણ રેવાના આવ્યાના ખબર કર્યા. એમણે કિરણ અને છાયાનાં લગ્નમાં એમની હા ભણાવવામાં ઘણો ભાગ ભજવ્યો હતો.

ગીતાબેને જો કે હજુ જાહેર રીતે હા પાડી ન હતી પણ એ પલળ્યાં હતાં અને હવેને કોઈ પણ વખતે એ હા પાડી દેશે એની એમને ખાતરી હતી.

ફોન પર જ રેવાને ને બધાંને સાંજનું જમવાનું આમંત્રણ એમણે આપી દીધું ને રેવાને મળવા આવી પહોંચ્યાં. કોઈને એમના મોં પરથી ન લાગે કે છાયાના કિરણ સાથે પરણવાના પ્રસ્તાવ સાથે હજુ પોતે સંમત થતાં ન હતાં. એ હસીને રેવાને મળ્યાં. બધાંના સમાચાર પૂછ્યા ને નાનકાને પણ એમણે વહાલ કર્યું. કિરણને નોકરી મળી એનો એમણે આનંદ પણ વ્યકત કર્યો.

'છાયાનેય નોકરી મળી ગઈ છે એમ જાણ્યું છે. કિરણ આગળ ભણ્યો ને આજે એને સારી નોકરી મળી એ શાંતાબેન અને તમારે પ્રતાપે જ. બાકી સાચી વાત કહું તો દાજીએ તો એને ઘરમાંથી કાઢી જ મૂકયો હતો. તમે આશરો આપ્યો ત્યારે એ કાંઈક લાયક બન્યો.' રેવાએ કહ્યું.

'છાયાને નોકરી મળી છે એ સાચું પણ હજુ એને જવા દેવા મારું મન માનતું નથી. આ જમાનામાં એકલી છોકરીને આટલે દૂર નોકરી કરવા જવા દેવાનું માને ના જ ગમે ને! એને પરણાવી દીધેલી હોત તો મને કશો વાંધો ન હતો.'

'તે પરણાવી દો ને! પછી તમનેય નીરાંત અને એનેય નીરાંત.' શાંતાબેન એમને મૂળ વાત પર લાવવા બોલ્યાં.

'તમે કહો છો એટલું એ સહેલું નથી તો. એક તો અમારે લાયક ઘર ઓછાં ને તેમાંય ભણેલા છોકરા મળવા અઘરા. કોઈ કદાચ મળે તોય આપણાથી ઊંચકાય નહીં. એની ચિંતામાં તો મારો વિહારી પરણાવ્યા વગરનો મારે બેસાડી મૂકવો પડ્યો છે.' ગીતાબેને હૈયાની વરાળ કાઢી. એમને આ વાત રેવાની હાજરીમાં કરવી ગમતી ન હતી પણ શાંતાબેન મોઢામાં આંગળાં નાંખીને બોલાવતાં હતાં એટલે એમનો છૂટકો ન હતો.

'ભાઈ તમે રહ્યાં મોટા ઘરનાં માણસ, અમારી વાત તમને પસંદ ના પડે. તમારી મોટા ઘરની ને મોટાં ગામની વાત એક બાજુ રાખીને વિચારો તો મારી વાત તમને તરત ગળે ઊતરી જાય.' શાંતાબેન લીધી વાત મૂકે એવાં ન હતાં.

'તમે મને ગૂંચવશો નહીં. બધાં એક જ વાત કરે છે.'

'બધાં એટલે કોણ? બીજું કોણ એવું કહે છે?'

'અત્યારે એ વાતો કરવાની રહેવા દો. ભગવાને જે ધાર્યું હશે એ થશે. હું તો હવે થાકી ગઈ છું આ બધી વાતોથી.'

'છોકરીનાં મા છો. એમ થાકી ગયે ના ચાલે. મારી એક વાત માનશો જ્યારે કશો રસ્તો ના દેખાતો હોય ત્યારે બધાં કહે એ રસ્તે ચાલવામાં ફાયદો છે.' શાંતાબેને છેવટનું કહી દીધું.

ગીતાબેન હજુ મનથી તૈયાર ન હતાં પણ એમને એક વાત મનમાં ઠસી ગઈ હતી કે છેવટે છાયાનું ધાર્યું જ થવાનું હતું. પોતે જે ચારપાંચ જ્ગ્યાએ તપાસ કરી હતી તેમાં કોઈ મૂરતિયો એમને છાયાને લાયક જણાયો ન હતો. વળી હમણાંનો વિહારીય છાયાની સાથે બેસી ગયો હતો. એણેય હવે તો કિરણને પસંદ કરી લીધો હોય એમ લાગતું હતું.

હવે રેવાને પણ લાગ્યું કે એણે કાંઈક બોલવું જોઈએ. તેણે કહ્યુંઃ 'વાત નીકળી જ છે તો મને કહી લેવા દો કે આમારું ઘર તમારાં ઊંચાં ગણાતાં ઘર જેવું ભલે ના હોય પણ મારા બાપ મનોર મોટા ફરતાં પંદરેય ગામમાં પહેલા દરજ્જાની આબરૂ

ધરાવે છે ને એમણે મને જ્યાં પરણાવી હશે એ ઘરેય એમને પોતાની બરોબરીનું લાગ્યું હશે ત્યારે મને એ ઘેર પરણાવી હશે ને! ને મારા દિયરને તો જેટલી હું જાણું છું એટલો તમેય જાણો છો. કહો છે કશું કહેવાપણું એનામાં!'

'એનું જ બધું દુખ છે ને. તારા દિયરમાં કશું કહેવાપણું નથી એટલે એને ભુલાતો નથી ને બીજો કોઈ છાયાને લાયક મળતો નથી ગીતાબેનને. સોનું સાંપડતું નથી અને જે સાંપડે છે એ સોનું છે એવું એમનાથી સ્વીકારાતું નથી.' શાંતાબેન બોલ્યાં.

'જો હું કોઈ વાતની હાયે નથી પાડતી કે નથી નાયે પાડતી. મને હજુ વિચારવા દો. મારે મારો વિચાર નથી કરવાનો મારે તો મારા દીકરાનો ને આખા ગામનો વિચાર કરવાનો છે. કાલે સવારે મારે ગામમાં નીકળવાનું છે ને કોઈ મારું ઘસાતું બોલે એ મારાથી સહન થાય એમ નથી. રેવાબેન હાજર છે ને હું કહું છું કે કિરણ મને મારા વિહારીના જેટલો જ ગમે છે પણ મારાથી આંધળિયાં કરી શકાય એમ નથી.'

'કિરણ મારો દિયર છે એટલે હું એને માટે કાંઈ કહીશ તો તમને લાગશે કે હું એનાં વખાણ કરું છું પણ છાયા એની સાથે સુખી થશે  એની હું તમને ખાતરી આપી શકું.'

'એની તો મનેય ગળા સુધી ખાતરી છે પણ વાત એમાં છાયા એકલીની જ નથી. આ તો આખા કુટુંબની વાત છે. એને સુખી કરવા જતાં આખા કુટુંબની આબરૂને ધકકો લાગે એવી વાત હોય તો મારે સાત ગરણે ગાળીને પાણી પીવું પડે.'

'પણ કુટુંબની આબરૂના ઓઠા હેઠળ તમે છાયાનો ભોગ આપવા તો નથી માગતાં ને!' શાંતાબેને એમના મર્મને સ્પર્શ કરવા પ્રયત્ન કર્યો.

'મને લાગે છે કે મારે આવું અપમાન સહન કરવાનું કોઈ કારણ નથી. ને અમારે કારણે તમારા કુટુંબને ધકકો લાગતો હોય તો અમારે એવી નામોશી લેવાની ઈચ્છાય નથી. તમારે શું કરવું એ તમારે વિચારવાનું છે. તમે તમારી દીકરીને સાચવી લેજો ને હું મારા દિયરને સમજાવી લઈશ.' રેવાએ શરમ મૂકીને કહી દીધું.

'મારો તમને ખોટું લગાડવાનો ઈરાદો ન હતો. પણ દરેક માના જીવનમાં આવે છે એવા મૂંઝવણભર્યા સમયમાંથી હું પસાર થઈ રહી છું, એટલે કયારેક એવું બોલાઈ જાય છે. તમે બધાં સાંજે જમવા આવો છો જ ને. આપણે શાંતિથી વિચાર કરીને કોઈ ઊકેલ કાઢી શકીશું એવી મને શ્રધ્ધા છે.' નરમ પડતાં ગીતાબેને કહ્યું. એમને મનોર મોટાની આ દીકરી પરથી જ જાણે મોટાની પ્રતિષ્ઠાની પ્રતીતિ થઈ ગઈ હોય એમ લાગ્યું.

રેવાનેય લાગ્યું કે એણે એવું તીખું બોલી દેવાની જરૂર ન હતી. ગીતાબેનને છાયાનાં લગ્ન કિરણ સાથે કરતાં પહેલાં શાંતવનની જરૂર હતી તેને બદલે એણે કડવું કહ્યું હતું. એક વખત બોલાઈ ગયું પછી એને લાગ્યું કે પોતાના બોલવાનું જો ગીતાબેનને ખોટું લાગી જાય ને એ છેલ્લે પાટલે જઈ બેસે તો તકલીફ ઊભી થઈ જાય.

'મારો તમને દુખી કરવાનો આશય ન હતો. જેટલું તમારું ખાનદાન ઊંચું હોય એટલી એની જાળવણી પણ મોઘી હોય. તમને તમારી એ ખાનદાની પરંપરામાંથી બહાર નીકળતાં હતાશા થાય એ સમજાય એવી વાત છે. પણ બીજાં ખાનદાનને ઊતરતાં જ ગણીને ચાલવાનો અણસાર મને તમારી વાતમાંથી આવ્યો એટલે મારાથી એવું બોલી જવાયું.' રેવાએ પણ વાતને વાળી લેવા પ્રયત્ન કર્યો.

'હું ઊઠું હવે. તમને મળવા જ આવી હતી. સાંજે જમવા આવશો ત્યારે વધુ વાત કરીશું.' કહેતાં ગીતાબેન ગયાં. એમને રેવાનું બોલવું વધુ પડતું લાગ્યું હતું પણ પોતેય પોતાના ઘરકુટુંબની વડાઈ કરવામાં વિવેકભાન ભૂલી જતાં હતાં એ પણ કેટલું યોગ્ય હતું! દરેકને પોતાના ખાનદાનનો ગર્વ હોય. કોઈ એનું ખંડન કરવા પ્રયત્ન કરે એ કોઈ ગરજવાન જ સહન કરી લે. એવા કેટલાય વિચાર એ આખે રસ્તે કરતાં રહ્યાં.

બે પરણનારાં તો એમના ઘુટૂર્ઘુમાં જ મગ્ન હતાં. એમને ગીતાબેન કે રેવાની વાતની ખબરેય ન હતી. એ તો કુંભનાથ મહાદેવના એક બાંકડે બેસીને ભાવિના પ્લાન વિચારી રહ્યાં હતાં. સૂરત જવાની આડ્યે હવે વીશ જ દિવસ રહ્યા હતા. જો બેયનાં લગ્નનું ના પતે તો બેયે અલગ જ મકાન ભાડે લેવાં પડવાનાં ને આવાર નવાર મળતાં રહેતાં સ્ટાફના બીજા માણસોની હાંસીમજાકનાં કેન્દ્ર પણ બની રહેવાનાં એની એ લોકો ચર્ચા કરતાં હતાં.

'જો ભાભી આપણી સાથે રહેવા આવે થોડા દિવસ તો સાથે રહેવાય પણ ખરું અને લોકાની ટીકામાંથી પણ બચી જવાય.'

'ભાભીને તો બા નાનકાને લઈને આવવા ના દે ને ભાભી એને મૂકીને આવે નહીં. આપણે જો ગાંધર્વ લગ્ન કરી લઈએ તો ગીતાબેન અને ભાભી ચલાવી લે કે નહીં?'

'પહેલાં તો હું જ ના ચલાવી લઉં. મારે તો ભભકાથી લગ્ન કરવાં છે. એમ ભાગેડું જેવાં લગ્ન ચાલે નહીં.' છાયાએ કહ્યું. એ ભણેલી જરૂર હતી પણ આખરે હતી તો એક સ્ત્રી જ ને!

'તારા ભાઈની તો થોડી દયા ખા. એને કામ વગરનો ખર્ચ કરાવીને તારા હાથમાં શું આવવાનું! જે લોકો લગ્નમાં આવશે એય વરસ પછી તો એ ભભકો ભૂલી જશે.'

'એમાં તારું ગણિત નહીં ચાલે. મારા પિતાએ અને મારા ભાઈએ એ માટેની જોગવાઈ કરી જ રાખેલી છે. ને મારેય મારાં સ્વપ્નાં હોય કે નહીં! જો અમારા સમાજમાં મારાં લગ્ન કરવાનાં હોત તો લાખેક રૂપિયા તો પરઠણ અને પરચૂરણ વહેવારમાં જ થઈ જાત.'

'તો એ હિસાબે હું ઘણો સસ્તો પડ્યો ગીતાબેનને. છતાં એ હજુ સમજતાં કેમ નથી એ જ મને સમજાતું નથી.'

'તને એ સમજાશેય નહીં. મોટાં ગામ, ઊંચાં ખાનદાન ને મોઘા રિવાજ એ બધું સમજવા માટે તારે એ સમાજમાં જન્મ લેવો પડે.'

'ભગવાનનો પા'ડ કે હું એ સમાજમાં જનમ્યો નથી.'

'કદાચ જનમ્યો હોત તોય તને એ બધું ન સમજાત જો તું કોઈ બહેનનો ભાઈ કે કોઈ દીકરીનો બાપ ન હોત. જેને સમજાય છે એનેય નવો ચીલો પાડવાની હિંમત કયાં થાય છે! વિહારી કે બા નથી સમજતાં એમ નથી પણ જે નવો ચીલો પડી ચૂકયો છે એ નવે ચીલે ચાલવાનીય એમનામાં હિંમત નથી.'

'ચાલ જઈએ. નહીં તો વિહારી જાણ્યા છતાંય તને પૂછશે ને તારે એને ન ગમે એવા જવાબ આપવા પડશે. કામ વગર મનદુખ ઊભું કરવાથી શું લાભ!'

ને બેય ઊઠ્યાં. રસ્તામાં પહેલું કિરણનું ઘર આવતું હતું એટલે છાયા એની સાથે ત્યાં આવી. ઘરમાં ભાભીને જોઈ બેય ચોંકયાં: 'ભાભી તમે અચાનક કયાંથી!' કિરણ પહેલો સ્વસ્થ થયો.

'અચાનક આવી તો જ તું અહીં કેવા ધંધા કરે છે એની ખબર પડી ને! બિચારાં ગીતાબેન છાયાની વાટ જોતાં બેસી રહ્યાં હશે ને તું એને લઈને રખડવા ગયો હશે. એમને એમ કે છાયા આને તો રસોઈમાં મદદ કરે તો ભાભીને જમાડીએ પણ છાયાને તું નવરી મૂકે તો ને!'

'જો મોઢે બોલ્યાં હો તો ચાલો મારે ત્યાં જમવા.' છાયા બોલી ઊઠી.

'તે જમવાનું આમંત્રણ તો ગીતાબેન કયારનાંય આપી ગયાં છે, તેં નવું શું કહ્યું એમાં. જો તારે એમને મદદ કરવી હોય તો વહેલી ઘેર પહોંચ, નહીં તો પાછું મારા દિયરનું નામ આવશે વચમાં.' રેવાએ કહ્યું ને છાયા ઘર તરફ ભાગી. ને બધાં હસી પડ્યાં.

કિરણે ભાભીને મળવા ગીતાબેન આવ્યાં હતાં એ જાણ્યું ને એને આનંદ થયો. એને થયું કે ગીતાબેન બહારથી ભલે અતડાં રહેવા પ્રયત્ન કરતાં હોય પણ અંદરખાનેથી એ નરમ પડ્યાં હોય એમ લાગે છે. એ ભાભીને મળવા આવ્યાં એટલું જ નહીં પણ એમણે એમને જમવા પણ બોલાવ્યાં એ પોતાની માન્યતાની પુષ્ટિ કરવા માટે પૂરતું હતું.

રેવાએ પોતે એમને કડવું કહી દીધું હતું એ ન જણાવ્યું. ગીતાબેન પોતાને મળવા આવ્યાં અને જમવાનું આમંત્રણ આપી ગયાં, એની પાછળ એમની ખાનદાની બતાવવાની ખેવના હશે ખરી, પણ છાયાની કિરણની સાથે જ પરણવાની મકકમતાની સામેની એમની શરણાગતી પણ કારણભૂત હશે એમ એને લાગ્યું. પોતે એમની સામે ખોટી છેડાઈ પડી એમ પણ એને ફરીથી લાગવા માંડ્યું.

શાંતાબેનને કલાસ લેવાના સોંપી બેય જણાં નાનકાને લઈ રિક્ષામાં ગીતાબેનને ત્યાં પહોંચ્યાં. છાયાએ નાનકાને શાંતાબેનને ત્યાં જોયો જ ન હતો. એ તો એની સાથે રમવામાં ને કાલીકાલી વાતો કરવામાં જ પડી ગઈ. ગીતાબેને જ બધાંને પાણી આપ્યું. વિહારી હમણાં જ નોકરી પરથી આવ્યો હતો. એ કિરણ સાથે વાતે વળગ્યો.

ગીતાબેન અને રેવા વાતે વળગ્યાં : 'મને બેન એમનાં લગ્નમાં કશો વાંધો નથી પણ ગામ અને સમાજનો મને બહુ ડર લાગે છે. આપણે તો આખી જિંદગી એમની વચ્ચે જ રહેવાનું ને મ્હેણાંટોણાં સાંભળવાનાં.'

'તમારી વાત મને સમજાય છે. તમારે શું કરવું એ તમારે જોવાનું છે. મારેય મારાં સાસુ સસરાને પૂછવું પડે, પણ મને એટલો વિશ્વાસ છે કે હું કાંઈ કહીશ તો એ માન્ય રાખશે. તમને તમારા ગામ અને સમાજ માટે ભરોંસો હોય તો વાંધો નહીં આવે. મને ખબર છે ત્યાં સુધી તમારા સમાજમાં આજ પહેલાં આવા ઘણા કિસ્સા બની ગયેલા છે. તમે જો ધારો તો એમનો દાખલો લઈ શકો છો.'

'મને એમની સ્થિતિની ખબર છે એટલે જ મનમાં થોડો ગભરાટ થાય છે.'

'તમારી ખાનદાની વાતોમાં મને તો સમજણ પડતી નથી પણ અમારે ત્યાં આવો કોઈ પ્રશ્ન ઊભો થાય તો અમે અમારાં સંતાનોના ભલાનો પહેલો વિચાર કરીએ છીએ. તમારી વાત તમે જાણો.' રેવાએ અજાણ્યેય ગીતાબેનને ડામ દઈ દીધો.

'તે કેમ જાણ્યું કે અમે અમારાં સંતાનોનો વિચાર નહીં કરતાં હોઈએ! એ વિચાર કરીએ છીએ એટલે જ વધારે ગૂંચવાડો  થાય છે. જો મારા વિહારીના લગ્ન પહેલાં હું છાયાને બહાર પરણાવું તો મારા વિહારીને સારું ઠેકાણું મળવું અઘરું પડે. પણ વિહારીને થોડો પંદર દા'ડામાં પરણાવી દેવાય છે. એને પરણાવતાં વધારે નહીં તો બે મહિના જેટલો સમય તો લાગે જ. ને છાયાની નોકરી તો વીશ દા'ડામાં શરૂ થવાની છે. એને એકલીને નોકરી પર જવા દઉં તો પણ જાતજાતની વાતો સમાજમાં વહેતી થઈ જાય.'

'કાં તો એને નોકરી પર જતી અટકાવું કે પછી હું તેની સાથે જાઉં.'

'મેં એય વિચારી જોયું. છાયા કહે છે કે નોકરી હાથમાંથી જવા દેવા જેવી નથી. અને જો હું એની સાથે સૂરત જાઉં તો વિહારીનાં લગન ગોઠવવામાં ઉતાવળ ના થઈ શકે.'

'બસ એટલી જ વાત છે! તો વેકેશનમાં પાછાં આવીને વિહારીને પરણાવો. આ બે જણાં ઓછાં ઘરડાં થઈ જવાનાં છે ત્યાં સુધીમાં. પહેલાં વિહારીને પરણાવી ને પછી એમને પરણાવજો.'

'દીવાળીની રજાઓમાં જો વિહારીનું પતી જાય તો આ બેને તો કારતક માગસરમાં ગમે ત્યારે પરણાવી દેવાશે. મારો વિહારી તો કયારનોય કહે છે કે એક વખત તમારે ત્યાં આવી સાકરના રૂપિયા આપી દેવા જોઈએ. પણ જ્યાં સુધી એનું પતી ના જાય ત્યાં સુધી મારે એ વિધિ કરવી નથી.'

'તો એનો અમારે કશો વાંધો નથી.  એ બધું વિહારીનાં લગન પછી રાખજો. તમારી જે બીક છે તે મને સમજાતી નથી છતાં અમને કશો વાંધો નથી.

જમીને ઘેર જતાં કિરણ ભાભીને પૂછતો હતો : 'તમારે ને ગીતાબેનને શી વાતો થઈ?'

'જે તારે ને વિહારીને થઈ એ જ.'

'અમારે તો એનાં લગનની વાતો થઈ. એને પહેલો પરણાવી દેવાની વાત ચાલે છે. એક બે છોકરીઓ એણે જોઈ છે પણ ખરી. પણ તમારે બીજી કશી વાતો ન થઈ અમારાં લગ્ન વિશે?' કિરણને ચોખવટથી પૂછવું પડ્યું.

'થઈ ને. જ્યાં સુધી વિહારીનાં લગ્ન પતી ન જાય ત્યાં સુધી તમારા સંબંધની કોઈને ગંધ સરખીય ના આવવી જોઈએ. પછી તમારી લાઈન કલીયર.'

અનુક્રમ Þ

## ૧૨. કેસ ચાલ્યો

તે રાતે ફતેસંગ અને ઉજમ બેય ઊઘાડાં પડી ગયાં એટલે બેયને ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવા જેવું થયું હતું. ફતેસંગ પુરુષ હતો એટલે એ વહેલો સ્વસ્થ થઈ શકવો જોઈએ, પણ એમ થઈ શકયું ન હતું. એને પોતાના કરતૂતની શરમ નહોતી આવતી એટલી શરમ ઉજમને શના ઠાકોરની સાથે જોઈને એને આવી હતી. એને થયું ઉજમ જેવી ઉજમ પણ એ ફરેબીના છટકામાં આવી ગઈ! એ શનિયે એને કોણ જાણે શુંય સમજાવીને ફસાવી હશે! પોતે જ એવો મૂરખ કે એને સામે ચાલીને પેલી નાથીને ત્યાં રહેવા મોકલી હતી. એ નાથીય પોતાના ભાઈની સાથે ભળેલી નહીં હોય એની શી ખાતરી!

ઉજમનોય ઘેર પાછી આવતાં પગ ઊપડતો ન હતો. એને ફતેસંગની એટલી બીક લાગતી ન હતી જેટલી લોકોની સામે થનાર ભવાડાની લાગતી હતી. શના ઠાકોરે એને કેટલી બધી હિંમત બંધાવી હતી ત્યારે એ ઘેર જવા તૈયાર થઈ હતી. નાથીને ત્યાંથી નીકળતાં ઠાકોરે એને છેવટની સૂચના આપી હતી : 'જો, ફતો મારઝૂડ કરે તો બે લબાચાની પોટલી બાંધીને ઘરની બહાર નીકળી જજે. ફળિયાને નાકે રહેતો કરસન પગી મારો જ માણસ છે. એ તને સીધો નાથીને ત્યાં મૂકી જશે. હું ત્યાં આવું તો ભવાડો થાય અને કદાચ ધારિયાવાળીય થઈ જાય.' ને ઉજમ જેટલી ભવાડાથી ડરતી હતી એટલી મારથી ન્હોતી ડરતી. દારૂડિયા ધણીનો માર ખાઈને તો એ રીઢી થઈ ગઈ હતી.

બસમાં ગામ જતાં એ આખે રસ્તે એ જ વિચાર કર્યા કરતી હતી. પોતે ઘેર પહોંચશે ત્યારે ફતેસંગ ઘેર આવી જ ગયેલો હશે. પોતાનું સ્વાગત મહેણાંથી થાય તો એને વાંધો ન હતો, પરોણાથી થાય તોય એને વાંધો ન હતો. પણ જો એ એને ફળિયાનાં બધાંની વચ્ચે બદનામ કરવાનો પ્રયત્ન કરશે તો પોતેય એની ને પેલી ઢેયડીની સાત પેઢી ધોઈ નાખશે. એને બીજે દિવસે નિશાળે જતાંય શરમ આવે એવું પોતે કરશે. જો એ દારૂ પીને બેઠો હશે તો આખું ગામ જાણશે કે નિશાળનો માસ્તર દારૂ પીવે છે.

પણ એના આશ્ચર્ય વચ્ચે એમાંનું કશું ન થયું. ઊલટાંનો ફતેસંગ એને જોઈને રડી પડ્યો અને કહેવા લાગ્યો : 'મારી ભૂલ થઈ ગઈ મને માફ કરી દે. મારે લીધે, મને શિક્ષા લગાડવા તારેય એવું કરવું પડ્યું. હું હવે એવું ફરી નહીં કરું. ને તુંય હવે એ શનિયાને રવાડે ના ચઢીશ.' એક વખત તો ઉજમને કશી સમજણ ના પડી. એને તો પરોણાના મારની બીક હતી એને બદલે આ તો ઊલટો ફતેસંગ એની માફી માગતો હતો. એને થયું કે પોતે સ્વપ્નું તો જોતી ન હતી ને!

'મારીય ભૂલ થઈ ગઈ. એ રાતે હું નાથીને ત્યાં રાત રહી હતી ત્યારે રાતે હું ઊંઘમાં હતીને એ મને વળગી પડ્યો. મને કહે કે જો બૂમ પાડી છે તો તારી જમીનની પાટનો કેસ ઉડાડી મેલીશ ને તારા ધણીની નોકરીય જતી રહેશે. ગામમાંથી બેજણા સાક્ષી આપશે કે માસ્તર દારૂ પીવે છે તો મહિનો જેલની હવાય ખાઈ આવશે ભલું હશે તો. ને હું ગભરાટની મારી એના કાબૂમાં આવી ગઈ. હવે તો એ ખેતર જવાનું હોય તો જાય પણ એને તો હું રોકડું પરખાવી દેવાની છું.' ઉજમે કહ્યું અને ફતેસંગની છાતીમાં મ્હોં ઘાલીને રડી રહી.

ઉજમે ખેતરની વાત કરી એ ફતેસંગને ગભરાવી ગઈ. જો શના ઠાકોર ફરી જાય તો સાત વીઘાંની પાટની વાત હવામાં જ ઊડી જાય. પોતાને ગમતી એ વાત ન હતી. એને ઉજમનો સોદો કરવો પડે તો એ કરવામાંય વાંધો ન હતો જો બદલામાં પાટ મળતી હોય તો. ને આમેય પાટ મળી ગયા પછી એને ઉજમની જરૂરેય ન હતી. એણે જે આંસું સાર્યાં હતાં એ તો મગરનાં આંસું હતાં. એણે અને એથલે પકડાઈ ગયા પછી જે પ્લાન બનાવ્યો હતો એ મુજબનો એ માત્ર અભિનય જ હતો. તો ઉજમ પણ નાથીની નિશાળમાં ભણીને આવી હતી. એણે પાટ અને ફતેસંગની નોકરીની વાત કરી હતી એ નાથીના દિમાગની જ પેદાશ હતી.

બેય માનતાં હતાં કે તેમની ચાલ સફળ થઈ હતી. ને એમાં ઉજમને તો જોઈતું હતું ને વૈદે કહ્યું જેવો ઘાટ થયો. એ રાતે બેય જણાં જૂની વાતો ભૂલી જઈ ગોદડીના ગાભામાં લપેટાઈને પડ્યાં હતાં ત્યારે ફતેસંગે સમેથી જમીનની ને શના ઠાકોરની વાત કાઢી : 'તો એ શનિયો તને શું કહેતો હતો?'

'મને કહે કે જો બૂમ પાડીશ તો જમીનની પાટની વાત હવામાં ઊડી જશે.'

'હાહનો એવોયે એવું કરેય ખરો. મને મારી નથી પડી પણ પાટ તારા હાથમાં આવેલી જતી રહે મારાથી ના ખમાય.'

'પણ એ મૂઆનાં લછ્છણ મને હારાં લાગતાં નથી. મેં જાંણ્યું કે ઠીક છે એકાદ વખત કડવો ઘૂંટડો ગળી જઈશું પણ ફરી એણે તેદા'ડે તમારી રૂબરૂમાં જ નાથી મારફત મને આખું અઠવાડિયું રહેવા ના બોલાવી. મને ફફડાટ થતો હતો પણ તમને ક્યાં કશી ખબર હતી, તમે તો ભોળે ભાવે હા પાડી દીધી ને મૂઆને જોઈતું મળી ગયું. તમને જરા સરખોય વહેમ હોત તો તમે મને થોડા જવા દેવાના હતા!'

'બીજું કોઈ કારણ હોત તો ના જવા દેત પણ આ તો આપણી આખી જિંદગીનું સમણું છે આ સાત વીઘાંની પાટ. એટલે છૂટકો નથી.'

'એક ધણી ઊઠીને તમને આવું કહેતાં શરમ નથી આવતી!'

'શરમ તો આવે છે પણ હુંય કંઈ રાજા રામચંદરનો અવતાર છું. મેંય પેલી મહેતી હાર્યે કેટલી બધી લીલા કરી છે. ને તારે તો આખા કુટુંબના ભલા માટે કડવા ઘૂંટડા ભરવાના છે. કાલે હવારે આપણે ત્યાં વસ્તાર થશે તો એ લોકો જીવશે ત્યાં સુધી પાટ ખેડી ખાશે અને આપણને યાદ કરશે. હું મારા હૈયા પર પથરો મૂકી લઈશ. તું એ નાલાયકને રાજી રાખજે. એક વખત જમીનનું પતે પછી આપણે પાછાં એકનાં એક. બે બાપનો હોઉં જો તને એ બાબતનો કદી ટોણોય મારું તો.'

'ના મારાથી એવું નહીં થાય. એક વખત અજાણમાં ફસાઈ ગઈ અને એક વખત તમે અજાણમાં હા કહી દીધી એટલે જે થયું એ થયું, પણ હવે એવું ફરી નહીં.' ઉજમને થયું કે આજે આવોયે જાતે આવીને શના ઠાકોરને ત્યાં મૂકી જવી પડે તોય પાછો પડવાનો ન હતો. ફતેસંગ તો માનતો હતો કે ઉજમ ભોળે ભાવે પોતાની વાત માની લેશે. એણે વાત કેમ શરૂ કરવી એ ક્ષણેક વિચારી લીધું ને પછી વાતનાં પગથિયાં માંડવાં શરૂ કર્યાં.

'આટલો વખત મારું કહેવું માન. જે પાણીએ મગ ચઢે એ પાણીએ ચઢવા દે. તું કાલે જ પાછી ઊપડી જા. પણ જેમ બને તેમ જમીનનું જલ્દી પતે એમ કરજે, મને તારા વગર નહીં ગમે.'

ફતેસંગે જાળ ફેલાવવા માંડી. ઉજમ એની બધી ચાલ સમજતી હતી પણ પોતાના મનનું ધાર્યું થતું હતું ને ધણી સામે ચાલીને એને મોકલતો હતો એટલે એને હવે તો બીવાનું પણ રહેતું ન હતું. એને લાગતું હતું કે પોતાના હાથમાં જમીન આવે પછી આવોયે પોતાને મોતને ઘાટ ઉતારીને જમીન પચાવી પાડવાનો ઈરાદો રાખતો હોય તોય નવાઈ નહીં. ને એ રાતે એને ધણીનો પરસેવો લાલચ અને દગાથી ગંધાતો હતો છતાં એણે એને આઘો ના હડસેલી મેલ્યો.

જે ગણો એ આ છેલ્લી જ રાત છે તારી સાથે, એ મનમાં જ બબડી. ફતેસંગ પણ એવું જ કંઈક વિચારતો હતો. ઉજમને વચન ભલે આપ્યું પણ એથલ વગર એનાથી રહેવવાનું ન હતું ને પોતે એકલો રહેવાનોય ન હતો. હવે થોડી વધારે કાળજી રાખવી પડશે એટલું જ. ઉજમને પેલો શનિયો બોટી ગયો પછી પોતાને એનામાં રસ જ શી રીતે પડે!

ઉજમ બીજે દિવસે પહેલી બસમાં શહેરમાં આવી ને હસીને આંખો નચાવતી નાથીના ઘરમાં પેસી ગઈ.

બે દિવસ પછી કેસ નીકળ્યો. ફતેસંગ પણ આવી પહોંચ્યો હતો. એની ને શના ઠાકોરની આંખો મળી પણ ધાર્યા તણખા ના ઝર્યા. એક તો ફતેસંગે ઉજમ પ્રત્યેથી મન પાછું વાળી લીધું હતું અને શના ઠાકોર અને ઉજમનો સંબંધ લોકોથી છૂપો હતો એટલે એને શરમાવાનું થતું ન હતું, એટલે એણે જાણે કશું જ ન થયું હોય એમ વર્તવાનું નક્કી કર્યું હતું.

કેસમાં કુબેર પટેલ વતી સુમન વકીલે વજેસંગને હાજર કરવાની માગણી કર્યા કરી. સામા પક્ષના વકીલે વજેસંગનું મગજ અસ્થિર હોઈ એ પાગલખાનામાં હોવાની વાત કર્યા કરી. છેવટે સુમન વકીલે પાગલખાનાના ડૉક્ટરને કેસ પેપર

સાથે બોલાવવાનો આગ્રહ રાખ્યો તો સામા પક્ષે એને રજૂ કરવા માટે મુદત માગી. કોર્ટે મુદત આપી. ચાર દિવસ પછીની તારીખે ડૉક્ટરને વજેસંગના કેસના કાગળો સાથે હાજર રાખવા હુકમ કર્યો.

કેસની મુદત પડી ને શના ઠાકોર પોતાના રંગ મહેલમાં ઉજમને બાથમાં લઈને ફાગ ખેલવા લાગ્યા. ઉજમને હવે ફતેસંગની બીક રહી ન હતી એટલે એ પણ આજે ખીલી હતી. ને બીજી એ વાતનો બેયને આનંદ હતો કે એમના વકીલે એમને હૈયા ધારણ આપી હતી કે ચાર દિવસ પછીની મુદતે કેસ પતી જશે. ઉજમને કેસ પત્યે ફતેસંગની ચૂંગલમાંથી પોતે છૂટી જશે એનોય આનંદ હતો.

શના ઠાકોરે પાગલખાનાના ડૉક્ટરને બીજે દિવસે નાથીને ત્યાં પોતાને મળવા બોલાવ્યો હતો. જ્યારે વજેસંગને પાગલખાનામાં દાખલ કર્યો હતો એને બીજે દિવસે ઠાકોરે એને પૈસા લઈ જવા બોલાવેલો ત્યારે ઠાકોર તો ઘેર હતો નહીં પણ નાથીએ ડૉક્ટરને પૈસાય આપેલા ને નાથીય લીધેલો. એટલે ડૉક્ટરને પૈસા લેવા આવવાની ચટપટી જાગી હતી. બીજે દિવસે શના ઠાકોર અને ઉજમ બહાર ઊપડી ગયાં હતાં. નાથી એકલી જ ઘેર હતી ને ડૉક્ટર પૈસા લેવા આવ્યો હતો. પૈસા લીધા પછીય એ બે કલાક ત્યાં રોકાયો હતો. કેમ એની તો એને ને નાથીને જ ખબર હતી. હા, જતી વખતે એણે નાથીને પૂછેલું : 'પૈસા ના લેવાના હોય તોય હું આવું તો?'

'કશું કહેવાય નહીં. હમણાં મારી સાથે એક બેનપણી રહે છે. તપાસ કરતા રહેજો.'

ઉજમ ને શના ઠાકોર જ્યારે પ્રેમ સમાધિમાં લીન હતાં ત્યારે ઉજમનો ધણી ફતેસંગ રોટલા ઘડવાની મથામણ કરતો હતો. તેને મનમાં થતું હતું કે એણે એથલ સાથે એવી ખાનગી ગોઠવણ કરવી પડશે કે રોજ નિશાળમાં એ પોતાને માટે બે ટંકનું ખાવાનું લેતી આવે. લોકોને વહેમ ન જાય એ માટે બેય જણાં જતાં આવતાં હાથમાં પાકીટ રાખશે તો લોકો સમજશે કે એમાં ચોપડીઓ હશે. રોજ પોતે ખાવાનું ભરેલું પાકીટ ઘેર લેતો આવશે ને પોતાનું ખાલી ડબ્બાવાળું પાકીટ એથલ એને ઘેર લઈ જશે. એનું પાપી મગજ એવા કીમિયા કરવામાં ઉસ્તાદ હતું.

ચાર દિવસ પછી કેસ પાછો શરૂ થયો. પેલો પાગલખાનાનો ડૉક્ટર વજેસંગના પાગલપણાના કેસનાં કાગળિયાં લઈને હાજર થઈ ગયો હતો. સુમન વકીલે એની ઊલટ તપાસમાંથી એવું તારણ કાઢી બતાવ્યું કે ડૉક્ટરની માન્યતા મુજબ વજેસંગ છ મહિનામાં સંપૂર્ણ સ્વસ્થ થઈ જવાની શક્યતા છે, એટલે કેસને ત્યાં સુધી મુલતવી રાખવાની તેમણે માગણી મૂકી. કોર્ટે તેની માગણી મંજૂર રાખી અને જમીનનો કબજો-ભોગવટો ત્યાં સુધી કુબેર પટેલનો કાયમ રાખ્યો.

કેસનો ચૂકાદો હાથવેંતમાં આવી જશે એવી આશામાં બેઠેલાં ફતેસંગ અને એથલ નિરાશ થયાં. એમની ગણતરી તો કેસનો ફેંસલો આવે કે તરત પોતાના પૈસાની માગણી કરવાનો ને એ માટે જમીન વેચાવી દેવાનો હતો. એક વખત જમીન વેચાય એટલે શનાને ને ઉજમને ઊંઘતાં રાખીને, બધા પૈસા બગલમાં દાબાવીને, કેમ ને ક્યાં ભાગી જવું એની ગોઠવણ એમણે કરી રાખી હતી.

તો ફતાને ઊંઘતો મૂકીને જમીન વેચીને પૈસા ગાંઠે કરીને ફૂલહાર કરી લેવાની ગોઠવણ ઉજમ અને શના ઠાકોરેય ક્યાં નહોતી કરી રાખી! પણ પેલો ડૉક્ટર ડાહ્યો થવા ગયો ને બધાની ગણતરી ઊંધી વળી ગઈ. એમની ગણતરી ઉપર છ મહિનાનાં તાળાં લાગી ગયાં. છ મહિના પછી સુમન વકીલ પાછો બીજું કોઈ ફેલું કાઢશે તો? સુમન વકીલની છાપ જ એવી હતી. એનામાં કોથળામાંથી બિલાડાં કાઢવાની આવડત હતી.

ફતેસંગમાં વકીલની ફી ને પાગલખાનાના ખર્ચા આપી શકવાની તેવડ રહી ન હતી. એણે ને એથલે જ્યાંથી બને એટલા પૈસા ભેગા કરીને કેસમાં હોમી દીધા હતા. હવે એમનામાં છ મહિના વધુ ખેંચવાની ને બીજા પૈસા ઉમેરવાની શક્તિ રહી ન હતી. ઊલટું એમણે જેની પાસેથી ટૂંકી મુદતને વાયદે પૈસા ઉછીના લીધા હતા એ હવે એમના ઉંબરા તોડી પાડતા

હતા. ને નિશાળમાં ગામના લોકોએ આપેલાં નાનાંમોટાં દાનના જે પૈસા પડ્યા હતા એય એણે આ કેસના ખર્ચામાં હોમી દીધા હતા.એમણે શના ઠાકોરને હવે પછીના ખર્ચા માટે પૈસાની વ્યવસ્થા કરવાનું કહેવું જ પડ્યું. એણે મનમાં વિચાર્યું, ચાલો પાટમાં એક વધુ ભાગિયો ભળ્યો.

બધા ભાગિયા તો કહેવાના જ હતા બાકી દરેક પાતે જ આખો લાડવો હજમ કરી જવાની વેતરણમાં હતું. હા, શના ઠાકોરને હવે જમીન સાથે ઉજમ પણ હજમ કરવી હતી, ને ઉજમ જે રીતે એની બખમાં આવી ગઈ હતી એ જોતાં એને એમ લાગવા માંડ્યું હતું કે જમીન પણ કશા વધારાના પ્રયત્ન વગર એના હાથમાં આવી જવાની હતી. પાગલખાનાના ખર્ચામાં માફી માટે પેલા ડૉક્ટરને તેણે મળવા બોલાવ્યો હતો. આ વખતે પોતે હાજર રહ્યો હતો. એણે એ દાકતરને દવાખાનાની ફીમાં માફી કરી આપવાની ગોઠવણ કરવાની તાકીદ કરી. પછી દાકતરની લોલુપતા પામી જતાં એણે ઉમેર્યું : 'મારે ઉતાવળ છે એટલે જાઉં છું, પણ તમે ચ્હા પી ને જજો.'

'તમે એ બાબતમાં નિશ્ચિંત રહેજો. ફીમાં તો ગમે તેમ કરીને માફી કરાવી દઈશ.' ડૉક્ટરે ઉત્સાહથી કહ્યું. ને એ ચ્હા પીવા રોકાઈ પડ્યો ને શના ઠાકોર બહાર નીકળ્યો.

આ દાકતરનું તો પત્યું, પણ વકીલને તો રોકડી કરાવવી પડશે, તેણે મનમાં જ શેતરંજ બિછાવવા માંડી. વકીલની ફી બરોબાર કોઈને માથે ઓઢાડી દેવાય એવો ત્રાગડો એ વિચારી રહ્યો. ઘણા વિચારો કર્યા છતાં એને એવો કોઈ રસ્તો દેખાયો નહીં. જો રસ્તો ના જડે તો ફીની વ્યવસ્થા કરવી પડે નહીં તો વકીલ અવળો ફરીને ઊભો રહે. જો કે કેસની મુદત છ મહિના પછીની હતી એટલે વકીલને જૂના બાકીના રૂપિયા બસો આપીને અત્યારે તો ઊભો રાખી શકાય એમ હતો.

શના ઠાકોરનું કામ દારૂ, જુગાર, મારામારી જેવા કેસોમાં વગર ઓળખાણે જામીન થવાનું હતું. આવા જામીન થવા માટે એને કેસ દીઠ પચીસથી માંડીને સો રૂપિયા સુધી એને મળતા હતા. અને સારા સારા વકીલો સાથે ઓળખાણો વધતી હતી. જો કે જમીનનો આ કેસ શરૂ થયો ત્યારથી એને લાગવા માંડ્યું હતું કે વકીલ કોઈ સારો નહીં. બધા રોકડાની સામે ઓળખાણને ભૂલી જાય એવા, ફકત પૈસાના જ પૂજારી.

એણે ચારપાંચ દિવસમાં જામીનોમાંથી પૈસા ઊભા કરી વકીલનું મ્હોં તો બંધ કર્યું. હવે પોતાની પાસે છ મહિનાની નવરાશ હતી. એમાં એણે પોતે પૈસા ઊભા કરવાના હતા અને પેલા ફતેસંગ પાસેથી થોડા વધુ ઓકાવવાના પણ હતા. શના ઠાકોરને ખબર હતી કે એ તલમાં હવે તેલ રહ્યું ન હતું, પણ એને નિચોવી જોવામાં એને કશો વાંધો જણાતો ન હતો.

સુમન વકીલે પાગલખાનામાં તપાસ કરવા અંદરના જ એક માણસને સાધ્યો હતો. એણે જ્યારે ખબર આપ્યા કે વજેસંગની દવાખાનાની ફી માફ કરી દેવામાં આવી હતી ત્યારે એમને એમાં વધુ ઊંડી તપાસ કરવાની જરૂર જણાઈ. એમણે પેલા માણસને પાગલખાનાનું રજિસ્ટર ચેક કરીને કેટલીક વિગતો જાણી લાવવા જણાવ્યું. ફી માફ કરવામાં આવી એ કોના કહેવાથી અથવા કોની લાગવગથી માફ કરવામાં આવી હતી એ જાણી લાવવાનું પણ એણે એને સોંપ્યું.

કુબેર પટેલ રઘવાયા થઈ ગયા હતા. જ્યારથી વજેસંગને પાગલખાનામાં ધકેલી દેવાયાનું જાણ્યું ત્યારથી એમને ખાતરી થઈ ગઈ હતી કે પોતાની જમીન આંચકી લેવાનું એક વ્યવસ્થિત કાવતરું કરવામાં આવ્યું છે. એમણે મનોર મોટા અને પોતાના દીકરા અવિનાશને સાબદા કરવા પ્રયત્ન કર્યો હતો. બેય જણાને એની ખબર હતી અને તેઓ એની પેરવી કરવામાં જ પડ્યા હતા એમ એમણે જણાવ્યું હતું પણ કુબેર પટેલને એમની વાતથી સંતોષ થયો ન હતો. એમને લાગતું હતું કે એ લોકો પૂરતો રસ લઈને કામ કરતા ન હતા. પોતે જાતે જ કાંઈ કરવું પડશે એમ તેમને લાગતું હતું. એ એટલા બધા ગભરાઈ ગયા હતા કે મનોર મોટા જેવા માણસ પર પણ એમને ભરોંસો પડતો ન હતો.

કુબેર પટેલ કોઈના કેસમાં સાક્ષી આપવાય કોઈ દિવસ કોર્ટનાં પગથિયાં ચઢેલા નહીં એટલે પોતે હવે શું કરવું જોઈએ એની એમને ખબર ન હતી. છતાં શહેરમાં જઈ વનમાળીને મળીને તેની સલાહ લેવાનું તેમણે નકકી કર્યું.

વનમાળીને અખા કેસની ખબર હતી. મનોર મોટાએ જ એમને વાત કરી હતી. સુમન વકીલ કેસને સારી રીતે સંભાળી રહ્યો હતો એમ પણ એમણે વનમાળીને કહ્યું હતું. એટલે જ્યારે કુબેર પટેલે તેને વાત કરી ત્યારે એણે વાતને પોતાના હાથમાં લેતાં કહ્યુંઃ 'તમે કશી ચિંતા ના કરશો. હું મારી રીતે તપાસ કરીને તમને બેચાર દિવસમાં જાણ કરીશ.'

કુબેર પટેલને એની વાતથી સંતોષ થયો હોય એમ લાગ્યું. એમને થયું કે આ વાણિયો ચોકસાઈથી તપાસ કરશે અને પોતાનાથી ઘટતું કરીને કેસમાં ફાયદો થાય એવું કાંઈ કરશે. પેલા મોટા ને અવિનાશ તો ખાલી દોડાદોડી કર્યા કરે છે ને પોતાને ખોટાં આશ્વાસન આપ્યા કરે છે. ને મોટાય એમની પટલાઈમાંથી ઊંચા આવતા નથી ને મારી પાટ જવા બેઠી છે એની કશી ફિકર કરતા નથી. આ તો સારું થયું કે પોતે વનમાળી પાસે ગયા ને એને ચોકસાઈ કરવાનું સોંપ્યું. એમ મન મનાવતા કુબેર પટેલ ઘેર ગયા.

કુબેર પટેલનું મગજ અસ્થિર થતું જતું હતું. એમને પાટ જાય એનું જેટલું દુખ થતું હતું એનાથી વધારે દુખ લોકો એમને મૂરખા ગણશે એ વાતનું થતું હતું. એમણે જ્યારે વજેસંગને પાટ ભાગે આપી ત્યારે કેલાક પિતરાઈઓએ તેમને વારવા પ્રયત્ન કર્યા હતા. પણ કુબેર પટેલે એમનું કહેવું કાને ધર્યું ન હતું. આજે મહેણાં મારવાની એમને તક મળી ગઈ હતી તે એ લોકો ચૂકે ખરા!

એમના કરતાં કેસરબેનને વધારે વસમું લાગતું હતું. જે પાડોશણો ને પિતરાઈ સ્ત્રીઓ તેમને ટાંણા વગર મળવા આવતી ન હતી એવીય બેસવા આવતી હતી ને પાટની વાત કાઢી મહેણાં મારતી હોય એમ ખરખરો કરી જતી હતી. અરે કેટલીક તો જો પોતાનો ધણી આવું કરે તો પોતે એને ઘરમાંય ન પેસવા દે એમ કહી પોતાનો કડપ અને ધણીની સમજણ વિશે વડાઈ પણ કરતી જતી હતી.

કેસરબેન બાપડાં બધાંની વાતો સાંભળી લેતાં. એ કુબેર પટેલને કશું કહેતાં નહીં. એમને કુબેર પટેલની સ્થિતિ જોઈ ચિંતા થતી હતી. એમને લાગતું હતું કે ભાના મગજનું હમણાંનું ઠેકાણું ન હતું. એમણે અવિનાશને આ વાત કરી હતી ને કોઈ સારા દાકતરને બતાવી જોવાનુંય કહ્યું હતું.

અવિનાશને પણ પિતાની આવી સ્થિતિનો અણસાર તો આવી જ ગયો હતો પણ વખત જતાં બધું ઠીક થઈ જશે માની એ બાપાને કશું કહેતો ન હતો. આજે જ્યારે બાએ તેને વાત કરી ત્યારે તેણે કુબેર પટેલને મગજ શાંત રાખવા અને રઘવાયા ન થવા કહેવાનું નકકી કર્યું. એણે મનોર મોટાનેય તેડી મંગાવ્યા. તાલોતાલ શહેરમાંથી વનમાળી પણ આવી પહોંચ્યા હતા.

બધા બેઠા એટલે મોટા કહે ઃ 'તમારી તબિયત તો સારી છે ને!'
'એમની તબિયતનો તો કશો વાંધો નથી પણ ખોટી ચિંતા કર્યા કરે છે.' અવિનાશે કહ્યું.

'જુઓ ભા, તમારે કશી ચિંતા કરવાની જરૂર નથી. તમારી પાસે જમીન કયાં ઓછી છે! અને હજુ એ પાટનો ભોગવટો તો સરકારે આપણો માન્ય રાખ્યો છે. આપણે ઘરનો જ વકીલ છે, એ મન દઈને કેસ લડે છે. આપણે કદાચ કેસ હારી જઈએ તોય એને જમીનની કિંમત જેટલો ખર્ચો તો કરાવી જ દઈશું. એને કોરે બરડે તો પાટ નહીં જ પચવા દઈએ.'

'પણ લોકો મને મૂર્ખો સમજે છે. વજેસંગને જો હાજર કરવામાં આવશે તો એવોયે કદી આવળું નહીં બોલે એનો મને પતિયાર છે.'

'એની કારવાઈય ચાલે જ છે. આપણે છો મહિનાની મુદત એટલે તો પડાવી છે. જો વજેસંગ ત્યાં સુધીમાં સાજો થઈ ગયો છે એ એવાયે કબૂલશે તો ઠીક નહીં તો બીજા છો મહિનાની મુદત માગીશું. એમને થકવીને ચૂકાદો આપણી તરફેણમાં આવે એવો ઘાટ આપણો વકીલ ઘડી રહ્યો છે.' મોટાએ ભાને ધરપત બંધાવવા માંડી.

'મેં મારા જમઈને પૂછી લીધું છે. એ કહે છે કે આપણે ધારિયે તો કેસ પાંચ વરસ ખેંચી શકીએ એમ છીએ.' વનમાળીએ ટાપસી પૂરી.

'ભા, મેં તો નકકી કર્યું છે કે આ વખતે તો પાટ જવાની હોય તો જાય પણ એવો દાખલો બેસાડી દેવો છે કે બીજો કોઈ એવું કરતાં પહેલાં હાત વાર વિચાર કરે. આ કેસ પૂરો થાય ત્યારે એ બધા હિસાબ માંડશે તો એમની આંખો આવળી ફરી જશે. અને મારું માનજો એવીયો મહીંની મહીં ધારિયાવારી ના કરે તો કહેજો. ભા, આ વખતે તો પટલાઈ એટલે શું એ મારે એમને બતાવી આપવું છે.' મોટાએ મનની વાત કરી ને બધા પાણીમાં આવી ગયા. બધા જ ગામપટલોને જાણે આ આબરૂનો સવાલ થઈ પડ્યો હોય એમ લાગતું હતું. કોઈ વાતે કચાશ રહેવા દેવાની એમની ઈચ્છા ન હતી.

'ને દાજી, એમને જેટલો ખર્ચો થવાનો છે એટલો આપણે થવાનો નથી. એમને તો બધું ખોટેખોટું કરવાનું છે એટલે બધાનાં મ્હોં બંધ કરવાં પડવાનાં છે. એમણે પાગલખાનામાં વજેસંગને દાખલ કરાવ્યો એના જ એમને પાંચસો થયા. અને જો છો મહિના ત્યાં રાખશે તો બીજા થશે એ જુદા.' અવિનાશે કહ્યું.

'એમને વધારે ખર્ચો થાય કે ઓછો થાય એમાં આપણા હાથમાં શું આવ્યું?'

'એમણે દેડકાની પાંચશેરી કરી છે. જો ખર્ચો એમની તેવડની બહાર જાય તો એમાં ફૂટ પડે ને એમની આખી પાંચશેરી વંછેરાઈ જાય. એ માંહોમાંહ્ય લઢી મરે ને આપણું કામ થઈ જાય. બધી કાયદાની આંટીઘૂંટીમાં એમને અટવવી દઈએ કે એમને એમાંથી બહાર નીકળી જવાનું મન થાય.'

'પણ એનાથી આપણને શો ફાયદો?'

'જો એવાયે થાકી જાય તો પૂરો નહીં તો એમની પર દાખલો બેસાડવાનો તો ખરો જ.'

'પણ મારું કહેવું એમ છે કે એનાથી જો આપણને કશો લાભ ના થવાનો હોય તો આપણે લોહીઉકાળો કરવાનો શો અર્થ?'

'તો તમારું કહેવું એમ છે કે કાલે હવારે કોર્ટમાં જઈને એમને કોરે બરડે ખેતર લખી આલવું! ભા, આખી જિંદગી પટલાઈ કરી છે તે આમ હારી ખાવા! તમે કહેનારા કહી રહ્યા, પણ તમે હારી ખાવ તો એમાં તો તમારા વેવાઈ તરીકે મારુંય નાક જાય. લાખ વાતેય આ પાટ હું એમને કોરે બરડે તો નહીં જ ખાઈ જવા દઉં, તમે કહેનારા કહી રહ્યા!' મનોર મોટાએ જુસ્સાથી કહ્યું ને બેઠેલા બીજા બધાયેય એમાં પોતાનો સૂર પુરાવ્યો. કુબેર પટેલને કોઈ બોલવાની તક આપે તો એ બોલે ને!

અનુક્રમ Þ

૧૩:- ન પરણ્યાં ન કુંવારાં

કિરણ અને છાયા સૂરતમાં નોકરીમાં જોડાઈ ગયાં હતાં. બેઉનું પરણવાનું સ્વપ્ન હજુ સ્વપ્ન જ રહ્યું હતું એટલે એમનાં વડીલ અને પહેરેદાર તરીકે ગીતાબેન તેમની સાથે સૂરત આવ્યાં હતાં. બે બેડરૂમનું એક મકાન એમણે ભાડેથી લીધું હતું એમાં કિરણને ઉપર મેડા પરનો રૂમ આપવામાં આવ્યો હતો ને નીચેના બેડરૂમમાં છાયા અને ગીતાબેન સૂઈ રહેતાં હતાં. જમવાનું બધાંનું ગીતાબેન બનાવતાં હતાં. છાયાને ઉપર ન જવાનો હુકમ હતો ને જમ્યા પછી નીચે ન બેસી રહેવાનો કિરણને હુકમ હતો. સ્કૂલેથી આવતાં શાકભાજી લેતાં આવવાની સૂચના ગીતાબેને બેયને આપી હતી એટલે એમને ખાસ બહાર જવું પડતું ન હતું. ને કદાચ કશા કામે એમને બહાર જવું જ પડે તો એ પેલાં બે જ્યારે સ્કૂલમાં હોય ત્યારે જ જઈ આવતાં હતાં એટલે એમની ચોકીદારીમાં ચૂક આવતી ન હતી.

થોડો વખત તો બેયને આમાં કશો વાંધો ન જણાયો પણ વખત જતાં એમને આ પહેરો આસહ્ય લાગવા માંડ્યો. આ પહેરો હતો એટલે જ તેને તોડવાની અદમ્ય ઈચ્છા કદીક તેમને થવા લાગી. પરણવાનાં સ્વપ્નોમાં રાચતાં તેમનાં હૈયાં આ ચોકીપહેરાથી જાણે ગૂંગળાવા લાગ્યાં. સ્કૂલના સમય દરમિયાન બધા શિક્ષકોની હાજરીને કારણે તેમનાથી દિલ ખોલીને વાત થઈ શકતી ન હતી ને ઘેર તો બાની કડક આંખો એમની પર શંકાશીલ નજરે તાકી રહેલી જ હોતી એટલે બેયને એમની સામે બળવો કરવાનું મન થઈ આવતું હતું.

બેયનાં સ્કૂલનાં સમયપત્રક જેમ તેમના ટેબલ પર હોતાં તેવી જ રીતે ગીતાબેનના રસોડામાં પણ રહેતાં એટલે એમને કદી છાનાંમાનાં સિનેમામાં પેસી જવાની તક પણ મળતી ન હતી. પંદર મિનિટનું મોડુંય ગીતાબેનની નજરબહાર રહેતું ન હતું.

એ વારંવાર કહેતાંઃ 'આ માગશર મહિનામાં તમને પરણાવી દઉં એટલે મારે માથેથી એક મોટી જવાબદારી ઊતરી જાય.'

ને આના જવાબમાં જ હોય એમ પેલાં બન્ને હૈયાંમાંથી જાણે પડઘો પડતો : 'તમારે માથેથી જવાબદારી ઊતરી જશે ને અમારે માથેથી તમે ઊતરી જશો.' પણ બેમાંથી કોઈ બોલતું તો તે જુદું જ : 'આવું શું કહેતાં હશો બા, અમે તમને જવાબદારી જેવાં લાગી એ છીએ!'

'જવાબદારી તો ખરી જ ને. એક દીકરીની મા તરીકે મારે તો બધી વાતનો વિચાર કરવો પડે. મને તો અહીં તમારી ચિંતા ને ઘેર પેલો વિહારી એકલો એટલે એની ચિંતા.'

'તે બા તમને મન થાય તો કદીક તમે વિહારીની ખબર કાઢવા જઈ આવતાં હો તો. છાયાની ચિંતા કરવાની જરૂર નથી, હું છું ને!' કિરણ રમૂજ કરતો. ને છાયા એની આ વાતથી મુસ્કુરાઈ રહેતી. કિરણ જાણે ગીતાબેનના જવાબની અપેક્ષા રાખતો હોય એમ એમની સામે તકી રહેતો.

ને ગીતાબેન બોલતાં તો કાંઈ નહીં પણ મનમાં જ વિચારી લેતાં : 'દીકરા તું છે એની જ મને ચિંતા છે. જો તું અહીં ન હોત તો મને મારી દીકરીની એટલી ચિંતા ન થતી હોત જેટલી તું હાજર છે એટલે થાય છે.'

ગમે તેમ પણ બેય હવે તો ગીતાબેનના કિલ્લામાં ગાબડું પાડવા થનગની રહ્યાં હતાં. કેવી રીતે એમને મહાત કરવાં એના તુકકા એ એકબીજા સાથે ચર્ચ્યા કરતાં હતાં. એમના કોઈ તુકકાને અમલમાં મૂકવા જેટલી તીરાડ તેમને ગીતાબેનના

કિલ્લામાં દેખાતી ન હતી. ઘરમાં જાજરૂ, બાથરૂમ નીચેને માળે હતાં. પણ કિરણ નીચે આવતો ને જરાક દાદરો ખખડતો અથવા છાયા બાથરૂમ જવા ઊઠતી કે ગીતાબેન જાગી ઊઠતાં. પેલાં બેયને થતું કે એમને ઊંઘ જેવું કશું છે કે નહીં.

એક દિવસ કિરણ કહે ઃ 'બાને દૂધમાં ઘેનની એકાદ ગોળી ઓગાળી આપી હોય તો!'

'પણ એમ બને જ કેવી રીતે! બા ધારે તો આપણને ગોળી ખવડાવી શકે પણ આપણે એને ના ખવડાવી શકીએ. રસોડાનો ચાર્જ જ એમની પાસે છે ને!'

એક દિવસે સ્કૂલમાંથી એકબે શિક્ષકો એમને મળવા આવ્યા. છાયા એમની સાથે ઉપર ગઈ. પલંગમાં સાથસાથ મૂકેલાં બે ઓશિકાં ને સામે જ ટેબલ પર મૂકેલી પોતાની તસ્વીર જોઈ એના દિલમાં દામ્પત્યનો ઉમળકો આવી ગયો. તેને થયું કે એ કોઈપણ ભોગે બાને હરાવીને જ રહેશે.

ને એને એવો મોકો મળી પણ ગયો. થોડા દિવસ પછી બાને મંદિરમાં નંદઓચ્છવ હતો. એમણે બેયનાં સમયપત્રક જોઈ લીધાં હતાં તો છાયાએ એમનું નંદઓચ્છવનું સમયપત્રક પણ જોઈ લીધું હતું. વળી છાયાએ બાને, સ્કૂલમાં મીટિંગ હોવાને કારણે બેયને એ દિવસે ઘેર આવવામાં કલાકેક વધુ મોડું થશે એવી ચેતવણીય ચારેક દિવસ પહેલાં આપી રાખી હતી જેથી એમનેય મંદિરમાંથી ઉતાવળાં ઘેર આવી જવાની જરૂર ન જણાય.

એમણે બેયે સ્કૂલમાંથી બપોર પછીની રજા લઈ લીધી હતી. બાને હાથમાં થેલી ઝૂલાવતાં મંદિરે જતાં બેયે હોટલની અંદરથી જોયાં. પછી દસેક મિનિટ પછી એ ઘર તરફ વળ્યાં. 'બા એટલી કાચી કે રોજ મારે છે એ જ તાળું મારીને ગઈ છે.'

'જો એમણે તાળું બદલી નાંખ્યું હોત તો આજે એમની છોકરીનું કૌમાર્ય નંદવાયું ન હોત.' કિરણે પાદપૂર્તિ કરી.

ને છાયા ભડકી ઊઠી. 'એય શું બોલ્યો? તારી એવી દાનત હોય તો હું આ ચાલી બહાર.' એ બોલી.

'એમ ગભરાઈ ના જતી. હું કાંઈ તારી ઉપર બળાત્કાર કરવાનો નથી. બા ચારપાંચ મહિના પછી ફરી બહાર તો જશે જ ને, ત્યારે જોઈશું.' જો આજે તક ચુકાઈ જશે તો બીજી આવી તક મળતાં બીજા ચારપાંચ મહિના લગી જશે એવો આડકતરો સંકેત છાયાને એમાંથી મળી ગયો.

ને બારણું અંદરથી બંધ કરી બેય જણ ઉપર ચઢી ગયાં. કિરણે છાયાને હૈયા સરસી ભીડી લીધી. બેય એમ આલિંગન બધ્ધ જ પલંગમાં પડ્યાં. એમની પ્રણયોર્મિને વ્યકત કરવાના શબ્દો જાણે સંતાઈ ગયા. કદાચ બહાર આવવા માગત તોય બેયના હોઠ એકબીજા સાથે એવા ચોપાઈ ગયા હતા કે એમને બહાર આવવાનો માર્ગ જ ન મળત. એમની તૃષાને ગીતાબેનની પહેરેદારીએ એવી તો વર્ધિકૃત કરી હતી કે બેય ઘડીભર તો દેહભાન ભૂલી ગયાં. વસ્ત્રોનાં આવરણ ક્યારે હઠી ગયાં ને જે ન કરવા માગતાં હતાં એ ક્યારે ને કેમ થઈ ગયું એનું ભાન એમને ઘણું મોડું થયું. ને બેય શરમાઈ ગયાં.

'બાને આની જ બીક હતી. એ કાયમ કહેતી ઃ દેવતા ને દારૂ ભેગાં મળે તો ભડાકો થઈને જ રહે.'

'હજુ બાને આવવાની ચાર કલાકની વાર છે, શું કરીશું ત્યાં સુધી!' કહેતાં કિરણે તેને પાછી આલિંગનમાં લીધી. સ્હેજ સંકોચાતી ને સ્હેજ શરમાતી છાયાની કાયા પાછી કિરણની સાથે ચીપકી ગઈ. પાછો ચૂંબનોનો દોર શરૂ થયો ને પાછી પ્રેમસમાધિ. અચાનક છાયાને સમયનું ભાન થયું. એ ઊભી થઈ ગઈ. કિરણ પણ ઊભો થઈ ગયો. છાયાએ પથારી સરખી

કરી. ડાઘાવાળા ગંદા નેપકીન લઈ છાયા બાથરૂમમાં પેઠી. તેણે સાબુથી નેપકીન પરના લાલ ડાઘા કાઢી નાંખ્યા ને કિરણના હાથમાં આપતાં કહ્યુંઃ 'આ ઉપર લઈ જઈ તારા રૂમમાં સૂકવી દે. બા જોશે તો એને થશે કે એ ધોયા કોણે! મારે હજુ મારાં કપડાં વ્યવસ્થિત કરવાં પડશે.'

થોડી વાર પછી બહાર નીકળતા પહેલાં કિરણે છાયાને ફરીથી બાથમાં લીધી ને ચૂમી લીધી. છાયાએ છટકવા કર્યું પણ તેનાથી છૂટી શકાયું નહીં. કિરણ કહે ઃ 'બાને દર મહિને એક નંદઓચ્છવ તો હોવો જ જોઇએ.'

'જા હવે એવી નફ્ટાઇ કર્યા વગર. રસના તો ચટકા હોય ઘૂંટડા ન હોય.'

'એ બધું તો નિશાળમાં શિખવાડવામાં ચાલે, જીવનમાં તો ઘૂંટડા જ જોઈએ.'

'લે, મને છોડ અને નીકળ બહાર નહીં તો હમણાં બા આવી પહોંચશે તો આપણા બેયના ઘૂંટડા અવળા નીકળી જશે.' છાયાએ કહ્યું ને કિરણની પકડ ઢીલી થઈ. બેય બહાર આવ્યાં ને બા આવી જાય ત્યાં સુધી બહાર રખડવા નીકળી પડ્યાં.

'આજે તો સ્કૂલમાં મીટિંગ છે એમ બાને સમજાવ્યું છે એટલે ચોપાટી પર જઈને બેસીએ. આપણી મીટિંગનો સમય બે કલાકનો તો થશે જ. આપણે બીકનાં માર્યાં બે કલાક વહેલાં ભાગી નીકળ્યાં નહીં તો હજુ કેટલી મજા કરાત!'

'લે હવે, માણ્યું તેનું સ્મરણ કરવું તેય છે એક લ્હાણું.' છાયાએ કિરણને ચગાવ્યો. પ્રેમાવેગની પરિતૃપ્તિથી સંતુષ્ટ બેય હૈયાં આનંદની અનુભૂતિ કરી રહ્યાં હતાં.

'ખાધું તેનું પચન કરવું તેય છે કામ સારું. પણ પહેલાં ખાવું તો પડશે ને! તે હેં મીંઠડી પ્રેમ કર્યા પછી ભૂખ કેમ લાગતી હશે?'

'તને ભૂખ લાગી છે? મને એમ કે તારી ભૂખ આજ ભાગી છે.'

'બેયની ભૂખ એટલે ભાગમાં આવે એટલું જ ખવાય ને! ભૂખ તો ભાગવાને બદલે ઊલટી વધી છે મારી તો. બાની સામે મારે કદીક બહારવટું ના કરવું પડે તો સારું.'

'તને તો એવા જ વિચારો આવવાના. આજે ચોરી કરી ને કાલે બહારવટું કરવું છે તારે!' છાયા શબ્દોની જાળ ગૂંથવા લાગી.

'આપણી સ્કૂલની એક મીટિંગ પાવાગઢ કે સાપુતારા રાખી હોય તો?'

'તો આપણે બાને સાથે લઈ જવી પડે. ને ત્યાં જ તારી પોલ પકડાઈ જાય.'
'તો પછી અડધી રજા ને હોટેલમાં મીટિંગ, કેવો ખ્યાલ છે?'

'બિલકુલ બકવાસ. તું તો પેલાં કૉલેજનાં છોકરાં જેવી વાત કરે છે.'

'તે આપણે હજુ કૉલેજ કરીએ જ છીએ ને! એટલે આપણને એની છૂટ. બોલ કયારે જઈશું?' કિરણ હવે કાબૂમાં રહે એમ ન હતો.

'એ રસ્તો ખોટો નથી પણ સંયમ એનાથી પણ સારો રસ્તો છે.'

'મારે એ સ્ટેજ પર પહોંચવાને હજુ ઘણાં વરસની વાર છે. એટલે હમણાં તો સ્વામી રજનીશનો પંથ અનુકરણીય લાગે છે, ને આપની એમાં સંમતિ ઈચ્છું છું.'

'લે હવે લવારો છોડ ને કશુંક ખાવાનું લઈ આવ.'

'હું કહેતો હતો એ સત્ય જ હતું : પ્રેમ કર્યા પછી ભૂખ લાગે જ છે.'

મુંબઈની ચોપાટી અને સૂરતની ચોપાટીમાં બહુ ફેર નથી. મુંબઈની ચોપાટી ઘણાં વર્ષો વહેલી જન્મેલી એટલે મોટી છે ને આ જરા નાની છે. બાકી ગંદી ગોબરી તો બેય સરખી જ. એકને વગોવો તો બીજીને ખોટું લાગે એવી. પણ ખાણીપીણીની બાબતમાં સૂરતની બરાબરી મુંબઈ ના કરી શકે. અહીંની ચોપાટી પર ખાવા જેવી ચીજો મળે ને ન ખાવા જેવી ચીજોય મળે. બધીય ખવાઈ જાય.

પેલી કહેતી છે ને : સૂરતનું જમણ અને કાશીનું મરણ. પણ હવે હૂરટી લાલાઓને કાહી હુઢી જવાનીય જરૂર ની મલે. અશ્વિનીકુમાર હહરીનું વિકસાયવું છે તી. હૂરટને ગમે ટે ખૂણે જઈને ખાવ ને અહવિનીકુમાર જઈને હુઈ મરો.

કિરણ એક પડિયામાં ભેળ અને પ્લાસ્ટીકના ગ્લાસમાં ફાલુદા લઈ આવ્યો. 'આટલું જ કેમ લાવ્યો? અત્યારથી જ કરકસર કરવા માંડી કે શું?' છાયાએ ટકોર કરી. ભૂખ તો કિરણનેય લાગેલી જ હતી પણ ઘેર બાને પણ જવાબ આપવાનો હતો ને!

'અર્ધી ભૂખ તો બેયની ભાંગેલી છે એટલે આટલું પૂરતું છે.ને ઘેર જઈ બાની સામેય થોડું તો ખાવું જ પડશે ને!' કિરણે બાની બીક આગળ કરી. ગીતાબેનની ગેરહાજરીમાંય આ બે જણાં એમની વાત દિવસમાં નહીંનહીં તોય પંદરેક વખત તો કરતાં જ હશે.

કિરણે અને છાયાએ એકબીજાને ચમચીથી ખવડાવવા માંડ્યું. 'બા તને દાદરો ચઢવાની છૂટ ન આપે તો વાંધો નહીં પણ આમ મારા મ્હોંમાં કોળિયો મૂકી મને જમાડવાની તને છૂટ આપે તો એમાં એમના સિધ્ધાંતને કયાં વાંધો આવવાનો હતો. મારે આજે એમને પૂછવું પડશે.' કિરણ પાછો ચગવા માંડ્યો.

'ને જો એ તને ઘરની બહાર કાઢી મૂકે તો કયાં રહેવું એય પહેલાં વિચારી રાખજે.'

'અરે, એ તો મારા ધ્યાનમાં જ નહોતું! આજે તેં યાદ દેવડાવ્યું ત્યારે હવે લાગે છે કે મારે જુદા રહેવા જતા રહેવું જોઈએ. પછી રોજ રીસેસમાં આપણે બપોરની ચ્હા મારી ખોલીમાં પીને બપારિયું ગાળીને પાછાં સ્કૂલમાં. આજે બાને પૂછવું પડશે.' કિરણે હંમેશની જેમ તુકકા લડાવવા માંડ્યા. એમને બેય ને આવા તુકકા લડાવવામાંય જાણે મઝા પડતી હતી. બેય જણ મનની ભૂખ જાણે આવા તુકકા લડાવીને ભાગવા પ્રયત્ન કરતાં હતાં.

'તો બા મારી બપોરની ચ્હા લઈને રોજ સ્કૂલને ઝાંપે જ હાજર થઈ જાય. મારી બાને તું શું સમજે છે? તારા જેવાને તો એ ઘોળીને પી જાય, પણ મારી શરમે તને ચલાવી લે છે.'

'ને હુંય એમને તારી શરમે જ ચલાવી લઉં છું ને!'

'તારે તો એની છોકરી સાથે પરણવું છે એટલે લાલચનો માર્યો તું એને ચલાવી લે છે. એ વગર તારો છૂટકો જ ક્યાં છે!'

એ ઘેર પહોંચ્યાં ત્યારે ગીતાબેન ઘેર આવી જ ગયેલાં હતાં એટલું જ નહીં પણ એમણે ખાવાનુંય બનાવી દીધું હતું. કિરણ અને છાયાને લાગ્યું કે એ લોકો જો ઘેર અર્ધો કલાક વધુ રોકાયાં હોત તો પકડાઈ જ ગયાં હોત. ગીતાબેનનો નંદઓચ્છવ ધાર્યા જેટલો લાંબો ના ચાલ્યો હોય કે પછી છોકરીની ચિંતામાં ગીતાબેને એને અધૂરો મૂક્યો હોય ગમે તેમ પણ એ એમની ફરજ પર ધાર્યા કરતાં વહેલાં હાજર થઈ ગયાં હતાં. 'એમણે કોઈ લેડીઝ હૉસ્ટેલનાં ગૃહમાતા બનવા જેવું હતું.' છાયાએ મનમાં જ કહ્યું.

'અમારી સ્કૂલની હૉસ્ટેલમાં એક ગૃહમાતાની જગ્યા પૂરવાની હતી એની આજે મીટિંગ હતી. મને થયું કે તારા જેવી કોઈ ગૃહમાતા મળી જાય તો અમારી હૉસ્ટેલની આખી છાપ જ બદલાઈ જાય.'

'એટલે તારો વિચાર બાને એ જગ્યા માટે અરજી કરાવવાનો તો નથી ને!' કિરણ પણ એની વાતમાં જોડાઈ ગયો.

'તમે બેય મારી મશ્કરી કરો છો, પણ તમે મારા જેવી પરિસ્થિતિમાં મૂકાશો ત્યારે તમને ખબર પડશે.'

'તારા જેવી એટલે કેવી પરિસ્થિતિ બા?'

'મારા જેવી એટલે તમે જુઓ છો એવી વળી. હજાર વાતનું ધ્યાન રાખવું પડે.'

'ધ્યાન તો અમારે નોકરીમાંય હજાર વાતનું રાખવું જ પડે છે, બા.'

'તમારી અને મારી વાત જુદી છે. તમને નહીં સમજાય.'

'કેમ ના સમજાય! આજે આવતાં જ કિરણ કહેતો હતો કે બાને મારે લીધે ઘણી ચિંતા થાય છે તો હું અલગ ઘર રાખી લઉં ને ત્યાં રહેવા જતો રહું.'

'હેં.' ગીતાબેનથી જાણે રાડ પડાઈ ગઈ. 'એવું એને કોણે કહ્યું! તમે બેય મારી નજર સામે હો તો મને કેટલી રાહત છે. એ એકલો રહે તો એને ખાવાપીવાનીય કેટલી અગવડ પડે? ને એ સારુંય ના દેખાય.'

'ખાવાનું તો સવારે છાયા કલાક વહેલી ઘેરથી નીકળે ને મને આપતી જાય ને સાંજે તો હું આવી ને ખાઈ જાઉં.'

'ના, ના ને ના. એવું કરાય જ નહીં, હું બેઠી છું ત્યાં સુધી.' ગીતાબેન બોલી ઊઠ્યાં. ને પેલાં બે જણ મનમાં જ મલકાઈ રહ્યાં. આવોયે બોલે છે એવું કે ક્યારેક બાને હાર્ટ એટેક લાવી દેશે, છાયા વિચારી રહી.

હુંય તમારી વાતો સમજી શકું છું. પણ હું તમને ગાંઠું એવી નથી. જ્યાં સુધી તમે બે પરણી જાવ નહીં ત્યાં સુધી તો નહીં જ. ગીતાબેન વિચારતાં હતાં. પણ એમના કિલ્લામાં કેટલું મોટું ગાબડું પડી ચૂકયું હતું એ જો એમણે જાણ્યું હોત તો એ સાંજે એમને ખાવાનુંય ના ભાવ્યું હોત. ને પેલાં બે નટખટ હૈયાં ભલે જાહેર રીતે સ્વીકારે નહીં પણ એ ગાબડું મોટું કરવાની જ તરકીબ વિચારતાં હતાં.

જો ગીતાબેનને આ વાતનો ગણસારોય આવ્યો હોત તો એમણે છાયાને એક કલાકનું ભાષણ આપ્યું હોત અને ખૂણે પેસી છાનું રડીય લીધું હોત.

એટલું સારું હતું કે એમને સાચવવાનું બહુ લાંબું ન હતું. આ માગસર મહિનામાં તો એ ગમે તેમ કરીને બેયને પરણાવી દેવાનાં જ હતાં. પેલાં બેય એની જ રાહ ન હતાં જોતાં શું! એક તો શહેરનું મુકત વાતાવરણ, સાથે રહેવાનું અને પાછાં અદરાયેલાં. એમને વારેવારે દામપત્યની વેળ ઊપડતી ને ગીતાબેનના કડક ચોકીપહેરાની પાળ સામે અથડાઈને ચૂર થઈ જતી. બેય જણાં મ્હોં વકાસી એકબીજા સામે તાકી રહેતાં.

રેવાને દિયરની ખબર કાઢવાનું મન થયું ને એક અઠવાડિયા માટે એ એમની સાથે રહેવા આવી ત્યારે ગીતાબેનને ને પેલાં બેને જાણે જેલમાંથી છૂટ્યાં હોય એવું લાગ્યું હતું. એણે ગીતાબેનનો કડક ચોકીપહેરો જોયો ને એ મનમાં જ હસી રહી. આટલા પહેરા વચ્ચેય એ ગીતાબેનને પાણીમાં મૂઠીઓ ભરાવતાં હશે. એ મનમાં જ ગણગણી રહી.

'ભાભી, તમે ઘેર રહો ને બાને બજારમાં જવા દો ને. એ દર્શન કરતાં આવશે, શાક લેતાં આવશે તો એમનો પગ છૂટો થશે.' કિરણ અને છાયાએ રેવાને ઊંઠાં ભણાવવા માંડ્યાં. પણ રેવા એમની ચાલ સમજી ગઈ હતી.

સાંજે બધાં ખાવા બેઠાં હતાં ત્યારે રેવાએ વાત કાઢી : 'આ બે જણાં તમારાથી થાકી ગયાં હોય એમ લાગે છે. આજે બેય જણાં મને કહે કે તમે અહીં છો ત્યાં સુધી બાને મંદિરમાં દર્શન કરવા અને બજારમાં શાકભાજી લેવા જવા દેતાં હો તો. તે એમને ભાભી એવી અણઘડ ને ડફોળ લાગતી હશે ત્યારે ને!'

'અમારા કહેવાનો એવો અર્થ ન હતો.' બેય એકી સાથે બોલી ઊઠ્યાં.

'તો તમારા કહેવાનો અર્થ કેવો હતો? કહો તો ગીતાબેનનેય સમજણ પડે કે તમને પેટમાં શું ખૂંચે છે. કહો.' રેવાએ પૂછ્યું.

કિરણ અને છાયા એકબીજા સામે તાકી રહ્યાં, શું બોલે!

'કેમ બોલ્યાં નહીં!' રેવાએ પાછો તકાદો કર્યો.

'બાથી ઘર સૂનું મૂકીને બહાર જવાતું નથી તે તમે અહીં છો ત્યાં સુધી એમને જવું હોય તો જઈ શકાય એમ અમે કહેતાં હતાં.'

'તે એ તો તમારે કહેવાની જરૂરેય ન હતી. તમે સ્કૂલે જાવ છો ત્યારે અમે બહાર જઈ આવીએ છીએ જ. તમે તમારી જવાબદારી સમજતાં હો તો ઠીક નહીં તો અમારે તમને એ પરાણે સમજાવવી પડે.'

'એમાં જવાબદારીની વાત કયાં આવી! અમે મૂર્ખાં કે તમને સૂચન કર્યું.'

'તમે કેવાં છો એ તમે જાતે જ સ્વીકારી લીધું એટલે અમારે કશું કહેવાનું રહેતું નથી.' રેવાએ કહ્યું અને હસી લીધું. કિરણે ગીતાબેન જુએ નહીં એમ ભાભી સામે મૂકકી ઉગામી ને રેવાએ સામે અંગૂઠો ઊંચો કરી ડીંગો બતાવ્યો. ગીતાબેને ભીંત પરના અરીસામાં બેયના ઈશારા જોઈ લીધા ને મનમાં હસી લીધું.

કિરણે બહાર નીકળતાં છાયાને પૂછ્યુંઃ 'આવવું છે તારે બહાર. ભાભીએ તો મારું માથું પકવી નાખ્યું.' ને છાયા પણ એની પાછળ બહાર નીકળી ગઈ. ગીતાબેન ને રેવા એમને જતાં જોઈ હસી રહ્યાં.

'તમે ગમે તે માનતાં હો પણ આ બે જણાં તમારી નજર પાછળ એમનું ધાર્યું કરતાં જ હશે. બેય આપણને પાણીમાં મૂઠીઓ ભરાવે એવાં છે.' રેવાએ કહ્યું.

'આ બેને પરણાવી દેવાનાં છે તોય આપણને આટલું લાગે છે તો એવું ના હોત તો મારાથી તો જીવાત જ કેમ!' ગીતાબેને મનની વાત કહી.

'આ તો તમે છો તે આટલો જાપ્તો રાખો છો, બાકી મારું તો એ ગજું જ નહીં.'

'કોઈ બીજો હોય તો આંખ બતાવીને બારણુંય બતાવી દેવાય, પણ આ તો કાલે સવારે જમાઈ થવાનો એને જોર કરીને કહેવાય પણ નહીં. એમણે બેચારવાર મારી આંખોમાં ધૂળ નાંખી હશે, મને એનો ગણસારો વરતાય પણ વાત પતી ગયા પછી એને ઉખેડીને આમન્યા તોડવાથી શું વધારે માની હું ચૂપ રહી છું. બેય ભણેલાં છે એટલે આપણને નીચાજોણું નહીં થવા દે પણ આપણી નજર નીચે આવું થાય ત્યારે મરવા જેવું લાગે છે.' ગીતાબેને મનનો ઊભરો કાઢ્યો.

'તોય તમારો કડપ સારો છે બેયની ઉપર. એમને એમ કે ભાભી તો છોકરાના પક્ષની છે તે બધું ચાલવા દેશે, એટલે તો એમણે તમને મંદિરમાં દર્શન કરવા મોકલવાનું કહેલું ને!'

'હવે તો વેકેશન આડે મહિનો જ રહ્યો છે ને વિહારીને માટે પણ લગભગ પાકું થઈ ગયું છે. ભગવાન એટલો વખત સાચવી લે એટલે ગંગા નાહ્યાં.' ગીતાબેને કહ્યું.

જેમ એ બે જણ છાયા ને કિરણની વાતો કરતાં હતાં એમ કિરણ અને છાયાય એમની જ વાતો કરતાં હતાં. એમને હવે ગીતાબેનના ચોકીપહેરામાં ગાબડાં પાડવાની નવીનવી તરકીબો શોધવામાં જાણે મજા પડતી હતી. જાણે બેય પક્ષે એક હરીફાઈ ચાલી રહી હોય એવો મામલો સર્જાયો હતો.

અનુક્રમ Þ

## ૧૪:- સાત વીઘાંની પાટ ગઈ

કુબેર પટેલની પાટનો કેસ લાંબો ચાલે ને સામેવાળા થાકી જાય એવા પ્રયત્ન જેમ સુમન વકીલ કરતો હતો એમ એ કેસનો વહેલામાં વહેલી તકે ફેંસલો આવી જાય એવા પ્રયત્ન શના ઠાકોર પણ કરતો હતો. ફતેસંગ ઉજમને એ વાતની તાકીદ કર્યા કરતો હતો પણ હમણાંનું એના મનમાં ઠસી ગયું હતું કે ઉજમ હવે પેલા શનિયાને રંગે રંગાઈ ગઈ હતી. હવે તો કદાચ પાટ મળે તોય એની પર પોતાનો હાથ મૂકતા પહેલાં એણે ઉજમને પાછી મેળવવા શના ઠાકોર સામે જંગે ચઢવું પડશે.

એ ઉજમ સાથે સારો વહેવાર રાખવા પ્રયત્ન કરતો હતો. શનો ઠાકોર કેવો બદમાશ છે એ એના મનમાં ઠસાવવા મહેનત કરતો હતો, પણ એની કશી અસર ઉજમ પર થતી હોય એમ એને લાગતું ન હતું. છતાં એને એક વાતનો આનંદ હતો કે એ શનો ગમે એટલાં બાથોડિયાં મારે પણ ઉજમના ધણી તરીકે એ જમીન પર ઉજમ પછી એનો પોતાનો જ હતો. દાળ-ચેખા એકનાં એક રહેવાનાં હતાં ને તળિયો તો તેડે જ રહેવાનો હતો. ઉજમ પછી એનો હક ખરો પણ ઉજમ જ જો એની ના રહે તો શું?

એક વખત જમીનનું પતી જાય અને જેના ઉછીના લીધા હતા એ આપી દેવાય પછી તો પોતાનાં પાંચેય આંગળાં ઘીમાં હતાં એમ એ માનતો હતો. ઉજમને હાથમાં લીધા સિવાય એ પાટ પર પોતાનો હાથ કેવી રીતે મૂકી શકાશે એનો વિચાર કરતાંય એને ગભરાટ થતો હતો. વખત આવ્યે એનો પણ ઉપાય થઈ રહેશે એવો એને ભરોસો હતો.

શના ઠાકોરને પણ સાત વીઘાંની પાટ અને ઉજમના ધણી થઈને નાતમાં આગેવાન તરીકે પંકાવું હતું. એ વરસોથી ખાદી પહેરીને આગેવાન કહેવડાવવા મથતો હતો પણ હજુ નહીં ત્રણમાં, નહીં તેરમાં ને નહીં છપ્પનના મેળમાં જેવો પોતાનો ઘાટ હતો એનું એને દુખ હતું. ચૂંટણી વખતે એને થોડું મહત્ત્વ મળતું હતું પણ ચૂંટણી પતી કે પાછા ઠેરના ઠેર જેવો એનો ઘાટ થઈ જતો હતો. થોડા વખતથી એનો જામીન થવાનો ધંધો ઠીક ચાલતો હતો, એટલે ગજવામાંથી બસો ચારસોની કકડતી નોટો કાઢી સામા માણસને આંજી નાખવાનો પ્રયત્ન એ કરતો હતો. જ્યારથી એ કુબેર પટેલની પાટ પાછળ પડ્યો ત્યારથી એની કકડતી નોટોને જાણે પગ આવ્યા હતા. કેસનો વકીલ અને પાગલખાનાનો દાકતર એની પાસે કાયમ પૈસા માગ્યા કરતા હતા. અત્યારે તો એની સ્થિતિ એવી થઈ હતી કે એ બે હજારના દેવામાં ઊતરી ગયો હતો.

એને લાગતું હતું કે પોતાનો તો જ વટ પડે જો પોતાની પાસે ઘર, જમીન, ખેતીવાડી અને ઘર સાચવે એવી ઘરવાળી હોય. જો આ પાટ અને ઉજમ એના હાથમાં આવી જાય તો એની આ બધીય અભરખા એક જ ઝાટકે પૂરી થાય તેમ હતી. ઉજમને એ ફતિયાના હાથમાંથી છોડાવીને ફૂલહાર કરી લેવા એ કામ તો એને પોતાના ડાબા હાથના ખેલ બરાબર લાગતું હતું.

એનો વકીલ કેસ નીકળે તે પહેલાં એની ફીના હજાર રૂપિયા ભરી જવા તકાદો કરતો હતો તો પાગલખાનાનો દાકતરેય પણ હવે તો વારંવાર પૈસા લેવા નાથીને ત્યાં આવવાની ઈચ્છા કરતો હતો. વજેસંગની દવાખાનાની ફી માફ કરી તેની સામે એ હજારેક રૂપિયા તો આ રીતે લઈ ગયો હતો છતાં પંદર દા'ડા થતા ન હતા કે એનો સંદેશો તો આવી જ જતો હતો. આ વખતે તો એણે પાંચસોની માગણી કરી હતી. સ્ટાફના બીજા માણસોનાં મોઢાં પણ બંધ કરવાનાં હતાં એમ એ કહેતો હતો.

જો એને ફરીથી કોર્ટમાં જવાનું થાય તો બીજા વધારાના થશે એમ પણ એણે કહ્યું હતું. એક તો શના ઠાકોરને માથે દેવું થઈ ગયું હતું. અને હમણાંના જામીન થવાના કેસ પણ ઓછા થઈ ગયા હતા. ને હવે એની ને ઉજમની વાત ફતેસંગ જાણી ગયો હતો એટલે એની પાસેથીય કશી રકમ મળવાની આશા ન હતી.

કેસ હવે ગમે ત્યારે નીકળવાનો હતો. ને શના ઠાકોર પંદરસો રૂપિયા ભેગા કરવાની વેતરણમાં પડ્યો હતો. એક તો એને માથે બે હજારનું દેવું ઊભું હતું ને ઉપરથી પંદર સો બીજા ઊભા કરવાના હતા. છેલ્લા ઉપાય તરીકે એણે ઉજમને ફતેસંગ પાસે મોકલી હતી. એને થયું હતું કે લાલચનો માર્યો એ કદાચ થોડા ઘણા પૈસા કાઢે, નાણી જોવામાં શો વાંધો હતો! પણ ફતેસંગે ઉજમને પોતાની સ્થિતિની વાત કરી હતી. શના ઠાકોરને ફોસલાવી એની પાસેથી પૈસા કઢાવવા એણે ઉજમને સમજાવીને પાછી મોકલી આપી હતી.

બેયની સ્થિતિ એક સરખી હતી. એમના વકીલને પણ એની ખબર હતી એટલે તો એ કેસ નીકળતા પહેલાં પોતાની ફી અગાઉથી લઈ લેવા માગતો હતો. તે જાણતો હતો કે સરકારની નીતિ મુજબ જમીન તેમને મળવાની શકયતા ઘણી હતી, છતાં જો એ લોકો પાસે રોકડા જ ન હોય તો એ જમીન ઉપર કોઈ એમને પૈસા ધીરે અને એ લોકો યાદ કરીને એના બાકી નીકળતા પૈસા આપી જાય એ વાત ઉપર એને વિશ્વાસ પડતો ન હતો.

શના ઠાકોર જેમનો જામીન થયેલો એ બધા તો એનાથી પણ ગયેલા હતા. એમનું જામીન થનારેય કોઈ ન હતું એટલે તો પૈસા ખર્ચી એને જામીન કરવો પડતો હતો. એટલે એમની પાસેથી તો કોઈ પૈસા માગી લવાય એવી કોઈ આશા જ ન હતી.

છેવટે થાકીને તેણે મગન કલાલનો આશરો લીધો. મગન કલાલ બધા બે નંબરના ધંધાનો બાદશાહ હતો. એ પૈસા ધીરતોય ખરો અને એની પોતાની રીતે એ પૈસાની વસૂલી પણ કરતો. એના પૈસા કદી ખોટા થતા નહીં પણ એના પૈસા વાયદા પ્રમાણે પાછા ન આપનારનું એકાદ અંગ ખોટું થઈ જતું ખરું.

ને કેસ શરૂ થયો. સુમન વકીલે વજેસંગને હાજર કરવાની માગણી કરી. સામા પક્ષના વકીલે વજેસંગનું મગજ અસ્થિર હોવાથી તે હાજર થઈ શકે એમ ન હતો એવી દલીલ કરી. સુમન વકીલે પાગલખાનાના દાકતરને વજેસંગનાં કાગળિયાં સાથે બોલાવ્યો.

'તમે પહેલાં જણાવ્યું હતું કે વજેસંગ છ મહિનામાં સારો થઈ જશે તો તેનું શું થયું?' પણ ગયા વખતના અનુભવે દાકતર ડાહ્યો થઈ ગયેલો હતો. એ આ વખતે સુમન વકીલની ચૂંગલમાં આવી ન જવાય એની પુરતી તકેદારી સાથે જવાબ આપતો હતો.

'આવા કેસમાં ઘણી વખત ધારી સફળતા નથી મળતી. વજેસંગની સ્થિતિ સુધરવાને બદલે વધુ બગડી છે.'

'હવે એની સ્થિતિ સુધરે તો કેટલા વખતમાં સુધરી જાય?'

'કશું કહી શકાય નહીં. કદાચ વરસો નીકળી જાય એમ પણ બને.'

'આ કેસમાં તમે બીજા ડૉકટરનો અભિપ્રાય લીધો છે?'

'હા, ડૉ. દેશમુખનો અભિપ્રાય મેં લીધો છે, તેમનું કહેવું_'

'એમનો અભિપ્રાય એમને મ્હોંએ જ કહેવા દો. ડૉ. દેશમુખને હાજર કરો,' ને ડૉ. દેશમુખ હાજર થયા. એમને શના ઠાકોરે બસો ધીબેલા. વળી સુમન વકીલ સામે ઊભા રહેવાનું હતું એટલે એ પણ પુરતી તૈયારી કરીને આવેલા હતા.

'તમે વજેસંગની તપાસ કરેલી?'

'હા.'

'એમની સ્થિતિ તમને કેવી લાગી?'

'એમના મગજની સ્થિતિ અસ્થિર છે. એ પોતે કોઈ પણ પ્રકારનો નિર્ણય લઈ શકે તેમ નથી.'

'જો તેમને હાલની સારવાર ચાલુ રાખવામાં આવે તો તેમની હાલતમાં સુધારો થવાની શકયતા છે ખરી?'

'હા, પણ ઘણે લાંબે ગાળે એમ થઈ શકે ખરું.'

'અમને જરૂર જણાશે તો અમે બીજા ડૉકટરનો અભિપ્રાય પણ લઈશું, પણ તમે ખાતરીથી કહી શકો છો ખરા કે એમની સ્થિતિ વહેલામાં વહેલી કયારે સુધરી શકે?'

'કશું કહી શકાય તેમ નથી. કદાચ કાલેય સુધરી જાય, કદાચ એક વર્ષ પણ લાગે.' ડૉ. દેશમુખ બીજા દાકતરનો અભિપ્રાય લેવાની વાતથી ગભરાયા હોય એમ લાગ્યું. એમને બસો રૂપિયા મોઘા પડશે એમ લાગ્યું હોય તોય નવાઈ નહીં. એમને સુમન વકીલની સામે ઊભા રહેવાનો આ પહેલો જ પ્રસંગ હતો, પણ એક જાણીતા ડૉકટર તરીકે એમને આવી જુબાની આપવા કૉર્ટમાં આવવાની નવાઈ ન હતી.

પછી સામા પક્ષે વજેસંગની દીકરી ઉજમને બોલાવી. એણે જાણાવ્યું કે એના બાપા એ જમીન ઘણાં વરસોથી ખેડતા હતા અને એ પોતે અને એનો ધણી ફતેસંગ બાપાને ખેતીમાં મદદ કરવા પણ જતાં હતાં. જો આ જમીન એમની પાસેથી લઈ લેવામાં આવશે તો એમનું પૂરું પણ નહીં થાય.

સુમન વકીલે ઊલટ તપાસમાં એને પૂછ્યું : 'તમે અને તમારા પતિ તમારા બાપ વજેસંગને ખેતીના કામમાં મદદ કરવા માટે જતાં હતાં એનો કોઈ આધાર છે તમારી પાસે?'

'આધાર તો શો હોય? અમે એમનું કામ કરવા લાગતાં અને એ અમને બાર મહિના ચાલે એટલા દાણા ભરી આપતા હતા.'

'કોણ દાણા ભરી આપતું હતું, કુબેર પટેલ?'

'ના, મારા બાપા દાણા ભરી આપતા હતા.' ઉજમે કહ્યું. પછી તે દિવસે કૉર્ટનો સમય થયો હતો એટલે કેસ બીજા દિવસ પર મુલતવી રહ્યો. કેસ ભલે કાયદાની કૉર્ટમાં મુલતવી રહ્યો પણ શના ઠાકોરના દરબારમાં નાથીને ત્યાં ચંડાળ ચોકડી એકઠી થઈ હતી. ફતેસંગ, ઉજમ, શના ઠાકોર અને નાથી એમાં હાજર હતાં.

'મને બહાર નીકળતાં આપણા વકીલે જણાવ્યું છે કે કેસ આપણે જીતી જ ગયા છીએ. કોઈ ચોખવટ કરાવવાની હોય તો આપણે એને કાલે સવારે કહી દેવાનું છે. એ એના છેવટના ભાષણમાં એનો ઉમેરો કરી લેશે.' શના ઠાકોરે કહ્યું.

'એ ખેતરનું પતે એટલે સૌ પહેલાં આપણે દેવું કરીને જે પૈસા આ કેસ લઢવામાં હોમ્યા છે, એનું કંઈ કરવું પડશે.' ફતેસંગે સીધી વાત કરી.

'મારાય પાંચ હજાર અંદર હોમાયા છે. છેલ્લા બે હજાર તો એવી ખોટી જગ્યાએથી લેવા પડ્યા છે કે એમાં વાયદો ના પળાય તો જાનનું જોખમ થાય એમ છે.' શના ઠાકોરે કહ્યું.

'મારાય પાંચ હજાર ઉપર થોડા છે. મારું વળતર ના થાય તો મારી તો નોકરી જાય એમ છે.' ફતેસંગે પણ પોતાની પોલ ઉઘાડી.

'એ ખેતર હાલ તો વેચાય નહીં ને વેચાય તો એની પૂરી રકમ પણ ઊપજે નહીં. એટલે જો કોઈ એને ગીરો લઈ પંદર વીશ હજાર આલનાર મલી જાય તો કામ થઈ જાય.' શના ઠાકોરે ઉકેલ કાઢ્યો. ઉજમને એ ખેતર કોઈ પણ ભોગે વેચાવા દેવું ન હતું. એને ગળે આ વાત ઊતરી ગઈ. તેને થયું ગીરોની રકમ તો થોડે થોડે કરીને વાળી દેવાય અને ખેતર છોડાવી લેવાય. ને ખેતર તો શના ઠાકોરનેય કયાં વેચાવા દેવું હતું! એને તો એ પાટ અને ઉજમ બેય પર અધિકાર જમાવી નાતમાં આગેવાન તરીકેની પોતાની છાપ ઊભી કરવી હતી.

'આપણે બધા તો ત્રાહીત ગણાઈએ. ખેતર નામે થશે તોય ઉજમને નામે થશે. આપણે બેયે કાલે આપણા ખર્ચાનો વિગતવાર હિસાબ લઈને આવવાનું ને ઉજમની રૂબરૂમાં એની પતાવટ કરવાની. પછી જે પૈસા વધે એ એના, એને ફાવે તો એ પાછા આપી ગીરોની રકમ ઘટાડે કે પછી એને ફાવે એમ એને વાપરે. વળી એના બાપાને હવે દવાખાનામાં રાખીને ખોટો ખર્ચ કરવાની જરૂર નથી એટલે એમને ઘેર લઈ જાય એનોય ખર્ચોય હવે તો એને જ ભોગવવાનો થવાનો છે ને!'

'જો કે એ પાટની કિંમત આજને હિસાબે ગણીએ તો પચાસ હજારની તો ખરી જ એટલે ઉજમને એના બાપાને પાલવવાનો કશો વાંધો આવે એમ નથી. અને એય કયાં એકલી છે, આપણેય એની સાથે છીએ જ ને!' ફતેસંગે ગોખી મૂકેલો હિસાબ ગણી બતાવ્યો ને પોતે એનો સાથ છોડવાનો નથી એની પણ જાણે ખાતરી આપી. મનમાં તો કદાચ બબડ્યોય હશે ઃ જ્યાં સુધી પાટ વેચીને પૈસા હજમ ન કરાય ત્યાં સુધી તો નહીં જ.

શના ઠાકોર મનમાં હસી રહ્યો પણ કાંઈ બોલ્યો નહીં. મનમાં એય વિચારતો હતો કે એ ફતેસંગ ભલે ને હિસાબ માંડ્યા કરે, છેવટે પાટ અને ઉજમ બેય શના ઠાકોરના જ નસીબમાં લખાયેલાં છે.

જેવી પાટ હાથમાં આવવાની આશા બંધાઈ કે તરત ઉજમ એને પકડી રાખવાની વેતરણમાં પડી ગઈ હતી. એને જેટલો વિશ્વાસ આ શના ઠાકોરનો પડતો હતો એટલો ફતેસંગનો પડતો ન હતો. ને વિશ્વાસ પડે કે ન પડે પણ જેને માટે બાપાને ગાંડાંને દવાખાને ધકેલ્યા, મા ખોઈ અને પોતે એક ભવમાં બે ભવ કર્યા એ પાટ કોઈ પણ ભોગે એ વેચાવા દેવા માગતી ન હતી. હા, કેસ લઢવામાં જેણે પૈસા ખર્ચ્યા હોય એના પૈસા એ દૂધે ધોઈને આપી દેવા માગતી હતી પછી એ શના ઠાકોરના હોય કે ફતેસંગના હોય.

'ફતેસંગ તમારા ધ્યાનમાં કોઈ છે જે આ પાટ સામે વીશેક હજાર આલી શકે?' શના ઠાકોરે મૌન તોડ્યું.

'ઠાકોર, હોય તોય તમારી ધ્યાનમાં હોય. અમારી માસ્તરભાઈની ઓળખાણ બધી ઠીક, કહેવાની. તમે બધાને જાણો એટલે ધારો તો અહીં બેઠે તોડ પાડી શકો.' ફતેસંગે ઠાકોરને ચઢાવ્યા. એની પહોંચ ભલે ટૂંકી હોય પણ એ હતો તો માસ્તર ને. શના ઠાકોર જેવાને ઊઠાં ભણાવવામાં એ પાછો પડે એમ ન હતો.

'મારી ધ્યાનમાં તો એક કહેતાં અગિયાર હોય પણ તરત પૈસા કાઢે એવો હોવો જોઈએ ને! આપણે ઉતાવળ છે એટલે થોડી ગૂંચવણ છે.' શના ઠાકોર તાડની ટોચે ચઢી તો ગયા પણ એમની પાસે એવો કોઈ અસામી હતો નહીં. એમને જ પૈસાની સૌથી પહેલી જરૂર હતી. જો પૈસાની વ્યવસ્થા ન થાય તો ફતેસંગની તો નોકરી જ જવાની હતી પણ પોતાનો તો જાન જવાની ચિંતા હતી. મગન કલાલની છાપ જ એવી હતી કે એનું પગથિયું ચઢેલો માણસ કાયમ ફફડતો જ રહે.

નાથીએ ઉજમ ને શના ઠાકોર વચ્ચે જે ગાંઠ બંધાતી હતી એમાં ભાગ ભજવ્યો હતો પણ હવે એમાં એને પોતાનું હીત જોખમાતું લાગ્યું હતું. જો શનો ઠાકોર પેલીને રવાડે ચઢીને એને ઘરમાં ઘાલે તો એક તો ઠાકોર એને ત્યાં આવતો બંધ થઈ જાય અને એના તરફથી જે ખર્ચી મળતી હતી એય બંધ થઈ જાય. વળી જો એ પાટ મળતાં ધંધે વળગી જાય તો એના જાકૂબીના ધંધાય બંધ થઈ જાય અને નાથીને ત્યાં આવતા બીજાય બંધ થઈ જાય.

જેવી ટોળી નાથીને ત્યાં જામી હતી એવી ટોળી સુમન વકીલને ત્યાં પણ જામી હતી. મોટા, કુબેર પટેલ, અવિનાશ, વનમાળી ને મોટાના ગામના બેચાર પટેલિયા સુમન વકીલની સામે બેઠા હતા. બધાના મ્હોં પર કેસ હારી જવાની દહેશત વરતાતી હતી. 'કેસ તો સરકારની નીતિ મુજબ આપણે હારી જ જવાના હતા. પણ આપણે એમને ખર્ચામાં ઉતારીને જમીન મોઘી પાડવા માગતા હતા એમાં આપણે સફળ થયા છીએ. આ જમીન એમના હાથમાં આવતા પહેલાં એમને પંદરેક હજારનો ખર્ચો થઇ ગયો છે ને હજુ આપણા જે હપ્તા બંધાય એ એમણે આપવા પડશે. હપ્તાય બધા મળીને સાતેક હજારના તો થશે જ.' સુમન વકીલે સાચી વિગતો જણાવી.

'હવે શું? આપણે આગળ શું પગલું લેવાનું છે!'

'મારી જાણકારી એવી છે કે ઉજમ અને ફતેસંગ વચ્ચે અત્યારે અણબનાવ જેવું થયું છે. ઉજમ શના ઠાકોરની સાથે હળી ગઈ છે. એ લોકો આ જમીનનું ઉત્પન્ન ખાઈ શકે પણ એને ન વેચી શકે કે ન ગીરો મૂકી શકે એવું કરવું છે. કાર્ટને મારે એવું ઠસાવવું છે કે જમીન પર જો કોઈનો હક થતો જ હોય તો એ વજેસંગનો થાય છે અને દાકતરના કહેવા પરથી એવું લાગે છે કે વજેસંગ ગમે ત્યારે સાજો થઈ શકે તેમ છે એટલે એ સાજો થાય ત્યાં સુધી એ જમીનનાં વહીવટદાર તરીકે ઉજમ અને તેનો પતિ ફતેસંગ એ જમીનનું ઉત્પન્ન ખાય અને વજેસંગની સેવા ચાકરી કરે. વજેસંગ જો સારો થયા વગર જ મરી જાય તો આ જમીન પાછી તેના મૂળ માલિક કુબેર પટેલને મળે. જો કે કાર્ટ એ તો માન્ય ના રાખે પણ એને લીધે પેલાંને ફક્ત વહીવટદાર નીમવાનું કોર્ટને બળ મળે.'

'જમીન હાથમાંથી ગઈ એટલે ગઈ. પછી એ વહીવટદારના હાથમાં રહે કે બીજાના, આપણે મન તો બધું સરખું જ ને!' કુબેર પટેલ બોલી ઊઠ્યા.

'ના, સરખું નહીં. જો એમને જ નામે જમીન થાય તો એના પચાસ હજાર તો ઘડીમાં ઉપજે. અને એ ટોળીને એવું કરવું પડે એમ છે. બધા ભીડમાં છે. જો એમનાથી આ જમીન વેચી ન શકાય તો એમનામાં ફૂટ પડે ને ધારિયાવાળી થાય તોય નવાઈ નહીં. આપણે આટલું લઢ્યા પછી એમને કોરે બરડે તો જમીન નહીં જ પચવા દઈએ.' સુમન વકીલે ચોખવટ કરી.

બધાને બધી વાતમાં સમજણ પડતી ન હતી પણ વકીલનો જુસ્સો જોતાં એમને લાગતું હતું કે વકીલ જે કરશે એ બરાબર જ કરશે.

બીજ દિવસે કોર્ટમાં શના ઠાકોર અને ફતેસંગ એક સાથે બેઠા હતા. શના ઠાકોરને જમીન ગીરો રાખે એવો કોઈ અસામી હજુ મળ્યો ન હતો એટલે કેસમાં પોતાની જીત થવાની ખાતરી હોવા છતાં એના મોઢા પર એનો આનંદ જણાતો ન હતો. ફતેસંગને તો વળી બેવડી ચિંતા કોળી ખાતી હતી. ઉજમને જમીન મળે પણ ઉજમ જ પોતાના હાથમાંથી સરી જાય તો જમીનેય એની સાથે જ સરી જાય ને! જમીન હાથમાં આવે એટલે એના પૈસા બગલમાં દબાવી એથલ સાથે ભાગી જવાની એની નેમ પણ બર આવે તેમ ન હતી.

એકલી ઉજમ આનંદમાં હતી. એને પૂરી ખબર ન હતી કે શના ઠાકોર અને ફતેસંગ આ કેસ લઢવાની ધૂનમાં કેટલા ઘસાઈ ગયા હતા ને જો જમીનમાંથી તાત્કાલિક પૈસા ન મળે તો બેય જણા તકલીફમાં આવી જવાના હતા. એને તો એમ જ હતું કે સોનાનાં સાંકળાં જેવી આ જમીન એને મળવાની હતી અને ફતેસંગને ફારગતી આલીને પોતે શના ઠાકોર સાથે ફૂલહાર કરીને મોજથી રહેવાની હતી.

સામેવાળા વકીલે પોતાનું આખરી વકતવ્ય પૂરું કર્યું. એણે વજેસંગના મનની સ્થિતિનો આધાર લઈ જમીન એની દીકરી ઉજમને જ મળવી જોઈએ એવું ઠસાવવા પ્રયત્ન કર્યો હતો.

સુમન વકીલે પોતાના આખરી વકતવ્યમાં પાગલખાનાના બે દાકતરોના અભિપ્રાયનો આધાર લઈ એવી દલીલ કરી હતી કે વજેસંગ ગમે ત્યારે સાજો અને સ્વસ્થ થઈ શકે તેમ હતો ને જમીન પર જો કોઈનો હક થતો જ હોય તો એ વજેસંગનો જ થતો હતો. એટલે જમીન એને નામે જ થવી જોઈએ ને એ જ્યાં સુધી પૂરેપૂરો સ્વસ્થ ન થાય ત્યાં સુધી ફકત વહીવટદાર તરીકે ઉજમ અને તેના પતિ ફતેસંગને એ જમીન સોંપવી જોઈએ.

વળી વજેસંગ જો સ્વસ્થ થયા પહેલાં જ મરી જાય તો એ જમીન એના મૂળ માલિક કુબેર પટેલને પરત મળવી જોઈએ, કારણ કે એ જમીન પર ઉજમનો કશો અધિકાર ન હતો. એણે તો એની જુબાનીમાં સ્પષ્ટ જણાવેલું છે કે એ તો ફકત એના બાપાને મદદ કરવા જ જતી હતી અને એનું વળતર તો એના બાપા એને ચૂકવી આપતા હતા.

સુમન વકીલનું વકતવ્ય ચાલતું હતું કે શના ઠાકોરને પરસેવો વળવા માંડ્યો. એને સાત વીઘાંની પાટને બદલે હવે મગન કલાલ દેખાતો હતો. એને પોતાના વકીલ ઉપર ગુસ્સો ચઢ્યો. એણે સુમન વકીલની આ ચાલનો તો વિચારેય કર્યો ન હતો. જો કૉર્ટ સુમન વકીલ કહે છે એમ ચૂકાદો આપે તો પોતાને તો ગામ છોડીને નાસવાની વેળા આવી જવાની હતી, એમ કરતાંય જો જાન બચે તો પોતે એટલો નસીબદાર.

ફતેસંગ પર પણ જાણે વીજળી પડી હતી. એની તો વિચારવાની શકિત જ જાણે હણાઈ ગઈ હતી. એને ઉજમ તો હાથમાંથી ગઈ જ હતી હવે એથલ પણ હાથમાંથી સરી જતી લાગી. એણે આ કેસ લઢવા માટે જે દેવું કર્યું હતું એની વાત તો જાણે સમજ્યા પણ એની નિશાળ માટે ગામમાંથી એકઠા થયેલા લગભગ સોળ સો રૂપિયાય પોતે એમાં હોમી દીધા હતા. હવે જો એ વાત ઉઘાડી પડે તો એની નોકરીનીય સલામતી ન હતી. પોતે ઉજમ કે એથલ વગરનો એકલો, હાથેપગે ને નોકરી વગરનો. એને જે દેખાતું હતું એ મનાતું ન હતું ને જે સંભળાતું હતું તે સમજાતું ન હતું. એનાં તો જાણે બારેય વહાણ ડૂબી ગયાં હોય એમ એ કેસનો ચૂકાદો આવ્યા પહેલાં જ હતાશ થઈ ગયો હતો.

'વજેસંગ સારો માણસ છે. કુબેર પટેલે તેને આ જમીન ખેડવા આપી હતી તે એનાં સ્વભાવ અને મહેનતને જોઈને આપી હતી. જો આ જમીન એને રાખી લેવી હોય તો એ આપી દેવા પણ તેમની તૈયારી છે પણ એમની લાચાર સ્થિતિનો લાભ લઈ કોઈ જમીન વેચી કે ગીરો આપી તેને આ હાલતમાં નિરાધાર ન કરી મૂકે એ જોવાની એ નામદાર કૉર્ટને વિનંતિ કરે છે.' સુમન વકીલે પોતાનું કહેવું પૂરું કર્યું, પેલી ચંડાળ ચોકડીને જાણે ભૂત આભડી ગયું.

કૉર્ટે દસ મિનિટમાં ફેંસલો સંભળાવ્યો. એમણે સુમન વકીલની કેટલીક દલીલોને માન્ય રાખી હતી પણ જો વજેસંગ સારો થયા પહેલાં જ મરી જાય તો તેની દીકરી ઉજમ તેની કાયદેસરની વારસદાર હોવાને કારણે જમીન તેને જ મળે એવું એમણે ચૂકાદામાં સ્પષ્ટ કર્યું હતું. હા, જ્યાં સુધી વજેસંગ હયાત હોય ત્યાં સુધી એ જમીનની માલિકી એની જ રહે અને ઉજમ અને એનો ધણી વજેસંગની સેવાચાકરી કરે અને વહીવટદાર તરીકે જમીનનું ઉત્પન્ન ખાય. જો વજેસંગ સ્વસ્થ થઈ જાય તો જમીન એને સોંપી દઈ આ વહીવટદારોએ એમની આ જવાબદારીમાંથી મુકત થઈ જવાનું રહે.

આભમાં વાદળનું નામ નિશાન ન હતું છતાં બધા જીતેલાં પર જાણે વીજળી પડી હોય એવું લાગતું હતું. સામે પક્ષે હારેલો વકીલ સુમન મૂછોમાં મલકાઈ રહ્યો હતો. હા, એક ઉજમને કશી અસર થઈ હોય એમ લાગતું ન હતું. એ ખુશ હતી કારણ કે એ પૂરું સમજી ન હતી. ને આમેય એને જમીનની માલિકી કરતાં એના ઉત્પન્નમાં જ વધુ રસ હતો.

કેસનો ચૂકાદો સાંભળી શના ઠાકોરની આંખમાં જળજળિયાં આવી ગયાં. એણે એના વકીલ સામે કાતરિયાં ખાધાં. વકીલ કહે : 'આપણે કેસ જીતી ગયા. હવે જો તમારે વહીવટદારમાંથી સંપૂર્ણ હકદાર થવું હોય તો આપણે પીટીશન દાખલ કરવી પડશે. આના કરતાં ખર્ચો થોડો વધુ થશે પણ તમને સંપૂર્ણ પાવર મળી જશે. મારી ગેરંટી.'

ફતેસંગે એ સાંભળ્યું ને મનમાં સમસમીને રહી ગયો. આટલા ખર્ચામાં જ જ્યાં ટેભા તૂટી ગયા હતા ત્યાં આનાથી થોડા વધારે ખર્ચાની વાત સાંભળીને બીજું થાયેય શું!

અનુક્રમ Þ

૧૫:- મોટાય મ્હોંમાં આંગળાં નાખી ગયા

પાટનો ચુકાદો ભલે ગમે તે આવ્યો બેમાંથી એકેય પક્ષને એનાથી આનંદ થયો ન હતો. ફતેસંગ ને શના ઠાકોર દેવામાં ડૂલી ગયા હતા અને જે જમીન મળી હતી એય વહીવટ કરવા પૂરતી જ મળી હતી. ને પાછી માથે લટકતી તલવાર તો ખરી જ. વજેસંગ જો સાજો થઈ જાય- ને એ તો વળી સાજો જ હતો ને- તો એને જમીન પાછી સોંપી દેવાની હતી. પછી એમના હાથમાં રહેતું હતું રામપાતળ. ફતેસંગે પોતાની નોકરી હોડમાં મૂકી હતી તો શના ઠાકોરે તો જાનની બાજી લગાવી દીધી હતી.

શના ઠાકોરે મગન કલાલને મહિનાનો વાયદો કર્યો હતો એની આડ્યે હજુ વીશ દિવસ હતા પણ કશીક આશા હોય તો એ મુદત ઓછી ન હતી. પણ અહીં તો ભગવાન સીધો આભમાંથી પૈસા વરસાવે તો જ જાન બચે એમ હતી.

કુબેર પટેલને આનો જબરો આઘાત લાગ્યો હતો. એમને પાટ ગયાનો એટલો ગમ ન હતો જેટલો વજેસંગને પાટ ખેડવા આપ્યામાં પોતે ગોથું ખાઈ ગયા એમ બધાને લાગતું હતું એનો ગમ હતો. એમને હજુ પણ ગળા સુધી  વિશ્વાસ હતો કે અત્યારેય જો વજેસંગને પૂછવામાં આવે તો એ પાટ ઉપર હક ના કરે પણ એ લોકોએ એને ગાંડો ઠેરવીને ગાંધી રાખ્યો એમાં જ બધી વાત વણસી ગઈ. પોતે ગમે તેટલા સાચા હોય પણ લોકો એમને ખોટા માને તો લોકોનું કહેવું જ સાચું ઠરવાનું, કારણ કે એ એમના જેવા લોકો જ નકકી કરવાના હતા ને!

કુબેર પટેલ લોકોનાં આડકતરાં મહેણાં ટોણાંથી તંગ આવી ગયા હતા. ઘણી વખત એ આવી વાત કરનાર પર ગુસ્સે થઈ જતા હતા ને એને જેમ ફાવે તેમ બોલી નાખતા હતા. કોઈ એ સાંભળી લેતા હતા તો કોઈ સામે દાંતિયાં પણ કરી લેતું હતું. કોઈએ તો એમની ડાગળી ચસકી ગઈ હોવાનુંય એમને મોઢે કહ્યું હતું. ને એમના દોસ્તોને લાગવા માંડ્યું હતું કે ભાની ડાગળી ભલે ચસ્કી ગઈ ન હોય પણ એમના મગજની સ્થિરતામાં તો ઘણું પરિવર્તન આવી ગયું હતું.

મનોર મોટા એમને પાટ ગયાનો બહુ ગમ ન કરવાનું અને લોકો સાથે બહુ લાંબી ટૂંકી ન કરવાનું સમજાવવા આવ્યા હતા. એમને પણ ભાની આવી સ્થિતિ જોઈ દુખ થયું હતું. એમણે અવિનાશને ઈશારો કર્યો હતો કે ભાને થોડા દિવસ પોતાની સાથે રહેવા તેડી જાય. અવિનાશ એમને તેડવા આવ્યો ત્યારે એની સાથે જવામાં એમણે ઘણી આનાકાની કરી હતી પણ નાનકાના સમ દઈને એમને એની સાથે લઈ ગયો હતો. વળી નાનકાને રમાડવાનું એનાં દાદી કેસરબેનનેય ઘણું મન હતું એટલે ભા શહેરમાં જવા તૈયાર થયા હતા.

શહેરમાં વનમાળી સાથે એમને સારી દોસ્તી હતી એટલે ગામની કૂથલી કરતાં એમને આ શહેરી વાતાવરણમાં કળ વળતાં વાર નહીં લાગે એમ બધાંને લાગતું હતું. વળી શહેરમાં પેલા નાનકાની સોબતમાં એમનો દિવસ પણ પસાર થઈ જશે. ને બધાંના આગ્રહને વશ થઈ છેવટે કુબેર પટેલનો શહેરમાં અવિનાશને ત્યાં રહેવા ગયે જ છૂટકો થયો. કેસરબેનને પણ શહેરમાં રહેવાનું ને નાનકાને રમાડવાનું મળ્યું એટલે એય રાજીનાં રેડ થઈ ગયાં.

જમીનના કેસનો ચૂકાદો આવ્યો તેના બે દિવસ પહેલાં જ રેવા સૂરતથી આવી હતી. સૂરતથી એ ગોળ ખાવા જેવા સમાચાર લઈને આવી હતી પણ જમીનના કેસમાં હાર થયાના ખેદમાં ડૂબેલા કુટુંબમાં એ આનંદના સમાચાર આપતાંય એ છપાઈ ગઈ હતી.

હવે બધાં એને ત્યાં ભેગાં થઈ ગયાં હતાં એટલે એ સમાચાર કહેવા એનું હૈયું તલપાપડ થઈ ગયું હતું. સારા સમાચારના સાક્ષી બનવા જ આવ્યા હોય એમ મનોર મોટા પણ જમનાંમા સાથે વેવાઈના ખબર કાઢવા આવી પહોંચ્યા હતા.

'આજે તો બધાંને કંસાર જમાડવા જેવો આવસર છે એટલે કંસારનું આંધણ મૂકયું છે. હું ચાર પાંચ દિવસ કિરણને ત્યાં સૂરત રહેવા ગઈ હતી. ત્યાંથી હજુ બહાર પાડવા જેવા નહીં પણ સો ટકા વિશ્વાસ કરવા જેવા સારા સમાચાર લઈને આવી છું પણ આ જમીનની લ્હાયમાં બધાનાં મનમાં ઊચાટ હતો એટલે મેં કોઈને કહ્યા ન હતા.' રેવાએ જાહેર ન કરવા જેવા કહી એના સમાચારની ઉત્કંઠા બધાંના મનમાં વધારી મૂકી.

'લે હવે વાતમાં મોંણ નાખ્યા વગર કહે ને. કંસાર ખાવા જેવા સમાચાર હોય ને જાહેર કરવા જેવા ન હોય તો પછી એમાં કંસાર ખાવાનીય શી મજા!' જમનાંમા બોલી ઊઠ્યાં.

'બા વાત જ એવી છે. વાત પાકીને ગલ થઈ ગઈ છે પણ હજુ એને બે મહિના જાહેર કરાય એવી નથી. કિરણ માટે એક મોટા ગામની અને ઊંચા ઘરની છોકરી માટે એના ઘરવાળાં વાટ જોઈને બેઠાં છે. પણ એમને એક આંટી છે, આ દીવાળીની રજાઓમાં એ છોકરીના ભાઈનાં લગન પતી જાય પછી એ લોકો કિરણને માટે માગું કરવા આવશે. આપણે ત્યાં સુધી આ વાત જાહેર કરવાની નથી.'

'લે કર વાત. એમનો ગળા સુધી વિચાર હોય તો પછી વાત પાકી કરવામાં અને જાહેર કરવામાં વાંધો શાનો? ને એમણે કેમ માન્યું કે એવાયે માગું કરવા આવશે ને આપણે હા જ પાડી દઈશું!'

'ને તું કહું છું એટલે માની લઈએ કે ઘર કુટુંબ સારું હશે પણ આપણા કિરણનેય છોકરી ગમવી જાઈએ ને!' કેસરબેન બોલી ઊઠ્યાં.

'તે એને ગમી હોય તો જ વાત આટલે સુધી આગળ વધી હશે ને! બા તમે ને દાજી એના હાથનું રાંધેલું જમીય આવ્યાં છો.'

'હેં.' કુબેર પટેલ પણ જાણે એમના જમીન ગયાના દુખમાંથી કૂદીને બહાર આવી ગયા.

'હા, એ છોડી અને કિરણ એક જ નિશાળમાં નોકરી કરે છે ને એ છોડીનાં મા બેયને રાંધી ખવડાવવા ત્યાં જ રહે છે.'

'તો પછી કહેવું હતું ને કે આવીને પાકું કરી જાય. એમને વાંધો કંઈ આવે છે?' કુબેર પટેલ વટમાં આવી ગયા.

'વાંધો છે, એનાં મા કહે છે કે એમને કિરણ ગમે છે ને એ એની સાથે એમની દીકરીને પરણાવનાં છે એ વાત પણ નકકી છે, પણ પહેલાં વિહારી પરણી જાય પછી બધી વાત.'

'કેમ? લગન પછી લે, પણ સાકરના રૂપિયા આપી દે તો શો વાંધો આવે છે એમને?'

'એમાં જ મોટો વાંધો છે. એમનાથી આપણા જેવા નાના ગામમાં છોડી પરણાવાય નહીં ને વખત છે ને પરણાવે તો એમના દીકરાને એમનાં મોટાં ગામમાંથી કન્યા મળે નહીં. એક વખત એમનો દીકરો પરણી જાય પછી એમને સાકરના રૂપિયા આપવામાં અને જાહેરાત કરવામાં કશો વાંધો નથી.' રેવાએ કહ્યું.

'તારી વાત સાચી, પણ એમ હોય તો આપણાથીય વાત જાહેર ના થાય ને મારું મન કહે છે એ વાતનો કંસાર ખાઈએ એય ઉતાવળ કહેવાય. કાલે સવારે ઘોડો છૂટ્યો કે ઘોડી છૂટી કોને ખબર છે!' કેસરબેન ગભરાટથી બોલી ઊઠ્યાં.

'એ વાત બે મહિના પછી પાકી થઈ જશે એ વાતની હું જામીન. હું તો બધું જોઈને આવી છું. કિરણ, એ છોડી અને એની મા એક જ ઘરમાં રહે છે. કિરણનું રહેવાનું ઉપર ને આ માદીકરીનું રહેવાનું નીચે. દીકરીને દાદરો ચઢવાની છૂટ નહીં ને કિરણને ખાધા પછી એક મિનિટેય નીચે બેસી રહેવાની છૂટ નહીં. બેયની ઉપર જાણે જમાદારનો પહેરો.'

'બહુ હિંમતવાળી બાઈ કહેવાય.' જમનાંમા બોલી ઊઠ્યાં.

'હું અને તમારા વેવાઈ એમને ત્યાં જમી આવ્યાં છીએ એટલે અમને એ ઘરનો વભો અને એ છોડીની માનો પરિચય થયો છે. મારી તમારી આટલી હિંમત ચાલે?'

'એમને તો બાપડાંને હિંમત કર્યે જ છૂટકો છે. મને કહેતાં હતાં કે એ બે જણાં એમને પાણીમાં મૂઠીઓ ભરાવે એવાં છે. કહે કે કોઈ ત્રાહીત હોય તો કેદા'ડાનો લાત મારીને કાઢી મૂકયો હોત પણ શું થાય કાલે સવારે એની હાર્યે છોડી પરણાવવાની છે એટલે એવુંય કરાતું નથી. આ દીવાળી પછી છાકરાને પરણાવી લઉં એટલી જ વાર છે. આ બેને પરણાવીને આ લપમાંથી છૂટાય.'

'તે એવું કહે જ ને. દેવતા ને દારૂ ભેગાં સાચવવાનાં તે.'

'પણ આપણો નબીરો શું કહે છે જાણો છો! કહે છે કે તમે આમારાથી છૂટો એમ અમેય તમારાથી છૂટીએ. બોલો આવું એમને મોંઢે કહે છે.'

'પણ તારે એને વારવો જોયે ને!' કેસરબેને રેવાને કહ્યું. 'આપણો છોકરો છે એટલે વાંધો નહીં ને છોકરીવાળાંને બધી ચિંતા એમ તો ના જ કરાય ને!'

'એ બેયનો એક રાગ હોય તો કોને કહીએ? ને બેય પાછાં ભણેલાં ને ઢગલો કમાતાં.'

'તે છોડીય એવું ભણેલી છે?' જમનાંમાએ પૂછ્યું.

'આપણા કિરણ કરતાં એક વરસ વધુ ને પગારેય કિરણ કરતાં હજાર રૂપિયા વધારે.

'ભા, એક વાત કહું તમે એને ઘેરથી કાઢી મૂકયો તો એનું ખમીર ઝળકયું નહીં તો એ બીજા દોસ્તાને રવાડે ચઢીને કદાચ હજાર પંદર સોની નોકરી કરી ખાતો હોત.' મનોર મોટાએ જાણે બધાંના દિલની વાત કરી.

'ને જાણો છો બાપા, એ બેયનો પગાર મહિને કેટલો આવે છે? પૂરા બાર હજાર. અને હજુ બેય જણાં ઉજાગરા ખેચેં છે ને આગળ ભણે છેય ખરાં.' ને મનોર મોટાથીય સીસકારો ભરાઈ ગયો.

'છોડી કેવી છે? તેં જોઈ છે?' મોટાએ પૂછ્યું.

'છોડી તો આપણે બધાંએ જોઈ છે. નાનકાના જનમ પછી પહેલી વખત કિરણ એની ખબર કાઢવા આવ્યો હતો ત્યારે એ છોડી પણ એની સાથે આવી હતી.' રેવાએ કહ્યું ને જમનાંમા પણ મલકી રહ્યાં.

'એ છોડી તો ઘરમાં અજવાળું કરે એવી છે. કિરણ નસીબદાર તો ખરો. જુગતે જોડી મેળવી છે ભગવાને.' એ બોલી ઊઠ્યાં.

'પણ આપણાં વેવાઈ ને વેવાણ પણ કાંઈ જાય એવાં છે! આટલું બધું થયું તોય આપણને ગંધ સરખી આવવા દીધી છે?' મનોર મોટાએ હસીને કુબેર પટેલને મુંગી શાબાશી આપી.

'એરે, મનેય આજે તમારી દીકરીએ આજે ફોડ પાડ્યો ત્યારે જ ખબર પડી ને. કહેવું હોય તો તમારી દીકરીને કહો.' કુબેર પટેલ છૂટી પડ્યા.

'એનો કશો વાંધો નહીં પણ જાન જોડો ત્યારે પાછા આ વેવાઈને ભૂલી ના જતા. બાકી તમે આવી જાન જોડો તો એમાં પાઘડી પહેરીને મહાલવાનું અમનેય ગમે હોં.'

'જો તમારી દીકરી કહે છે એમ બધું પાધરું ઊતરશે તો જાનેય તમારે જોડાવાની ને પાઘડીય તમારે પહેરવાની. તમારા વગર મારાથી પગલુંય કયાંથી ભરાવાનું હતું?' કુબેર પટેલને થયું કે મોટાને વખત છે ને ખોટું તો નહીં લાગ્યું હોય ને!

'તે તમે ના કહો તોય આ મોટો એમાં ખૂણામાં પેસે એવો નથી. તમે કહેતા હો તો આપણે સૂરત જઈ કિરણની ખબરેય કાઢતા આવીએ.'

'પણ એમ કાંઈ કારણ વગર જવાતું હશે? સાંમેવાળાને કેવું લાગે?'

'તમે એ બધું મારા પર છોડી દો. આપણે કશા કામે આવ્યા છીએ ને આખી બપોર નવરા હતા તે થયું કે કિરણની ભાળ કાઢતા જઈએ એમ કહીશું. આ તો છાશ લેતા આવીએ ને ઠપકો દેતા આવીએ, એના જેવું છે.'

ને એ તો પાટીદારવાળી વાત, છોકરા કે છોકરીના વિવાહ કરતા પહેલાં નળિયાથી તળિયા સુધી તપાસ કરવાવાળા. કુબેર પટેલનેય થયું કે વાત પાકી થાય એ પહેલાં મોટાની નજર નીચેથી પસાર થઈ ગયું હોય તો એમનેય થાય કે વેવાઈએ પોતાની રૂબરૂમાં નકકી કર્યું છે. કોઈ અજાણ્યોય એમને આગળ કરવામાં પોતે ગર્વ અનુભવતો હોય તો પોતે તો એમનો વેવાઈ છે. પોતાની તો ફરજ છે આવા કામમાં એમને આગળ કરવાની.

ને એ બે જણા એક બપોરના કિરણને ત્યાં જઈ પહોંચ્યા. કિરણ ને છાયા હજુ સ્કૂલેથી ઘેર આવ્યાં ન હતાં. ગીતાબેને કુબેર પટેલને જોયા ને એ શરમાઈને એક બાજુ સરકી ગયાં, કહેઃ 'આવો. બેસો, પાણી લાવું.' કહેતાં એ અંદર પાણી લેવા ગયાં.

'કિરણ ને છાયા કોઈ નથી કે શું!' કુબેર પટેલે પૂછ્યું.

'હવે જ એમને આવવાનો સમય થયો. આવતાં જ હશે, આવતાં બજારમાંથી શાકભાજી લેતાં આવવાનું એમને માથે છે એટલે થોડું મોડું થાય છે નહીં તો અર્ધા કલાક પહેલાં આવી ગયાં હોય. હું ચ્હા મૂકું, બેય જણને ચ્હામાં મોરસ ચાલે છે ને?' એમણે પૂછ્યું.

ના કહેવાનું મન હોય તોય બોલાય એવું જ ક્યાં હતું! કુબેર પટેલને તો ગીતાબેનના સ્વભાવનો પરિચય હતો. મોટાને ન હતો એટલે જ બોલ્યા ને : 'હમણાં ચ્હાની વાત રહેવા દો. કિરણ આવે ત્યાં સુધીમાં અમે એક કામ પતાવતા આવીએ. પછી આવીશું ત્યારે ચ્હા પીશું.'

'ત્યારે તમને કોણ ચ્હા પાશે? ત્યારે તો જમવાનો સમય થયો હશે.' ને કુબેર પટેલ સામે જોઈ એમણે પૂછ્યું : 'વડીલની ઓળખાણ ન પડી.'

'એ મનોર મોટા, મારા અવિનાશના સસરા. તમે એમને પહેલાં મળ્યાં નહીં હો.'

'એમને નથી મળી પણ રેવાબેન હમણાં જ પાંચ દિવસ રહીને ગયાં એટલે એમના નામથી તો પરિચિત છું જ. આ કિરણ અહીં છે તો તમે બેય મારે ત્યાં હેડીચાલીને આાવ્યા ને!'

'અમારી જમીનના લોચામાં એક જણને મળવા આવ્યા હતા તો વેવાઈ કહે કિરણનેય મળતા જઈએ.' કુબેર પટેલે વેવાઈને આગળ કર્યા.

'આવવું જ જોઈએ ને! એનેય લાગે કે એની ચિંતા કરવાવાળા છે. એને મનમાં આનંદ થાય.' ગીતાબેને કહ્યું. 'એય તમને બધાંને બહુ યાદ કરતો હોય છે.'

'યાદ તો કરે પણ તમે એની કાળજી રાખવાવાળાં અહીં છો એટલે અમને એની કોઈ ચિંતા કરવાની અમારે શી જરૂર!' કુબેર પટેલે કહ્યું.

'હું તો એની શી કાળજી રાખવાની હતી! બે વખત રાંધી ખવડાવું છું, ને ઘેર હોય એટલો વખત એ મારું ધ્યાન રાખે ને હું એમનું ધ્યાન રાખું, બીજું શુ!'

'એય મોટી વાત છે ને. તમે સાથે હો તો ઘણો ફેર પડે. એમનેય હૂંફ રહે.'

'આ તો નજીક છે તે આવીને સાથે રહી છું. અહીને બદલે ઈંગ્લેન્ડમાં હોત તો હું ઓછી એમની સાથે જવાની હતી!'

'ઈંગ્લેન્ડ!' પેલા બેય ચમકી ગયા.

'હા, પેલાં શાંતાબેન જ એમનાં ગુરુ. એ કહે એટલે આ બેયને જાણે ભગવાન બોલ્યા. ઈંગ્લેન્ડ પણ જશે, કદાચ આવતે વર્ષે જ. આપણને અત્યારથી કશું કહે નહીં પણ અણસાર તો ખબર પડી જાય ને!' ગીતાબેને કહ્યું.

'ત્યાં એમનું કોણ! એટલે દૂર એકલાં રહેવાનું તે-'

'આટલાં બધાં રહે છે એમ એય ટેવાઈ જાય એ તો. આપણે છોકરાંની કેટલી ચિંતા કર્યા કરીએ!'

'મારી તો હિંમત ના ચાલે એટલે દૂર એને મોકલતાં.' કુબેર પટેલથી બોલાઈ ગયું.

'એમાં આપણી હિંમતની જરૂર નહીં, ભણેલાં છોકરાં એમની મેળે પોતાનો રસ્તો કરી લે.' ગીતાબેનને ઈગ્લેન્ડની વાત નવી ન હતી જેટલી આ બે જણને હતી. ગીતાબેનનાં પિયરિયાં તો વર્ષોથી આફ્રિકા અને ઈગ્લેન્ડ ખૂંદી રહ્યાં હતાં.

કુબેર પટેલને મોટા ચ્હા પી રહ્યા હશે ને છાયા અને કિરણ આવી પહોંચ્યાં. 'આ તારું શાક, બા.' કહેતાં ગીતાબેનના હાથમાં શાકની થલી પકડાવી છાયા રસોડામાં પાણી પીવા દોડી ગઈ, પણ એને કશુંક નવિન હોવાનો અણસાર આવ્યો કે હાથમાં પાણીનો પ્યાલો લઈને બહાર આવી ગઈ. પેલા બે જણને જોયા ને ઘડીક તો શરમાઈને રસોડાના બારણામાં જ જડાઈ ગઈ. કહે : 'મેં તમને જોયા નહીં, કયારે આવ્યા તમે! કેમ છો કાકા તમે?' એણે મોટાનીય ખબર પૂછી લીધી.

ત્યાં સ્કૂટર પાર્ક કરીને કિરણ અંદર આવ્યો. 'શું વાત છે, આજે તો દાજી ને બાપુ બેય સાથે આવી પહોંચ્યા છે! અમને ખબર હોત તો વહેલાં આવત ને! અહીં રહેવું હોય તો શાક લેતાં આવવું પડે છે! ઓછું દુખ છે!' એણે ગીતાબેન સામે જોતાં મજાક કરી.

'ને પાછું શાકેય આખા માર્કેટમાં ફરીને સસ્તામાં સસ્તું લઈ આવવાનું એટલે વાર તો થાય જ ને! બેય જણાં પગારના પૈસા બારોબાર બૅંકમાં જમા કરાવી દો છો. આ ઘર ચલાવવામાં એક પૈસો આપતાં નથી અને હરીફરીને આ શાક લાવવાનું તમારે માથે છે એમાંય આવું કરો છો? જા તું જઈને કશું સારું શાક લઈ આવ.' ગીતાબેને સામી મજાક કરી.

'ચાલ છાયા શાક લઈ આવીએ નહીં તો ખાવાનું નહીં મળે.'

'ના એકલો જ જા ને વહેલો પાછો આવ. છાયા મને રસોઈ બનાવવામાં મદદ કરે છે. તને એકલાને શાક મારકીટનો રસ્તો તો જડશે ને!'

'તમારે પનારે પડ્યો છું તે નહીં જડે તોય શોધી કાઢવો પડશે ને, છૂટકો છે!' કહેતાં એ બહાર નીકળી ગયો ને બધાં હસી પડ્યાં.

'આવોયે તમને રોજ આમ જ પજવે છે?' કુબેર પટેલને બોલવું પડ્યું.

'એ એકલો નહીં એ બેય જણાં. મને તો પાણીમાં મૂઠીઓ ભરાવે એવાં છે. એમને કાબૂમાં રાખતાં નાકે દમ આવી જાય છે.'

'એ તો તમે જ કરી શકો, બીજું કોઈ હોય તો થાકી ગયું હોય.'

'મારે થાકી ગયે ચાલે એવું નથી. મારા દીકરાને નડીઆદમાં એકલો મૂકીને મારે રહેવું પડે એવું જ હતું એટલે શું થાય. બે મહિના આમ કે તેમ પણ એનો રસ્તો તો કાઢવો પડે ને!'

અંદરથી છાયાએ બોલાવ્યાં એટલે ગીતાબેન અંદર ગયાં એ તકનો લાભ લઈ કુબેર પટેલે મોટાને ઈશારાથી પૂછી લીધું : 'કેમ લાગે છે બધું!'

ને મોટાએ પણ હસીને ધીમેથી કહ્યું : 'હવે તો કહેવા પૂરતી જાન જોડવાની બાકી છે.' ને બેય વહેવારિયા હસી પડ્યા. થોડી વારમાં કિરણ શાક લઈને આવી પહોંચ્યો.

'હવે કેવું સારું શાક મળ્યું! ત્યારે રોજ વેઠ ના ઉતારતો હોય તો!'

'આ તો છેક વાડીએ જઈને તાજું તોડી લાવ્યો એટલે. તમે કહેતાં હશો તો રોજ વાડીએથી તાજું લેતાં આવીશું, પછી કહેતાં નહીં : 'ઘેર બહુ મોડાં આવો છો, કયાં ગયાં હતાં? બોડિયા સાપનો બેય બાજુથી મરો.' એ બોલ્યો.

'તમારો શાનો, મરો તો મારો છે. બેય જણાં બારોબાર બૅંકમાં પૈસા જમા કરાવો છો ને મને ભૂખે મારો છો.'

'અમે પૈસા બચાવીએ છીએ એય તમારા ભલા માટે જ ને. છાયાને કાલે સવારે પરણાવવી પડશે. એનાં લગનનો ખર્ચો થશે. દાગીના અને કપડાંનો થશે, પરઠણ આપવી પડશે, ખર્ચો થશે તો બચાવેલા હશે તો કામ લાગશે.' કિરણે સામી મજાક કરી. મનોર મોટા મૂછોમાં હસી રહ્યા.

'પરઠણ તો અમે આપતાં નથી. વળી એને માટે ઘરેય એવું શોધીશું કે સાંમેથી પરઠણ આવશે.'

'તો તો આપણે એમાંથી બહાર. અમારા ઘરમાંથી હજુ સુધી કોઈ સામેથી પરઠણ આપીને પરણ્યું નથી એટલે મારાથીય અપાય નહીં જ.'

'તો માનજે કે રહી ગયો.'

'પરઠણ વગર પતે એવો એક રસ્તો છે. માનો કે એક દિવસે હું સ્કૂલમાંથી જ છાયાને લઈને ઊપડી જાઉં તો તમે શું કરો?'

'પોલીસમાં ખબર કરીને છાયાને લઈ આવીએ ઘેર અને તું હોય શળિયા પાછળ. પછી આ બે જણ તને છોડાવવાય ના આવે, આવાં બહારવટાં કરે તો.'

બધાં ખાવા બેઠાં ત્યાં સુધી આવાં ટોળટપ્પાં ચાલતાં જ રહ્યાં. છાયા શરમાઈને એમાં બહુ ભાગ લેતી ન હતી પણ રસોડામાંથી કાન માંડીને આ વાતચીત સાંભળી રહી હતી. પેલા બે પટેલિયાને કશી તપાસ કરવાની રહી ન હતી. તેમને લાગ્યું હતું કે એમને રેવાએ કંસાર ખવડાવ્યો હતો એમાં કશું ખોટું ન હતું. અનુક્રમ Þ

## ૧૭:- પશુમાં પડી એક તકરાર

ફતેસંગે શના ઠાકોરને મળવાના બેત્રણ પ્રયત્નો કર્યા પણ રઘવાયો થઈ ગયેલો શના ઠાકોર ઘેર મળતો જ ન હતો. શરૂમાં તો એ પૈસાની વેતરણમાં દોડધામ કરતો હતો પણ બધેથી એના હાથ હેઠા પડ્યા પછી હવે તો એ મગન કલાલથી કેમ ભાગી છૂટવું એની જ પેરવી કરી રહેલો હતો. એને મગન કલાલનો જે પરિચય હતો તે પરથી લાગતું હતું કે એને પૈસા પહોંચાડ્યા ન હોય અને જો એ કલાલના હાથમાં આવી જાય તો એનાં સોએ વર્ષ પૂરાં જ થઈ જવાનાં હતાં.

શના ઠાકોરને એક હશે પણ મગન કાલાલને તો બાવન કાળજાં હતાં. એને વહેમ પડી ગયો હતો કે જે જમીન પર શના ઠાકોર મદાર બાંધીને બેઠો હતો એ જમીન એના હાથમાં એ ધારતો હતો એ રીતે આવી ન હતી. હવે એ જમીનમાંથી

એને કોઈ રોકડી થવાની શકયતા ન હતી. આખું વરસ મહેનત કરે ને કુદરતની રહેમ રહેમ હોય તો ખાવાના દાણા ઉપર બેત્રણ હજાર રૂપિયા હાથમાં આવે. પણ ખાટલે મોટી ખોડ કે એને ચોથો પાયો જ ન હતો. જમીનનો ન તો એ માલિક હતો કે ન તો વહીવટદાર. પછી બધાંની પગચંપી કરીનેય એના હાથમાં આવે શું? પેલાં બે વહીવટદાર આપે એટલું જ ને!

મગન કલાલે એની પાછળ જે માણસ મૂકેલો હતો એણે એને જણાવ્યું હતું કે શના ઠાકોર જે રીતે રઘવાયો થયો છે અને દોડાદોડી કરી રહ્યો છે એ જોતાં એમ લાગે છે કે એ ગમે તે દિવસે ગામ છોડીને ભાગી જશે. એના આવા રીપોર્ટ પછી મગન કલાલ વધુ સજાગ થઈ ગયો હતો. એણે બીજા એક માણસને પણ શના ઠાકોરની પાછળ લગાડી દીધો હતો. પોતે શના ઠાકોરને જે છેલ્લી મુદત આપી હતી એ પહેલાં એ કશું કરવા માગતો ન હતો પણ એ પોતાને ઊંઘતો મૂકીને જો નાસી જવા માગતો હોય તો પોતે એને ફાવવા દેવા માગતો ન હતો.

એણે પોતાના માણસોને સૂચના આપી દીધી હતી કે જો એ નાસી જતો હોય એમ લાગે તો એને સારી પેઠે હલકો કરીને એની પાસે લઈ આવવો. જો એ નાસી જવામાં સફળ થશે તો જે એને નાસવા દેશે એ જવાબદાર ગણાશે. પૈસા પાછા આવશે કે નહીં એની ચિંતા ન હતી પણ પોતાની જે છાપ હતી એને અખંડ રાખવાની વાત હતી. જો એક વખત એમાં તડ પડી કે પછી બીજોય એમ માનવાનો કે મગન કલાલ શું કરી નાખવાનો છે!

ફતેસંગ શના ઠાકોરને મળવા જતો હતો ને એ મળતો ન હતો પણ શના ઠાકોર એક દિવસ સામે ચાલીને એને મળવા ઘેર આવ્યો. નિશાળનો સમય હતો એટલે ફતેસંગ તો નિશાળમાં જ હતો. પણ ઉજમ ઘેર જ હતી. જમીનનો કેસ પતી ગયા છતાં પોતે શના ઠાકોરને ત્યાં પડી રહે તો લોકોમાં વગોવણી શરૂ થઈ જાય એ બીકે ઉજમ કેસ પત્યો કે બીજે જ દિવસે કચવાતે મને ફતેસંગ સાથે પાછી રહેવા આવી ગઈ હતી. એથલનો બોટેલો ફતેસંગ અને શના ઠાકોરની બોટેલી ઉજમ બેય એકબીજાને સમજી ગયાં હતાં.

બીજાં લોકો આવા કિસ્સામાં પોતે જાણે કશું જાણતા જ નથી એમ દેખાડી આંખ આડે કાન કરતા હોય છે એમ એમણે જાણેલું સ્વીકારીને ઉઘાડી આંખે નિભાવી લેવાનું હતું. બેય એક બીજાને સહન કરી લેશે એમ લાગતું હતું ત્યાં શના ઠાકોર આવી પહોંચ્યો.

ઉજમે શના ઠાકોરને જોયો ને શના ઠાકોરે ઉજમને જોઈ ને બેયનાં હૈયાં જાણે રડી ઊઠ્યાં. ઘડીભર તો શું બોલવું એય બેમાંથી કોઈને ન સમજાયું. બેયના મનના ઓરતા મનમાં જ રહી ગયા હતા. ઉજમને ફતેસંગથી છૂટી શના ઠાકોરની સોડમાં ભરાવું હતું ને શના ઠાકોરને ખભે ખેસ નાખી નાતમાં પટલાઈ કરવી હતી. બેયની મનની મનમાં જ રહી ગઈ હતી. કોણ કોને દિલાસો દે! 'શું કરીશું હવે! કશું નકકી કર્યું?' ઉજમે પહેલો જ પ્રશ્ન કર્યો.

'મને તો કશો  રસ્તો દેખાતો નથી. ખેતર મળ્યું પણ આપણે જે ખર્ચો એને માટે કરેલો એનું દેવું કેમ કરીને ચુકવાશે એનો કોઈ રસ્તો મને તો દેખાતો નથી. મગન કલાલની તો મેં તને વાત કરી જ હતી. એના પૈસા ના ચુકવાય તો જીવવુંય અઘરું થઈ પડે એવો ઘાટ થવાનો છે.' શના ઠાકોરે મનમાંથી ઊભરો કાઢ્યો.

'ખેતર ઉપર કોઈ ખાનગીમાં પૈસા આપે ને પૈસા પાછા ના અપાય ત્યાં સુધી એ ખેડી લે એવું કશું ના થાય?'

'પણ આપણી ઉપર વિશ્વાસ મૂકીને દસબાર હજાર જેવી રકમ ધીરે એવો માણસ મળવો જોઈએ ને! મને તો એવો કોઈ દેખાતો નથી, ફતેસંગની જાણમાં એવો કોઈ હોય તો આપણી તો તૈયારી છે. મને જે પૈસા મળશે એ પાછા આપી દેવાની પણ મારી તૈયારી છે. આપણે જો એક થવાતું હોય તો એટલા પૈસાનો સવાલ નથી.'

'આપણે તો એક જ છીએ ને! એનું તો હવે ઓઠું જ છે ને! એક વખત આમાંથી છૂટીએ એટલે એનો તો ફેંસલો તરત કરી નાખીશ. પછી આપણે નકકી કર્યા પ્રમાણે બાપાને સાથે રાખીને શાંતિથી રહીશું.' ઉજમ હજુ શના ઠાકોરનાં સ્વપ્નાં જોતી અટકી ન હતી.

'મને તો બચવાનો કોઈ આરો દેખાતો નથી. જો ફતેસંગ કશો રસ્તો કાઢે તો ઠીક. મારે તો મલક છોડીને ભાગી જવું પડે એવી વેળા આવી છે. જો અહીં રહું તો મગન કલાલ મને જીવતો નહીં મૂકે. જો તારાથી હાર્યે અવાતું હોય તો ભાગી જવામાંય નાંનમ નથી પણ તારાથી હવે બાપાને ને આ જમીનને છોડીને નીકળાય એવું રહ્યું નથી.' શના ઠાકોર જિંદગીમાં પહેલી વખત આટલો નિરાશ થયો હતો.

'તમે મરદ થઈને આવા ઢીલા થઈ જશો તો મારું શું થશે. તમે મને આની પાસેથી છોડાવશો એવી આશામાં હું તો દા'ડા ગણતી બેઠી છું.'

'દા'ડા તો હુંય કયાં નથી ગણતો! પણ કશોક રસ્તો દેખાતો હોય તો ને!'

'એક રસ્તો છે પણ ફતેસંગને કાને વાત પડવા દેવા જેવી નથી. બાપાનું ઘર તો છે જ. એ એક વખત કહેતાય હતા કે એ વેચીને પૈસા આપી દઉં જો તમારે પૈસાની એટલી ભૂખ હોય તો.'

'એમને પાગલખાનામાંથી ઘેર લઈ આવીએ અને એ સાજા થઈ ગયા છે એમ સાબિત કરીએ ને એ ઘર વેચવા તૈયાર થાય તો એ બને ખરું. પણ એમ કરતાં ખેતર હાથમાંથી જતું રહે.'

'ખેતર કેમ જતું રહે!'

'બાપા સજા થઈ ગયા છે એમ જાહેર થાય એટલે ખેતર એમને સોંપી દેવું પડે. પછી એ ખેતર ભાને પાછું આપી દે તોય આપણું કશું ચાલે નહીં.' શના ઠાકોરને ખેતરની કમાણી કરતાંય એના કબજા ભોગવટામાં વધારે રસ હતો. ઉજમની સાત વીઘાંની પાટ પણ એના ભોગવટામાં આવે એ એને માટે ગૌરવની નિશાની હતી.

'તે પાટ બાપાના કબજામાં હોય કે મારા કબજામાં હોય એનો શો ફેર પડે છે? હું કહીશ ત્યાં જ બાપા સહી કરવાના છે. ઊલટું બપાના હાથમાં પાટ જશે તો ફતેસંગનો હક એના પરથી જતો રહેશે, પછી તું ને હું જેમ ફાવે એમ બાપાને સમજાવી શકીશું.'

એમની વાત ચાલતી હતી ને જ ફતેસંગ નિશાળેથી આવી પહોંચ્યો. ઘરમાં શના ઠાકોરને જોઈ તેને ગુસ્સો આવવો જોઈએ તેને બદલે આનંદ થયો હોય એમ લાગ્યું. એણે હાથમાંની ચોપડીઓ એક બાજુ મૂકતાં પૂછ્યું : 'કયારના આવ્યા છો? મને કહેવડાવ્યું હોત તો હું આવી પહોંચત ને.'

'હજુ હમણાં જ આવ્યો. ચ્હા પીધી ને તમે આવ્યા. મારે તો મગન કલાલથી મોંઢું સંતાડવાની વેળા આવી છે એટલે તાલુકેય બહુ જવાતું નથી. ને મારી તો જામીન થવાની જે થોડી કમાણી હતી એય બંધ થઈ ગઈ છે. તમે મને મળવા માગતા હતા ને બેચાર વાર મારી તપાસ કરી હતી પણ હું રઘવાયા કૂતરાની પેઠે આમથી તેમ દોડ્યા કરતો હતો એટલે તમને મળું કયાંથી.' શના ઠાકોરે પેટછૂટી વાત કરી.

'તમારા જેવી જ મારીય દશા છે. ભાઈબંધોને તો ગલ્લાંતલ્લાં કરીને ફોસલાવી શકાય પણ જો નિશાળના પૈસાની વાત બહાર આવી તો મારે તો નોકરીનું જોખમ થઈ જશે. આપણો વકીલ જ ડોબા જેવો કે પહેલેથી પાણી પહેલાં પાળ ન બાંધી. એમના વકીલે પોતાને જોઈતી બધી શરતો મુકાવી દીધી ને આપણે ડોબે જોયાં કર્યું.'

'એમાં એય બાપડાનો શો વાંક! એણે મને કહેલું કે કેસનો ફેંસલો તો આપણી ફેવરમાં જ આવશે પણ મેજિસ્ટ્રેટ ઉજળિયાત છે એટલે કશીક અવળચંડાઇમાંથી નહીં જાય. તે એ અવળચંડાઈ કરી ગયો. એણે નારિયેળ ઘરભણી નાખ્યું. બાપાનો ભાને પૂરો વિશ્વાસ એટલે જમીન એમને નામે કરાવરાવી ને આપણને બધાંને હાથ ઘસતા કરી દીધા.' શના ઠાકોરે વકીલને બદલે મેજિસ્ટ્રેટને માથે ટોપલો ઓઢાડ્યો.

'જેણે કર્યું એણે પણ આપણે જે ખર્ચ થયો છે એટલાય જો પાછા મળ્યા હોત તો આપણને કશો વાંધો ન હતો. વળી જો આપણા પોતાના પૈસા હોત તો આપણે એમ સમજત કે આજે નહીં તો કાલે પાછા મળશે તોય વાંધો નહીં.'

'હું ઉજમને એ જ કહેતો હતો. વહીવટ તો તમારે જ કરવાનો છે ને! કોક એવો અસામી શોધી કાઢીએ તો દસબાર હજાર સામટા આપે ને પાંચ વરસ ખેડી ખાય. જો કોઈ તમારા ધ્યાનમાં એવો કોઈ માણસ હોય તો એને તો પાંચ વરસ પારકે હાથે ખેતી કરાવે તોય ત્રણગણા પૈસા પાછા મળવાના જ છે.' શના ઠાકોરે જૂની રેકર્ડ ફરીથી વગાડવા માંડી.

'એવો કોઈ તમારી જાણમાં હોય તો અમને વાંધો નથી. બાકી અમારી ધ્યાનમાં એવો કોઈ માણસ નથી. એમના ગામમાંથી કોઈ પટેલિયો તો તૈયાર થાય જ નહીં. ને બહાર ગામવાળો ત્યાંથી કમાઈને જાય નહીં.' ફતેસંગે ચોખ્ખી ને ચટ વાત કરી દીધી.

'તમારે તો હજુ ઠીક છે પણ મારે માથે તો જાનનું જોખમ ઊભું થયું છે. મગન કલાલનો માણસ મારી પાછળ પડછાયાની જેમ ભમ્યા કરે છે. આજે જેમતેમ કરીને એનાથી પીછો છોડાવીને ભાગ્યો છું. એને ખબર પડી ગઈ છે કે મારાથી પૈસાની સગવડ થવાની નથી એટલે જેમ દા'ડા જતા જાય છે એમ જાપ્તો વધુ ને વધુ કડક થતો જવાનો છે.' શના ઠાકોરે કહ્યું. એણે જે કહ્યું એની ફતેસંગનેય કયાં ખબર ન હતી!

'મારેય ઠીક કયાં છે? મારીય નોકરી જોખમમાં છે ને ઉપરથી કેસ થાય તો દંડ થાય એવું છે. આજે વાપરેલા પૈસા સીડવાની મારી તેવડ નથી ત્યાં વકીલના ને દંડના પૈસાની તેવડ તો થવાની જ કયાંથી હતી! એટલે દંડ ન ભરાય તો જે સજા થાય એ ભોગવવી પડે એમ છે. ને આવું થાય એટલે નોકરી તો જાય જ.' ફતેસંગનાં તો જાણે બારેય વહાણ ડૂબી ગયાં હોય એમ એ લમણે હાથ દઈને બેઠો.

'હજુ પાગલખાનાનો દાકતર પૈસા માગ્યા કરે છે ને પૈસા નહીં મળે તો મારી ઉપર કેસ કરવાની ને બાપાને પાગલખાનામાંથી રજા આપી દેવાની ધમકી આપે છે. એટલે બાપાનેય ઘેર લઈ આવવા પડશે અને એના પૈસાય ભરી દેવા પડશે. એવું કરવું પડે તો મારે બાપાને લઈને ગામમાં રહેવા જવું પડશે. તો જમીનનુંય ધ્યાન રખાય ને બાપાનુંય ધ્યાન રખાય. પણ પૈસા વગર એ થશે કેમનું એની જ કશી સમજણ પડતી નથી.' ઉજમે કહ્યું.

'આપણને બધાંને કાંઈની કાંઈ આંટી છે. જો કશો રસ્તો નહીં નીકળે તો જમીનનો કેસ જીત્યા છતાં આપણે ડૂબી મરવા જેવું થવાનું છે.' ફતેસંગે બધાની પરિસ્થિતિ સ્પષ્ટ કરી.

'મને એમ કે તમારી પાસે આનો કોઈ ઉપાય હશે. અને ના હોય તોય આપણે ભેગા મળીને એનો કોઈ તો ઉપાય શોધી કાઢવો પડશે. તમે તમારા કોઈ કોંગ્રેસવાળાને વાત કરી જુઓ ને.' ફતેસંગે શના ઠાકોરને વળી પાછા મઠારી જોવા પ્રયત્ન કર્યો.

'અરે એ કોંગ્રેસવાળાની વાત જ છોડો ને! મફત દાખલ કોઈ ગીરો આપતું હોય તો વેચાણ લખી લે પણ પૈસા કાઢવાની વાત, ભગવાનનું નામ લો.' શના ઠાકોર છૂટી પડ્યો. એની વાત સાચી હતી, જે સ્તરમાં એ ઘૂમતો હતો એમાં કોઈ જમીન લે કે ખેતી કરાવે એવા ન હતા. એ તો બધા નાની મોટી રોકડી કરીને પોતાનું પેટિયું રળી ખાનારા હતા.

'આમાં જો કોઈએ રડવાનું હોય તો તે આપણે છે. છે આને કશી ચિંતા!' ફતેસંગે ઉજમની ટીકા કરી. એ લોકલાજે ફતેસંગ સાથે રહેવા તો આવી હતી પણ એનું મન તો શના ઠાકોરની પાછળ જ ભમતું હતું એનો અહેસાસ ફતેસંગને વારંવાર થયા કરતો હતો એટલે એનાથી બોલાઈ ગયું.

'એમાં એની બિચારીનો શો વાંક? એ તો આપણે જ્યાં કહીએ ત્યાં સહી કરી આલવા તૈયાર છે. પણ આપણી કોઈ તરકીબ કામ લાગતી નથી એટલે શું થાય!'' શના ઠાકોરે ઉજમનો બચાવ કર્યો. ફતેસંગની નજરમાં એ ખટકયા વગર ના રહ્યું.

'એને તો હાય મારો પૈસો એમ જ થયા કરે છે, પણ પૈસા કાંઈ તારા એકલાના નથી ખર્ચાયા. મારાય ખર્ચાયા છે ને ઠાકોરનાય ખર્ચાયા છે. બધાનાં ગજવાં ખાલી થઈ ગયાં છે. મારેય બાપાને પાગલખાનેથી ઘેર લઈ આવવાના છે. એનોય ખર્ચો તો ઊભો જ છે ને!'

'તમારાં બેની હમણાં એક ગાંઠ છે એટલે તમે મને જે સમજાવો એ મારે સાચું માની લેવું એમ! તમે બે સંતલસ કરીને તમારા જેટલા પૈસા ઊભા કરી લો ને મને પડતો મૂકી દો એમ!' ફતેસંગ હવે મીઠાશથી થાકયો હોય એમ લાગ્યું.

'પણ તને કોણે ઊભો મેલ્યો છે ને કોણે પૈસોય જોયો છે એ ખેતરમાંથી? અને એટલે તો હું તને ક્યારનો કહું છું કે તારી જાણમાં કોઈ પૈસા કાઢે એવો જણ હોય તો લાવ ને, આપણે એને સમજાવીએ. પૈસાની કાંઈ તારે એકલાને જ જરૂર છે!' શના ઠાકોરે એને ઠંડો પાડવા કહ્યું.

પણ ફતેસંગની એ સમજવા જેટલી હવે ધીરજ રહી ન હતી. જેમ જેમ વખત જતો હતો એમ એની હિંમત ઓસરતી જતી હતી. એને નોકરી જવાની જેટલી ફિકર હતી એનાથીય વધુ ફિકર એને એથલની હતી. જો નોકરી જાય તો એથલ પણ હાથમાંથી જવાની જ હતી. ને ઉજમ તો હાથમાંથી ગઈ જ હતી. હવે એણે સમજાવીને નહીં પણ દબડાવીને પોતાના પૈસા કઢાવી લેવાની યુકિત અજમાવવી શરૂ કરી હતી.

'આપણે એમ કરીએ આપણાં ત્રણેયનાં છાપરાં વેચી નાખીએ. એમાંથી જે પૈસા આવે એનાથી મગન કલાલનું ને મારી નિશાળનું દેવું ચૂકતે થઈ જાય તો હમણાં તો જાન છૂટે. પછી આગળની વાત આગળ. તમને શું લાગે છે!' એણે વહેવારિક તોડ કાઢ્યો. જો આમાં પેલાં બે સંમત ન થાય તો લઢ્યે જ છૂટકો, એણે નકકી કર્યું.

પણ એને નોકરીની જેટલી ચિંતા હતી એના કરતાં શના ઠાકોરને મગન કલાલની બીક વધુ હતી એટલે એ તો તરત તૈયાર થઈ ગયો. બધાંને ખાતરી હતી કે ઊભાંઊભ છાપરાં વેચવા કાઢે તો એની પૂરી કિંમત ઊપજવાની શકયતા ન હતી, છતાં બીજો આરો પણ કયાં હતો? ઉજમને મનમાં થોડો ચચણાટ થયો ખરો પણ તેનાથી બોલાય એમ જ કયાં હતું!

બે જ દિવસમાં એ બધું પતાવી દઈને બધાંએ ફરી મળવું એમ નકકી કરી બધાં ઉઠ્યાં. ઉજમ અને ફતેસંગ તો સાથે જ હતાં એટલે બેયે ભેગાં મળીને દોડાદોડી કરી ને બેયનાં છાપરાંનો ઘડોલાડવો કરી નાખ્યો. પણ શના ઠાકોરને પહેલાં તો મગન કલાલને મળવું પડ્યું. એને બધી વાત સમજાવતાં એને ઘણી તકલીફ પડી. શના ઠાકોરે તો એનેય છાપરું બે

હજાર પેટે લખી આપવાની તૈયારી બતાવી પણ મગન કલાલ એમ માને તેમ ન હતો. એણે તો પોતાનો રોકડા પૈસાનો જ હક આગળ કર્યો. પણ એને એટલી ખાતરી થઈ કે શનો ભાગી જવાની વેતરણ કરતો ન હતો પણ પોતાના પૈસા ચૂકવવાની ધમાલમાં અટવાયો હતો.

શના ઠાકોરે ગામના એકબે જણને વાત કરી જોઈ. રાતોરાત ઘર લેનાર તો મળે પણ એટલા પૈસા કાઢનાર પાછો કડદો કરીને જેટલા ઓછા આપી શકાય એટલા ઓછા આપવાનો પ્રયત્ન પણ કરે જ. છતાં શના ઠાકોર નસીબનો એટલો બળિયો કે એને ઘરાક મળી ગયો.

એણે ધાર્યા હતા એનાથીય ઓછા પૈસા મળ્યા પણ કેઈ ઘરાક થયું એય ઓછા આનંદની વાત ન હતી. એને પંદર સો મળ્યા હતા.પાંચ સો હજુ ખૂટતા હતા. બીજે દિવસે બધા ભેગા થયા ત્યારે થોડી જીભાજોડી થઈ પણ છેવટે એમ નકકી થયું કે ફતેસંગના નિશાળમાં ભરવાના ને શના ઠાકોરને મગન કલાલને આપવાના પૈસામાં બધી મળીને પાંચ સોની તૂટ પડતી હતી તે બેય જણા અર્ધે ભાગે વહેંચી લે ને વજેસંગને પાગલખાનેથી ઘેર લાવવાના જે ભરવા પડે એની વ્યવસ્થા એક અઠવાડિયામાં બેય જણા કરી આપે.

વળી હવે કોઈની પાસે ઘર તો રહ્યું ન હતું એટલે વજેસંગને ફતેસંગના ભાડાના મકાનમાં નોકરીના ગામે લઈ આવે ને સાથે રાખે. શના ઠાકોર પોતે નાથીને ત્યાં રહેશે અને પોતાના જામીન થવાના ધંધામાંથી બસો ત્રણસો રૂપિયા ભેગા કરી વજેસંગના દવાખાનાના બિલ પેટે આપશે. ફતેસંગનો પગાર આવવામાં હતો એટલે થોડા એમાંથી ને થોડા ઉછીના કરીને એય એટલા પૈસા કરી આપશે.

ખેતર ભાગે કોઈને ખેડવા આપીને બને તો એની પાસેથી થોડા આગોતરા પૈસા કઢાવવાનો પણ તેમનો મત હતો.

બધાંને એક વાતનો આનંદ હતો કે એમનો શૂળીનો ઘા સોયે ટળી ગયો હતો. શના ઠાકોરે મગન કલાલને પંદરસો આપ્યા અને એને સંતોષ થયો એટલે એણે એને એક અઠવાડિયાની વધારાની મુદત આપી. ફતેસંગે નિશાળના જે પૈસા વાપર્યા હતા એના કરતાં વધારે ગણાવ્યા હતા એટલે એનાથી થોડા એથલનેય અપાયા એટલે એમનો વહેવાર પણ ચાલુ રહેવા પામ્યો. એમ લાગતું હતું કે ઘીના ઠામમાં ઘી પડી રહ્યું હતું. પણ બધાએ બીજાં દેવાં કરેલાં તેની પતાવટ તો હજુ ઊભી જ હતી, હા એ દેવાં થોડાં મોડાં વહેલાં કરી શકાય એમ હતાં એટલી રાહત હતી.

ઉજમને પણ એક વાતે સંતોષ થયો હતો કે ફતેસંગ અને શના ઠાકોર જો વઢી પડ્યા હોત તો ગામ વચ્ચે ફજેતી થાત એને બદલે વાતનો શાંતિથી ઊકેલ આવ્યો હતો. હવે પોતે ને શના ઠાકોર પોતાના પ્લાન મુજબ આગળ વધી શકશે. એક વખત વજેસંગ ઘેર આવી જાય એટલે ફતેસંગને ફારગતી આપી દેવાય. પણ હવે પાસે ઘર રહ્યું ન હતું એટલે એક છાપરાનીય ગોઠવાણ એણે કરવાની હતી. એનો વિચાર તો ખેતરમાં છાપરું બાંધી શના ઠાકોર ને વજેસંગ સાથે એમાં જઈ રહેવાનો થતો હતો. જો આ બે જણા પોતાના પૈસાની ઉતાવળ ન કરે ને એને થોડો વખત મળે તો એ પોતેય બધું રાગે પાડી દેવાની ગણતરી માંડતી હતી.

પણ જ્યારે વજેસંગને ઘેર લાવવામાં આવ્યો ત્યારે જ ખરી જફા ઊભી થઈ. એને જમાઈ સાથે એક ઘડીય રહેવાનું મન ન હતું. એ નિશાળે જાય કે ડોસો ઉજમની પાછળ પડી જાય. એને ગાંડો કરી નાખીને આ બધાંએ એની આબરૂ કોડીની કરી નાખી હતી એનું એને ઘણું લાગી આવતું હતું. ફતેસંગ તો એને હવે દીઠોય ગમતો ન હતો. વળી જમીનનો કેસ લઢવામાં એમણે એને પૂછ્યા વગર જ એનું ઘર પણ વેચી દીધું હતું એ એને માથાવાઢ જેવું લાગ્યું હતું. એ જ્યારે ઘેર જવાની વાત કરતો હતો ત્યારે ઉજમ એને એ જ સવાલ કરતી કે ગામમાં જઈને રહેશે કયાં?

પણ એનોય ઊકેલ મળી ગયો, જ્યારે વજેસંગનો દોસ્ત બેચર એની ખબર જોવા આવ્યો ત્યારે. એણે સામે ચાલીને વજેસંગને પોતાનું એક કોઢિયું ઘર રહેવા માટે કાઢી આપવાની તૈયારી બતાવી ત્યારે ઉજમનોય વિચાર ગામમાં રહેવા જવાનો થઈ ગયો. એનેય ફતેસંગથી છૂટવું જ હતું ને!

શના ઠાકોર વારંવાર એની ખબર કાઢવાને બહાને એમને ત્યાં આવતો હતો એટલે વજેસંગે ઉજમને એ અંગે પૂછ્યું હતું. ઉજમ એને સ્પષ્ટ તો કહી શકી ન હતી પણ જમીનના કેસમાં એણે સારી મદદ કરી હતી એટલે એની સાથે ફતેસંગને દોસ્તી થઈ હોવાથી એ આવતો હતો એમ એણે કહેલું. વળી હજુ જમીનના કેસમાં જે ખર્ચ થયેલો એના પૈસા એને આપવાના બાકી હતા એમ પણ એણે ડોસાને સમજાવવા પ્રયત્ન કર્યો હતો.

ખડના ખાધેલા વજેસંગને આમ છતાં શના ઠાકોરની દાનત સારી ન હોવાનો વહેમ તો આવી જ ગયેલો પણ ઉજમ જ એના રંગે રંગાઈ ગઈ હશે એવો વહેમ એને આવેલો નહીં. છેવટે જો ઉજમને ધણીનું ઘર સાચવવા ત્યાં રહેવું હોય તો પોતે એકલાએ ગામમાં જઈને રહેવાની હઠ પકડી એટલે ના છુટકે ઉજમને ફતેસંગને વાત કરવી પડી. પહેલાં તો ફતેસંગ અકળાઈ ઊઠ્યો પણ ઉજમે એને જમીનના રખોપા માટે થઈનેય વજેસંગ ગામમાં જઈને રહે તો વધું સારું એમ સમજાવ્યો એટલે નામરજી છતાં એણે એને ને ઉજમને ગામમાં જવાની છૂટ આપી.

ઉજમને તો એટલું જ જોઈતું હતું. બીજે જ દિવસે એ વજેસંગને લઈને ગામમાં રહેવા ઊપડી ગઈ. હવે તો શના ઠાકોરને આવવા જવાનું સહેલું થઈ ગયું. એણે બેયને મદદ કરીને પાટમાં એક છાપરું તૈયાર કરી દીધું. પેલા દોસ્તને ત્યાંથી ઉચાળા ભરીને બેય બાપદીકરી પાટમાં રહેવા આવી ગયાં. પણ હજુ વજેસંગનો પગ જાણે ઘરની બહાર નીકળતાં પાછો પડતો હતો. એને થતું હતું કે લોકો તો એમ જ કહેશે કે વજેસંગે પોતે જ ગાંડા થઈ જવાનો ઢોંગ રચીને કુબેર પટેલની પાટ પડાવી લીધી. આ પાટ આવી પણ એમાં ઓળવા જેટલા મૂઠી દાણાય એની પાસે નથી, તો પછી ખોળ ખાતરની તો વાત જ શી? એ પાટ ભાગે ખેડતાં હતાં ત્યારે કોઠીએ ધાન ખૂટતાં ન હતાં ને ગામમાં ને નાતમાં લાખ રૂપિયાની આબરૂ હતી એ નફામાં.

ધામમાંથી કે નાતમાંથીય કોઈ એને મળવા કે એની ખબર કાઢવા આવતું ન હતું, જાણે એને કોઈ ચેપી રોગ થયો હોય એમ બધાં એનાથી અળગાં જ ચાલતાં હતાં. પહેલાં તો એ ગામને ચોરેથી નીકળતો તો પટેલ સરખાય એને બોલાવતા ને ખબર પૂછતા. બીડી ધરતા ને નાત આખીની નવાજૂની પૂછતા. હવે જો એ ચોરા પાસેથી પસાર થાય તો એ લોકો એના પર થૂંકે કે નહીં. વજેસંગ આવું વિચારતો અને ગામમાં જવાનો કે ભાની માફી માગીને એમના પગ પકડીને જમીન પાછી લઈ લેવા કહેવાનો એનો વિચાર મનમાં જ રહી જતો.

કોઈકે વજેસંગને ખબર આપ્યા કે જે દિવસથી આ પાટનો કેસ હારી ગયા તે દિવસથી કુબેર પટેલના ચિત્તનું કોઈ ઠેકાણું ન હતું. એમને તો અવિનાશ આવીને શહેરમાં તેડી ગયો છે, તે દિવસથી તો વજેસંગને ખાવાનુંય ભાવતું ન હતું. એને મનમાં થઈ ગયું કે આ બધાનું પાપ એને માથે જ છે. એણે પેલાં લોકોને પહેલેથી જ ઘરની બહાર કાઢી મૂકયાં હોત તો આમાંનું કશુંય થયું ન હોત.

એક દિવસ એણે એના પેલા દોસ્તદારને બધી વાત કરી. પેલાને પણ વજેસંગ ભાની પાટ આમ પડાવી લે એ માન્યામાંય આવતું ન હતું. એને પોતાના ભાઈબંધ ઉપર પાકો ભરોંસો હતો. અને એટલે તો એણે એને રહેવા માટે પોતાના કોઢિયા ઘરનું બારણું ખોલી આપ્યું હતું ને! એટલે વજેસંગે જ્યારે ભાને મળવાની ને એમના પગ પકડી માફી માગવાની વાત કરી ત્યારે એને બહુ સારું લાગ્યું. એણે વજેસંગને શહેરમાં લઈ જઈ ભાને ભેગો કરાવી આપવાની તૈયારી બતાવી.

એણે ઉજમને કોઈ બહાનું બતાવ્યું અને વજેસંગને શહેરમાં લઈ ગયો. ભા બપોરે ખાઈને પેપર વાંચતા બહાર હિંચકે બેઠા હતા ત્યાં જઈને વજેસંગે એમના પગ પકડી લીધા. કુબેર પટેલ એક વખત તો કાંઈ સમજ્યા જ નહીં. વજેસંગ કહે : 'ભા, મને માફ કરો, તમારો ગુનેગાર છું. મને લાચાર કરીને પાગલખાનામાં ધકેલીને એ બધાએ આ કાળું કામ કરી લીધું. બાકી તમારો દાણો હજુ મારા પેટમાં છે ને હું એવું કામ કરતો હોઈશ! મને માફ કરી દો ને તમારી પાટ પાછી લઈ લો.'

હવે જ કુબેર પટેલને સમજાયું કે એ વજેસંગ હતો. એમણે એને બાવડેથી પકડીને ઊભો કર્યો ને સામે ખુરશીમાં બેસાડવા કર્યું. પણ વજેસંગ ભાના પગ પાસે જ બેસી પડ્યો. એની સાથે આવેલો એનો દોસ્ત હજુ સૂનમૂન શો ઊભો રહ્યો હતો તે તરફ ધ્યાન જતાં ભાએ કહ્યું : 'અલ્યા બેય ગોઠિયા હાર્યે આવ્યા છો ને! બેસ બેચર, તુંય ઘણે દિવસે દેખાયો કંઈ!'

'ભા આ પાટનું આવું થયું એટલે તમને મોઢુંય શું બતાવાય! આવતાં પગજ ઊપડતો નહોતો ને. તમારી માંદગીના વાવડ જાણ્યા હતા છતાં એ ભોંઠામણને લીધે ના આવ્યો. પગ જ ના ઊપડે ને આવું થયા પછી.'

'તે એમાં ગાંડા તારે શું હતું ને વજેસંગનેય શું! એણે તો બાપડે મને અગાઉથી ચેતવી દીધેલો પણ સરકારના કાયદા જ એવા એટલે શું થાય? વજેસંગને જ ગાંડો ઠેરવીને પાગલખાને ના ધકેલી દીધો આઠ મહિના સુધી! બધા લાંચિયા ને લુચ્ચા જ સરકારમાં પેસી ગયા છે એટલે સારા માણસોને તો જીવવા વારો જ નથી રહ્યો.'

'ભા એમાં મારો જરાય હાથ નહીં. મારે તમારી જમીન ગૌ માટી બરાબર. ભલું થજો સરકારનું કે એમણે જમીન મારે નાંમે કરી આપી છે. ભા, તમે જ્યારે કહો ત્યારે હું પાછી સહી કરી આલીશ.'

ત્યાં કેસરબેન અવાજ સાંભળીને બહાર આવ્યાં : 'કોણ આવ્યું છે?' એમણે પૂછ્યું.

'આપણો વજેસંગ આવ્યો છે ને સાથે બેચર પણ છે. એમને ચ્હા પાવ અને મહીંથી ખાવાનુંય કશું લાવો.' ભાએ કહ્યું.

'ભા અમે ખાઈને જ આવ્યા છીએ.' બેચરે કહેવા કર્યું.

'તે હું કંઈ કહું છું કે તમે ખાધા વના આવ્યા છો! આજે ઘણે વખતે આવ્યા છો તે એકલી ચ્હા પાઈને તમને જવા દેવાય!' કુબેર પટેલે કહ્યું ને વજેસંગની સામે જોતાં એને પૂછ્યું : 'તે હેં લ્યા, તાં પાગલખાનામાં ફાવતું હતું?'

'ભા એમાં તો સાજો માંણસ હોય તોય પાગલ થઈ જાય એવું હોય, એમાં તે ફાવતું હશે! પણ આપણી કોઈ કારી જ ના ફાવે એટલે શું થાય? જો જરાક સાંમા થવા જઈએ તો ખાટલા હાર્યે પટ્ટાથી એવા તાંણી બાંધે કે પડખુંય ના ફેરવાય. એટલે એ કહે રાત તો આપણે રાત ને એ કહે દા'ડો તો આપણો દા'ડો. મને તો એમ હતું કે હવે જીવતા બહાર નીકળાશે જ નહીં.'

'એટલો તું નસીબદાર તો ખરો કે જીવતો બહાર નીકળ્યો.' ભાએ કહ્યું.

'નસીબદાર તો ખરો જ નહીં તો કોને ખબર હતી કે આ કાળી ટીલી ભૂંસવાનો ભગવાન મને મોકો આલશે!'

અનુક્રમ Þ

## ૧૭-કિરણ પરણ્યો

ગીતાબેન વેકેશનની રાહ જોતાં હતાં એ વેકેશન આવ્યું ને એ છાયા સાથે નડીઆદ આવી ગયાં. વિહારી માટે અકબે જગ્યાએ વાત ચાલતી હતી પણ આ વરસે ગીતાબેન એને પરણાવવાનું વિચારે છે એ જાહેર થયા પછી તો લોકોએ ઉંબરો જ તોડી પાડવા માંડ્યો. જે વાતો ચાલતી હતી એ એકબાજુ રહી ને બીજે એક સારે ઠેકાણે વિહારીનાં લગ્ન ગોઠવાઈ ગયાં. વિહારીને ગમતી છોકરી મળી આવી હતી એનો ગીતાબેનને આનંદ હતો. વિવાહ થયા પછી એક જ મહિનામાં લગ્ન લેવાનાં હતાં એ સામા પક્ષને થોડું વહેલું લાગતું હતું પણ ગીતાબેનને વિહારીનાં લગન પતે કે તરત છાયાનાં લગન પતાવવાનાં હતાં.

હવે કિરણને નડીઆદ રહેવાની જરૂર ન હતી છતાં એ શાંતાબેનને ટ્યૂશનમાં મદદ કરવાને બહાને નડીઆદ આવીને રહ્યો હતો. રેવાને એની ચાલબાજીની બધી ખબર હતી. એણે માન્યું કે હવે બધું વાગતું તોરણે આવવાની તૈયારીમાં છે એટલે કશો વાંધો ન હતો, પણ એમની વાત જાહેર થાય અને વિહારીના લગનમાં કશો વાંધો ઊભો થાય તો એ એમને પોતાને માટે પણ સારું નહીં. પણ બીજી રીતે વિચારતાં એને એમ પણ લાગતું હતું કે જે શાંતાબેનની પ્રેરણાએ કરીને એ આટલો આગળ આવ્યો હતો એમને મહિનો મદદ કરે તો એમની પ્રત્યેનું ઋણ થોડેઘણે અંશે પણ ફેડી શકાય. કિરણ એ કરે તો એ એની પ્રતિષ્ઠા માટે પણ સારું. ભવિષ્યમાં શાંતાબેન બીજા કોઈને આવી મદદ કરતાં ખચકાય નહીં.

એને નાનકાને લઈને એક વખત નડીઆદ જઈ આવવાનો વિચાર આવ્યો હતો પણ ગીતાબેનને એ બરાબર લાગશે કે નહીં એ પોતે નકકી ન કરી શકતાં એનાથી જવાયું ન હતું. એને થયું કે પોતે નડીઆદ જાય અને એમને મળ્યા વગર પાછી નીકળી જાય તો! પણ પોતે જાય એની ખબર છાયાને પડ્યા સિવાય રહે નહીં. છાયા પોતાને એને ઘેર લઈ ગયા સિવાય રહે નહીં અને કદાચ ગીતાબેનને એમ લાગે કે કિરણના ઘરનાં બધાંને લગ્નની તાલાવેલી લાગી છે એટલે બહાનું કાઢીને દોડ્યાં આવે છે.

પણ એના આશ્ચર્ય વચ્ચે એક દિવસ ગીતાબેન ને વિહારી જ એને આંગણે આવીને ઊભાં રહી ગયાં ત્યારે એને શું બોલવું એ જ ન સમજાયું. 'અમને બેસવાનુંય નહીં કહો કે શું!' એને બારણા વચ્ચે ખોડાઈ ગયેલી જોઈ ગીતાબેને કહ્યું.

'અરે, એવું તો હોતું હશે! આવો અંદર, તમે તો મને અચંબામાં નાખી દીધી. મારે કેટલાય દિવસથી નડીઆદ આવવું હતું પણ તમને કદાચ એમ લાગે કે મને દિયરને પરણાવવાની એટલી ઉતાવળ આવી ગઈ છે કે હું બહાનું કાઢીને દોડી આવી છું, એટલે મારો પગ ન ઊપડ્યો.'

'પછી દિયરને પરણાવવા આવશો ત્યારે તો પગ ઊપડશે ને! હવે એવું કશું માનવાનું નહીં ને નડીઆદ આવવાનું ને તેય સીધાં મારે ઘેર જ. આપણી આંટી હતી એ ઊકલી ગઈ પછી એવું છપાવાનું શા માટે?' ગીતાબેને હસીને કહ્યું.

'બેસો તમે બેય, હજુ મારો ગભરાટ ઓછો થયો નથી. હું પાણી લાવું.' કહેતાં એ પાણી લેવા ગઈ.

થોડી વારે એ પાણી લઈને આવી ને બેયને પાણી આપીને સામે બેઠી. ગીતાબેને કહ્યુંઃ 'હવે તમારો ગભરાટ ઓછો થયો હોય તો અમે જે કામ માટે આવ્યાં છીએ એ પતાવીને પાછાં વળીએ.'

'હા જે કામ માટે આવ્યાં હો એ કહી દો, અમારે આંખમાથા પર તમારું કામ, પણ એમ પાછાં વળવાની વાત કરો એ ચાલે નહીં. જમ્યા વગર તમારે જવાનું નથી. હવે કહો શા કામે આવવું થયું?'

'જુઓ અમે લગ્નની કંકોત્રી આપવા આવ્યાં છીએ. તમારી છે, તમારાં સાસુસસરાની છે ને તમારા ભાઈની ને તમારા પિતાનીય છે. હવે તમે કહો એમની બીજી લખી આપીએ. અથવા તમે સરનામાં આપો તો એમને બારોબાર ટપાલમાં મોકલી આપીએ. પણ હું માનું છું કે તમે એમને હાથોહાથ આપો તો એ વધારે સારું. હજુ આપણો સંબંધ જાહેર થયો નથી એટલે એમને આવી અજાણી કંકોત્રી જોઈને ગૂંચવણ થશે.' ગીતાબેને કહ્યું.

'આજે તમારે ગમે તેટલી ઉતાવળ હોય તોય તમારું કશું ચાલવાનું નથી. કિરણના મોટાભાઈ બાને ને દાજીને તેડવા ગામમાં ગયા છે તે આવતા જ હશે. એ આવે ત્યાં સુધીમાં હું જમવાનું બનાવી નાખું છું પછી તમે એમને હાથોહાથ કંકોત્રી આપો એ વધારે સારું દેખાય. એમને આવતાં મોડું નહીં થાય. અગિયાર વાગ્યા પહેલાં તો એ આવી જવાના છે.'

'અમે કશી દલીલ કરીએ તો ચાલે એમ છે?'

'તમારે ત્યાં કોઈની દલીલ ચાલે છે? ને હવે પછી તો જ્યારે અહીં આવો ત્યારે રાત રહેવાની તૈયારી સાથે જ આવજો એટલે પછી દલીલ કરવી જ ન પડે. રાતે શાંતિથી વાતો કરીશું. ને હવે તો તમારે બેમાંથી એકેય ઘરની ચિંતા કરવાની નહીં રહે.'

'ચિંતા તો જીવીએ ત્યાં સુધી રહેવાની. પણ હવે થોડી રાહત થશે એ ખરું.' ગીતાબેને કહ્યું. ને એ પણ રેવાની સાથે રસોડામાં જમવાનું બનાવવાના કામમાં મદદ કરવા ગયાં.

'તો બા ત્યાં સુધીમાં હું બજારમાં એક આંટો મારતો આવું. મારો એક દોસ્ત અહીં હતો તે મળી જાય તો એનેય કંકોત્રી આપતો આવું.' વિહારીએ કહ્યું. ને એ બહાર નીકળ્યો.

'મારા સસરાને મારા પિતાજી તે દિવસે સૂરતથી આવ્યા ત્યારના તમારાં વખાણ કર્યા કરે છે. એ કહે છે કે મોટાં ઘરની હિંમત પણ મોટી. એ બે છોકરાંને સાથે રાખીને સાચવવાની આપણી તો હિંમત જ ન ચાલે. એકલી છોકરી હોય તોય આપણે તો સાપનો ભારો ને આ તો પાછાં બેય સરખાં. ના કહેવાય અને ના સહેવાય. એ કહે કે એ ગીતાબેનને ઊંઘ જ કેમની આવતી હશે! આપણે તો ફડકમાં જ મરી જઈએ.'

'ફડક તો મનેય ક્યાં ઓછી રહેતી હતી, પણ બીજો કોઈ આરો જ નહીં એટલે બીજું થાય પણ શું? તમે તો નજરે જોયું છે ને. ભગવાને લાજ રાખી. પાછાં મને ચિઢવવા હમણાં કહે આવતે વરસે ઈંગ્લેન્ડ જવાનું ગોઠવાય છે તે ત્યાંથી આવીને લગ્ન કરીશું, શી ઉતાવળ છે.'

'હેં એમનું ઈંગ્લેન્ડ જવાનું ગોઠવાય છે!'

'મારી સાથે ચોખ્ખી વાત થઈ નથી પણ એવાંયે તુક્કા દોડાવે છે ખરાં. સાંભળ્યું છે કે એવાંયે ત્યાં વધુ ભણવા નહીં પણ એક વરસ માટે ભણાવવા જવાનાં છે.'

'તે એ ગોરાઓનેય આ લોકો ભણાવશે!'

'સરકારનો કશોક કાર્યક્રમ હોય છે એમાં ત્યાંના શિક્ષકો અહીં ભણાવવા આવે અને અહીંના શિક્ષકો ત્યાં ભણાવવા જતા હોય છે. વરસ ફરી આવશે, ને લ્હેર કરી આવશે.'

બન્નેની વાતો ચાલતી હતી ને જમવાનું થતું રહેતું હતું. ત્યાં જ કેસરબેન ને કુબેર પટેલ અવિનાશની સાથે આવી પહોંચ્યા. ને જાણે નાનકોય દાદીમાના આવવાની રાહ જોતો હોય એમ જાગી ઊઠ્યો. કેસરબેને એને ઘોડિયામાંથી બહાર કાઢ્યો ને ગીતાબેનની ખબર પૂછતાં રસોડામાં પહોંચ્યાં : 'કેમ છો ગીતાબેન, આજે આ બાજુ ભૂલાં પડ્યાં! ને રેવા તુંય ખરી છો ને! એમને રસોડામાં વળગાડી દીધાં. હું આવીને તને બધું કરવા લાગત ને.'

'હવે બધું પતવા જ આવ્યું છે. હું કયારની એમને કહું છું કે બહાર જઈને બેસો પણ મારું માનતાં નથી. હવે તમે બેય જણાં બહાર જઈને વાતો કરો. હું દસ જ મિનિટમાં આવું છું.' રેવાએ કહ્યું અને બેય જણ બહાર આવ્યાં. રેવાએ અવિનાશને ઈશારો કરીને અંદર બોલાવ્યો ને એને શિખંડ લેવા મોકલી દીધો. ગીતાબેને કેસરબેન પાસેથી નાનકાને લીધો ને બેઠકખંડમાં બેઠાં. કુબેર પટેલ સમજીને પહેલેથી જ બહાર હિંચકા પર ગોઠવાઈ ગયા હતા.

'અમે વિહારીના લગ્નની કંકોત્રી આપવા આવ્યાં હતાં. તમારે બધાંએ આવવાનું છે. તમારે ભાઈએ તમારા વેવાઈ મોટા અને એમના દીકરા ગોપાલભાઈનીય કંકોત્રી લખી છે. બધાને લઈને આવવાનું છે.'

કંકોત્રીની વાત સાંભળી ભા બહારથી અંદર આવ્યાઃ 'કોની કંકાત્રીની વાત છે?' એમણે પૂછ્યું.

'અમારા વિહારીનાં લગ્નની કંકોત્રી લઈને આવી છું. આ ગુરુવાર જાય એના પછીના ગુરુવારે એનાં લગન છે ને તમારે બધાંને આવવાનું છે.'

આ બાજુ મોટા વનમાળીની દુકાનમાં પેઠા કે એણે કહ્યું : 'અવિનાશ ભાને તેડવા ગયો હતો તે હમણાં જ એમની રિક્ષા આવી.'

'તો તો હું એમને પહેલો મળતો આવું પછી આપણે બેસીશું.' કહેતાં મોટા અવિનાશના ઘર તરફ વળ્યા. ત્યાં જઈને જોયું તો ભા બહાર હિંચકે બેઠા હતાઃ 'કેમ બહાર જ બેસી રહ્યા છો!' એમણે પૂછ્યું.

'શું થાય, તમારાં વેવાણે તડકે મૂકયા છે એટલે બહાર જ બેસવું પડે ને! મારું માનો તો તમેય મારી સાથે અહીં જ જમાવો.' ભાએ કહ્યું.

મોટાને એમની વાતમાં કશી સમજણ ન પડી પણ કશું જુદું લાગ્યું એટલે એ સીધા અંદર પેસી ગયા : 'અમારા વેવાઈને કેમ તડકે મૂકયા છે?' એ ટીખળ કરતાં બોલ્યા અને ત્યાં જ એમની નજર ગીતાબેન પર પડી ને એ છપાઈને ઊભા રહી ગયા. એમણે ગીતાબેનને જે જે કર્યા ને કહ્યું : 'કેમ છો? તમે કયાંથી અચાનક!'

'અમારા વિહારીની કંકોત્રી આપવા આવ્યાં છીએ. ને રેવાબેન તો તમારી જ દીકરી ને. કહે કે જમ્યા વગર ના જવા દઉં એટલે રોકાઈ ગયાં છીએ. સારું થયું રોકાયાં તે તમેય મળી ગયા. બધાને હાથોહાથ કંકોત્રી અપાઈ જશે.'

'તમે જાતે કંકોત્રી આપવા આવ્યાં હો ને જમ્યા વગર જાવ તો અમારું તો અમારું પણ તમારુંય સારું ના દેખાય. અમે તે દિવસે કિરણને મળવા આવ્યા હતા ને તમે જમવા બેસાડી દીધા હતા એમ જ ને. એકલાં જ આવ્યાં છો?'

'ના, વિહારીય સાથે આવ્યો છે ને. એ ગામમાં એનો એક દોસ્ત રહે છે એને કંકોત્રી આપવા ગયો છે.'

'સારું થયું એ આવ્યો છે તે, મારે એને કેદા'ડાનો જોવો છે. એ હતો તો અમારો ગાંડિયો છોકરો લાઈન પર આવી ગયો.' એમણે કહ્યું.

‘બાપુ એવું ના કહેશો એમના જમાઈને નહીં તો એમને માઠું લાગશે.’ રેવા બોલી ઊઠી.

‘એમાં ખોટું લાગે એવું છે જ શું! આપણા કરતાંય એમને એનો વધારે અનુભવ છે.’ ને ગીતાબેન સામે જોતાં પૂછ્યું ઃ ‘બોલો બરાબર છે ને!’

ગીતાબેન બોલ્યા વગર હસી રહ્યાં. કેસરબેન એકલાંને આમાં સમજણ ના પડી. ભાએ જો કે સૂરતથી આવ્યા પછી એમને બધી વાત કરી હતી પણ આ હસીમજાકમાં સામેલ થઈ શકે એટલી હદે એમને ક્યાં જાણ હતી!

‘રેવાબેન, બાપુની કંકોત્રી લાવો એમને આપી દઉં.’

‘ના અહીં નહીં, તમારા વેવાઈની કંકોત્રી એમને ઘેર અને મારી આમ બારોબાર ના ચાલે. એ તમારા વેવાઈ છે તો હું તો એમનોય વેવાઈ છું. મારે ઘેર આવજો કંકોત્રી આપવા.’

‘છાયાનાં લગ્નની કંકોત્રી આપવા આવીશું ત્યારે તમારે ત્યાં પહેલાં આવીશું પછી છે! પણ અત્યારે તો કામની ધમાલ છે. આ લગન પત્યું નથી કે છાયાનાં લગ્નની ધમાલ શરૂ થઈ જશે. આ લગ્ન પતે કે એક અઠવાડિયામાં તમારે ત્યાં સાકરના રૂપિયા આપવાનું ને પછી પંદરેક દિવસે લગ્નનું મૂરત કઢાવીશું. મારે હવે મોડું કરવું નથી.’ ગીતાબેને હૈયાની વરાળ કાઢી. ને રેવા મનમાં મલકાઈ રહી, જાણે કહેતી ન હોયઃ કેમ થાકી ગયાં ને!

‘મને સમજાય છે, એટલે આ વખતે બહુ આગ્રહ કરતો નથી. પણ ફરીથી આવવાનું થાય ત્યારે મારું ઘર ટાળી ના મૂકશો.’

‘તમારી ફરિયાદ સાંભળવાની રાખું તો રેવાબેન મને અહીંય ના પેસવા દે. પણ આ વખતે બધા આવજો જરૂર.’

‘તમે રૂબરૂ નોતરું દેવા આવ્યાં છો પછી ના આવીએ એ બને જ કેમ! પણ તમારો વિહારી કંઈ સંતાઈ ગયો?’ હજુ એમના મ્હોંમાં શબ્દો હતા ને બિહારી આવી પહોંચ્યો.

‘લે, સમયસર આવી ગયો. આ બધા તને જ યાદ કરતા હતા.’

‘શું હતું? ખાવામાં તો મોડો નથી પડ્યો ને. પેલાનાં બા ખવડાવવા બહુ વળગ્યાં પણ એમને ગમે તેમ સમજાવીને ભાગી આવ્યો છું. પછી અહીંથી રહી જાઉં તો આવી જ બને ને.’

‘અહીં કોઈ તને ભૂખ્યો નહીં રહેવા દે. પણ હું તારાં બાને એમ કહેતો હતો કે મારે તને જોવો પડશે. તું હતો તો અમારો ગાંડિયો રાગે પડ્યો.’

‘અરે કશો રાગે નથી પડ્યો. હજુ એવો ને એવો જ છે. પરણ્યા પછી જો સુધરે તો. બાકી અત્યારે તો એ મારા લગની દોડાદોડી કરે છે, એ જાણે છે કે મારું પતશે તો એની વારી આવશે.’ વિહારીએ હસતાં કહ્યું.

'બધાં તારી જ રાહ જોતાં હતાં. ચાલો હાથ ધોઈને પાટલે બેસી જાવ બધા. આજે તમારે કામની ધમાલ છે એટલે હવે તમને વધુ મોડું નહીં કરીએ. તારાં લગ્ન પછી આવશો ત્યારેય કામની ધમાલમાં જ હશો. પણ પછી તો નિરાંત જ હશે ને!' જમનાંમાએ કહ્યું.

'હાસ્તો એક જ વર્ષમાં બેય છોકરાં પરણી જાય પછી રાહત તો ખરી જ ને.'

બધાં ખાવા બેઠાં. કુબેર પટેલ અને મોટા આ મોટા ઘરના મરતબો જોઈ રહ્યા. કંકોત્રી આપવા બેય માદીકરો આવ્યાં હતાં ને જેટલાને જાણતાં હતાં એટલાની કંકોત્રી ઘેરથી લખીને જ લઈ આવ્યાં હતાં. પાછાં પૂછતાં હતાં કોઈ બીજાને લખવાની હોય તો. કુબેર પટેલે મોટાને કાનમાં ફૂંક મારી વનમાળીનેય લખાવી હોય તો.

મનોર મોટા કહે : 'એક કંકોત્રી વનમાળી શેઠના નામની લખીને આપજો. એ વાણિયો અમારો બેયનો ગોઠિયો છે. બીજા કોઈને લખાવવાની નથી.'

'એમના રઘુને તો હુંય જાણું છું ને કિરણે એને તો જુદી કંકોત્રી લખાવી પણ છે. એ નડીઆદ પણ બેત્રણ વખત આવી ગયો છે.' વિહારીએ કહ્યું.

'એ તો આવી જ જાય ને. એને ને કિરણને તો વળી આમારા લોકો કરતાંય વધારે બેસઊઠ.'

પછી બધાં જમીને ઊઠ્યાં ત્યાં સુધી કોઈ ખાસ વાત ન થઈ. જમીને ગીતાબેન તથા વિહારી બહુ રોકાયાં નહીં. તેમને કામની ધમાલ ઘણી હતી એમ જાણતાં હતાં એટલે કોઈએ તેમને વધુ રોકાવા આગ્રહ પણ કર્યો નહીં. પણ એમને એકલાંને જ કામની ધમાલ હતી એવું ન હતું. નડીઆદમાં કિરણ અને છાયાને પણ કામની એટલી જ ધમાલ હતી. છાયાને તો ભાઈના લગ્નને બહાને પોતાના લગ્નની તૈયારીઓ પણ કરવાની હતી ને.

કિરણ ઘણી દોડાદોડી કરતો હતો એ જોઈ વિહારીનો કોઈ દોસ્ત કયારેક ટકોર પણ કરતો : 'ભાઈ તારો દોસ્ત પરણે છે એ તો ખબર છે પણ એમાં તું શું કામ આટલી દોડાદોડી કરે છે!'

તો બીજો કોઈ જાણકાર દોસ્ત બોલી ઊઠતો : 'તને એમાં ખબર ના પડે. કિરણ એટલા માટે દોડાદોડી કરે છે કે એના લગ્ન વખતે વિહારી એવી દોડાદોડી કરે.'

'જો વિહારી એના લગ્નમાં આવી દોડાદોડી ન કરે તો કિરણ તો રખડી જ જાય ને! પણ ભાઈ કિરણ તું આમ નહીં કરે તોય વિહારી તારા લગ્નમાં ખડે પગે જ રહેશે, તું એવી ચિંતામાં ના રહેતો.'

ને જે થોડા દોસ્તો ન હતા જાણતા એય કિરણ ને છાયાનાં આવી રહેલાં લગ્ન વિશે જાણતા. આમ જોઈએ તો વાત હજુ જાહેર થઈ ન હતી, પણ બીજી તરફ એ જેટલી રહેવી જોઈએ એટલી છૂપી પણ રહી ન હતી. હા ગીતાબેનને સંતોષ હતો કે એ વાત હજુ જાહેર થઈ ન હતી. સાચી વાત તો એ હતી કે એમણે તો ખાનગીમાં છાયાનાં લગ્ન માટેનાં મૂરત પણ કઢાવી રાખ્યાં હતાં. પણ સામેથી એ મૂરતો સ્વીકારાય તો જ હૉલ વગેરે બૂક કરાવી શકાય. અને એમણે હજુ સુધી સામે સાકરના રૂપિયા પણ આપ્યા ન હતા એટલે એમને કશું પુછાય એમ પણ ન હતું.

ગમે તેમ પણ વાત છૂપી હતી છતાં લગભગ બધા જાણતા હતા અને વાત નકકી હતી છતાં બધા એ અધ્ધર હોવાનો દેખાવ કરતા હતા. એક તરફ વિહારીનાં લગ્નની તૈયારીઓ થતી હતી તો બીજી તરફ છાયાને માટે દાગીના પણ ઘડાવા

માંડ્યા હતા. અને કિરણ અને છાયાય એકબીજામાંથી ક્યાં ઊંચાં આવતાં હતાં! છાયા દાગીના પસંદ કરવા જતી તોય કિરણને સાથે જવું પડતું તો કિરણ કાપડ ખરીદતો કે દરજીને ત્યાં સિવડાવવા આપતો તોય છાયાની પસંદગી પૂછતો.

ને એમ કરતાં લગ્નના દિવસો આવી પહોંચ્યા. લગ્નની ધમાલમાં કશી વાત પૂછાવાની જારૂર ઊભી થાય તો સૌને મ્હોંએ એક જ જવાબ આવે : 'કિરણને પૂછો.'

વરઘોડા વખતે કિરણ બનીઠનીને માંડવામાં આવ્યો ત્યારે એક દોસ્તે તો ટકોર કરીય ખરી : 'દોસ્ત કિરણ, આજે તારાં લગ્ન નથી, આજે તો વિહારી પરણે છે. તો તું શાનો આમ બનીઠનીને ફુલારા મારે છે!'

'એ તો ભાઈ સાસરીમાં વટ પાડવા હવાતિયાં મારે છે. પણ આપણે બધા તો એને ક્યાં નથી નથી ઓળખતા? એને ઘેરથી લાત મારીને કાઢી મૂકેલો ને અહીં નિરાધાર થઈને આવેલો. આ તો આપણે આશરો આપીને રાગે પાડેલો.'

'તે લખેશ્રી આટલું કર્યું તો હવે લગ્ન માટે એક સ્યૂટ પણ સિવડાવી આપને તો આ બધા જાણેય ખરા કે તું કેવો ઉદાર છે.' કિરણે પેલાને સામો ઉડાવ્યો.

'મને તો એમ ખબર હતી કે સરકાર આવા ભૂખડીબારસ લોકોને આગળ લાવવા માટે સારો અવો પગાર આપે છે પણ આ તો હજુય એવો ને એવો જ ભૂખડીબારસ રહ્યો છે.'

'હા, એવો જ છું. તું કહેતો હોય તો તાંબાને પતરે લખી આપું જો તું સ્યૂટ સિવડાવી આપતો હો તો.'

'ના હોં દોસ્ત આપણે ઝાંઝર પહેરીને શેઠાણી કહેવડાવવું નથી. તું તો લખી આપે, તારી કંઈ આબરૂ જવાની હતી! એ તો હોય એની જાય.'

'લે, હવે મોટો આાબરૂવાળો ના જોયો હોય તો. આ બે હજારના સ્યૂટમાં તો હવા નીકળી ગઈ.' કિરણે કહ્યું ને બધા હસી પડ્યા. નડીઆદ આવ્યા પછી કિરણ પણ વિહારીના મિત્રવર્તુળમાં ભળી ગયો હતો એટલે આવી ટિખળથી એ ટેવાઈ ગયો હતો. જ્યારથી એનાં અને છાયાનાં લગ્ન માટે ગીતાબેનની સંમતિ મળી હતી ત્યારથી દોસ્તો એને ઉડાવવાની એક પણ તક ચૂકતા ન હતા. ને કિરણ પણ સામે મજાક કરી લેવાનું ચૂકે તેમ ક્યાં હતો!

લગ્નમાં હાજરી આપવા માટે કિરણને પક્ષેથી મોટાભાગનાં માણસો આવ્યાં હતાં જે નહોતા આવ્યા એ લોકો બારોબાર જાનમાં જવાના હતા. જામનાંમા તથા કેસરબા જાનમાં જવાનાં ન હતાં. બધાંએ ગીતાબેનને ત્યાં ભીડ કરવાને બદલે શાંતાબેનને ત્યાં જ ધામા નાખ્યા હતા. ગીતાબેને તો તેમને ઘણુંય કહ્યું કે તેમની પાડોશમાં એમની ઊતરવાની જગ્યા કરેલી છે પણ હજુ એમનો સંબંધ જાહેર થયેલો ન હતો એટલે એમણે શાંતાબેનને ત્યાં જ રહેવું યોગ્ય ગણ્યું હતું.

વરઘોડા વખતે વિહારીએ પોતાના એક દોસ્તને આ વડીલોનો હવાલો વિહારીએ સોંપી દીધો હતો. ને એ દોસ્તને કિરણ અને છાયાના સંબંધની ખબર હતી અને કિરણનોય એ દોસ્ત થઈ ગયેલો હતો એટલે એણે એમને બીજા વડીલો સાથે એમની બાંધ્યાભારે ઓળખાણ પણ કરાવી હતી. એમાંના એક બે જણા તો મનોર મોટાને ઓળખતા પણ હતા એટલે મોટાએ સામે ચાલીને પેલાને છૂટો કર્યો. કહે : 'જા ભાઈ તું તારી કંપનીમાં જા અમારે અમારી કંપની થઈ ગઈ છે.'

પછી તો એમની એ કંપની જામી ગઈ હતી. એમાંના એકબે જણ તો કિરણનેય ઓળખતા નીકળ્યા. કિરણના પિતા તરીકે મોટાએ કુબેર પટેલની ઓળખ આપી તો પેલા કહેઃ 'ભલા માણસ જો પતતું હોય તો એનેય પરણાવી જ દો ને.

ગીતાબેનને વાત કરવી હોય તો હું કરું. મારે તો કોઈ પરણાવવાનું બાકી નથી પણ હોય તો હું આવો છોકરો હાથમાંથી ના જવા દઉં. બહુ લાયક છોકરો છે. જો તમે બીજે જોયું ન હોય તો હું એનું ગીતાબેનની દીકરી સાથે ગોઠવી આપીશ.'

મોટાએ ભા સામે જોયું ને ભાએ મોટા સામે. મોટા કહે : 'જો એમને ત્યાં જ પતવાનું હોય તો કિરણ અને વિહારી બેય ભાઈબંધ જ છે ને. એવાયે આપણને પૂછવા પણ રહે એવા નથી.'

'તોય ભાઈ છોકરાંથી છાશ ના પીવાય. તમારો વિચાર હોય તો હું દાણો ચાંપી જોઉં. એવાયે કદાચ ભાઈબંધીમાં વાત ચલાવતાં અચકાતા હોય તો જ્યારે આપણા જેવા વાત કરે ત્યારે એમને એ વાત અંગે વિચારવાનું સૂજે.' પેલા વડીલે કહ્યું. હવે મોટાને લાગ્યું કે એમણે પેલાને ચોખવટથી કશું કહેવું પડશે.

એમણે કહ્યું : 'વાત તો અમારેય ગમતી આવે એવી છે પણ આપણાથી સામે ચાલીને એમ ના પુછાય ને! આ લગન પતે એ પછી તમે દાણો દાબી જોજો. તમારાં મોટાં ઘરની વાતોમાં અમને સામેથી વાત કરવામાં થોડો ખચકાટ થાય.'

આટલું ભણેલી છોડીને માટે આવો તૈયાર મુરતિયો મળતો હોય અને પોતાને એમાં આંગળી ચિંધ્યાનું પૂણ્ય મળતું હોય તો એ વાટ જોવે એવા ન હતા. એમણે એકબે જણને વિશ્વાસમાં લીધા ને બીજા એકને સાથે રાખ્યા ને ગીતાબેન સુધી વાત પહોંચાડી દીધી. ગીતાબેને મનમાં મુસ્કુરાતાં જવાબ આપ્યો : 'આપના જેવા વડીલ કહેતા હશે તો આ લગ્ન પતે પછી તમને સાથે રાખીને એ વાત આગળ ચલાવીશું.' જે વાતની ગીતાબેનને બીક હતી એ વાત જો નાતીલા જ કોઈ વડીલ સામે ચાલીને મૂકતા હોય તો એમને તો વાંધો જ શો હોય!

જાનમાં લગ્નની ખાતરબરદાસ્ત અને ભભકો જોતાં મોટા ભાને કહેતા હતા : 'ભા આ ઊંચાં ઘર કહે છે તે લોકો અમસ્થા નથી કહેતા. આવા ખર્ચા કરીને નામ રાખવાનું આપણને પોસાય? કાલે સવારે તમારેય આવી જ જાન જોડવાની છે. મારું માનો તો જાનમાં શોભે એવા જણ વીણી વીણીને લાવવા પડશે. એમને એમ ના લાગવું જોઈએ કે આ ગામડિયા ખેતરમાંથી બારોબાર કયાંથી પકડી લાવ્યા હશે!'

'જાન તો તમારે જ જોડવાની છે ને! તમને પૂછ્યા વગર આ વખતે હું પાણીય પીવાનો નથી. તમે જ વરના બાપ, તમે કહો એમ જ બધું કરવાનું. મને તો આ બધો ઠાઠ જોઈને એમ લાગે છે કે આપણે એમાં કેમના ગેઠવાઈશું!'

'ભાયાતમાં ગાળીને નોતરાં આપવાનાં ને દોસ્તો ઉપર છૂટ રાખવાની. આપણા દોસ્તો બધા શહેરમાં રહેલા અને નોકરી ધંધાવાળા છે. પણ ભાયાતનેય આપણે પડતા મૂકવાના નથી. પણ કોણ જાનમાં આવવાનું છે એ ચોકકસ કરવાનું. એક માણસનું નોતરું આપ્યું હોય અને ઘરમાંથી જાનમાં શોભે એવા માણસને જ આગ્રહ કરીને સાથે લઈએ એટલે આપોઆપ બધું આપણી ધરણા પ્રમાણે ગોઠવાઈ જાય.'

'પણ કોકને એમ લાગે કે આપણે-'

'કોકને કશુંય ના લાગે. વળી આપણે સકરના રૂપિયા આપવા આવે ત્યારે જ ભભકો એવો કરીશું કે મોભાદાર માણસ પોતાને બદલે છોકરાંને કે ના શોભે એવા માણસને મોકલતાં સાતવાર વિચાર કરશે.'

'અને એવું હશે તો આપણે જાન થોડી નાની જોડીશું. આજે જે ભભકો અને શાંતિ છે એવાં જ ભભકો અને શાંતિ તે દા'ડે પણ જળવાય એટલે થયું.'

બેય વેવાઈની વાતોય ખૂટતી ન હતી કે નહોતી ખૂટતી એમની અહોભાવની ભરમાળ. વિહારીની સાસરીવાળાએ ખર્ચો કરવામાં પણ પાછું વાળીને જોયું ન હતું. વાજાં, દારૂખાનું, મંડપ, જમવાનું ને સરભરા કશામાં એમણે કહેવાપણું રાખ્યું ન હતું. ભા અને મોટાને થયું કે સારું થયું કે બેય આ લગ્નમાં હાજર રહ્યા. એમને થયું કે હવે જાન લાવવાની એમને સમજણ પડશે.

ઘેર આવ્યા પછી ત્રીજે દિવસે અવિનાશ અને રેવાની સાથે વાત થઈ તો અવિનાશ કહે : 'સાદું જ કરી નાખો. આપણી પ્રજા ત્યાં જઈને નામ બગાડશે. આટલી મોટી જાન જોડી હતી પણ કયાંય કોઈ રઘવાટ કે બબડાટ જોયાં. ત્રીજા માણસને સંભળાય એટલા ઊંચા અવાજે કોઈને વાત કરતાંય સાંભળ્યું? જોયું નહીં આપણો કિરણેય ત્યાં આપણામાંનો કયાં લાગતો હતો? એનો વભોય જાણે બદલાઈ ગયો હોય એવો જ લાગતો હતો ને!'

'પણ આજની તારીખે આપણા આખા પંથકમાં એના જેટલું ભણેલો છે જ કોણ?'

'એમાં એકલા ભણતરની જ વાત નથી. મને લાગે છે કે કિરણ આપણા કરતાં બધી વાતે આગળ નીકળી ગયો છે. હવે કયારેક બેપાંચ દિવસ એ આપણે ત્યાં આવે એ તો જાણે સમજ્યા, પણ એની બેસઊઠ ને એનો વભો એ બધું આપણાથી ઉપરના થરનું થઈ ગયું છે.'

'તે તારું કહેવું એમ તો નથી ને કે એ આપણને ભૂલીને સાસરીવાળાંનો થઈને રહેશે!'

'ના એવું તો કોઈ કાળે ના બને પણ આપણે એને આપણા તરફ બહુ ખેંચ્યા ન કરીએ ને જ્યાં એ શોભતો હોય એ બાજુ એને જવા દઈએ એ જ વધારે સારું.'

એમની વાતોનો અંત જ ન આવત પણ નડીઆદથી કાગળ લઈને એક માણસ આવ્યો કે આ સોમવાર પછીના સોમવારને દિવસે સાકરના રૂપિયા આપવા માટે ત્યાંથી લગભગ પચાસેક માણસો આવશે.

એક તરફ આ કાગળ આવ્યો કે બીજી તરફ મનોર મોટાને તેડવા અવિનાશ ઊપડ્યો. બે દિવસથી અવિનાશ ભાને સમજાવતો હતો કે સાકરના રૂપિયા લેવાની વિધિ ધનેરાને બદલે શહેરમાં જ રાખીએ તો વધુ સારું. કુબેર પટેલનું કહેવું એમ હતું કે સામેવાળાંનો વિચાર કયાં આવવાનો છે એ જાણ્યા પછી એ નકકી કરાય. જો એમને ગામ જોવું હોય અને ગામમાં જ આવવું હોય તો આપણે શહેર માટે બહુ આગ્રહ ના કરી શકીએ.

મનોર મોટાને લઈને પાછા આવતાં આખે રસ્તે એણે મોટાને આ જ વાત પચારવા પ્રયત્ન કર્યો. મોટાએ તેને પ્રત્યક્ષ કશો જવાબ ન આપ્યો પણ કુબેર પટેલનો અભિપ્રાય જાણ્યા પછી નકકી કરવાનું એમણે વિચાર્યું.

નડીઆદથી કાગળ મોકલ્યો છે એવું જાણ્યું કે તરત કિરણ પણ વાડાસિનોર આવી પહોંચ્યો હતો. મોટાભાઈ મોટાને બોલાવવા ગયા હતા એટલે મોટા આવે પછી જ એ અંગે આગળ વાત કરવાની કુબેર પટેલની ઈચ્છા હતી એટલે બધાં મોટાના આવવાની રાહ જોતાં હતાં. કેસરબા કહે : 'મને એમાં કશી સમજણ ના પડે. હમણાં જમનાંમા આવે પછી તમારે જે વાત કરવી હોય એ કરજો.'

થોડી વારમાં મોટા અને જમનાંમા આવી પહોંચ્યાં એટલે રેવા ચ્હા મૂકવાની વ્યવસ્થામાં પરોવાઈ અને બાકીનાં બધાં વાતે વળગ્યાં. કુબેર પટેલે નડીઆદથી આવેલો કાગળ એમના હાથમાં મૂકયો ને કહ્યું : 'હવે તમે કહો કેમનું ગોઠવવું છે એ.' મોટાએ કાગળ વાંચ્યો અને પછી વારા ફરતી બધાંની સામે જોયું.

કિરણને પણ હાજર જોઈ એમણે કહ્યું : ‘એમાં મને શું પૂછવાનું છે! આ પરણનાર હાજર છે તે એને જ પૂછો ને. બોલ ભાઈ, કેમની વ્યવસ્થા કરવાની છે?’

‘મારે તમારી મોટા લોકોની વાતમાં વચ્ચે બોલીને માર ખાવો છે તે બોલું. તમે બધા નકકી કરો એ મને મંજૂર.’

‘તને એટલા માટે પૂછવાનું કે અમારા કરતાં તને એ મોટાં ગામનો વધારે અનુભવ. એમના પચાસ માણસ આવવાના હોય તો આપણાય સીત્તેર એંશી તો થઈ જ જાય ને. વળી તારા ભાઈબંધોય થોડા હશે ને. એટલે દોઢસો માણસની ગણતરી કરવાની. વળી એમને જમાડવાના છે કે નાસ્તામાં પતાવવાના છે એ પણ નકકી કરવું પડે. તને ખબર હશે એમણે વિહારીના રૂપિયા લેતી વખતે શું કર્યું હતું એની.’

‘એમને તો નડીઆદમાં સગવડ એટલે એમણે એક જણને ડીસ પર ઊચક કોન્ટ્રાકટ આપી દીધો હતો જામાડવાનો. પણ આપણે આપણી રીતે જે ઠીક લાગે એમ કરવાનું.’ કિરણે કહ્યું.

‘જો અવિનાશ એમ કહે છે કે બધી વિધિ અહીં શહેરમાં જ રાખીએ. અહીં એમની બધી સગવડ સચવાય. જો એમને ધનેરા જોવું જ હોય તો પછી ત્યાં રાખવું પડે.’

‘પહેલાં આપણને કયાં વધુ અનુકૂળ છે એ નકકી કરીએ પછી એમને અનુકૂળ નહીં આવે તો આપણે બદલીશું.’

‘હું માનું છું કે એમનો ગામ જોવાનો કશો આગ્રહ નહીં હોય. બધાને અહીં રાખવું હોય તો એક વખત એમને એમ કહેવડાવી જૂઓ. વખત ઓછો છે એટલે જે કાંઈ નકકી કરવું હોય તે તાત્કાલિક નકકી કરવું પડશે.’ કિરણે કહ્યું.

‘તો હવે આપણે નકકી કરો કોને કોને બોલાવવા છે. શું જમવાનું કરવું છે, ઘેર રાખવું છે કે કોઈ હૉલમાં રાખવું છે. કાલે અત્યારે આપણે એટલી મોટી જાન લઈને વિહારીને પરણાવવા ગયા હતા ત્યાં જે વ્યવસ્થા હતી તે આપણે આ દોઢસો માણસના જમવામાં તો કરી જ બતાવવી પડે.’ મોટાએ કહ્યું.

‘હુંય એટલે જ અહીં શહેરમાં રાખવાનો આગ્રહ કરું છું. ગામમાં ગમે તેટલી મહેનત કરો તોય સારી વ્યવસ્થા થઈ શકે નહીં.’ અવિનાશે કહ્યું.

‘પણ તમે બધા એમને ગમવા ના ગમવાનો વિચાર શું કરવા કરો છો? આપણે આપણી રીતે_’ કિરણ બોલવા ગયો.

‘બેસ હવે અમારે અમારું ખોટું નથી દેખાવા દેવું તારી સાસરીવાળાં સામે. આપણે એમને લાયક વ્યવસ્થા કરવાની જ છે. સગવડ તો આપણા વાડાસિનોરમાંય કયાં નથી થતી!’

‘તો એક જણ હૉલ માટે તપાસ કરી આવો ને પછી તરત નડીઆદ ફોન કરીને બધું પાકું કરી દો. ગીતાબેન જો ગામમાં આવવાનો આગ્રહ રાખે તો એમને કહેવું કે તમારી નોકરીના સંબંધો ને કિરણના સંબંધો બધા શહેરમાં ઘણા છે એટલે બધાનો વિચાર શહેરમાં જ પ્રસંગ રાખવાનો છે. વળી સગવડ પણ ગામડા કરતાં શહેરમાં સારી કરી શકાય એમ છે.’

પણ જેટલો વખત એમને બધું ગોઠવતાં લાગ્યો હતો એટલો વખત અવસરની ઉજવણીમાં ના લાગ્યો. આવેલા મહેમાનો સંતોષ પામી ગયા ને ગામમાંથી આવેલા ભાઈપિતરાઈઓનું તો પૂછવું જ શું? એમણે સાથે આવેલી છાયાને જોઈ ને

બધા મોંઢામાં આંગળાં નાખી ગયા. અને એમણે જાણ્યું કે આખા પંથકમાં એનાથી વધારે ભણેલું કોઈ માણસ નથી ત્યારે તો એમનાં મ્હોં આશ્ચર્યથી ખૂલ્લાં જ રહી ગયાં. ને જેવા મહેમાનો હતા એવી જ આગતાસ્વાગતા ભાએ પણ કરી બતાવી હતી એ જોઈને પિતરાઈઓનેય પોરસ ચઢ્યું.

પંદર દિવસ પછીનાં લગ્ન લેવાયાં. પિતરાઈઓ જાનમાં જવા થનગની રહ્યા. ભા અને મોટાએ પસંદ કરેલા માણસોને આગ્રહ કરીને જાનમાં આવવા તૈયાર કર્યા ને કેટલાકને આડકતરાં સૂચન પણ કરી દીધાં કે સામે ગામ શોભે એવી રીતે જાન લઈ જઈએ તો ગામનુંય સારું દેખાય. એટલે જે પાંચ માણસની વચમાં વિવેકથી બેસી કે વર્તી શકે એવા જ માણસોને જાનમાં લઈ જવાના છે. એટલે કેટલાકને સારી રીતે વર્તવાની ચીમકી આપોઆપ મળી ગઈ હતી.

જે ભભકો મોટાએ અને ભાએ વિહારીના લગ્ન વખતે જોયો હતો એનાથીય અદકો ભભકો કિરણના લગનમાં વિહારીએ કર્યો હતો. જે લોકો જાનમાં આવ્યા હતા એમને થયું કે આવી જાન એ દિવસ પહેલાં ગામમાંથી જોડાઈ ન હતી કે હવે પછી જોડાવાની ન હતી. ભાનો કિરણ એવું ઊંચું ભણ્યો હશે તો એને આવા ઘરનો સંબંધ મળ્યો હશે ને! બધા અંદરોઅંદર વાતો કરતા હતા.

‘કેટલું ભણ્યો છે ખબર છે! કહે છે કે આવતી સાલ એ બેઉ વિલાયતમાં ભણાવવા જવાનાં છે. ભાઈ ભણ્યામાં કોઈનો ભાગ છે?’

તો વળી કોઈક કહેતુંઃ ‘અરે સૂરતમાં બેય નોકરી કરે છે એમાં બેયના મળીને પંદર હજાર રૂપિયા તો પગાર આવે છે. તને ને મને કોઈ મહિને પાંચસોય આપે! ભણતરને માન છે.’

તો વળી કોક જાણકાર સીધો આખી જાનમાં બધી સ્ત્રીઓમાં પ્રભાવશાળી લાગતાં શાંતાબેન તરફ આંગળી બતાવી દેતો : ‘કહે છે, એ બાઈએ એને છોકરા જેવો ગણીને પોતાને ઘેર રાખ્યો ને આગળ ભણાવ્યો ને ઉપરથી પગારેય આલ્યો.’

જેટલાં મ્હોં એટલી વાતો. પણ વાતો કરતાં કોઈ ધરાતાં નથી. કેટલાક તો ભાને કે મોટાને મ્હોંએ કહી આવ્યા પણ ખરા : ‘કહેવા પડે તમે બેય વેવાઈ, કિરણને ભણાવ્યો તેય ટોચ અને પરણાવ્યો તેય ટોચ, કહેવું પડે, ભાઈ.’

કુબેર પટેલ અને મોટા બધી વાતો સાંભળતાં મનમાં મલકાતા હતા. એમની ધારણા મુજબ બધું રંગેચંગે પાર ઊતર્યું હતું એનો એમને સંતોષ હતો. ઘેર આવીને વરઘોડિયું પોંકીને બધાં વેરાયાં પછી મોટા, ભા, અવિનાશ, ગોપાલ, કિરણ અને વનમાળી વગેરે બેઠા હતા ત્યાં આવીને રેવા કહે : ‘તમે કિરણનાં વખાણ કરતાં થાકતા નથી પણ તમને ખબર છે છાયા એના કરતાં એક વરસ વધારે ભણેલી છે ને એનો પગારેય કિરણ કરતાં મહિને હજાર રૂપિયા વધારે છે.’

‘હેં અલ્યા, ઊઠ નીકળ ઘરની બહાર આ તો અમને શરમાવાનું કર્યું તેં.’ મોટા બોલી ઊઠ્યા, ને કિરણ પોતાના એકબે દોસ્તદારોને ઈશારો કરતો બહાર નીકળી ગયો. ને બધા હસી પડ્યા.

અનુક્રમ Þ

## ૧૮ :- ચકમક ઝરી

ફતેસંગ દૂર પડ્યો હતો ને ઉજમ પાટને ખૂણે છાપરીમાં રહેતી હતી એટલે શના ઠાકોરને તો બધું આકડે મધ જેવું સહેલું થઈ ગયું હતું. શરૂમાં વજેસંગને એનું આમ વારંવાર આવવું ગમતું ન હતું પણ પછી તો એમને ઉજમે પેટછૂટી વાત કહી દીધી હતી. વજેસંગે જમાઈનો ખ્રિસ્તી બૈરી સાથેનો સંબંધ જાણ્યા પછી આંખ આડે કાન કરવા માંડ્યા હતા. એણે તો

ઉજમને ફારગતી અપાવી દેવાની અને શના ઠાકોર હાર્યે વળાવી દેવાની તૈયારીય બતાવી હતી. ઉજમનું કહેવું એમ હતું કે જ્યાં સુધી એણે કેસ લઢવા આપેલા પૈસા પાછા ના આપી દેવાય ત્યાં સુધી એ વાત ઉખેડવા વાની ન હતી.

આજે શના ઠાકોર આવ્યો હતો. વજેસંગ અને ઉજમ પાટમાં વાડ સરખી કરતાં હતાં. શના ઠાકોર પણ હાથમાં ધારિયું લઈ તેમની સાથે કામમાં લાગી ગયો હતો. એને પોતાનું જામીન થવાનું હમણાંનું સારું ચાલતું હતું એટલે અહીં આવવાનો સમય તેણે પરાણે કાઢવો પડતો હતો. જો એની ગણતરી બરાબર ઊતરે તો બે મહિનામાં જ ફતેસંગનું દેવું વાળી દઈને ઉજમને એની હાર્યેથી છોડાવીને પોતે એની સાથે ફૂલહાર કરી લેવાની ગણતરી રાખતો હતો.

જેમ શના ઠાકોર મનમાં વિચારના ઘોડા દોડાવતો હતો એમ ફતેસંગ પણ મનમાં અનેક ગણતરીઓ મૂકતો હતો. એ માનતો હતો કે જ્યાં સુધી પોતાના હાથમાં પાટનો વહીવટ કરવાની સત્તા છે ત્યાં સુધીમાં જમીનને ગીરો કરાવી એમાંથી બને એટલી વધુ રકમ બગલમાં મારી એથલ સાથે ભાગી જવું જોઈએ. અથવા શના ઠાકોરને વચમાંથી હઠાવી દઈ પાટ, ઉજમ અને એથલ બધાંને હાથમાં રાખી શકાય એવું કંઈક કરવું જોઈએ. જો કે શું કરી શકાય એનો આછોપાતળો ખ્યાલેય એના મનમાં ન હતો. ને વિચારવા ઉપર ઓછી કોઈની બંધી છે! પણ વજેસંગ પાગલખાનામાંથી બહાર આવી ગયો છે અને સંપૂર્ણ સ્વસ્થ છે એવી રજૂઆત શના ઠાકોરે પોતાના વકીલ મારફતે કરવાની કારવાઈ શરૂ કરાવી દીધી હતી એની એને હજુ જાણ કયાં હતી!

વજેસંગ થાકીને છાપરીમાં થાક ખાવા પેઠો એ તકનો લાભ લઈને બેય જણાં સાથેના ખેતરની ઊભી બાજરીમાં પેસી ગયાં. બેયની આંખોમાં કયારનાંય સાપોલિયાં રમતાં હતાં. શના ઠાકોરના મનમાં લાગતું હતું કે આજે ડોસાય કામમાં સાથે જ વળગ્યા છે એટલે અને ફેરો પડશે પણ એને જોઈતી તક મળી ગઈ. બેય જણાંએ ખાસ્સી બાજરી ગોલી કાઢી. પ્રેમાવેગની પરિતૃપ્તિથી ધરાઈ ને બેય બહાર આવ્યાં. બહાર આવ્યા પછીય બેય જણાં ફરી મળવાના વાયદા પાકા કરવા માંડયાં હતાં.

'હવે આવી ચોરીછૂપી કરવાને બદલે વાતનો નિકાલ કરી નાંખો તો શાંતિથી અને વટથી રહી શકાય. આવું છૂપું મળવાનું હવે તો શરમાવા જેવું લાગે છે.' ઉજમ બોલી.

'હું એના જ વેંટમાં છું. એકાદ મહિનામાં એના પૈસા મોઢા પર મારી લઉં એટલે એનો રસ્તો પણ સાફ અને આપણોય સાફ. આપણે એનું ડબહાંણું રાખવું નથી કે પાટ મળી ને આપણે એના પૈસા ડૂબાડ્યા. જો કે આપણે એને પૈસોય ના આપીએ તોય એનાથી કશું થાય એમ નથી. પણ આપણે આપણી શાહુકારી ગુમાવવી નથી.' ફતેસંગે ઉજમને હૈયાધારણ આપતાં કહ્યું. ઉજમ પણ એની આવી ચોખ્ખી દાનત જોઈ રાજી થઈ ગઈ.

વજેસંગ ને બેચર શહેરમાં જઈને ભાને મળી આવ્યા હતા એ વાત એમણે હજુ ઉજમ કે ફતેસંગને જાણવા દીધી ન હતી. ફતેસંગ વજેસંગના મન પરથી ઊતરી ગયો હતો જ્યારથી એ જમીનની વાતમાં ઉજમને ભોળવીને આડી દોરી ગયો હતો. શના ઠાકોર પણ એમાં એનો મળતિયો હતો પણ એ જે રીતે એની અને ઉજમની હાર્યે વર્તતો હતો એ જોઈ વજેસંગનો રોષ એના પરથી થોડો ઘટ્યો હતો. અને એક બાપ તરીકે દીકરીનું સુખ જોવું હોય તો એને ફતેસંગ કરતાં શના ઠાકોર લાખ દરજજે વધારે લાયક જણાતો હતો. ને એમની ઠાકરડાની નાતમાં ફારગતી કે બીજી વારનાં લગનની કાંઈ નવાઈ ન હતી.

ફતેસંગ મહા પરાણે એથલને પૈસાની બાબતમાં સમજાવી શકયો હતો. એથલ સમજી હતી એના કરતાં એમ કહેવું વધુ યોગ્ય હતું કે ફતેસંગ પ્રત્યેના એના ખેંચાણે એને એમ કરવા મજબૂર કરી હતી. ગમે તેમ પણ એમની ગાડી પાછી રાગે આવી ગઈ હતી. ઠાકરડા જેવી રૂઢિચૂસ્ત કોમમાં હજુ એક ખ્રિસ્તી સ્ત્રીને ઘરમાં બેસાડી શકાય એટલી છૂટ મળી શકે તેમ ન હતી. છેવટે તો એમણે નોકરીને તિલાંજલિ આપીને દૂર ભાગી જવાની તૈયારી રાખવી જ પડવાની હતી. અથવા તો એક

જણની નોકરી ચાલુ રાખી બીજાએ ધર્મ પરિવર્તન કરી તેની સાથે લગ્ન કરી લેવા પડે એમ હતું. જો આમ કરવું પડે તો થોડો ગૂંચવાડો ઊભો થાય એમ હતો. એથલને ઠાકરડાની નાતમાં ભેળવવી પછીય અઘરી પડે તેમ હતી. જો ફતેસંગ ખ્રિતી થઈ જાય તો કદાચ ઓછો વાંધો આવે તેમ હતો.

એટલે અત્યારે તો એ બેય જણાં પડશે એવા દેવાશે એમ ગણી પોતાનું પ્રેમપ્રકરણ આગળ ધપાવી રહ્યાં હતાં. મોહમાં આંધળાં બનેલાં એમને અત્યારે તો એમના બે સિવાય બીજું કશું દેખાતું જ ન હતું. પણ એમણે જો શાંતિથી વિચારવા પ્રયત્ન કર્યો હોત તો બેમાંથી એકેયે હાલની નોકરી છોડવી એટલે સામે ચાલીને તકલીફ ઊભી કરવા બરાબર હતું એની સમજણ એમને તરત પડી ગઈ હોત. નિશાળના શિક્ષક જેવી નોકરી છોડીને બીજી નોકરી માટે ભટકવું કેટલું હાનિકારક છે એ એમને સમજાયું જ હોત.

ફતેસંગ હવે વાતનો ફેંસલો લાવી દેવા ઉતાવળો થઈ ગયો હતો. વજેસંગ ઘેર આવી ગયો હતો અને એ સાજો તો હતો જ એટલે સરકારમાં જાણ થાય કે તરત એને જમીનનો હવાલો સોંપી દેવાનો હતો. જમીન હાથમાંથી જાય એટલે વધારાના પૈસા મળવા તો એક બાજુ રહ્યા પણ પોતે દેવું કરીને ને ઘર વેચીને જે પૈસા વાપર્યા હતા એય ડૂલી જાય એવી એને બીક હતી. વળી શના ઠાકોર અને ઉજમની એક ગાંઠ થઈ ગઈ હતી એટલે એ બે જાણાં ભેગાં મળીને બધું ઓહિયાં કરી જાય તોય પોતાને જાણ વહેલી થાય તેમ ન હતી.

નિશાળ છૂટયા પછી આજે એ વાતનો ફેંસલો કરી નાખવાની ગણતરી સાથે જ એ ગામમાં આવ્યો હતો. શના ઠાકોર અને ઉજમ પણ ઉજવણી કરીને હમણાં જ છાપરીમાં પેઠાં હતાં. વજેસંગ અને શના ઠાકોર માટે ઉજમે ચ્હાની તપેલી ચૂલે ચઢાવી હતી. ત્યાં જ ફતેસંગ આવી પહોંચ્યો. શના ઠાકોરને ઘરમાં જ બેઠેલો જોઈ એનો અર્ધો જુસ્સો ઓછો થઈ ગયો પણ એ જુસ્સાનું સ્થાન ક્રોધે લઈ લીધું. ‘ઠાકોર પણ અહીં જ બેઠા છે ને! મને થયું કે આજે નિશાળથી વહેલું નીકળાયું છે તે બાપાની ખબર કાઢતો આવું.’ એણે શના ઠાકોર સામે કાતરિયાં ખાતાં કહ્યું.

‘મારી ખબર કાઢવાવાળો ઉપર હજાર હાથવાળો બેઠો છે એટલે તો તમારા પાગલખાનેથી એણે મને છોડાવ્યો છે. હવે તમારે મારી ખબર કાઢવા અહીં સુધી આવવાની જરૂર નથી. હવે મને ફરી પજવવાનો વિચાર કરતા હો તો ભૂલી જજો.’ વજેસંગે કહ્યું તો ભાને જોરે પણ ફતેસંગ સમજ્યો કે એ બધી શના ઠાકોરની જ ચઢવણી હશે.

ફતેસંગનો ગુસ્સો હદ ઓળંગવા જતો હતો એને મહા પરાણે એણે કાબૂમાં રાખ્યો : ‘મેં એકલાએ એ નહોતું કર્યું. એમાં તો તમારી દીકરી ને આ શના ઠાકોરેય ભેગા હતા. ને આજે જ્યાં આ છાપરું બાંધીને વટથી બેઠા છો ને એ પાટ પણ એને લીધે જ તમને મળી છે ને! નહીં તો તમે તો કાંડાં કાપી આલવા જ બેઠા હતા ને!’ એણે કહ્યું.

‘તમારા પાપે તો હું આજે ઘર વગરનો થઈ ગયો છું એટલે અહીં છાપરામાં પડ્યો છું. મારી લાખ રૂપિયાની આબરૂની પત્તર રગડી નાંખી ને મને પાગલ ઠેરવ્યો તે મેં તમને એવું ચ્યારે કહ્યું હતું!’ વજેસંગનો રોષ બહાર આવી ગયો.

'હવે તો તમે એવું જ કહેવાના. પણ આ ખેતરમાં પાકશે ને કોઠીઓ ભરાશે ત્યારે તમને આ જમાઈ યાદ આવશે.'

'મારે તો તમનેય યાદ કરવા નથી કે કોઠીઓય ભરવી નથી. ભગવાન આ જતે જન્મારે ધોળાંમાં ધૂળ ના ભરાવે તો ગંગા નાહ્યા.'

ઉજમે ચ્હા ગાળીને બધાને પ્યાલા આપ્યા. ફતેસંગ પણ વજેસંગના બોલવાનું પોતાને જરાય ખોટું લાગ્યું નથી એવા મુખભાવ સાથે એકબાજુ બેઠો ને બધાંની હાર્યે ચ્હા પીવા લાગ્યો. પણ ઉજમ અને શના ઠાકોરને લાગી રહ્યું હતું કે એના મનમાં તો દાવાનળ ભડકી રહ્યો હતો.

'મારે હવે પરીક્ષાઓ શરૂ થવાની છે એટલે મારાથી અહીં વારંવાર અવાશે નહીં. આપણે એક વખત ભેગા થઈએ ને બધું ગોઠવી કાઢીએ. મારે ત્યાંય લોકો ઉંમરો તોડી પાડે છે, બધાંના વાયદા ખોટા પડ્યા છે એટલે એમનો વાંક પણ કઢાય એમ નથી. હવે ગમેતેમ કરીનેય એમનું કાંઈક કરવું પડશે. બાપાને મારું અહીં આવવું ગમતું નથી પણ આ જમીનના કેસમાં હું લબદાઈ ગયો છું એટલે એમને ગમે કે ના ગમે પણ મારે આવવું પડે છે.'

'આવવું તો પડે જ ને હજુ તમારી સાસરી છે.' શના ઠાકોરથી ભળતું જ બોલાઈ ગયું.

'કેમ ઠાકોર મૈડાટમાં બોલો છો? તમને એમ છે કે મને કશી સમજણ પડતી નથી! હું બધું સમજું છું પણ ગમ ખાઈ જઉં છું. વાત બધી હદમાં રહે ત્યાં સુધી સારું નહીં તો પછી પરિણામ સારું નહીં આવે.' ફતેસંગે શના ઠાકોરને સીધી જ ચોપડાવી.

'પરિણામ તો જ્યારે આવે ત્યારે ખબર પડે કે સારું છે કે ખોટું, એટલે એની બીક કોઈક વાંણિયા બાંમણને બતાવજો બાકી હુંય તમારા જેવો ઠાકરડો જ છું. મને તમારી બીક નથી લાગતી.' શના ઠાકોરે પણ સામે રોકડું જ પરખાવ્યું. ઉજમ આ બધી જીભાજોડી જોઈ રહી હતી. તને એમ લાગતું હતું કે આજે બાપાની રૂબરૂમાં વાતનો ફેંસલો આવી જાય તો વાત ટૂંકી થઈ જાય. પછી રોજેરોજનો આ કઢાપો તો ના રહે.

'હું હજુ તમારું માન રાખું છું, પણ તમેય સાચવીને બોલો તો સારું. બાકી કોઠી ધોઈએ તો કાદવ જ નીકળે. મને હજુ મારી આબરૂની પડી છે એટલે ગમ ખાઉં છું.'

'આબરૂ તો ખ્રિસ્તી થઈ જાવ તો ઓર વધે.'

'તમારી પેઠે લોકોનાં ઘરમાં પથરા નાંખે એના કરતાં તો એ સારું. સમજુ હો તો સમજી જજો. નહીં તો કોઈક બીજી રીતે સમજાવશે તો ભારે પડશે.'

'એ તો કોને ભારે પડે છે એની તો વખત આવ્યે ખબર પડશે. અને પૈસાનું દબહોંણું બતાવતા હો તો તમને તમારા પૈસા મહિનામાં મળી જશે.'

'તે શાહુકારની પૂંછડી હો તો મહિનાનોય વાયદો શું કરવા કર છ! આલી દે ને અબઘડી.' ફતેસંગે શના ઠાકોરની આબરૂ તું તાં કરીને કોડીની કરી નાખી. બીજો કોઈ પ્રસંગ હોત તો શના ઠાકોરને બહુ ન લાગત પણ ઉજમની હાજરીમાં એણે તુંકારો કર્યો એટલે શના ઠાકોર ધૂવાંપૂવાં થઈ ગયો.

'તે તેંય કંઈ મને આલ્યા છે! ને જેને આલ્યા છે એનેય ઓછા દાનધર્માદામાં આલ્યા છે! આખી જિંદગી દાંણાદૂણીનો ટેકો કર્યો છે એમણે તે ચપટી કુકા આલ્યા એમાં શી વડાઈ કરી છે કે ગાગા કર છ.'

'તે તેંય કંઈ દાંનધર્માદામાં આલ્યા છે! તેંય આ નખરાળીનાં નખરાં પર આલ્યા છે ને! તું તો એના વ્યાજ પેટે એની હાર્યે હજુય બાજરી ગોલ છ. આ ડોહા બેઠા છે ને મને વધારે શુકા બોલાવ છ.' ફતેસંગને એમ હતું કે વજેસંગને એવી કશી ખબર નહીં હોય એટલે એણે લાગ જોઈને ટોણો મારી લીધો.

'તારા જેવા ઢેચડીની પાછળ લાળો પાડતા કૂતરા પાછળ હું કાંઈ ભવ બગાડું એવી મૂરખી નથી. હમજુ હોત તો કેદા'ડાનો હમજી ગયો હોત. પણ ના હમજ્યો હો તો હવે હમજી લે કે હવે તારે ને મારે કંઈ નહીં, તું તારે રસ્તે ને હું મારે રસ્તે. આજથી તારા ને મારા રસ્તા અલગ.'

'તે અહીંય કયો ભ્મા તારી હાર્યે સંબંધ રાખવા માગે છે! તને તારો શના ઠાકોર મુબારક. બહુ ચોખલિયણ થતી હોય તો છેડો ફાડીને એની હાર્યે નાતરું કરી લે ને જો એમાં તારી આબરૂ વધતી હોય તો.'

'તે વખત આવશે એટલે એય કરીશ, તારી સલાહની જરૂર નથી.' ઉજમેય બાપાની શરમ રાખ્યા વગર કહી નાંખ્યું.

'તારે જે કરવું હોય એ કરજે પણ મારી એક વાત તમે બધાં સાંભળી લો. જ્યાં સુધી મારા પૈસા ના પતે ત્યાં સુધી આ પાટની ઉપજનો અર્ધો ભાગ મને આલવો પડશે. તમને બધીઓને હું નાગે કૂલે આખું ખાવા નહીં દઉં.' ફતેસંગે પાટ ઉપર હક કરી શના ઠાકોરનું નાક દબાવવા પ્રયત્ન કર્યો. એને કદાચ એમ હશે કે પૈસાની ભીડમાં હોઈ એ લાકો પોતાની વાત સ્વીકારી લેશે.

પણ એની વાતથી તંગ આવી ગયેલા વજેસંગથી ન રહેવાયું. તણે કહ્યું : 'ભાગ જોઈતો હોય તો ખળું થાય ત્યારે હાથમાં ધારિયું લઈને આવજે જો ઠાકચડો હોઉં તો. બાકી તો હવે વટલીને ઢેડો થઈ ગયો હોઉં તો ઉઘાડે ડીલે આવજે બે હૂપડાં તનેય આલીશું વહવાયો ગણીને.'

વજેસંગના ટોંણાથી ફતેસંગને હાડોહાડ લાગી આવ્યું. એણે કહ્યું : 'તો હવે એ રીતે જ આવીશ. હું જોઉં છું કે મારો ભાગ કોણ ઓળવી જાય છે! હવે તો ખળું થશે એ વેળાએ જ આવીશ.' કહી કાળનો માર્યો એ બહાર નીકળી ગયો.

જો કે એને વાયદો કર્યા પ્રમાણે એના બાકી નીકળતા પૈસા તો શના ઠાકોરે એક મહિનામાં એને મોકલી આપ્યા હતા છતાં એનો સંદેશો આવ્યો હતો કે ખળું થશે ત્યારે ભાગ લેવા જરૂર આવીશ, તો મારો ભાગ તૈયાર રાખજો.

પોતાના પૈસા પાછા મળી ગયા એટલે એથલ રોજ ફતેસંગને મ્હેંણાં મારતી હતી. 'એ શનો ઠાકોર તમને બનાવી ગયો ને તમે આંખો ચોળતા રહી ગયા. સાત વીઘાંની પાટ લેવા ગયા હતા તે સાત મહિને મુદ્દલ લઈને પાછા આવી ગયા. હવે એ પાટનો મોહ છોડી દો ને આપણું વિચારો. આપણે કયાં એ પાટ લઈને ખેતી કરવાનાં હતાં! હવે કાં તો આપણે અહીંથી દૂર ભાગી જઈએ કે પછી જેમ ચાલે છે એમ ચાલુ રાખીએ. મને એમાં કશો વાંધો નથી.'

એ દરમિયાન ઉજમની ફારગતીની વિધિ પતી ગઈ હતી. ઉજમે શના ઠાકોર સાથે ફૂલહાર પણ કરી લીધા હતા. પાટમાં બાજરી કરી હતી. લાગ મળે ત્યારે બેચર અને વજેસંગ શહેરમાં જઈ કુબેર પટેલને મળી પણ આવતા હતા. ભાએ તેમને બાજરી લીધા પછી પાટ અંગે વકીલની સલાહ મુજબ કારવાઈ કરવાની તૈયારી બતાવી હતી.

એથલની કાયમની ટકટકથી ફતેસંગ કંટાળતો હતો. એને હવે ખાતરી થવા માંડી હતી કે એને એણે રોકેલા પૈસા કરતાં કાણી પાઈએય વધારાની મળવાની નથી. ઉજમ અને પેલો શના ઠાકોર એક થઈ ગયાં છે એટલે જમીનના પૈસા

ઉપજાવીને બધા બગલમાં દબાવીને ભાગી જવાની વાત તો હવે રહી ન હતી. પણ પોતે એમને એ પાટ મફતમાં પચવા દેવાનો નથી. એથલને લઈને ગામ છોડીને ભાગવું તો પડવાનું જ છે તો પછી જતા પહેલાં એ શના ઠાકોરને બરાબરનો પાઠ ભણાવીને જ જશે, એ મનમાં ને મનમાં જાણે પ્રતિજ્ઞા લેતો હતો.

એ આવું વિચારતો હતો એવે વખતે જ એના દિલની આગમાં તેલ રેડાય એવા સમાચાર આવ્યા. ફતેસંગ શહેરમાં ગયો હતો ને તેને કાને વાત પડી કે વજેસંગ સાજો અને સ્વસ્થ થઈ ગયો છે અને જમીનની માલિકી એને સોંપી દેવી જોઈએ એવી કાયદેસરની કારવાઈ કરવા માટે શના ઠાકોરે વકીલને કામ સોંપી દીધું છે. વાત જાણીને રઘવાયા થઈ જતાં એણે શહેરમાં તપાસ કરી તો એને બધી વાતની ખબર પડી. એ ગરમ લાહ્ય જેવો થઈ ગયો. હવે વિચારવા જેવું કશું રહ્યું ન હતું. ને કદાચ હોય તોય હવે એ વિચારવા માગતો ન હતો.

વજેસંગ સાજોસમો થઈ જાય એટલે જમીનનો હવાલો વજેસંગને સોંપી દેવાનો હતો એની તો એને જાણ હતી પણ પોતે બે વહીવટદારોમાંનો એક ને એ શના ઠાકોર એનો વહીવટ કરે એ ચાલે જ કેમ! આજે તો એ શનિયાને બતાવી આપવું જ પડશે.

એ ઘેર આવ્યો. કશામાં એનું મન ના લાગ્યું. એને વહેલામાં વહેલી તકે શના ઠાકોરને પાઠ ભણાવવાની વેર ઊપડી હતી. એને કેમનો રપેટમાં લેવો એની કશી તરકીબ એણે વિચારી ન હતી. બસ એના મન પર ખુન્નસ સ્વાર થઈ ગય હતું. એ કશી ચેકકસ યોજના ઘડ્યા સિવાય ચાલી નીકળ્યો ધનેરાને મારગે.

એ પાટ ઉપર પહોંચ્યો ત્યારે વજેસંગ કયાંક બહાર ગયો હતો. શના ઠાકોર અને ઉજમ ત્યાં હતાં. ઉજમ ઘરમાં ચ્હા મૂકવા પેઠી હતી અને શના ઠાકોર વાડમાં છીંડાં પૂરતો હતો. ફતેસંગને ઘર તરફ જતો શના ઠાકોરે જોયો ને એ પણ વાડનું કામ પડતું મૂકીને ઘર તરફ આવ્યો. ઉજમે ફતેસંગને ઘરના બારણામાં દાખલ થતો જોયો ને કશું બોલ્યા સિવાય એણે સાદડી લાંબી કરી, 'બેસો.' તેણે કહ્યું.

ત્યાં જ શના ઠાકોર ઘરમાં દાખલ થયો. હાથમાંનું ધારિયું ખૂણામાં ઊભું મૂકતાં એ બોલ્યો : 'માસ્તર બહુ વખતે દેખાયા. પણ હજુ ખળું થવાની તો વાર છે. પોંક ખાવો હોય તો વેળા બરાબર છે. વજેસંગબાપા આવતા જ હશે.'

'હું પોંક ખાવાય નથી આવ્યો. મને વાત મલી કે તમે ખેતર ડોહાને સોંપી દેવા માટે કાગળિયાં કરવાનું વકીલને સોંપી દીધું છે. તે હજુ જ્યાં સુધી એ ખેતર એમને ના સોંપાય ત્યાં સુધી વહીવટ કરવાનો હક મને છે એટલો તમને નથી. પછી આવું કામ વગરનું ગાંયજાપટું કરવાનું તમને કોણે કહ્યું હતું!' એણે શના ઠાકોરને ઉશ્કેરવા માટે જ એવાં તોછડાં વેણ કાઢ્યાં. પણ એ માસ્તર હતો તો શના ઠાકોર કૉર્ટ કચેરીઓમાં રખડીને પૂરો મુત્સદ્દી થઈ ગયો હતો.

એના પેટનુ જાણે પાણીય ના હાલ્યું હોય એણે જવાબ આપ્યો : 'જેટલો અધિકાર માસ્તર તમને છે એટલો અધિકાર ઉજમનેય છે. તમે જાણો છો કે વજેસંગબાપાને સારું થઈ ગયું છે છતાં તમે એમને જમીનનો કબજો સોંપવાની કશી વાત ઉપાડી નહીં કે કશી વાત કરી નહીં એટલે ઉજમે કારવાઈ કરવી જ પડે ને! ને એના ધણી તરીકે મારે એનો ફેરો ખાવોય પડે ને!'

ફતેસંગ એનું આવું ઠંડે કલેજે બોલેલું સાંભળીને કાળઝાળ થઈ ગયો. પણ આ દરમિયાન ઉજમે બેયને ચ્હાના પ્યાલા આપ્યા હતા એટલે થોડીવાર કોઈ બોલ્યું નહીં. ફકત ચ્હાના સીસકારા એ મૌનમાં આંટા મારી રહ્યા.

'એ બધી મને ખબર છે. તમારી પહેલાં હું એનો ધણી હતો જ ને! પણ શહેરમાં વકીલને મળવા ગયા ત્યારે હું શહેરમાં જ હતો ને! મને સ્હેજ અણસારો કર્યો હોત તો હું તમારી સાથે આવ્યો હોત. પણ મને લાગે છે કે તમે મારી જાણ બહાર બધું ખાનગીમાં પતાવી દેવા માગતા હશો એટલે આવું કર્યું હશે.' ફતેસંગેય સામો ટોણો મારીલેતાં કહ્યું. શના ઠાકોર ગમ ખાઈ ગયો.

'એમાં અમારે શું કે તમારે શું, કશું લણી લેવાનું હતું! કોર્ટના ફેંસલા મુજબ તમારે બેયે આ જમીન વજેસંગ બાપાને સોંપી દેવાની હતી. તમે એ વિધિ કરો કે ઉજમ કરે એમાં શો ફેર પડી જવાનો હતો?'

'ફેર પડે કે ના પડે પણ કોર્ટે જે હુકમ કર્યો છે એ મુજબ મને સાથે રાખ્યા વગર તમે એ જમીન અંગે જે કોઈ કારવાઈ કરો એમાં મારી હાજરી અને સંમતિ લેવી જરૂરી છે.'

'હવે એવી કાયદાની ભાષામાં વાત કર્યા વગર ચોખ્ખું જ કહો ને કે તમને પેટમાં શું દુખે છે! તમે ચોખ્ખું કહો તો એનો કોઈ ઉપાય થાય. બાકી તમે એ દા'ડે ખળાની વેળાએ આવવાની જે વાત કરી હતી એ બાબતમાં મેં બાપાને સમજાવ્યા હતા ને એમણે જો દર વખતની જેમ બાજરી કાપવા, લણવા ને વટાવવાનું કામ કરવા લાગશો તો તમને કળશી દાંણાય આપશે. તમારા ટેકાથી જ  જમીનનો કેસ લઢ્યા છીએ અને તમને ભૂલી જવાય જ કેમ?'

'તમારી એ બધી ચાલાકી રહેવા દો. મને તમે નાનો કીકલો સમજો છો! તમારે મને ઊંઘતો રાખીને એ પાટ પચાવી પાડવી છે. પણ હું એવું થવા દેવાનો નથી, સમજ્યા ને!'

'પણ આમાં પચાવી પાડવાની વાત ક્યાં આવી? આ તો ઊલટી જમીન એના સાચા માલિકને સોંપી દેવાની વાત છે. પછી અમારેય તમારી જેમ એ જમીન પર કશો હક ક્યાં રહેવાનો છે? વજેસંગ બાપાને ઠીક લાગે એમ કરે.'

'ને તમને ઠીક લાગે એમ તમે તમારા વજેસંગ બાપાને સમજાવો અને તમારા કહ્યા પ્રમાણે એ કરે એટલે છેવટે તો જમીન તમારી પાસે જ આવી એમ કહેવાય ને!'

'પણ કેમ જાણ્યું કે એ અમારા કહ્યા પ્રમાણે જ કરશે. કદાચ તમે સમજાવો તો તમારા કહ્યા પ્રમાણેય કરે. તમે એમને સાચું સમજાવવા પ્રયત્ન કરી તો જુઓ.' શના ઠાકોરે કહ્યું.

ફતેસંગને લાગ્યું કે શના ઠાકોર એની મશ્કરી કરતો હતો. એ મનમાં બળી ઊઠ્યો. છતાં એણે સંયમ રાખીને કહ્યુંઃ 'જુઓ આવી વાતો કરીને આપણે ખોટાં મન ઊંચાં કરીએ છીએ. જરા શાંતિથી વિચારીએ. આપણે ત્રણેય જણાં આ જમીનનો કેસ શા માટે લઢ્યા?'

'શા માટે તે આ સાત વીઘાંની પાટ માટે.'

'તો પછી વગર વિચાર્યે એ પાટ વજેસંગને સોંપી દેશો ને કાલે સવારે એ પેલા પટેલને પાછી આપી દેશે તો આપણા હાથમાં શું રહેશે? મેં તો મારું રહેવાનું છાપરુંય વેચી નાખ્યું છે. તે એને બદલે પાછું મારે બીજું રાખવું કે બનાવવું નહીં પડે! ને આપણે ત્રણેયે જે દોડાદોડ કરી છે ને લોહીનું પાણી કર્યું છે એનું શું? આપણને કશું તો વધારાનું મળવું જોઈએ ને!'

'તમારા ઘરની વાત ધ્યાન બહાર ગઈ. આ બાજરી પાકે એટલે એના પૈસા તો તમને મળી જાય એવી વ્યવસ્થા કરાવીશું બાપા પાસે. પણ જો તમારે એના કરતાં વધારાના પૈસા જોઈતા હોય તો તમારે એમની સાથે એની વાત કરી લેવી

જોઈએ. અમારે તો વધારાના પૈસાય નથી જોઈતા કે એની કશી ઉપરામણી પણ નથી જોઈતી.' શના ઠાકોરે ઠંડે કલેજે ઊકેલ બતાવ્યો.

'તમારે તો શાના જોઈતા હોય, તમને તો આખી પાટ મળી જવાની હોય તો તમે મૂળ પૈસાનેય ભૂલી જાવ. પણ મારે તો મારી મહેનતનો ભાગ જોઈએ કે નહીં? મેં જેટલા પૈસા કાઢ્યા હતા એનાથી બમણા તો મને મળવા જ જોઈએ જ. પછી તમને ફાવે એમ તમે પાટનું કરો. મને કશો વાંધો નથી. મારા ખર્ચેલા પાંચ હજારમાંથી હજુ ઘરના પૈસા બાકી છે તે અને ઉપરથી બીજા પાંચ હજાર મને મળી જતા હોય તો મને કશો વાંધો નથી.'

'એટલા બધા પૈસાની તો આપણે ક્યારેય વાત નહીં થયેલી છતાં તમે વજેસંગ બાપાને વાત કરી જુઓ. એમના મનમાં ઠાકર વસે ને એ તમને એટલા પૈસા આપતા હોય તો અમને કશો વાંધો નથી.' શના ઠાકોરે કહ્યું ને ઊઠવા કર્યું.

'એમનું તો ખાલી ઓઠું જ છે, બાકી એ તમારું કહ્યું જ કરવાના છે. તમે મને બાજરીની ઉપજમાંથી જો એટલા કાઢી આલતા હો તો મને કશો વાંધો નથી. પછી તમને ઠીક લાગે એમ પાટનો કડદો કરો, તમે જાણો ને એ ડોસા જાણે.' ફતેસંગને લાગ્યું કે લઢવા કરતાં સમજાવટથી કદાચ પોતાના હાથમાં વધુ રકમ આવશે. એટલે લઢવાની શરતે નીકળેલો ફતેસંગ બધું સાંભળી રહ્યો ને!

અનુક્રમ Þ

## ૧૯. ધારિયાવાળી કરી

આજે નિશાળમાં એથલે એને ફરીથી ટોણો માર્યો : 'હવે વેર બેરની વાતો પડતી મૂકો ને આપણી વાત વિચારો. તમને એ શનો ઠાકોર ઉલ્લુ બનાવી ગયો એ વાત સ્વીકારી લો અને જાગ્યા ત્યાંથી સવાર ગણીને આગળનું વિચારો. આપણે હવે શું કરવું છે એનો વિચાર કરો ને! આપણે જે ચપટીમૂઠી હાથમાં હોય એ લઈને નકકી કર્યા પ્રમાણે સૂરત તરફ ઊપડી જઈએ.'

'ને એ શના ઠાકોરને પાટ અને ઉજમ બેયનો ભોગવટો આલતા જઈએ એમ કહેવું છે ને તારે ! પણ મારી એક વાત સાંભળી લે હું ગમે તે ભોગેય મારો ભાગ લીધા વગર છોડવાનો નથી. મેં એમને ઓફર મૂકી છે કે એ મને મારા ઘરની બજાર કિંમત અને ઉપર પાંચ હજાર રૂપિયા રોકડા આપી દે તો હું એમની વચ્ચેથી ખસી જઈને એમને મારગ કરી આલીશ. એમને મારી વાત માન્યા વગર છૂટકો નથી.

'પણ પાટ ઉજમને કે એને નામે છે જ કયાં તે તમને એનો ભાગ મળવાનો છે ? મારું માનો ને એવાં હવાતિયાં મારવાનાં રહેવા દો.'

'તું જો તો ખરી, હું એમની પાસેથી સાતઆઠ હજાર રૂપિયા કેમના ઓકાવું છું. કાલે ને કાલે તને એનો પરચો મળી જશે. એ ઠાકરડો છે તો હું કયાં વાણિયો છું ! આજે નિશાળ છૂટે કે તરત હું એમને સકંજામાં લઉં છું.' ફતેસંગ માસ્તરે કહ્યું. જો કે એના મનમાં કોઈ યોજનાનો આછોપાતળો ખ્યાલેય ન હતો કે એ કેવી રીતે એમને સકંજામાં લેવાનો હતો. જેમ જેમ એ એ અંગે વિચારતો ગયો એમ એને પોતાની સ્થિતિનો સાચો ખ્યાલ આવતો ગયો. છેવટે એને ખાતરી થઈ કે પોતે એ લોકોની દયા ઉપર જ આધાર રાખી શકે તેમ હતો. જો એ લોકો એને એક દોઢિયુંય ન આપે ને અંગૂઠો બતાવી દે તોય એનાથી કશું થઈ શકે એમ નથી એમ એને સમજાઈ ગયું. ને એ નિરાધારીએ એના બળતામાં ઘી હોમવાનું કામ કર્યું.

રવિવારે એ ઉજમ ને વજેસંગને મળવા ઊપડ્યો. આજે તો કોઈ પણ ઉપાયે વાતનો ફેંસલો કરી નાખવાની એણે મનમાં ગાંઠ વાળી હતી. ને જેમ એના વિચારો ઝડપથી ચાલતા હતા એમ એનાં પગલાંય ઝડપથી ઊપડતાં હતાં. આજે બે ગાઉનો રસ્તો જાણે ટૂંકો બની ગયો હોય એમ લાગ્યું.

એ પાટ પર પહોંચ્યો ત્યારે વજેસંગ અને ઉજમ છાપરીમાં જ હતાં. પાટ એના નસીબ જેવી કોરીધાકકોર પડી હતી. ન તો એમાં બાજરી હતી કે ન હતું એક સૂકું રાડુંય. એ સમસમીને રહી ગયો. એને ઊંઘતો મૂકીને આ લોકોએ બાજરી કાપીને વટાવી લીધી હતી. એનો ગુસ્સો માઝા મૂકી ગયો. એ ક્રોધથી કાળઝાળ થતો છાપરીમાં પેઠો. એને બારણામાં પેસતો જોતાં ઉજમ સ્હેજ છપાઈ પણ વજેસંગે જાણે એને ઓળખતો જ ન હોય એમ કહ્યું : ‘માસ્તર, ખળા વખતે આવ્યા હોત તો બે હૂપડાં બાજરી આલત, હવે તો બહુ મોડું થયું.’

‘હું મારો ભાગ લેવા આવ્યો છું, ખળું લેવા નહીં. તમે એમ સમજતા હો કે મને ઊંઘતો મૂકીને તમે બધી બાજરી ઓળવી જશો તો તમે ખાંડ ખાવ છો. મારે મારો ભાગ જોઈએ ને એ લીધા વગર હું રહેવાનો નથી.’

એના મોઢામાં શબ્દો હતાને જ શના ઠાકોર ઘરમાં આવ્યો. એણે કહ્યું : ‘અમે તમારા ઘરની કિંમત તમને આપવાની નકકી કરી છે. કાલે બાજરીના પૈસા આવે એટલે તમને તમારા પચીસ સો રૂપિયા આલી દઈશું.’

‘ને મેં દોડાદોડી કરી ને આટલા દા’ડા પૈસા રોકયા એના પાંચ હજાર !’

‘એ તો તમે જાણો ને વજેસંગબાપા જાણે.’

‘તો તમારા એ બાપાને સમજાવો. મારા પૈસા આલી દે સીધી રીતે.’

‘મેં તારી પાસે એક પૈસોય લીધો નથી ને મારે તને આપવોય નથી. ઠાકોરને આલવા હોય તો એમના ગજવામાંથી આલે.’ વજેસંગે એને રોકડી પરખાવી.

‘એ કંઈથી લાવીને આલવાનો હતો ? મેં એને પૈસા નથી આલ્યા, મેં તો આલ્યા છે આ પાટ ઉપર. પાટ તમે પચાવીને બેસી ગયા છો તે તમારે આલવાના છે. આજે હું આ વાતનો ફેંસલો કર્યા વગર અહીંથી જવાનો નથી.’

‘તો પછી થાકો ત્યાં લગણ બેસી રહો, બાકી મારી પાસેથી એક ઢબૂડીનીય આશા રાખતા હો તો એ મેલી દેજો.’ વજેસંગે ચોખ્ખારીને કહી દીધું.

‘જેની દાનત જ બગડી ગઈ હોય એની પાસેથી આવો જ જવાબ મળે ને ! પણ તમે મને હજુ ઓળખતા નથી. હું ધારું તો તમને ફરીથી પાગલખાને ધકેલી શકું એમ છું. ને તમે મારી બૈરીની પાસે ધંધો કરાવો છો ને શના ઠાકોર એની પાછળ ઘેલો થઈને તમારાં વૈતરાં કરે છે એમ કરી તમારી ઉપર કેસ ઠોકી દઈ શકું એમ છું.’

‘માસ્તર બોલવાનું ધ્યાન રાખો નહીં તો મારે તમને બોલવાનું શિખવાડવું પડશે. તારો છેડો ફાડીને એ મારી હાર્યે પૈણી ગઈ છે. હવે એ મારી ઘરવાળી છે ને એને વિશે કવેણ કાઢ્યું છે તો જોવા જેવી થઈ જશે.’ શના ઠાકોરે આંખ બતાવી,

‘તું મને શું શિખવાડવાનો હતો ! તું એનો ધણી હો કે દલાલ પણ પેલી બે બદામની રખડેલી હથેળીમાં નાચનારો મને શું કરી નાખવાનો હતો !’

'અત્યાર સુધી હું માસ્તર સમજીને તને હારી રીતે બોલાવતો હતો, પણ હવે તો તું વટલી ગયો છું અને તારી જાત પર ગયો છું એટલે તને એ રીતે હમજાવી દઉં કે જો તારે તારા છાપરાના પૈસા લઈને હમજી જવું હોય તો હજુય એ પૈસા કાલે આપી દેવાની મારી તૈયારી છે ને તારે બાંયો ચડાવવી હોય તોય બરણાં ઉઘાડાં છે. અહીં કયા ભૈને તારી બીક લાગે છે! બહુ પાણીવાળી હો તો વહેલી ઊઠજે.' શના ઠાકોરેય મોઢે આવ્યું એવું સંભળાવી દીધું. ફતેસંગ કાળઝાળ થઈ ઊઠ્યો.

'અહીં ઘરમાં બેસીને કુંકડા માર્યા કરતાં બહાર આવ એટલે તને બતાવી દઉં કે લોકોના ઘરમાં પથરા નાખવાના કેટલા ભારે પડે છે.'

ને શના ઠાકોરે બારણા પાસે ખૂણામાં પડેલી કડિયાળી ડાંગ ઉપાડી : 'તો આવી જા મેદાનમાં, મરદ હો તો.' કહેતાં એણે બહાર જવા કર્યું.

પણ એને વારતાં ઉજમ બોલી : 'તમે બેય આકળા ન થાવ. આપણે વચલો રસ્તો કાઢીએ.'

'મારે વચલો રસ્તોય નથી કાઢવો કે કશાં પગથિયાંય નથી માંડવાં. મને મારા ઘરના ને ઉપરથી પાંચ હજાર પૂરા આલી દો પછી તમારે બેયે જેમ કરવું હોય એમ કરો. એવોયે તને દુકાને બેહાડે કે ઊભા બજારે વેચી મારે તોય મારી બલા.'

'પૈસા જોયતા હોય તો મરદ થઈને બહાર આવ એટલે તારો બધો હિસાબ કરી નાખું.' કહેતાં શના ઠાકોર બહાર ચોકમાં જઈ ઊભો. પછી તો માસ્તર ભણેલો હોય તોય હતો તો ઠાકરડો જ ને ! એણે પડકાર ઝીલી લીધો અને ખૂણામાં પડેલું ધારિયું લઈને બહાર નીકળ્યો. ખૂણામાં ધારિયા વગર બીજું કશું સાધન ન હતું એટલે એને ધારિયું જ લેવું પડ્યું પણ એના મનમાં ચચણાટ થવા માંડ્યો. આવી વઢવાડમાં ધારિયા કરતાં લાકડી વધારે સારી પડે. જેના હાથમાં લાકડી હોય એ આડેધડ ઝીંકી શકે. ધારિયાવાળાને ઘા કરતા પહેલા સાત વખત વિચાર કરવો પડે. વળી સામેવાળાનેય આ વાતની જાણ હોય એટલે એને ધારિયાની બીક પણ બહુ ઓછી રહે.

પણ હવે બીજો ઉપાય ન હતો. વળી માસ્તર કરતાં શના ઠાકોર હાડેતો હતો. માસ્તરને મનમાં ફફડાટ થવા માંડ્યો કે પોતે એને ઢીલો પાડે એ પહેલાં જો એના હાથની એક ઝીંટ જો પોતાને પડી જશે તો એનો સામનો કરવાનીય પોતાની શકિત નહીં રહે ને શનો ઠાકોર પોતાનું એકેય હાડકું સાજું નહીં રહેવા દે. પણ એ ઘા કરે એ પહેલાં જ પોતે એના પર હુમલો કરીને એને ઠંડો પાડી દે તો એને ભૂ પાઈ દેવાય.

ને શના ઠાકોર પેંતરો લે કે ઘા કરવાનો વિચાર કરે એ પહેલાં જ માસ્તરે ધારિયાને ફેરવીને શના ઠાકોરને માથે ઝીંકી દીધું. ઘા કરતાં તો કરી દીધો પણ ધારિયાના પૂઠાને બદલે એની ધારવાળો ભાગ જ શના ઠાકોરને માથે ઝટકો બોલાવી ગયો. એના હાથમાંથી ડાંગ દૂર ઊડી પડી ને બે હાથ વચ્ચે માથું દબાવતાં એ જમીન પર ફસડાઈ પડ્યો. ઘરમાંથી બહાર આવતી ઉજમે શના ઠાકોરને ફસડાઈ પડતો જોયો, એના માથામાંથી ઊડતું લોહી જોયું ને ચીસ પાડી. અંદરથી વજેસંગ બહાર આવ્યો. માસ્તરને હવે જ સમજાયું કે વાત વણસી ગઈ હતી. પણ એને એ ન સમજાયું કે ધારિયાના પૂઠાને બદલે ધારવાળો ભાગ કેમનો નીચે આવી ગયો હતો. એને સમજાઈ ગયું કે શનો ઠાકોર બે ઘડીનો મહેમાન હતો. ધારિયું વાડમાં નાંખતોકને એ નાઠો.

ઉજમે શના ઠાકોરનું લોહી નીંગળતું માથું ખોળામાં લીધું અને પાલવનો લોચો એના ઘા પર દબાવતાં કહ્યું : 'તમે હિંમત રાખો તમને મટી જશે. બાપા દાકતરને બોલાવવા ગયા છે.' એ શના ઠાકોરને હિંમત બંધાવવા પ્રયત્ન કરતી હતી

પણ એના પાલવનીય પાર નીકળતી લોહીની ધાર જોઈ એની હિંમત જ ઓસરતી જતી હતી. એની આંખોમાંથી આંસુની ધાર વહીને શના ઠાકોરના લોહીમાં ભળી જતી હતી.

વજેસંગ ડોસાની ને ઉજમની ચીસોથી થોડીજવારમાં આસપાસનાં ખેતરોમાંથી માણસો દોડી આવ્યાં. કોઈ દાકતરને બોલાવવા દોડ્યું તો કોઈ પોલીસને. બેચાર જણા તો માસ્તરની પાછળ પણ પડ્યા. પણ એક તો માસ્તર એમના કરતાં બહુ વહેલો ભાગ્યો હતો અને જીવ લઈને ભાગ્યો હતો. ને માણસ જ્યારે જીવ બચાવવા ભાગતો હોય ત્યારે એને પકડવો સહેલો હોતો નથી. હજુ તો પેલા લોકો માસ્તરની પાછળ જતા પહેલાં હાથમાં વધારે નહીં તો એકએક લાકડી તો હાથમાં લઈ લેવી જોઈએ કે નહીં એ નકકી કરવાની ભાંજગડમાં હતા ત્યાં તો માસ્તર પોતાને ઘેર પહોંચી ગયો હતો.

ફતેસંગે એક બેગમાં બેચાર જોડ કપડાં ભર્યાં ને ઘરમાં ચારસો પાંચસો રૂપિયા પડ્યા હતા એ ગજવામાં નાખી ગામની સામેની ભાગોળ તરફ ચાલવા માંડ્યું. રસ્તામાં એક જણ સામો મળ્યો ને માસ્તરને બેગ લઈ ઉતાવળે જતો જોઈ એણે પૂછ્યુંય ખરું : ‘કેમ માસ્તર બહાર ગામ જાવ છો કે શું ?’

‘હા, નિશાળના કામે વડોદરા જાઉં છું.’ માસ્તરે જે હોઠે આવ્યો એ જવાબ આપતાં ચાલવાનું ચાલુ જ રાખ્યું. ગામની પાસેથી પસાર થતા ધોરીમાર્ગ પર આવી કોઈ વાહન મળી જાય એની વાટ જોવા માંડી. ને એના સદ્‌નસીબે સૌરાષ્ટ્ર તરફ જતી એક ટ્રક મળી ગઈ. માસ્તરનો વિચાર પહેલાં તો પોતે જોઈ રાખેલા સૂરત તરફના પેલા ગામમાં જઈ સંતાઈ જવાનો હતો. પણ અત્યારે તો જે વાહન વહેલું હાથમાં આવે એમાં ચઢી બેસી ગામથી જેમ બને તેમ દૂર ભાગી જવાની જ એની નેમ હતી.

છેક મોડી રાતે એ સુરેન્દ્રનગર પહોંચ્યો. એક રાત કોઈ હોટેલમાં કાઢી નાખી શાંતિથી આગળના પગલા વિશે વિચારી બીજે દિવસે સૌરાષ્ટ્રના કોઈ નાના ગામમાં નામ બદલી સંતાઈ રહેવાનો તેનો વિચાર હતો.

એણે એક હોટેલમાં રણજીત મકવાણાને નામે રૂમ લીધી અને નજીકની એક હોટેલના અંધારા ખૂણામાં બેસી ધરાઈને ખાઈ લીધું. કોણ જાણે ફરીથી કયારે ખાવાનું મળશે એમ એ વિચારી રહ્યો.

પણ રાતે વિચારતાં એને લાગ્યું કે જો સંતાઈ રહેવું હોય તો ગામ કરતાં શહેર જ વધુ અનુકૂળ પડે. ગામમાં તો જે કોઈ અજાણ્યા માણસને જૂએ એ એની સાત પેઢીનાં ઓળખાણ પૂછ્યા વગર રહે નહીં. શહેર જ વધું સારું. ત્યાં કામ પણ મળી રહે ને લોકોય બહુ માથાકૂટ ન કરે. ને એને સુરેન્દ્રનગરમાં જ ગોઠવાઈ જવાનું વધુ સલામત લાગ્યું.

એણે બીજે દિવસે પોતાના દેખાવમાં થઈ શકે એટલા ફેરફાર કરીને એ કામની ને પોતાના રહેવાની વ્યવસ્થા કરવા નીકળી પડ્યો. એણે સાદા કાચનાં પણ પહોળી ફ્રેમનાં ચશ્માં પહેરી લીધાં, પટિયાં પાડેલા વાળ કપાવી નાખી લશ્કરી કટ જેવા બિલકુલ નાના કરાવી નાખ્યા. કપડાં પણ માસ્તરની જેમ લેંઘા ઝભ્ભાને બદલે એણે પાટલૂન અને ડીઝાઈનવાળો બુશશર્ટ પહેરી લીધાં. પગમાં ચપ્પલને બદલે એણે સ્નીકર જેવા પણ સસ્તા બૂટ ખરીદી લીધા. આ બધી તૈયારી કરવામાં એણે આખો દિવસ પસાર કરી દીધો.

રૂમ પર આવી એને અરિસામાં પોતાની બદલાયેલી સૂરત જોઈ સંતોષ થયો. એને લાગ્યું કે કોઈ પોતાને રાતના આછા અજવાળામાં કે પચાસ ફીટ દૂરથી તો નહીં જ ઓળખી શકે. જેમ જેમ સમય પસાર થતો જશે એમ એમ પેલા લોકોના મનમાંની પોતાની છબી ધૂંધળી થતી જશે અને પોતાનો દેખાવ બદલાતો જશે. જો એક વરસ આમ ને આમ પસાર થઈ જાય તો પોતે પોતાના ગામમાં જઈને પાછો આવશે તોય કોઈ તેને ઓળખી નહીં શકે એવો તેને વિશ્વાસ બેસી ગયો.

એણે પોતાની ચાલવાની ને બોલવાની રીતેય બને એટલી બદલી નાખવા પ્રયત્ન કરવા માંડ્યો. એણે અરિસા સામે ચાલીને કેટલાક અખતરા પણ કરી જોયા. એને જ્યારે ખાતરી થઈ કે પોતે કરવા ધારેલા ફેરફાર એકાદ મહિનામાં તો પોતે કરી નાખી શકશે અને એમને પોતાની રોજિંદી ઘરેડમાં અમલમાં મૂકી શકશે ત્યારે એ આરામથી ઊંઘી ગયો.

બીજે દિવસે એ કામની શોધમાં નીકળી પડ્યો. એને જે કામ આવડતું હતું એ કામ, છોકરાં ભણાવવાનું એ તો એને મળી શકે એમ ન હતું ને મળે તોય એ લાઈનમાં જવામાં જોખમ વધુ હતું. પોતે શિક્ષક હતો અને કદાચ કામ કરતો હોય તોય એના જેવા જ કોઈ કામમાં પોતે રોકાયો હોય એમ પોલીસ માનશે એવી એને ખબર હતી.

ને તેને જેવા કામની જરૂર હતી એવું કામ એને મળી પણ ગયું. એક મેટલ કાસ્ટીંગની ફાઉન્ડ્રીમાં એને કામ મળી ગયું. એને આ કામનો કોઈ અનુભવ ન હતો પણ ફાઉન્ડ્રીવાળાનેય લાયક અને કાયમી માણસો મળતા ન હતા એટલે એ આવા શિખાઉ માણસોને નીચા પગારે રાખી લઈ તેમને કામ શિખવાડીને વધારે પગાર આપી કાયમી ધોરણે રાખી લેતા હતા. એટલે એક શિખાઉ કારીગર તરીકે માસ્તરને નોકરી મળી ગઈ.

બધા રાતની પાળીમાં કામ કરવા આવવા તૈયાર હોતા નહીં પણ માસ્તર ને તો રાતની પાળી માફક આવે તેમ હતી એટલે કારખાનાના માલિકને અને માસ્તરને બેયને એ વાત ફાવી ગઈ. એક જ મહિનાના ટૂંકા ગાળામાં માસ્તર રાતની પાળીનો એક જવાબદાર કારીગર બની ગયો. એ દરમિયાન રાતની પાળીમાં કામ કરતા એક કારીગર સાથે એના ઘરમાં અડધું ભાડું આપવાની શરતે એનું રહેવાનું પણ ગોઠવાઈ ગયું. એ રાતે કામ કરતો અને દિવસે આખો વખત પોતાની ખોલીમાં જ ભરાઈ રહેતો હતો.

એણે ફેક્ટરીમાં પોતાનું નામ અજીતસિંહ રાઠોડ લખાવ્યું હતું. અહીં સુરેન્દ્રનગરમાં જે કોઈ એને ઓળખતા હતા એ લોકો એને અજીતસિંહ રાઠોડ તરીકે જ ઓળખતા હતા. જેમ જેમ દિવસો પસાર થવા લાગ્યા તેમ તેમ મસ્તરનો આત્મવિશ્વાસ વધવા લાગ્યો. જ્યારે એને લાગ્યું કે બધું બરાબર ગોઠવાઈ ગયું હતું ત્યારે જ એક દિવસ એક નાનીશી વાત બની ગઈ.

વાત એમ બનેલી કે એમની બીટનો એક શિક્ષક છોકરાની એક ટૂર લઈને નીકળ્યો હશે ત્યાં એ સુરેન્દ્રનગરમાં માસ્તરને ભેગો થઈ ગયો. માસ્તરે એને જોયો ન હતો, પણ પેલાએ માસ્તરને જોયા ને બોલાવ્યા. માસ્તરને કાને પોતાના નામનો અવાજ અથડાયો અને એના મગજમાં તમરાં બોલી ગયાં હોય એમ લાગ્યું. એણે અવાજ તરફ ઝાઝું ધ્યાન આપ્યા વગર ચાલવાનું ચાલુ રાખ્યું. પેલાએ ફરીથી બૂમ મારી : 'ફતેસંગ સાહેબ, જરા ઊભા રહો, હું મહેન્દ્ર રાવલ બોલું છું.' કહેતાં પેલો માણસ એમની નજીક આવી ગયો. એણે માસ્તરને ખભે હાથ મૂક્યો : 'કેમ છો ફતેસંગ સાહેબ.'

પાછળ ફરતાં માસ્તર કહે : 'કોને મને બોલાવ્યો ! મારું નામ ફતેસંગ નહીં પણ અજીતસિંહ રાઠોડ છે. મારું કશું કામ હતું ?' એણે શક્ય એટલો અવાજ બદલી કહ્યું.

પેલાએ આ બદલાયેલા તેવરવાળા ફતેસંગને જોઈ મૂંઝવણ અનુભવી : 'મારી ભૂલ થઈ હોય એમ લાગે છે. અમારી બીટમાં એક તમારા જેવા જ શિક્ષક હતા : ફતેસંગ માસ્તર. તમને પાછળથી જોયા એટલે હું થાપ ખાઈ ગયો.'

'હું તો ભાઈ માસ્તર થવા જેટલું ભણ્યોય નથી કે કોઈ માસ્તર પણ નથી. હું તો એક આયર્ન ફેક્ટરીમાં લોઢું ગાળવાની ભઠ્ઠી પર મજૂરી કરું છું.' માસ્તરે એવી રીતે કહ્યું કે પેલાને પોતાની ભૂલ થઈ હોવા વિશે શંકા જ ન રહી. એણે શરમાઈને માફી માગતો હોય એમ માથું ધુણાવ્યું અને પોતાનો રસ્તો પકડ્યો. પણ માસ્તર સાવચેત થઈ ગયો. એણે મનથી નક્કી કરી લીધું કે હવે સુરેન્દ્રનગર છોડવું જ જોઈએ.

એણે ઘેર આવીને પોતાની માયા સંકોલવા માંડી. એને બહુ સંકેલવા જેવું હતુંય નહીં. સ્ટવ, તપેલી, ચ્હા મોરસના ડબ્બા ને એક ગરણી, એણે કેટલાંક કપડાં નવાં સિવડાવ્યાં હતાં એટલે એને એકને બદલે બે પેટી કરવી પડી હતી એટલું જ. પછી એ શેરીને નાકે જઈ એક ટેક્સી કરી લાવ્યો અને પોતાનો સામાન ખડકીને ભાવનગર તરફ ભાગ્યો. ભાવનગરમાં પેસતાં જ એક સારી જણાતી હોટેલ પાસે એણે ટેક્સી રોકાવી અને એના ડ્રાયવરને ભાડું આપી છૂટો કર્યો.

ટેક્સી ગઈ એટલે એણે બીજી ટેક્સી માટે ગોઠવણ કરી અને રાજકોટ તરફ ઊપડ્યો. એણે માન્યું કે કદાચ પેલાની વાત પરથી પોલીસ એને શોધતી આવે અને ગમેતેમ કરીને પેલા ટેક્સીવાળાનેય પકડે તોય પોલીસ પોતાને ભાવનગરમાં જ શોધ્યા કરશે. એણે એ ગણતરી કરીને જ પહેલા ટેક્સીવાળાને ભાવનગરનું કહ્યું હતું.

રાજકોટ પહોંચી એણે પોતાનું નામ ફરીવાર બદલી નાખ્યું. અહીં એણે પોતાને રણજિતસિંહ મકવાણા તરીકે ઓળખાવવાનું મનથી નકકી કરી રાખ્યું હતું. લોકો પોતાને એક શેખીખોર બાપુ સમજે એ માટે એણે મનથી કેટલીક તરકીબ વિચારી મૂકી હતી. બીજે જ દિવસે એણે એક હોટેલે ચ્હા પીતાં પોતાની નવી ઓળખ જાહેર કરવા માંડી. પેલો હોટેલવાળો છોકરો એની વાતમાં ઝટ આવી ગયો ને એને પગલે બેચાર દિવસમાં તો એટલામાં રણજિતસિંહ બાપુ જાણીતા થઈ ગયા.

ને રાજકોટ જેવા ધમધમતા શહેરમાં એમને કામ મળવામાંય મુશ્કેલી ન પડી. ને દસેક દિવસમાં તો મહિને ચારસો રૂપિયામાં, એક કુટુંબમાં એમની ખાવાની અને પડી રહેવાની ગોઠવણ પણ એમના કારખાનાવાળાએ કરાવી આપી. એક વખત દાઝયો હતો એટલે એણે હવે દિવસના અજવાળામાં જરૂર વગર બહાર ન નીકળવાનું નકકી કર્યું હતું.

બીજું બધું તો ઠીક પણ એની પેલી શેખીખોર બાપુવાળી કરામત તો બરાબર સાબિત થવા માંડી હતી. એક મહિનામાં તો હડમાનગલીની આસપાસના વિસ્તારમાં કેટલાક એને મજાકમાં તો કેટલાક કોઈ સામાન્યપણે એને બાપુ તરીકે બોલાવતા થઈ ગયા હતા. એમની ફેકટરીમાંય એ બાપુ તરીકે ઓળખાવા માંડ્યા હતા. આમાંના કેટલાકને તો એના નામનીય ખબર ન હતી. પેલો હોટેલવાળા છોકરાને અને બીજા વીશ પચીસ માણસોને આ બાપુનું નામ રણજિતસિંહ મકવાણા છે એની ખબર હતી. વળી ફતેસંગે પ્રયત્નપૂર્વક સૌરાષ્ટ્રની બોલીમાં વાત કરવાની ટેવ પાડી હતી. એ મનમાં વાકય રચના વિચારતો પછી એને સૌરાષ્ટ્રની બોલીમાં મનમાં ચકાસી જોતો અને પછી એવાજ લહેકા સાથે બોલવા પ્રયત્ન કરતો હતો. પકડાઈ ન જવાય એટલે એ કયારેક કહેતો : 'આખી જિંદગી મુંબઈમાં કાઢી એટલે બોલવામાં બધી ભેળસેળ થઈ જાય છે.'

બાપુને સૌરાષ્ટ્રમાં છ મહિના વીતી ગયા. એની છાપ પાકી થઈ ગઈ અને એના ધાર્યા મુજબ એની રહેન સહેન અને બોલી ફતેસંગ માસ્તરથી અલગ પ્રકારનાં થઈ ગયાં છે એની એને ખાતરી થઈ. પછી એને એથલને મળવાના સણકા ઊઠવા માંડ્યા. એથલ તો એને રોજ યાદ આવતી હતી પણ હવે એનામાં હિંમત પણ આવી હતી. બધા મળીને સાત મહિના કરતાં વધુ થઈ ગયા છતાં હજુ પોલીસ તેના સગડ પામી શકી ન હતી એટલે તેને લાગ્યું કે કદાચ પોલીસે થાકીને કેસ ફાઈલ કરી દીધો હશે.

એણે એક તરકીબ વિચારી. દર મહિને એ લોકો જ્યારે પગાર લેવા તાલુકાની ઑફિસમાં જતાં હતાં ત્યારે ત્યાં કામ કરતી એક છોકરી સાથે ઘણી વાતો કરતાં હતાં. આ છોકરી એથલની ખાસ બેનપણી હતી. ફતેસંગને ખાતરી હતી કે જો એને એક કાગળ મોકલવામાં આવે અને એ એથલને હાથોહાથ પહોંચાડવાનું જણાવ્યું હોય તો એ એથલને એ કાગળ પહોંચાડયા સિવાય ન જ રહે.

ને એણે એથલને મળવા બોલાવવા એક કાગળ લખી નાખ્યો. કદાચ પેલી એથલ પર લખેલો પત્ર વાંચે તોય એને એમાં કશું વિચિત્ર ન લાગે એમ એણે એથલને એનાં માશીને મળવા આવવાનું અને ગયા વરસે શિવરાત્રી ઉપર જે બંગલામાં એ રહેલાં એમાં જ ઊતર્યાં છે અને ૧૭મી તારીખને શનિવારે સાંજનાં જ મળી શકશે એવું જણાવ્યું હતું. જો કે ગયે વરસે શિવરાત્રીની રજામાં મઝા કરવા એ અને એથલ બેય પ્રભાસ પાટણની એક હોટેલમાં બે રાત રહી ગયાં હતાં.

આ કાગળ એક કવરમાં બંધ કરી એની ઉપર એથલનું નામ લખી તેને હાથોહાથ આપવાની સૂચના લખી હતી. બીજો એક નાનો પત્ર એણે પેલી કલાર્ક મેરી પર લખ્યો હતો. એમાં એણે લખ્યું હતું કે એને એથલનું અત્યારનું સરનામું ખબર ન હોતું એટલે એથલે પોતાને એક વખત સૂચના આપી હતી એ મુજબ આ તકલીફ આપી હતી. વગેરે. એને એથલનું સરનામું ખબર નહતી એમ નહીં પણ ઉજમે પોલીસને માહિતી આપી હોય અને પોલીસ એથલ પર નજર રાખતી હોય તોય એમને કશો શક ન જાય કે પોતાની ભાળ ન મળે એ માટે એણે આવો ભૂલભુલામણીભર્યો રસ્તો અપનાવ્યો હતો.

ને એની ગણતરી પ્રમાણે એથલ શનિવારે નિશાળ પતાવીને ઘેરથી નીકળે તો નકકી કરેલી જ્યાએ પહોંચે એના કરતાં વહેલા પહોંચી એની રાહ જોવા અને કોઈ એનો પીછો તો નથી કરતું ને એની સંતાઈને તપાસ કરવા એણે નકકી કર્યું હતું.

ગયે વરસે જે હોટેલમાં એ લોકો બે રાત રહ્યાં હતાં એ હોટેલમાં જઈ એણે રણજિતસિંહ મકવાણાના નામે એક રૂમ લીધી અને એઠલની રાહ જોવા લાગ્યો. એણે થયું કે એથલ પણ પોતાને ઓળખી શકે છે કે નહીં એની ચકાસણી કરી હોય તો મોજ આવે. એટલે એ એથલ આવે એ પહેલાં એ એમની ગયા વખતની પસંદગીવાળી જ્યાએ પહોંચી ગયો. એણે જોધપુરી કોટ અને સરવાલ પહેર્યાં હતાં. હાથમાં ચાંદીની મૂઠવાળી લાકડી, આંખે સોનેરી ફ્રેમનાં આછી આસમાની છાંયના કાચવાળાં ચશ્માં, માથે નાના પણ વ્યવસ્થિત વાળ અને અણિયાળી આંકડાવાળી મૂછો. એક હાથમાં સળગતી સીગરેટ.

એની ગણતરી હતી એ મુજબને સમયે જ એથલ આવી. ફતેસંગ માસ્તરે એને આવતી આંખને ખૂણેથી જોઈ લીધી. એથલ જાણે ખાલી લટાર મારતી હોય એમ ચારે તરફ એક ચકકર લગાવી નિરાશ થઈ બેસી ગઈ. એણે કદાચ માન્યું હશે કે ફતેસંગ મોડો પડ્યો હશે. થોડીવારે ફતેસંગ ઊભો થયો અને એથલની પાછળ પહોંચી જઈ કાઠિયાવાડી લહેંકા સાથે બોલ્યો : ‘આવા રમણીય સ્થળે એક રૂપાળી છોરીને એકલી અને ઉદાસ ભાળીને મને એવું દુખ થાય છે કે નો પૂછો વાત. તમારા દુખમાં મનેય થોડો ભાગ આલો તો !’ ને એથલ ગુસ્સો કરીને કશું કહી બેસે તે પહેલાં એણે આગળ કહ્યું: ‘હું હોટેલમાં રૂમ લઉં છું તીયારે કાયમ રણજિતસિંહ મકવાણાને નામે જ રૂમ નોંધાવું છું. બાકી બીજાં લોક મને બાપુ કહે છે.’

ને જે સાંભળ્યું તે માનતી ન હોય એમ એથલ ઘડીભર તો એની સામે તાકી જ રહી પછી ઓળખાણ પડતાં જ ઊઠી ને બીજી જ પળે એનાં બાહુઓમાં સમાઈ ગઈ. એની આંખો વરસી પડી. ‘તું એટલો બધો બદલાઈ ગયો છું કે હું તને ઓળખી જ શકી ન હોત જો તેં હોટેલની ને રણજિતસિંહ મકવાણાની વાત ન કરી હોત તો.’

‘હજુય ન માનતી હો તો ચાલ હું તને મારો રૂમ બતાવું.’ કહેતાં એણે એથલને હોટેલ તરફ દોરી.

અનુક્રમ Þ

## ૨૦-કિરણ ઝળકયો

કિરણ અને છાયાની હાઈસ્કૂલ ચાલુ થઈ ગઈ હતી એટલે લગ્ન પછી પાંચમે દિવસે જ બેય સૂરત ચાલ્યાં ગયાં હતાં. જતી વખતે રેવા ભાભીએ કિરણને ટકોર કરી હતી : ‘તમને બેને ત્યાં એકલું લાગતું હોય તો ગીતાબેનને કહું એ સાથે

આવશે. એમનેય હવે તો ઘર સાચવવાવાળી વહુ આવી ગઈ છે એટલે વાંધો નહીં આવે. ને તમારેય ગરમ ખાવાનું મળશે ને ઉપર જમાદારનો પહેરો.'

'એય સમજી ગયાં છે કે અમારે એમના જેવાં જમાદારની હવે જરૂર નથી. બાકી તમારે કોઈ દિવસ આવવું હોય અને ત્યાં રહેવું હોય તોય રોજ સાંજે તમારા હાથનું ગરમ ખાવાનું અમને ભાવશે.' કિરણે કહ્યું હતું.

'એ તો મને ખબર જ છે, સ્વાર્થ વગર તમે કોઈ ભાભીનો ભાવ પૂછો એવાં નથી. પણ હું ત્યાં આવીશ તો કાંઈ તમારું ખાવા કરવા નહીં આવું. હું તો બેસીશ તૈયાર પાટલે. મારેય મારી દેરાણીના હાથનું રાંધેલું ખાવાના ઓરતા હોય કે નહીં!

'તો તમારે માટે બારણાં કાયમ ખૂલ્લાં છે જો તમને અર્ધા દિવસ બ્રેડ બટર ખાઈને ચલાવી લેવામાં વાંધો ન હોય તો. બેવડો પગાર ખાવામાં તો રોજ અવનવું ખાવાના અમારા ભસ્કા આપોઆપ ઓછા થઈ ગયા છે.'

'પણ પેલી નોટોની થોકડીઓ આવશે ત્યારે ગણીને ઘડી કરીને ઓશિકા નીચે મૂકી દેશો, ત્યારે ઓછા કોઈ ભાભીને સંભાળવાના હતા!'

'એ થોકડીઓ તો આવતાં આવશે પણ તમારે કેટલા જોઈએ છીએ એ બોલો ને! પછી એમ ના કહેતાં કે તારા ભાઈ ના પાડે છે.'

'ને પૂછવું હોય તો મોટા ભાઈ બહાર જ બેઠા છે, પહેલાં જ પૂછી લો. એટલે પછી તમારે કશો વાંધો ના આવે.' હવે છાયા પણ કિરણ સાથે જોડાઈ.

પણ રેવાનેય એમના પૈસા ક્યાં જોઈતા હતા! એ તો ખાલી દિયર ભોજાઈનાં ટીખળ. એ કહે : 'મારે તો તમે છો એ લાખ મળ્યા બરાબર છે. મારે પૈસા શું કરવા છે?'

'એ તો અમને પહેલેથી જ ખબર હતી પણ હવે એક વાત નકકી કે અમે કશું મોકલીએ ને જો તમે પાછું કાઢ્યું છે તો અમારું આવવાનું બંધ, સમજ્યાં ને.'

ને રેવાએ શો જવાબ આપ્યો એ તો ખબર નથી પણ બધાં ખુશી આનંદથી ગળે મળીને છૂટાં પડ્યાં હતાં. સૂરત જઈ પેલાં બે કામ પર લાગી ગયાં હતાં. એમના દોસ્તો અને સહકર્મચારીઓની પાર્ટીઓ મહિનો માસ ચાલતી રહી હતી.

બે મહિના પછી ત્રણ રજાઓ ભેગી આવતી હતી તે કિરણ અને છાયા ગામમાં ભાની તબિયતના ખબર કાઢવા આવ્યાં. ભા ઘરમાં હિંચકે સૂનમૂન બેઠેલા હતા. કિરણ કહે : 'કેમ દાજી, ઘેર બેઠા છો! બહાર ચોરે બેસતા હો તો બધા મળે પણ ખરા.'

પણ ભાના મનમાં હવે ચોરે બેસવાનો ઉમળકો જ રહ્યો ન હતો ને. એમને એમ જ લાગતું હતું કે પોતાની પાટ ગઈ એમાં લોકોને પોતાનો જ દોષ દેખાય છે. બધા વાતવાતમાં એમને ટોણાં મારતા હોય એમ એમને લાગતું હતું. એ કહે : 'બહાર જવાનું મન જ નથી થતું ને.'

કિરણ એમના મનની સ્થિતિ પામી ગયો. બપોરે એણે રિક્ષા બોલાવી ને એ અને છાયા મનોર મોટાને મળવા પરમેસરિયે ઊપડ્યાં. બેય જણાં સંભારીને મોટાને મળવા ગયાં એ ભાને ગમ્યું. એમને થયું કે કિરણ ભણવાની સાથે વહેવાર પણ શિખ્યો છે એ આનંદની વાત છે.

એમને સાથે આવેલાં જોઈ મોટા કહે : 'ઘરડાં, કંસાર કરજો વરઘોડિયું આવ્યું છે.'

'બાપુ, હવે વરઘોડિયું શાનું! એ વાત તો જૂની થઈ ગઈ.'

'અમારે મન તો તમે સાથે આવો એટલે વરઘોડિયું જ. કહો, બેય જણ મજામાં તો છો ને. ખાવા પીવાની અગવડ પડતી હશે ગીતાબેન વગર.'

'એ ઓછાં કાયમ સાથે રહેવાનાં હતાં! બા અને દાજીને સાથે લઈ જવાનું મન થાય છે, પણ દાજી આવે નહીં. મને લાગે છે કે દાજીનું અહીં પણ કશામાં મન લાગતું નથી. એ ઘરની બહાર નીકળતા હોય એમ લાગતું નથી. એમને પાટ ગયાનો ઘણો ગમ છે. આપણે એમને પાટ પાછી અપાવી દઈએ તો એમનું મન ઠેકાણે આવી જશે એમ લાગે છે.' કિરણે કહ્યું.

'મેંય એમ વિચાર્યું હતું ને વજેસંગેય બાપડો પગે પડે છે કે તમારી પાટ પાછી લઈ લો. એતો બાપડો સામે પૈસોય લેવાની ના કહે છે. કહે છે કે પહેલાં જેમ ભાગે ખેડતો હતો એમ ખેડીશ જો ભા આપશે તો. પણ ભાના મનમાં શું છે એની સમજણ પડતી નથી. એ કહે છે કે સરકારે એને પાટ અપાવી છે તે મારાથી પાછી કેમ લેવાય! એનો દોષ મારે હૈયે વસ્યો નથી ને મારે એને રઝળતો કરવો નથી. એ ભલે પાટની ઊપજ ખાય.'

'બેયનું મન રહે એવો એક ઉપાય મને સૂજે છે. આપણે પાટ બજાર કિંમતે એની પાસેથી વેચાતી લઈએ. એના પૈસાને પોસ્ટમાં મૂકીને એનું વ્યાજ દર મહિને એને મળ્યા કરે એમ ગોઠવીએ એટલે એ રઝળતોય ના રહે ને દાજીને પાટ ગયાનું દુખેય ના રહે.'

'બજાર કિંમતે પાટ લેવાની બહુ મોઘી પડે.' મોટાએ વિચારતાં કહ્યું.

'કેટલી મોઘી પડે!'

'ત્રીશથી ચાળીશ હજાર તો આજની પીઠે એના ગણાય.'

'ત્રીશ નહીં ચાલીશ હજાર. આપણે એને ઓછા આપવા નથી. તમે એમ ગોઠવી કાઢો, જોઈએ તો વકીલની સલાહ લો પણ પંદર દિવસમાં ઊંચું મૂકો. હું તમે કહો એટલે તરત પૈસા મોકલી આપું.'

'કેટલા! ચાલીસેય હજાર.'

'હા, તમે કહો એટલા. દાજીને ફરીથી ચોરે બેસવાનું દિલ થાય એવું કરવું છે આપણે.' કિરણે કહ્યું. મોટા આ છોકરા સામે તાકી જ રહ્યા. ત્યાં છાયા રસોડામાંથી બહાર આવી.

'જો તમારી વાતો પતી ગઈ હોય તો બાએ બેય વરઘોડિયાં માટે કંસાર કર્યો છે ને જમવા બોલાવે છે.' એણે કહ્યું.

'અલ્યા, તમારું વરઘોડિયું કહેવાય, અમે તો હવે ખર્યું પાન કહેવાઈએ.'

'તોય વરઘોડિયું તો ખરું જ ને!' છાયાએ કહ્યું.

'તમેય શું આ ભણેલાંની હાર્યે જીભાજોડી કરતા હશો, એવાંયે આપણને નહીં પહોંચવા દે.' જમનાંમાએ મોટાને ટોકયા.

'ને આ તો પાછાં એકલાં ભણેલાં નથી ભેગાં ગણેલાંય છે. લાગે છે કે કાલે સવારે પટલાઈ કરવી પડે તો કિરણ અમારાથીય ચઢી જાય એવો છે.'

'હવે તમારી પટલાઈમાં રહ્યુંય શું છે કે એ એમાં પડે! એની બેસઊઠ એને લાયકનાં માણસોમાં હોય.' જમનાંમાએ સત્ય સમજાવ્યું.

'જો કિરણ તારાં માએ તારી કિંમત કરી ને અમારી કિંમત કોડીની કરી નાખી.' મોટાએ હસતાં વાતને સ્વીકારી લીધી.

જમીને બેય જવા ઊઠ્યાં ત્યારેય કિરણ મોટાને ટકોર કરવાનું ના ભૂલ્યો : 'બાપુ મેં કહ્યું એ વહેલી તકે પતી જાય એમ કરજો.'

'તું તારી તેવડમાં રહેજે, પંદર દિવસમાં કામ પતી જશે.'

'તો મારીય તેવડ આજેય છે જ, તમારી ઉતાવળે ઉતાવળ.' કિરણે કહ્યું ને રિક્ષા ઊપડી.

મોટાએ એક વખત કામ હાથમાં લીધું અટલે એનો ફેંસલો આવ્યા વગર રહે જ કેમ! એમણે પહેલાં તો ભાને સમજાવ્યા. એમના મનમાંથી જમીન પાછી પડાવી લેવાનો જે વહેમ હતો એ કાઢવાનો હતો. મોટાએ એમને સમજાવ્યું કે એને એની જમીનની બજાર કિંમત આપીને જો જમીન લીધી હોય તો એ પડાવી લીધી એમ તો કોઈ ના કહી શકે.

પછી વજેસંગને સમજાવવા ગયા. એ તો કહે : 'ભાની પાટ હતી ને ભાને પાછી આપવી છે, એમાં મારે એક પૈસોય શાનો લેવાનો?' મોટાએ મહા મહેનતે એને સમજાવ્યો કે ભાએ એને ઘડપણના સહારા માટે એ પાટ ખેડવા આપી હતી. વચમાં પેલા બે અવળચંડા જણ પેસી ગયા તે બધી મજા બગાડી નાખી. હવે પાટ એને નામે થઈ છે તો ભલે થઈ. એને એ પાછી આપવી હોય તો પટેલને એ પાછી લેવામાંય વાંધો નથી. પણ કાયદાની રૂએ પટેલ એના પૈસા આપે એ એને હાથમાંય ના લેવા હોય તો એનોય ઉપાય કરીએ.

પછી કિરણના કહ્યા પ્રમાણે એમણે તોડ પાડ્યો. વજેસંગે એ પૈસા ના લેવા હોય તો ગામના પાંચ માણસ ભેગા થઈને એ પૈસા લે અને પોસ્ટમાં મૂકે. એના વ્યાજના જે આવે એ દર મહિને એ પંચવાળા વજેસંગને જીવાઈના ગણીને પહોંચતા કરે. કાલે સવારે વજેસંગ ના હોય ત્યારે એની દીકરી ઉજમને એ પૈસા પહોંચાડે. ને બેય જ્યારે મરી જાય ત્યારે એ પૈસા વાપરીને ગામમાં વજેસંગને નામે ચબૂતરી ને પરબ બંધાવે.

વજેસંગ તો કહેતો રહ્યો કે એમાં નામ એનું ના હોય નામ તો ગામધણીનું જ શોભે. ભાનું નામ લખવાનું હોય તો એને કોઈ વાતે વાંધો ન હતો. એ ઘણીય નાના કરતો રહ્યો પણ મોટાએ એને સમ દઈને પાછો પાડ્યો. છેવટે એને માનવું પડ્યું.

નક્કી કરેલે દિવસે કિરણ પૈસા લઈને ગામમાં આવ્યો ને કુબેર પટેલ અને મોટાએ ઠરાવેલા પંચને નામે ગામની ટપાલની કચેરીમાં મૂકી દીધા. જમીનને નવી શરતોમાંથી જૂની શરતોમાં ફેરવવા માટે મહેસૂલના જરૂરી પટ ભરવાની અને દસ્તાવે જ કરવાની વિધિ સુમન વકીલે કરી આપી.

ગામમાં કેટલાકને આ લેવડદેવડમાં સમજણ ના પડી. મોટાએ એમને સમજાવ્યું કે વજેસંગ જીવે ત્યાં સુધી સુખે રહે ને એના પછી એ પૈસા ગામમાં સારા કામમાં વપરાય. કિરણ કહે છે કે એ વજેસંગને નામે વપરાય કે ભાને નામે એમાં કશો ફેર નથી પડતો. છેવટે ભગવાનને ચોપડે તો જે સાચું હશે એ જ ચઢવાનું છે ને! ને ભાએ એક વખત વજેસંગનો હાથ પકડ્યો હતો તે પેલા બે જણાએ અવળચંડાઈ કરી એટલે છોડી દે એય ભા માટે સારું નહીં. હવે ઘીના ઠામમાં ઘી પડી રહ્યું, પછી જેને જે માનવું હોય એ માને.

કિરણના આ ઉકેલ સામે ગામલોકોય મ્હોંમાં આંગળાં નાખી ગયા. એમણે કબૂલ કર્યું કે એ છોકરે ભણતર દીપાવ્યું ને ઘરને ઉજળું દેખાડ્યું. બીજા તો બીજા પણ મનોર મોટાય એની આ હૈયા ઉકલત પર વારી ગયા ને.

એક અઠવાડિયા પછી કિરણ પાછો ગામમાં આવ્યો ત્યારે ભા પાટ ઉપર ગયા હતા. કિરણને થયું કે અત્યારે પાટમાં કશું વાવેલું નથી ત્યારે ખરા બપોરે એ પાટમાં શું કરતા હશે! એણે પણ પાટ તરફ ચાલવા માંડ્યું. ગામને ચોરે બેઠેલા બીજા બેચાર જણાય એની સાથે જોડાયા. એમનેય થયું હશે કે ડોસાનું પાછું છટકી તો નથી ગયું ને. અત્યારે પાટમાં જઈને એ શું કરતા હશે!

પણ પાટમાં જઈને જુએ છે તો મોટા એકલા ન હતા. વજેસંગ, બેચર, અને ગામના બીજા પણ બેત્રણ ઠાકરડા બેઠા હતા. ભા વજેસંગવાળા છાપરાની રવેશીમાં ખાટલીમાં બેઠા હતા ને બધા ચારે બાજુ જમીન પર ગોઠવાયા હતા. ને વાતોના તડાકા ચાલતા હતા.

એક જણ કહે : 'ભા ભાઈએ તો જબરો તોડ કાઢ્યો, હોં. વજેસંગનું ઘડપણ સુધરી ગયું. એને હવે ગામમાં આવતાં પગ પાછો નહીં પડે.'

'એનો તો કશો વાંક જ કંઈ હતો! પેલા બેયે આ કાવતરું કરેલું, વજેસંગ તો બાપડો આઠ દસ મહિનાની પાગલખાનાની હવા ખાઈ આવ્યો.' ભાએ કહ્યું.

'કોઈ એને પૂછો તો ખરા કે ત્યાં કેવી મજા પડતી હતી, પાગલખાનામાં!' બેચરે મમરો મૂકી આપ્યો.

'મજા તો જેણે ચાખી હોય એને ખબર પડે. પણ જો હું ત્યાં મહિનો જ વધારે રહ્યો હોત તો સાચેસાચો પાગલ થઈ જાત. દાકતર અને નર્સો બધાંય ફૂટી ગયેલાં. જો સ્હેજ સામા થવા જઈએ તો પટાથી ખાટલા હાર્યે એવા તો તંણી બાંધે કે પડખુંય ના ફેરવાય. મને મનમાં થઈ ગયેલું કે એ દોઝખમાંથી જીવતેજીવ બહાર નહીં જ નીકળાય.' વજેસંગે આપવીતી કહી. ત્યાં કોઈએ કિરણને ને બીજા બેચાર જણાને દૂરથી આવતા જોયા.

'ભા, ભાઈ આવ્યા. તમે અમારી હાર્યે વાતોમાં રહ્યા ને ભાઈને ખરા બપોરે અહીં સુધી દોડાવ્યા.'

'તે આવ્યો એમાં શું થઈ ગયું? એને પ્રતાપે તો આજે આપણે બધાને મન કરીને ભેગા બેસવાપણું રહ્યું છે. એ મને મળવા નહીં આવ્યો હોય, વજેસંગને મળવા આવ્યો હશે. એણે મને કહેલું કે વજેસંગને છાપરું ખાલી ના કરાવશો. જીવે ત્યાં સુધી ભલે એ જીવ એમાં રહેતો. ગામમાં એમનું ઘર તો હવે રહ્યું નથી.'

ત્યાં કિરણ આવી પહોંચ્યો. બધાને બેઠેલા જોઈ એ વિચારમાં પડી ગયો. 'મને એમ કે આવા ખરા બપોરે ખાલી ખેતરમાં દાજી શું કરતા હશે.પણ અહીં તો મંડળી જામી પડી છે ને!'

'ભાઈ ભાને ઘરની બહાર નીકળવાનું અણગમતું થઈ ગયું હતું ને અમારો પગ ઊપડતો ન હતો તમારે ત્યાં આવવામાં. હવે તમે એનો ઊકેલ કાઢ્યો તે અમને જન્મારાની બાકી રહી ગયેલી વાતો ઉખેડવાની તક મલી છે.'

'આપણામાં કહેવત હતી કે ઘૈડિયાં ગાડાં વાળે એને બદલે એમ કહેવું પડશે કે ભણેલા ગાડાં વાળે.' બીજાએ મમરો મૂક્યો ને બધા હસી પડ્યા.

'એ ઊકેલ તો દાજી અને મોટાએ કાઢ્યો. મેં અને મોટાભાઈએ તો પૈસાની ગોઠવણ કરી. પણ બધાને સંતોષ થયો એ અગત્યની વાત છે.' કિરણે કહ્યું. કિરણે મોટાભાઈને પણ પોતાના જશમાં ભાગીદાર બનાવ્યા.

'ભઈ હવે મને આજે મોત આવે તોય રૂડું લાગશે. મેં પટલાઈ કોને કહેવાય એય જોઈ લીધું અને એમની દિલેરી પણ જોઈ લીધી. પણ તમારી એક વાત મને ના ગમી. હું કે ઉજમ ના હોઈએ તારે એ પૈસાની ચબૂતરી ને પરબ બંધાય એય હાચું પણ એમાં નામ તો ભા જેવા ગામધણીનું શોભે ને ખરું પૂછો તો હક પણ એમનો જ થાય. પણ મોટાએ મને આકરા સોગન દીધા એટલે મારું કશું ચાલ્યું નહીં પણ તમે એનો ફેર વિચાર કરજો.' વજેસંગે પેલી વાત પાછી ઉખેડી.

'જુઓ, તમે ઉપરવાળા ભગવાનમાં તો માનો છો ને. એ ચબૂતરી ઉપર તમારું નામ લખાય કે દાજીનું લખાય કે વખત છે ને કાળા ચોરનું લખાય પણ ભગવાનને ચોપડે તો જેનો હક પહોંચતો હોય એના ખાતામાં જ એનું પૂન્ય જમા થવાનું છે. પણ મારું મન કહે છે કે એમાં તમારો હક વધુ પહોંચે છે. કારણ કે તમે એ પાટ લેવા માટે કોઈ કપટ કર્યું નથી.'

બધા કિરણની વાત પર વારી ગયા. પણ બેચરે ડોકું ધુણાવ્યું : 'એમ નહીં ભઈ, વજેસંગે કશું કપટ કર્યું હોય કે નહીં પણ ભગવાનને ચોપડે જોઈએ તો એ પાટ પર એનો જરાય હક પહોંચતો ન હતો એટલે એ પાટના પૈસા પર પણ એનો હક ના પહોંચે. ઊલટો એ પાંચ દહ વરહ એ પૈસાના વ્યાજ ઉપર જીવી જાય એય વધારે પડતું અમને તો લાગે છે.'

'જુઓ અમે નોકરી કરીએ છીએ પછી ઘરડા થઈને નિવૃત્ત થઈએ ત્યારે અમને સરકાર પેન્શન આપે છે, એમ વજેસંગે આમારાં ખેતરોમાં ઘણું કામ કર્યું છે. હવે દાજી એમને પેન્શન બાંધી આપે મહિને ચારસો રૂપિયાનું તો એ બરાબર કહેવાય ને. પછી રહી ચબૂતરીની વાત, એમાં તો ભગવાન ઉપર જોતો બેઠો જ છે. એનો હિસાબ તો ચોખ્ખો ને ચટ છે.'

'હું હમણાં ઘડી પહેલાં જ કહેતો હતો કે હવે ઘૈડિયાં ગાડાં વાળે એ કહેવત બદલીને ભણેલાં ગાડાં વાળે એમ પાડવી જોઈએ.'

'એમાં ગાડાં વાળવાનો સવાલ જ નથી. તમારે વજેસંગભાઈ હવે કશું મનમાં રાખ્યા સિવાય સુખે ભગવાનનું ભજન કરો. દાજી કોઈ જુવાનિયાને રાખીને પાટમાં ખેતી કરાવશે.'

'તો તો હું ભગવાને ત્યાં શું મોંઢું બતાવું! જુઓ ભાએ મને જીવાઈ બાંધી આપી એ લઈને બેસી રહું તો મારું તો મોત પણ બગડે. તમે કહેનારા કહી રહ્યા જ્યાં સુધી મારા કે ઉજમના હાથપગ ચાલશે ત્યાં સુધી અમે આ ચાર શેઢાની વચ્ચે અમારાથી થાય એ મહેનત કરીશું ને ખૂટતી મજૂરી ભા બહારથી કરાવી લેશે પણ હવે આ ખેતરમાં ત્રીજાનો પગપેસારો નહીં થવા દઈએ. ભાને માથે શી વીતી છે એની તો આખા ગામને ખબર છે. કાલે કોક બીજાની નજર લાગી જાય આ પાટને એવું તો મારા જીવતાં નહીં થવા દઉં.'

'ઠીક તમને યોગ્ય લાગે એમ કરજો. ચાલો દાજી તમારે ઘેર આવવું છે કે હજુ વાતો કરવાની બાકી છે!' કિરણે પછ્યું.

'તું છેક સૂરતથી આવ્યો છે તે હવે બે ઘડી તારી સાથે વાત કરીશ. અમારે તો આખો જન્મારો પડ્યો છે વાતો કરવાનો.' કહેતાં ભા બધાને રામરામ કરીને કિરણ સાથે ગામ ભણી ચાલવા માંડ્યા.

'આ છોકરો તો એના બાપનેય ચઢી જાય એવો છે.' બધા ગયા એટલે કોઈક બોલ્યું.

'વજેસંગ, તું કશી ફકર ના કરતો. વાવણી કાપણીમાં અમેય તારી હાર્યે આવીશું. ભાએ જે કર્યું છે એમ આપણેય કરી બતાવવું છે. બેચાર દા'ડા વધારાનું કામ કરીશું તો ઘસાઈ નહીં જઈએ. પણ આવા માણસનું કામ કરવામાંય પુણ્ય મલે એવું છે. ને એમણેય આજ સુધી આપણી નાતમાં કોઈનાંય લગનમાં મદદ ના કરી હોય એવું બન્યું છે! એમને લીધે તો કંઈકનાં ઘર ઉઘાડાં રહ્યાં છે.'

પાછો ચલમમાં દેવતા ભરાયો ને પાછી વાતો ચાલી. નવરાશની આ પળોમાં બધા વજેસંગ અને ભાની આ રખતરખાની વાતો જ કરતા રહ્યા. એમની વાતોમાં જેટલો આનંદ હતો અટલો જ ઉત્સાહ વજેસંગ અને ભાને માટે કશું કરી છૂટવામાં જણાતો હતો. ત્યાં જ ગામમાંથી ઉજમ આવી અને બધાને માટે ચ્હા મૂકવામાં પરોવાઈ.

ઉજમ કહે : 'ભાને ઘેર ગઈ હતી તો ખબર પડી કે એ આ બાજુ આવ્યા છે. બા કહે બધા ડાયરો જમાવીને બેઠા હશે તે થોડું દૂધ લેતી જા તે બધાને ચ્હા પાજે.'

'આપણે ભાની ને ભાઈની વાત કરતા હતા પણ આ ઘરમાં તો બધાંય સરખાં છે.' બીજાએ જાણે બધાના વતી કહ્યું.

'એવું હોય ત્યાં જ ભગવાન વરસે છે ને.' બીજાએ કહ્યું.

ઘેર પહોંચી ભાએ જોયું તો છાયા પણ આવી હતી. હજુ થોડા દિવસો પહેલાં જ બેય આવ્યાં હતાં એટલે કિરણ એકલો જ આવ્યો હશે એમ માનતા ભાને આશ્ચર્ય થયું : 'અલ્યા બેય જણ આવ્યાં છે એમ તો તેં મને જાણાવ્યું ન હતું.' એ બોલી ઊઠ્યા.

'કેમ છાયા મારી સાથે આવી એ તમને ના ગમ્યું ?' કિરણે મલકાતાં પૂછ્યું.

'તું પાછો માર ખાનારો થયો છું. મને ખેતરમાં કહેતો હતો કે મારે ઘેર આવવું છે કે બધા સાથે વાતો કરવી છે તે તારે મને ખોટો દેખાડવો હતો!'

'એમાં ખોટા દેખાડવાની વાત કયાં આવી!'

‘કેમ નહીં! છાયા આવી હોય ને હું ખેતરમાં બેસી પેલા લોકો સાથે ગપ્પાં મારું એ કેવું લાગે!’

‘બધું સરખું જ છે ને. ઘેર આવીનેય તમે છાયા સાથે ક્યાં વાત કરો છો? તમે તો બહાર હીંચકે બેસી રહો છો.’

‘તું અહીંથી બહાર નીકળ નહીં તો... ને છાયા તમને ખબર છે એને મેં આ ઘરમાંથી બહાર કાઢી મૂક્યો હતો ત્યારે એ બારણા પાછળ ઊભો ઊભો રડતો હતો. તે વળી એમણે દયા ખાઈને મારાથી છાના એને ઘરમાંથી અઢીસો રૂપિયા કાઢી આપેલા. ભૂલી ગયો એ દિવસ!’

‘એય નથી ભૂલ્યો ને બાના એ પૈસામાંથી એક પૈસોય મેં વાપર્યો નથી કે બાને પાછો આપ્યોય નથી. મારી પાસે એ શુકનિયાળ રૂપિયા હજુ પડ્યા છે. ને એ તો હું વાપરવાનોય નથી કે પાછા આપવાનોય નથી.’

‘પણ દાજી તમે એમને ઘેરથી કાઢી મૂક્યા એ બહુ સારું કરેલું.’ છાયા પણ ચાલતે ગાડે ચઢી બેઠી.

‘કેમ?’ કેસરબાથી બોલ્યા સિવાય ના રહેવાયું.

‘નહીં તો હું આ ઘરમાં ક્યાંથી આવી હોત!’ છાયાએ હસતાં કહ્યું ને ભા પણ હસી પડ્યા. કેસરબા પણ એમાં જોડાયાં.

‘એને કાઢી ના મૂક્યો હોત તો એ આગળ ભણ્યોય ના હોત ને! ને તમે એને ક્યાંથી પરણ્યાં હોત! ને મારી પાટ મને પાછી મળીય ના હોત.’

‘દાજી, એ વાત શું કરવા સંભાળો છો! એમાં શી મોટી વાત હતી! કમાયો હતો તે ખર્ચ્યા. બાકી ના હોત તો ક્યાંથી લવવાનો હતો?’

‘તે હુંય એ જ કહું છું કે તું કમાયો ને ભણ્યો એમાં છાયાનો મોટો હાથ છે. એમણે તને આશરો ના આપ્યો હોત તો તું કદાચ ખોટે રવાડેય ચઢી ગયો હોત.’

‘એટલે તો હું રોજ સવારે એની પાટલે બેસાડીને પૂજા કરું છું.’

‘તું હવે તો બહાર નીકળ નહીં તો મારે તને ફરીથી પાછો ઘરની બહાર કાઢી મૂકવો પડશે.’

‘તે હવે તમે એને શું બહાર કાઢી મૂકવાના હતા! એ ગામની બહાર બંગલો બનાવીને એમાં નહીં રહે તે તમારા આ અંધારિયા ઘરમાં રહેશે.’

‘લાગે છે કે તમારે એને જુદો રહેવા કાઢવો છે ને તમેય એની સાથે રહેવા જવાનું નકકી કર્યું છે. તમે એને અત્યારથી ચઢાવી ના મારશો.’

‘અમારી યોજના એવી હતી કે સૂરતમાં સોસાયટીમાં એક મકાન લઈને તમને બેયને અમારી સાથે રહેવા લઈ જવાં પણ અમારું હજુ કશું નકકી નથી એટલે શું થાય?’

'શાનું નકકી નથી!'

'બનતાં સુધી અમારે દીવાળી પછી વિલાયત જવાનું થવાનું છે. જો અમે જતાં રહીએ તો પછી તમારાં એકલાંથી સૂરતમાં રહેવાનું ફાવે નહીં.'

'ને અમારે સૂરત રહેવા આવવું પણ નથી. તે તમારે બેયને વિલાયત જવાનું થવાનું છે? કેટલું રહેવાનું છે ત્યાં!' કેસરબાએ આવી ઊડતી વાત સાંભળી હતી પણ કિરણને મોંઢે આજે પહેલી વખત સાંભળ્યું.

'આમ તો એક વરસ માટે જવાનું છે પણ અમને અને ત્યાંની સરકારને બેયને માફક આવે તો બેત્રણ વરસ બીજાંય રહી પડીએ.' કિરણે કહ્યું.

'ના એટલું બધું નહીં રહેવું આપડે. એક વરહમાં પાછાં આવી જવાનું. અમે હવે કેટલું જીવવાનાં!'

'તમને હવે કશું થવાનું નથી. સુખે ખાઈ પીને ભગવાનનું નામ લો. બેત્રણ વરસ તો આમ વીતી જશે.'

તે દિવસે તો વાત આટલેથી જ અટકી પણ બીજે દિવસે મોટાએ જાણી ને ત્રીજે દિવસે વાત બેય ગામમાં ફેલાઈ ગઈ કે ભાનો કિરણ અને એની વહુ બેય જણાં બેત્રણ વરસ માટે વિલાયત રહેવા જવાનાં હતાં ને ત્યાં ધોળિયાનાં છોકરાંને ભણાવવાનાં હતાં. પછી તો જે નહોતાં જાણતાં એય કિરણના ખબર પૂછવા આવવા માંડ્યાં.

અનુક્રમ Þ

## ૨૧ ફતેસંગની શી વલે થઈ!

ફતેસંગ અને એથલ મળ્યાં એટલે બેયને એમ લાગવા માંડ્યું હતું કે એમનાં બધાં દુખોનો જાણે અંત આવી ગયો હતો. એ બેય આખી દુનિયાને વિસરીને બે દિવસ સુધી રંગમસ્તીમાં ડૂબેલાં જ રહ્યાં હતાં. બેય રૂમની બહાર નીકળ્યાં હોય તો ફક્ત બે ત્રણ વખત ખાવા માટે જ. એમણે એમના પ્રેમાલાપની વચ્ચે થોડો સમય કાઢીને જો કાંઈ વિચાર્યું હોય તો તે, હવે પછીના તેમના પગલા વિશે જ હતું.

પરદેશ ભાગી જવાય તો જ પોલીસના સકંજામાંથી બચી શકાય તેમ હતું એ વાત તો બન્નેયે સ્વીકારી લીધી જ હતી. હવે જ્યાં સુધી પરદેશ જવા જેટલા પૈસા ભેગા ન થાય અને ફતેસંગના પાસપોર્ટની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી બન્નેયે મળવાનું બંધ રાખવું એવું એમણે નકકી કર્યું હતું. એથલ પાસે તો પોતાની ટિકિટ જેટલા પૈસા બેત્રણ મહિના પછી થઈ જાય તેમ હતા પણ મુખ્ય સવાલ હતો ફતેસંગનો પાસપોર્ટ બનાવરાવવાનો. એક તો એને ભળતા જ નામે પાસપોર્ટ બનાવરાવવો હતો અને એ નામ નીચે એની કશી પાકી કહેવાય એવી ઓળખ ન હતી. ન તો એની પાસે જન્મનો દાખલો હતો કે ન તો એને નામે કોઈ એવી મિલકત હતી કે જેના પરથી કોઈને એની ઓળખ માટે કહેવું હોય તો તે કહી શકે.

પણ દેશમાં કેટલીક એવી ટોળકીઓ કામ કરતી હોય છે કે જે તમે કહો તે નામનો પાસપોર્ટ કઢાવી આપતી હોય છે. ફતેસંગને આની વાત મળી હતી પણ એની પાસે એની કોઈ ચોકકસ માહિતી ન હતી. પણ એ જે ટોળામાં ફરતો હતો એમાં આવી માહિતીવાળા ઘણા હતા એટલે ફતેસંગને આ અંગેની માહિતી મળતાં બહુ વાર ન લાગી.

એક હજાર રૂપિયા અને પાસપોર્ટ બનાવવા માટેની જે કાયદેસરની ફી હોય તે આપતાં તે કહે તે બનાવટી નામનો સાચો પાસપોર્ટ બનાવી આપવા એ ટોળકી તૈયાર હતી. ફતેસંગે ઘણી મહેનત કરીને પોતાનો જે બાહ્ય દેખાવ બદલ્યો હતો

એ ફોટા સાથેનો અને એના અત્યારના નામનો પાસપોર્ટ જો એને મળી જાય તો પછી તેને ઓળખનાર કોઈ ન હતું એમ તે માનતો હતો. ને હવે તો એ માટેના ખર્ચ જેટલી રકમ એની પાસે એકઠી પણ થઈ ગઈ હતી. પછી એ કામમાં એ ઢીલ કરે ખરો! એણે પોતાનું નવું નામ અજીત રાઠોડને બદલે રણજીત મકવાણા રાખ્યું હતું ભાવનગરમાં બધા તેને બડાઈખોર બાપુ અથવા રણજીત મકવાણાના નામથી જ જાણતા હતા એટલે એ નામ, અને ફોટાની પાંચ નકલો જ ફક્ત આપવાની હતી. પછી બાકીની વિધિ પેલા લોકો કરી લેવાના હતા.

ફતેસંગે પોતાના નવા દોસ્તોમાંથી એકને વચમાં રાખીને પાસપોર્ટ બનાવવા માટે પેલા લોકોને કામ સોંપી દીધું. પાસપોર્ટ ત્રણ મહિના પછી બની જશે એમ એ લોકોએ એને બાંહેધરી આપી હતી એટલે તે દરમિયાન એણે સિંગાપોર અને દુબઈના વિઝા માટે ખટપટ શરૂ કરી દીધી. વીઝા મળશે ત્યાં સુધીમાં એની પાસે ટિકીટ અને અન્ય ખર્ચા જોગા પૈસા પણ ભેગા થઈ ગયા હશે એમ તેની ગણતરી હતી.

એણે એથલને બધી વિગત જણાવી હતી અને તેને પણ પાસપોર્ટ અને વીઝા માટે કારવાઈ શરૂ કરી દેવા જણાવ્યું હતું. એથલને તો પાસપોર્ટ બનાવવામાં કશી અગવડ પડે તેમ ન હતું. વળી તેને શાળામાં ઉનાળાની રજાઓ પણ ચાર મહિના પછી પડતી હતી એટલે એ સરકારી કર્મચારી હતી અને રજાઓમાં પરદેશ ફરવા માટે જતી હતી એ બહાનું પણ ચાલી જાય તેવું હતું.

પાસપોર્ટ વગર કોઈ દેશના વીઝા મળી શકે એમ ન હતા એટલી જાણકારી મળી એટલે ફતેસંગ પાછો ઠંડો પડ્યો. એણે પાછું નોકરીમાં મન પરોવ્યું. કદાચ એને વીઝા મળ્યા હોત તોય એની પાસે ટિકીટના અને હાથખર્ચીના મળીને દશેક હજાર રૂપિયાની સગવડ ન થાય ત્યાં સુધી એનો કશો અર્થ ન હતો. અને એટલા પૈસા ભેગા કરતાં તો એને એક વરસ લાગી જશે. એને લાગ્યું કે એણે પાછું એથલને મળવું પડશે. એક વખત એથલને એ મળ્યો પછી એથલના વિચારો એનો પીછો જ છોડતા ન હતા. એક વરસ સુધી કાંઈ એથલને મળ્યા વગર રહેવાય?

પાછાં બેય બીજી જ્યાએ મળ્યાં. એથલે પણ વીઝા અને ખર્ચની વિગતો ભેગી કરી હતી. પણ એ ફતેસંગની માફક નિરાશ થઈ ગઈ ન હતી. તેણે એનો ઉકેલ વિચારી રાખ્યો હતો. જ્યારે એમના હાથમાં પાસપોર્ટ આવે ત્યારે તેની ગણતરી પ્રમાણે તેની પાસે બધા મળીને સાતેક હજાર રૂપિયા તો હશે જ એવો તેનો અંદાજ હતો. એટલે જ્યારે તે બે જણાં ફરી મળ્યાં ત્યારે એણે કહ્યું : ‘જો બેય જણનું સાથે જવાનું ના બને તો બેમાંથી એક જણે પહેલાં જતાં રહેવું જોઈએ અને ત્યાંથી થોડી સગવડ કરીને બીજાને ત્યાં બોલાવી લેવું જોઈએ. વળી અત્યારે તારે માથે જોખમ છે એટલે તારે વહેલી તકે દેશ બહાર ભાગી જવાની જરૂર છે. હું તને સાત હજાર રૂપિયા આપું અને બાકીનાની વ્યવસ્થા જો તું કરે ને વિદેશ ભાગી જાય તો બધું બરાબર ગોઠવાઈ જાય.’

‘પણ અજાણ્યા મુલકમાં જઈ ઠરીઠામ થવાનું અને તને પૈસા મોકલવાનું કાંઈ તાત્કાલિક તો બની શકે નહીં. પછી આપણે વરસ એકલાં જ કાઢવું પડવાનું હોય તો બેય સાથે જવાય ત્યાં સુધી રાહ જોઈને પછી સાથે જ જઈએ તો?’

‘તું મારું કહેવાનું પૂરું સમજ્યો નહીં. સાથે રહેવા કરતાં સલામત રહેવાનું વધુ અગત્યનું છે. તું અહીંથી બહાર જતો રહે ને સલામત થઈ જાય પછી મારે આવતાં વરસ લાગે કે બે વરસ લાગે એનો કશો વાંધો નથી. ને બધી વ્યવસ્થા તારે જ કરવાની છે એવુંય કયાં છે! વરસના પગારમાંથી મારાય ચારપાંચ હજાર તો બચ્યા જ હશે ને. ને એટલાય તારાથી ન થાય તો વળી વરસ વધારે થશે, બીજું શું?’

ફતેસંગ એથલની સામે તાકી જ રહ્યો. એને થયું કે એથલને પામવા બદલ પોતે નસીબદાર હતો. એ બૈરી પોતાની બધી બચત હોમી દઈને એને બચાવવાનો જ વિચાર કરતી હતી. જો સામો માણસ પરદેશ જઈને ફરી જાય કે પછી કશું કમાઈને બચાવી ન શકે તો પોતાનું શું થાય એનો વિચાર એ કરતી જ નથી લાગતી.

ગમે તેમ પણ એને એથલની વાત ગળે ઊતરી ગઈ. જીવતો નર ભદ્રા પામે. એથલ કહે છે એ જ ઉત્તમ માર્ગ છે. ને તેનામાં જાણે હિંમત પાછી આવી ગઈ. એણે કહ્યુંઃ 'મને લાગે છે કે તારી વાત બરાબર છે. એક વખત હું બહાર નીકળી જાઉં પછી તન તોડીને મહેનત કરીનેય તને એક વર્ષની અંદર મારી પાસે બોલાવી લઈશ. આવતે મહિને પાસપોર્ટ મારા હાથમાં આવી જાય એટલે આપણે બધું ગોઠવી કાઢીશું.' એથલની વાતથી ઉત્સાહમાં આવી ગયેલા ફતેસંગે કહ્યું. હવે તેનામાં જાણે નવી શકિતનો સંચાર થયો હતો.

'તો આપણે જે મજા માણવી હોય એ આ બે દિવસમાં માણી લઈએ. પછી તારે ને મારે આવું મળવાનું ને માથે જોખમ વહોરવાનું નહીં. તને પૈસા મોકલી આપીશ, પછીનું બધું તારે તારી જાતે જ સાવચેતીથી પતાવવાનું.'

ફતેસંગે એની વાત સાંભળી એનો હાથ પોતાના હાથમાં લીધો અને ગદગદ કંઠે કહ્યું : 'તારો આવો ઉત્સાહ જોઈ મને પણ જોમ આવ્યું છે. હવે ગમે તે અડચણ આવશે તોય એને પહોંચી વળવાની મારામાં શકિત આવી ગઈ છે. પણ આપણે મળ્યા વગર નહીં ચાલે. બોલ કેમનાં મળીશું ને કયારે મળીશું?'

'જો આવી છોકરમત નહીં કરવાની. આપણે થોડો વખત ન મળીએ અને એને લીધે આખી જિંદગીની નિરાંત થઈ જતી હોય તો થોડો વખત મળ્યા વગર ચલાવી લેવું જોઈએ. મારું તો કહેવું એમ છે કે તારે બને ત્યાં સુધી કામ વગર બહાર પણ ન નીકળવું જોઈએ. કામ વગર ઓળખાઈ જવાય એવું શું કરવા કરવું જોઈએ.'

'કોઈ મને ઓળખી જાય એવી તો કોઈ શકયતા મને લાગતી નથી. જ્યારે તું જ મને ઓળખી શકી ન હતી તો પછી બીજું કોઈ તો મને કેવી રીતે ઓળખી શકવાનું હતું?'

'તને સીધેસીધો કોઈ ન ઓળખી શકે એ વાત ખરી પણ આપણા સંબંધની પોલીસને જાણ છે. અને એ લોકો મારી પર નજર રાખતા હોય તો મને તારી સાથે જોઈ જાય ને બે ને બે ચાર કરી લે તો! તો આપણી બધી યોજનાઓ ઊંધી વળી જાય. એટલું જ નહીં પણ તારે તો જનમકેદ કે ફાંસીની નોબત આવી જાય. કામ વગરનું કોઈ જોખમ આપણે લેવાનું નથી. હવે તો તું કાગળ લખીશ તોય હું મળવા નહીં આવું, એટલે ધીરજ રાખજે.'

'ભલે જેવો મેમ સાહેબનો હુકમ. પણ બધું સમું સૂતરું પાર પડે ને મારું વિદેશ જવાનું થાય ત્યારે મને વળાવવા માટે તો તું આવીશ ને!'

'જેવો વખત હશે એમ કરીશ. પણ તું ત્યાં સુધી સાચવીને રહેજે. ને વહેલી તકે દેશ બહાર નીકળી જવાય એની પેરવીમાં રહેજે.' એથલે ગળગળે સાદે કહ્યું હતું.

પણ એમની એ આશા કેટલે અંશે ફળવાની હતી એ તો સમય જ કહી શકે તેમ હતો. પોલીસે સી.આઈ.ડી.ને તપાસ સોંપી હતી અને એનું પગેરું સુરેન્દ્રનગર સુધી પહોંચીને ગુમ થઈ ગયું હતું એટલે એની તપાસ કરનારા અધિકારીઓને પણ નામોશી જેવું લાગતું હતું. એક રીઢો ગુનેગાર આમ છટકી કે છુપાઈ શકે એવું તેમને સામાન્ય લાગતું હતું પણ એક માસ્તર જેવો સામાન્ય માણસ પોતાનું પગેરું છુપાવી જાય અને સી.આઈ.ડી.ને લગભગ એક વરસ સુધી હાથતાળી આપતો સંતાતો રહી શકે એ તો એમને ડૂબી મરવા જેવું લાગતું હતું.

તેમને સુરેન્દ્રનગરમાંથી ફતેસંગનું પગેરું ભાવનગર તરફ દોરી ગયું હતું, તેમને પેલા થેકડાવાળાએ એટલી માહિતી આપી હતી કે એ અજીત રાઠોડ નામના માણસને ભાવનગર મૂકી આવ્યો હતો. પછી સી.આઈ.ડી.એ ભાવનગરની ગલીઓ, હોટેલો અને કારખાનાંમાં તપાસ કરી હતી. વળી તેમની પાસે તો ફતેસંગનો પેલો બદલાયેલા દેખાવનો સ્કેચ કરાવેલો ફોટો પણ હતો. અને તેનું નવું નામ, અજીત રાઠોડ પણ તેઓ જાણતા હતા. છતાં તેમને એનો પતો લાગ્યો ન હતો, જાણે ધરતી એને ગળી ગઈ હોય એમ તેમને લાગતું હતું. છતાં એ લોકો હજુ હિંમત હાર્યા ન હતા અને ભાવનગર અને એની આસપાસ એની તપાસ કર્યા કરતા હતા. પાનની દુકાને અને ચ્હાની લારી પર પેલો ફોટો બતાવીને તેની માહિતી મેળવવા પ્રયત્ન કરતા હતા. ને તેમને એક દિવસ એમાં સફળતા મળી પણ ખરી. એક ચ્હાની લારીવાળાએ ફોટો ઓળખ્યો પણ નામની બાબતમાં એ મકકમ હતો કે એનું નામ અજીતસિંહ રાઠોડ નહીં પણ રણજીતસિંહ મકવાણા હતું. અને બધા એમને બાપુ કહીને જ બોલાવતા હતા.

સી.આઈ.ડી.વાળા વિચારમાં પડ્યા પણ જો ફોટો મળતો આવતો હોય તો આગળ તપાસ કરવી જ જોઈએ એમ એમને લાગ્યું. એણે એક વખત નામ બદલ્યું હતું તો એ ફરીથી પણ બદલ્યું હોય જો એને ખબર પડી હોય કે એનું અજીત ઠાકોરનું આવરણ ભેદાઈ ગયું છે તો. એટલે એમણે તેની પૂરતી તપાસ કરવાનું નકકી કર્યું. પેલા ચ્હાવાળાને બાપુના ચોકકસ સરનામાની જો કે ખબર ન હતી પણ બાપુ વારંવાર એની લારીએ ચ્હા પીવા આવતા હતા એમ તેણે જણાવ્યું એટલે એની લારી પર નજર રાખવા માટે સાદાં કપડાંમાં એક માણસ મૂકી દીધો. ને પૂરતી માહિતી મળી જતાં એક દિવસ સામટા ચાર માણસો એ લારી પર ચ્હા પીવા આવી પહોંચ્યા ને બિચારા બાપુ પકડાઈ ગયા.

એ ચ્હા પીતો હતો હતો ત્યાં જ કોઈએ તેને ખભે હાથ મૂકીને કહ્યું : ‘બાપુ, ચ્હા પી રહો એટલે આપણે થોડી વાતો કરવાની છે.’

ફતેસંગને પોતાને બાપુ કહીને સંબોધાયાથી કશો વહેમ ન પડ્યો. તેણે શાંતિથી પેલા માણસ સામે જોયું ને ચ્હા પીધી. પછી કહે : ‘કહો શી વાત કરવી છે?’

પણ ત્યાં તો પેલા માણસે હાથકડી કાઢી ને તેને પહેરાવી દીધી. ફતેસંગે છટકવા પ્રયત્ન કર્યો પણ ત્યાં તો ઘણું મોડું થઈ ગયું હતું. તેને પાછળથી બીજા બે માણસોએ જકડી લીધો. ને પેલા હાથકડી પહેરાવનાર અમલદારે તેને કહ્યું : ‘જો સામો થઈશ તો અમારે સખ્તાઈ બતાવવી પડશે ને સીધી રીતે અમારી સાથે આવીશ તો તને વકીલ કરવો હોય કે કોઈને સંદેશો મોકલવો હોય તો તેની છૂટ આપીશું. અમને ખબર છે કે તારું નામ રણજીત મકવાણા નથી પણ ફતેસંગ પરમાર છે.’

આ બધી કારવાઈ ચાલતી હતી ત્યારે પેલો ચ્હાની લારીવાળો છોકરો થરથર ધ્રૂજતો હતો. એણે તો હાથકડી જોઈ તે ઘડીથી જ તેનાં મોતિયાં મરી ગયાં હતાં. એને મનમાં કદાચ એમ પણ થતું હશે કે બાપુ પોતાની લારીએ રોજ ચ્હા પીવા આવતા હતા એટલે આ લોકો એનેય પકડી તો નહીં જાય ને!

આ ચાર જણા બે કલાકથી તેની લારીને બાંકડે બેસીને થોડીથોડી વારે ચ્હા પીધા કરતા હતા. લારીવાળાને એમ કે એમને એની ચ્હા ગમી છે અને કોઈકને મળવા અહીં મળવા માટે કદાચ વાયદો કર્યો હશે એટલે બાંકડે બેસી રહ્યા હશે. માણસો સારા લાગતા હતા અને એની લારી પર ત્યારે બીજા કોઈ ઘરાક પણ ન હતા એટલે એમણે ચ્હા ના પીધી હોત તોય એ તેમને બાંકડેથી ઉઠાડી મૂકવાનો ન હતો.

આ બધું એટલી ઝડપથી બની ગયું કે ફતેસંગને શું બોલવું કે શું કરવું એની કશી સમજણ જ ના પડી. એ ગભરાઈ ગયો. એની નજર સામે ફાંસીનો ગાળિયો દેખો રહ્યો. એને એથલનો વિચાર આવ્યો, ઉજમ અને લોહીના ખાબોચિયામાં

તરફડતા શના ઠાકોરના ચહેરા તેની સામે તાકી રહ્યા હોય એમ એને લાગ્યું. તેને પરસેવો વળી ગયો. તેની આંખે જાણે અંધારાં આવી ગયાં. એનામાં પેલા માણસોનો વિરોધ કરવાની જાણે કે શકિત જ ન હોય તેમ તે તેમને ફકત તાકી જ રહ્યો.

પેલામાંના એક જણે પોતે સી.આઈ.ડી.ના અમલદારો છે એમ બતાવવા પોતાનો પોલીસનો બેજ એને બતાવવા માંડ્યો પણ એને એ તરફ નજર પણ કરવાની જરૂર ન જણાઈ. એ જાણી જ ગયો હતો કે એ અંત હતો, એની સ્વતંત્રતાનો, કદાચ તેના જીવનનો. એથલ સાથેનાં એનાં સંબંધ અને સ્વપ્નાંનો.

વ્હાની આ લારી રસ્તાની ચોકડી પર આવેલી હતી એટલે થોડી જ વારમાં ત્યાં પચાસેક માણસો ભેગા થઈ ગયા. એમાં કોઈ બાપુને બાપુ તરીકે જ ઓળખનાર પણ હતા. એમાંના એકે તો કહ્યુંય ખરું : 'બાપુને રાજ દરબારનું તેડું આવ્યું લાગે છે. બાપુને ઈમાં શરમાવા જેવું નથ્ય. ગાંધી બાપુય જેલમાં કીયાં ન્હોતા ગીયા. આજે રણજીત બાપુ જેલમાં જાય છે.'

પછી તો ટોળામાંથી આ રણજીત બાપુને જાતજાતની અંજલિઓ લોકોએ આપી. કોક પેલા સરકારી માણસને મસ્કો મારીને જાણી લાવ્યું હતું તેણે કહ્યું : 'એની જૂની બૈરીના નવા ધણીને મારીને બાપુ બાર મહિનાથી નાસતા ફરતા હતા તી આજે પકડાણા છે. બાપુએ ઈ કામ તો મરદવાળું કર્યું પણ પછી મોઢું સંતાડીને કાયરની પઠે નાસી ગયા ઈ તો બાપુના નામને કલંક લગાડયું કહેવાય.'

બીજે દિવસે પાટ પર મંડળી જામી હતી. કુબેર પટેલનો દીકરો કિરણ અને એની વહુ બેય જણાં કાલે જ વિલાયત ગયાં હતાં અને ત્યાં બેત્રણ વરસ રહીને ધોળિયાનાં છોકરાંને ભણાવવાનાં હતાં એટલે ગામનાં નાનાં મોટાં સૌને હોઠે એમની જ વાતો હતી. અરે એમના જ ગામમાં શું પણ આસપાસનાં પાંચેય ગામમાં સૌને મોઢે એ જ વાત હતી ને. વળી ધનેરામાંથી આજ સુધી કોઈ પરદેશ ગયું જ ન હતું એટલે બધાને એમાં નવાઈ અને ગામની વડાઈ વર્તાતી હતી એટલે વાત કરવામાં ગામનું સૌ કોઈ ગૌરવ સમજતું હતું.

પાટ પર જામેલી મંડળીમાં પણ એની જ વાતો ચાલતી હતી. કુબેર પટેલ રોજની જેમ ખાટલે બેઠા હતા ને સામે વજેસંગ અને ગામના બીજા ચારપાંચ ઠાકરડાઓ રવેશીમાં પાથરેલી સાદડી પર બેઠા હતા. ભા તેમને રોજની જેમ ગામની નવાજૂની પૂછતા હતા પણ બધાને તો જે ગણો તે નવાજૂની કિરણ અને છાયાના વિલાયત જવા સિવાયની કશી હતી જ કયાં!

'ભા, ભઈ વિલાયત ગયા એ અહીંથી કેટલું આઘું થાય અને ભઈ ત્યાં કેટલે દા'ડે પહોંચશે?' એક જણે પૂછ્યું.

'આઘું તો ઘણુંય થાય. જો રોજના દહ ગાઉ હેડીએ તો દોઢ વરસે ત્યાં પહોચાય, એટલું આઘું પણ વિમાનમાં જવાનું અટલે વાર ના લાગે. હજુ કાલે હવારે અ બેય જણાં મુંબઈથી નીકળ્યાં સાંજે આરતી ટાણે તો અવિનાશને ત્યાં ફોન આવી ગયો પહોંચી ગયાનો તે એવોયે કહેવા આવ્યો હતો તે હમણાં સવારમાં જ પાછો ગયો.'

'એટલું બધું ઉતાવળું! આપણે ત્યાં તો પેલા મહાજનનો છોકરો મુંબઈથી હમી હાંજનો નીકળે છે તે બીજે દિવસે સવારમાં અગિયાર વાગ્યે ગામમાં આવે છે થાકીને ઠુશ થઈ ગયેલો.' એક જણે પોતાની જાણકારીથી વીમાનની ઝડપનો અંદાજ કાઢવા પ્રયત્ન કર્યો. ને બધા ભાનો જવાબ સંભળવા અધીરાઈથી તાકી રહ્યા.

'આ વિમાન કેવડું હોય અનો તમને અંદાજ છે? એમાં છસોથી સાતસો માણસો આરામથી બેસી શકે એવી સગવડ હોય. એ હવામાં એટલું ઝડપથી ઊડે છે કે એક કલાકમાં અહીંથી મુંબઈ જઈને પાછું આવી જાય.'

'એટલી બધી ઝડપ હોય તો એમાં બીક ન લાગે!'

‘અરે બીક લાગવાની વાત તો એક બાજુ રહે ને એમાં તો લોકોને મજા પડે એવી ગોઠવણી કરી હોય છે. પોતાની જ્યાએથી ઊભા થયા સિવાય સિનેમાની ફિલમ જોવાની મળે. જો ફિલમ ના જોવી જોય ને ગાયનો સાંભળવાં હોય તો એય સંભળાય. બે વખત ગરમ ગરમ ખાવાનું આપે. એમાં પાછા આપણા બેચર જેવા શોખીન જીવડા હોય એમને પહેલી ધારનું વિલાયતી પીવાનુંય આપે. જેને એવું ના પીવું હોય એને મોસંબીનો રસ આપે નહીં તો સોડાલેમન જેવું પીવાનુંય આપે.’ ભાએ પોતાની જાણકારી

‘પીવાનું આલીઆલીને કેટલું આલે!’

‘આલે, કેટલાક તો ગાંડા થઈ જાતાં સુધી પીનારાય એમાં હોય.’

‘ભા, હાચી વાત કહું એનાથી આ મંડળીમાંનો કોઈ ગાંડો ના થઈ જાય. આ તો વાત નીકળી છે તે કહું છું. આપણા મહાજનના દીકરાને પૈણાવા બધા મુંબઈ ગયેલા ત્યારે વેવાઈએ આવી વિલાયતી બોટલો ખોલાવેલી. મેં તો શરમાયા વગર અડધી ભરેલી બોટલ જ ઉઠાવી લીધેલી અને ઊભોઊભો જ ગટગટાવી ગયેલો. પણ હરામ એક હેડકીય આવી હોય તો. આપણા દેશી કરતાં હાવ ફીકું. મને તો કશી મજા પડેલી નહીં એમાં.’

‘તને મજા ના જ પડે. પણ એમાં મારા તારા જેવા હોય કેટલા. એક જણના જવાનું ભાડું જ વીશ હજાર રૂપિયા થાય. કહે, મારા કે તારાથી એટલા પૈસા ખરચીને એ મોજ કરાય ખરી!’

‘એટલા બધા! તે ભઈએ આ પાટના આલ્યા એટલા તો એ બે જણાંના ભાડાના જ થાય.’

‘તે થયા જ ને! આ તો વિલાયતની સરકારે બેયની ટિકીટ મોકાલેલી નહીં તો પાટ વેચવાની જ વેળા આવત ને!’ ભાએ કહ્યું.

‘ભા, તમે કહો એ આંખમાથા પર પણ આવી તો દહ પાટ વેચાતી લેવાય એટલું ભઈ કમાયા છે એ તો આખું ગામ જાણે છે. સરકારે ટિકીટના પૈસા ના આલ્યા હોત તો ભઈ ગજવાને પૈસે ટિકીટ લઈનેય ગયા હોત.’ બેચરે ગામમાં ચાલતી વાતને વાચા આપી.

‘તે ભા, ભઈ ત્યાં કહે છે, બે તૈણ વરસ રહેવાના છે. તમારો જીવ ભલો ચાલ્યો એમને આટલે દૂર જવા દેવા!’

‘જીવ ચાલે કે ના ચાલે પણ એનું ભલું થતું હોય, અને દુનિયાં જોવાતી હોય ને સરકારમાં એને આવું માન મળતું હોય તો મન કઠણ કરીનેય એને જવા દેવો પડે જ ને!.’ ભાએ કહ્યું.

ત્યાં તો ટોળામાંનો અક જણ ગભરાતો બોલી ઊઠ્યો : ‘ભા, પોલીસ આવતી લાગે છે. આપણા છેંડામાં જ પેઠું આખું ધાડું.’ ને એને કશું ગભરાવા જેવું ન હતું છતાં એ છપાઈને એક તરફ લપાયો.

ને બધાએ એ તરફ નજરો ફેરવી. બધાએ જોયું તો પોલીસ એક માણસને હાથમાં બેડીઓ અને બેય બાવડાંમાં દોરડાં બાંધીને લઈ આવી હતી. કોઈ આબરૂવાળા માણસને બાંધીરૂંધીને એ લઈ આવ્યા હોય એમ લાગતું હતું. ત્યાં જ એક માણસને પેલા માણસની ઓળખાણ પડી અને એ અશ્ચાર્યથી બોલી ઊઠ્યો : ‘અરે આ તો ફતેસંગ માસ્તર છે. બહુ બદલાઈ ગયા છે એટલે એક વખત તો મને ઓળખાણ જ ના પડી ને.’

ને બધાનાં મ્હોં આશ્ચાર્યથી પહોળાં થઈ ગયાં. બધા માસ્તરના બદલાઈ ગયેલા દેખાવ અંગે વિચારી રહ્યા. એમને લાગ્યું કે આવોયે પોલીસને મળતો ન હતો એનું કારણ એણે પોતાનો દેખાવ બદલી નાખ્યો હતો એ જ હશે. વજેસંગે તો એનું ઓળખાણ પડતાં જ મ્હોં ફેરવી લીધું હતું ને.

પોલીસ એને આજે એક વરસ પછી બનાવને સ્થળે લઈ આવી હતી એનો કોઈ અર્થ જણાતો ન હતો પણ એણે પોલીસને આખા વરસની દોડધામ કરાવી હતી અને એને ન પકડી શકવા બદલ પોલીસને ઉપરી અધિકારીઓનો ઠપકો સાંભળવો પડ્યો હતો એટલે પોલીસ એના પર બરાબરની ગુસ્સે થયેલી હતી. અને એ ગુસ્સો ઠંડો કરવા માટે થઈને જ એને અહીં લઈ આવી હતી.

એમણે બધાને પેલા શના ઠાકોરના ખૂન વિશે પછ્યું અને પેલાને બદૂકના કૂંદાથી ધકેલતાં આસપાસ ફેરવ્યો. વાડમાં જ્યાં એણે ધારિયું નાખી દીધું હતું એ જ્ગ્યા પણ બધાને પૂછીને ફરી પાકી કરી અને પોલીસ ગઈ. પણ હજુ એમનો ગુસ્સો ઊતર્યો ન હતો. એમણે એને ગામમાં લીધો અને એને પોલીસે પકડી પાડ્યો છે એ બતાવવા માટે જ જાણે એને ગામનાં બેય ફળિયાંમાં ફેરવ્યો, માસ્તરના મ્હોં પરથી નૂર ઊડી ગયું હતું.

ગામનાં બૈરાંએ એને જોયો અને એનાં છાજિયાં લીધાં. ચોરે બેઠેલા વડીલોએ પણ માસ્તરનો આ વરઘોડો રસથી જોયો. કોઈકે તો ટીકાય કરી : ‘હવે બરાબર જાપ્તો રાખજો, જમાદાર એમને મારીને નાસી જવાની ટેવ છે.’

‘અમે હવે તો એની મારવાની ને નાસી જવાની બેય ટેવો ભુલાવી દઈશું.’ એક પોલીસવાળાએ કહ્યું ને બીજાએ ધીમા પડતા માસ્તરના બરડામાં બંદુકના કૂંદાનો હડસેલો મારતાં તેને ઝડપથી ચાલવાની યાદ દેવડાવી.

પછીની વાત બહુ લાંબી નથી. કૉર્ટે ફતેસંગને જનમટીપની સજા ફટકારી દીધી. બિચારી એથલ ઘરને ખૂણે બેસીને આંસુ સાર્યા સિવાય કશું કરી શકી નહીં. નાથીને પેલા પાગખાનાના ડૉકટરે પાગલખાનામાં નોકરી અપાવી હતી એવા ખબર છે. એથલ પણ પોતાની નાતના કોઈનું ઘર માંડીને બેસી ગઈ છે. ને વજેસંગ ને ઉજમે પેલી પાટમાં જ જાણે સ્વર્ગ જોયું હોય એમ એની ઠાઠોમાં જીવવાનો આનંદ માન્યો છે. ને કિરણ અને છાયા–

અનુક્રમ Þ

## ૨૨. સૌ સારું જેનું છેવટ સારું

ત્રણ વરસ વિલાયત રહી કિરણ અને છાયા એમના બે વરસના દીકરા સૌમિલને લઈને આજે દેશમાં આવ્યાં. ને ગામમાં જાણે મેળો ભરાયો હોય એવું વાતાવરણ જામ્યું. કેસરબાના હૈયામાં હરખ ઉભરાઈ રહ્યો તો સામે રેવાને હૈયેય દીકરો પરણાવી આવી હોય એવો આનંદ વરતાઈ રહ્યો. વજેસંગ ભાઈ આવ્યા જાણી પાટ પરથી આવી પહોંચ્યો.

ત્યાં પરમેસરિયેથી મનોર મોટાય કિરણને મળવા આવી પહોંચ્યા. કિરણનો ફરી ગયેલો દેખાવ અને રુવાબ જોઈ એ આશ્ચર્યથી દિંગ થઈ ગયા : ‘ભા, આ પટેલ સાહેબને ઓળખ્યા ને.’ તેમણે રમૂજ કરી.

‘કેમ આપણે ઘેરથી કાઢી મૂકેલા એ જ પટેલ સાહેબ, કેમ ના ઓળખું.’

‘ના એ નહીં. એ તો પેલો કિરણ હતો, ને આ તો પટેલ સાહેબ. કેમ પટેલ સાહેબ, કેટલા દિવસનો મુકામ છે?’ એમણે કિરણને પણ મજાકમાં સાથે લીધો.

'તમેય બાપુ શું મશ્કરી કરતા હશો! બે મહિના રહીશું બધાંને મળીશું ને પાછા વિલાયત જઈશું. ખાસ તો તમને બધાંને મળવા માટે જ આવ્યાં છીએ. બા ગળામાં જીભ નહોતી ઘાલતી આ સૌમિલને જોવા તે ગમે તેમ કરીને આવ્યાં છીએ.' કિરણે સાચી વાત કરી.

'હવે તો તું પટેલ સાહેબ સાચો. માબાપને મળવાનો વખત પણ હવે તને ના મળતો હોય તો.' હસતાં મોટાએ કહ્યું.

ત્યાં અંદરથી આવીને છાયા એમને પગે લાગી : 'કેમ છે તમારી તબિયત બાપુ!'

'તબિયતને તો શું થવાનું હતું! પણ અમે વાત કરતા હતા આ પટેલ સાહેબની. તમારી સાથે પરણાવીને અમે દીકરો ખોયો ને બદલામાં આ પટેલ સાહેબ મળ્યા. આ પાંચ માણસ સાંભળે છે ને તમને કહું છું કે એ બધું તમારે પ્રતાપે. આજે તમે બેયે જે આબરૂ આ પાંચ વરસમાં પેદા કરી છે એટલી તો કોઈએ આખી પેઢીમાં પેદા કરી નથી. તમે બેયે તમારા ઘરને અમને અને આખા ગામને રૂડાં દેખાડયાં છે.આખા પંથકમાં આજે બધાના મોઢે તમારાં જ નામ છે.'

'બાપા તમારાં વડીલોનાં પુણ્ય અમને ફર્યાં. ને ઈંગ્લેન્ડમાંય તમારે પ્રતાપે અમારી સારી આબરૂ બંધાઈ.'

'એ બધું ખરું પણ આપણે હવે વિલાયત નથી જવું. તમારે તો અહીંય નોકરી કંઈ નથી મળતી! મારે તો તને સૂરતેય જવા દેવો નથી. આણંદ, વિદ્યાનગર કે નડીઆદમાં આટલી બધી નિશાળો છે તે તમને એમાં નોકરી નહીં મળે કે ઠેઠ વિલાયત સુધી જવું પડે!' કેસરબાને કયારનું પેટમાં ઘોળાતું હતું તે આખરે બહાર આવી ગયું.

'બા, હવે તો ઘોડે ચઢ્યા એટલે નીચે ઊતરાય એવું નથી. અમે દર વરસે પંદર વીશ દિવસની રજા લઈને આવી જઈશું. બેયથી નહીં આવાય તો વારા ફરતી આવીશું. અમારો વિચાર તો તને ને દાજીને એક વખત વિલાયત જોવા લઈ જવાનો છે. ના ના પાડશો.'

'મારે તો વિલાયતેય નથી જોવું ને તનેય જવા દેવો નથી. જો તારે પૈસા વાપરવા જ હોય તો મને આલ ને તે હું જાત્રા તો કરું.'

'હા એક વખત જાત્રા કરી આવો પછી નિરાંતે વિચારજો. મારે તમને બેય ને વિલાયત લઈ જવાં છે એ વાત નકકી. બોલો કયારે જાત્રાએ જવું છે? આખી બસ કરીએ. આપણાં સગાં, દાજી અને બાપુના દોસ્તો અને ગામમાંથીય પાંચ દસ જણને લઈ જવાના. આ વજેસંગ અને ઉજમનેય સાથે લેજો. ભાડું, ખાવાનું ને પરસાદ બધોય ખર્ચો આપણો. બોલો કયારે ઊપડવું છે?'

'અત્યારે તો કેમના જવાય. તમે છો ત્યાં સુધી તો અહીં ઘેર જ અમારી જાત્રા છે. પછી જોઈશું. પણ આખી બસ કાઢીએ ને એમાં કોઈક રહી જાય તો પાછું સાંભળવાનું થાય. ને ખર્ચોય કેટલો બધો થાય!'

'આખી બસનો બધોય ખર્ચો ગણીએ તો રોજના બે હજાર રૂપિયા થાય. તમે એક મહિનાની જાત્રા કરો તો સાઠ હજાર રૂપિયા થાય. ને બા તને ખબર છે અમરો મહિનાનો પગાર એનાથીય વધારે થાય છે. ના માનતી હોય તો તારી વહુને પૂછી જો. અમે તમને એક મહિનાનો પગાર આપીએ અને તમે પચાસ જણાં જાત્રા કરી આવો તો અમે બધાંને જાત્રા કરાવી કહેવાય કે નહીં! અને તમારાં પુણ્યમાં અમનેય ભાગ તો મળે જ ને! અમે જતી વખતે બાપુને પૈસા આપતાં જાઈશું. પછી

તમે બધા અવસર સચવાય એમ જાત્રા કરાવી આવજો બધાં. ને બાપુ અને વનમાળીકાકા સાથે હશે તો કોઈને કશી અગવડ નહીં પડે.'

'અલ્યા, મને ભેગો કંઈ જાત્રા કરાવ છ!'

'તમારે તો જવું જ પડે ને. પચીસ જણ આપણાં સગાંનાં, દસેક તમારા દોસ્તો અને પંદરથી વીશ જણા ગામમાંથી લેવાના. જે પ્રમાણે માણસ થાય એ પ્રમાણેની મોટી બસોય હવે તો મળે જ છે ને.' કિરણે કહ્યું. જે બેચાર જણા સાંભળતા હતા એમનાં મ્હોં તો આશ્ચર્યથી પહોળાં જ રહી ગયાં.

ને પછી કેસરબા કે બીજા કોઈને ના કહેવાની વેળા જ ના રહી. બધામાં ના ના કરતો વજેસંગ પણ જાત્રામાં પોતાનું નામ સામેલ કરાતું જાણી ના કહેવાનું વિસરી ગયો ને!. બીજે દિવસે તો ગામ આખામાં આ જાત્રાની વાત ચર્ચાતી થઈ ગઈ. મોટા અને કુબેર પટેલ કોને સાથે લેવા ને કોને પડતા મૂકવા એની વિમાસણમાં પડી ગયા.

કાપકૂપ કરતાંય પચાસની ગણતરી સાઠની નજીક પહોંચવા આવી. વજેસંગ કહે : 'મોટા, બહુ માણસ થતું હોય તો મારે ઘેરથીય હું એકલો આવીશ. ઉજમી છો ઘેર રહેતી.'

'તમારાં નામ તો ભાઈએ જ મૂક્યાં છે એટલે એમાં તો કાપ ના થાય. ને તમે બે જણ તો સાથે હશો તો કામમાંય આવશો. તારે બોલવાનું નથી.' મોટાએ જ ભા વતી ચોખવટ કરી દીધી.

જો વજેસંગ અને ઉજમ બેય જાત્રામાં જાય તો પાટનું શું! વજેસંગની આ શંકાનો ઉકેલ પણ બેચરે કરી આપ્યો : 'તું જાત્રાએ જાય તે દિવસથી મારો મુકામ પાટમાં. તું જાત્રાએથી આવે ને એનો પરસાદ ખાધા પછી જ હું મારે ઘેર પાછો જઈશ, પછી છે કાંઈ?'

ને કિરણ વિલાયત જવા નીકળે પછી પાંચમે દિવસે જાત્રાની બસ ઉપાડવાનું કિરણની હાજરીમાં જ પાકું થઈ ગયું. વિહારીએ વગ વાપરીને નડીઆદથી ૬૦ પેસેન્જરની મોટી બસ પણ કરી આપી હતી. એને ત્યાંથી તો ગીતાબેન એકલાં જ જાત્રામાં આવવાનાં હતાં. વિહારીને રજા મળે તેમ ન હતી અને એને રાંધી ખવડાવવા એની બૈરીનેય ઘેર રહેવું પડવાનું હતું.

હા, કેટલાક જુવાનિયાઓ મોટાને મળવા ને સમજાવવા આવ્યા હતા ખરા કે જાત્રા પાછળ આટલો બધો ખર્ચો કરવા કરતાં ગામમાં પીવાના પાણીનું સુખ કરી આપો તો. પણ એક તો કેસરબાને પાછલી ઉંમરે જાત્રામાં જેટલો રસ પડે એટલો પાણીની ટાંકીમાં કયાંથી પડે! ને વાત જે રીતે જાહેર થઈ ગઈ હતી એ જોતાં એમાં પાછા હઠવાની જગ્યા જ ન હતી. પણ જતા પહેલાં કિરણ એ જુવાનિયાંને કહેતો ગયો હતો : 'આવતે વરસે એય કામ થઈ જશે. તમે તમારી તૈયારી કરવા માંડજો.'

આખા મહિનાની જાત્રા કરીને બધાં આવી પણ ગયાં. વનમાળી ને મોટાએ મળીને એમને જે રીતે સાચવ્યાં હતાં અને અને વજેસંગ અને ઉજમે જે મન મૂકીને બધાંની ચાકરી કરી હતી એની ચર્ચા તો મહિના સુધી ગામમાં ચાલતી જ રહી. કેટલાંકે તો કહ્યુંય ખરું : 'અમે ફર્યાં એટલું જ અમારું બાકી જાત્રાનું બધુંય પુણ્ય તો કિરણ અને એની વહુને મળજો. ભગવાન એમને અનેકગણા કરીને પાછા આલજો.'

પાટ પર નાતીલાને જાત્રાની વાત કરતાં વજેસંગ કહે : ‘ભઈલા, કાશીમાં કરવત મેલાવવાનો વિચારેય મનમાં આવી ગયેલો મારો તો મનખાવતાર સફળ થઈ જાત પણ પણ મોટા કહે તારું તો કલ્યાણ થઈ જશે પણ ભઈનું દેવું કયે ભવ વાળીશ? એટલે મારે પછી વિચાર માંડી વાળવો પડ્યો.’

‘તે હેં અલ્યા, ત્યાં હાચેહાચ કરવત મેલે છે?’

‘મોટા તો કહેતા હતા કે પહેલાંના જામાનામાં કરવત મેલતા’તા. અત્યારે તો સરકારની બંધીને લીધે ખાલી વિધિ જ કરે છે. પણ જે લોકો ખરા મનથી વિધિ કરાવતા હોય એ તો વિધિ કરીને સીધા નદીમાં ભૂસ્કો મારી સમાધી લઈ લે છે. સરકાર ત્યાં કંઈ બચાવવા આવવાની હતી! મારો તો ભઈ જાનમ સફળ થઈ ગયો. મોટાએ વાર્યો ના હોત તો મેં કરવત મેલાવ્યું હોત અને નદીમાં કૂદીય ગયો હોત. પણ ભઈ પરદેશમાં પડ્યા છે અને મોટા ભાઈનેય છોકરાને ભણાવવા શહેરમાં રહેવું પડે છે. એટલે ભાનો ફેરોફાંટો તો મારે જ માથે ને! જેટલું દેવું ઓછું થયું એટલું ખરું એમ માની મન મનાવીએ છીએ પણ મહિનો થાય છે ને પેલા વ્યાજના પૈસા આપી જાય છે ને દેવું વાર્યા કરતાં બમણું વધી જાય છે.’ આંખમાં ઝળઝળીયાં સાથે વજેસંગે કહ્યું.

‘ભાઈ માણસના મનનો તાગ કોણ પામી શકે છે! એક વખત જેને ઘેરથી કાઢી મૂકેલો એ કિરણભાઈ આવે છે ત્યારે આખું ગામ એને લેવા સામું જાય છે.’ બીજાએ મનની વાત કહી.

સંપૂર્ણ

અનુક્રમ Þ

મુખપૃષ્ઠ Þ